વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૮મું
જુલાઈ - ૨૦૨૩
અંક : ૫૪૨

મંગલ મંદિર ● જુલાઈ-૨૦૨૩ ● ૧
(કુલ પાના : ૧૦૦)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



: મુખ્ય કાર્યાલય :

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)

**શ્રી કચ્છી જૈન ભવન**

૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬

ફોન : (079) 4890 6002, 4890 6003, 4890 6004, 4890 6005

Email : kjssmangalmandir@gmail.com • Website : www.kutchijainahd.org

● શુભેચ્છા સહ ●



## પ્રભુલાલ એમ. સંઘવી

ઘાટકોપર, મુંબઈ.
મો. ૯૮૨૦૦ ૩૭૪૭૬

---

**Chandrakant K. Gada**
+91-9825069290

BLUE STAR INDUSTRIES

**Stainless Steel Re-Rollers**

Plot No. 130, G.I.D.C. Estate, Kalol - 382721,
Gandhinagar. Phone : (02764) 220330, 224330
E-mail : bluestar.indu1@gmail.com

---

***Bharat B. Gala***
**M. : 93270 05460**

SHREE **Raju** ENTERPRISE

**RE-ROLLING & JOB WORKS, S.S. PATTA-PATTI**

323, G.V.M. M.S.A.V. Ltd., Odhav, Ahmedabad - 382 415.
E-mail : shreerajuenterprise@yahoo.co.in

---



**SKYBLUE**
**STATIONERY MART**
EVERY THING THAT YOU THINK

**South Bopal :** 35, Gala Magnus,
Opp. Safal Parisar-1, Ahmedabad
**Krutika Haria : 9099047163**

**Surdhara :** GF Shop No. 26,
Maple Trade Centre, SAL Hospital
Road, Thaltej, Ahmedabad.
**Piyush Salva : 9879568027**

---



## ફ્યુઝન કિડની કેર પ્રા. લી.

FUSION KIDNEY INSTITUTE
*Full UroNephro Solutions*



**ડો.હિમાંશુ શાહ** [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ,
બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

---

● શુભેચ્છા સહ ●



## અનિલ પાસુભાઈ શાહ નંદ

૮૯, યોગેશ્વરનગર સોસાયટી,
અંજલી ચાર રસ્તા, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મો. ૯૪૨૬૦ ૫૫૪૪૮, ૯૩૨૭૦ ૬૩૩૫૫

---

સાચા સંબંધને તોડવાની ભૂલ ના કરતા,
ઝાડ પરથી તૂટેલા પાંદડા ફરીથી
લીલા નહીં થાય.



---

સૌંદર્યનું આયુષ્ય માત્ર જુવાની સુધી
અને ગુણોનું આયુષ્ય આજીવન
સુધી સાથે રહે છે.





# શૌર્ય
બાળકોની હોસ્પિટલ

## ડૉ. કાજલ જે. શાહ
એમ.ડી. (પિડિયા.)
સીનીયર પિડિયાટ્રીશીયન
એન્ડ નીયોનેટોલોજીસ્ટ
M - 98257 93601

- બાળકોને લગતા તમામ રોગોની સારવાર
- નવજાત શિશુની સારવાર
- એડવાન્સ વેક્સીનેશન સેન્ટર

**ત્રીજો માળ, શીવાલીક-૫, ઇન્દોર ચાટની ઉપર, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી.**

કન્સલ્ટીંગ સમય - સવારે ૧૧ થી ૧, સાંજે ૬.૩૦ થી ૮ - ઇમરજન્સી સારવાર ૨૪ કલાક - www.shauryahospital.co.in

### વેક્સીનેશન - શા માટે ફક્ત બાળરોગ નિષ્ણાંત દ્વારા જ.


- વેક્સીનેશન એ બાળક માટે રોગ સામેનું સુરક્ષા કવચ છે.
- રસી પરફેક્ટલી ક્યાં, ક્યારે (બાળકની ઉંમર મુજબ), કેવી રીતે, ક્યાં ડોઝમાં મૂકવી એનો ચોક્કસ નિર્ણય ફક્ત બાળરોગ નિષ્ણાંત જ લઇ શકે છે.
- એક જ પ્રકારની રસીની અલગ અલગ કંપનીની બનાવટમાં રહેલ ફાયદા - ગેરફાયદાની ચોક્કસ માહિતી ફક્ત બાળરોગ નિષ્ણાંત પાસે જ હોય છે.
- બિન અધિકૃત વ્યક્તિ / ડૉક્ટર પાસે રસી મૂકાવ્યા પછી બાળકને કંઇ પણ તકલીફ (સામાન્ય / જોખમી) થાય એ કરતા અનુભવી બાળરોગ નિષ્ણાંત પાસે મૂકાવવી વધુ હિતાવહ છે.

3rd Floor, Shivalik-5,
Mahalaxmi Cross Road,
Above Indore Chat, Paldi, Ahmedabad

SHAURYA
HOSPITAL

# Think Joint Replacement,
# Think Shaurya Hospital

- ૨૦ વર્ષનો બહોળો અનુભવ
- અત્યાધુનિક હોસ્પિટલ
- ૨૦૦૦+ સફળ 'ની' તથા 'હિપ' જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
- ઓર્થોપેડિકની તમામ સુવિધા
- મેડિક્લેઇમ કેશલેસ સુવિધા



HIP રીપ્લેસમેન્ટ — KNEE રીપ્લેસમેન્ટ — SPINE દુખાવો



**DR. JIGAR SHAH**
M.S (Ortho.)
Consultant Orthopedic &
Joint Replacement Surgeon
(Singapore)

+91 98253 34765
www.shauryahospital.co.in

રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા


# યોગાસન

## યોગાસન – પ્રાણાયામ કરો અને નીરોગી રહો

**ડૉ. પી. ડી. શર્મા**

**આ પુસ્તકની વિશિષ્ટતાઓ :**

- સુંદર ચિત્રો અને સરળ ભાષા દ્વારા **યોગાસનો** કરવાની સુસ્પષ્ટ સમજણ. કોઈ પણ ગુરુના માર્ગદર્શન વિના પણ, આ પુસ્તકની મદદથી તમે યોગાસનો અને પ્રાણાયામ સચોટ રીતે કરી શકશો.
- સુંદર ચિત્રો અને સરળ ભાષામાં **પ્રાણાયામ** કરવાની સ્પષ્ટ સમજણ.
- સરળ ભાષામાં ચિત્રો સાથે **સૂર્યનમસ્કાર**ની સ્પષ્ટ સમજણ.
- કયા રોગો દૂર કરવા માટે કયાં કયાં આસનો ઉપયોગી થાય તે અંગેની તાલિકા.
- સુંદર, ક્ષતિરહિત મુદ્રણ અને વાજબી કિંમત.
- શુભ પ્રસંગોએ ભેટ તરીકે આપવા માટે.




આપણા ઋષિમુનિઓએ યોગનાં આઠ અંગો – સોપાનો કહ્યાં છે : યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. યમ અને નિયમનું પાલન કરી આસનોની સાધના કરવાથી શરીરની નાડીઓની શુદ્ધિ, સ્વાસ્થ્યવૃદ્ધિ અને મનઃસ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે. સર્વે યોગાસનોમાં પ્રાણાયામનું મહત્ત્વ અતિવિશેષ મનાયું છે. યોગાસનોનો અભ્યાસ પ્રાણાયામ વગર અધૂરો ગણાય છે.

આ બાબતને ધ્યાનમાં રાખીને આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં સરળ ભાષા અને યોગાસનોનાં સુરેખ ચિત્રો વડે યોગાસન તથા પ્રાણાયામની મદદ વડે શરીરને નીરોગી શી રીતે રાખી શકાય તે સમજાવવામાં આવ્યું છે. શરીરને નીરોગી અને સ્ફૂર્તિલું રાખવા યોગાસનો જરૂરી છે અને યોગાસનો સહેલાઈથી શીખવા માટે આ પુસ્તક જરૂરી છે.

NAVNEET®

**નવનીત એજ્યુકેશન લિમિટેડ**

Like us on /navneet.india | www.navneet.com

**દરેક બુકસેલરને ત્યાં મળે છે.**

છેલ્લા ૪૭ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર : **"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫
ઈ-મેઈલ : kjssmangalmandir@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી મંડળ**

- **અશોક મહેતા – મુખ્ય તંત્રી** મો. ૯૮૭૯૦ ૬૩૧૦૦
- **મહેન્દ્ર દોશી – સભ્ય** મો. ૯૪૨૮૦ ૨૦૫૦૧
- **ફાલ્ગુની હિરેન – સભ્ય** મો. ૯૮૨૫૦ ૧૬૬૭૭
- **ચૌલા કુરૂવા – સભ્ય** મો. ૯૩૨૭૦ ૭૫૪૮૮
- **રસિક ખીમજી મહેતા – સભ્ય** મો. ૯૩૨૮૨ ૪૯૦૬૯

**કવર પેઇજ ડિઝાઈન**

**પ્રદીપ મહેતા : મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦**

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી સ્થાનેથી :**
- શિક્ષણ, મેડિકલ અને સ્કીલ ડેવલપમેન્ટ જેવી પ્રવૃત્તિઓ ............ **અશોક મહેતા**...... ૯
- સવાલ અમારો... જવાબ તમારો.. : મણકો-૩ ............ **સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી**..... ૧૦

**જૈન ગ્રંથો**
- યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ લખેલ ઈતિહાસ વિષયક ગ્રંથો ............ **પ્રો. આર.ટી. સાવલિયા**..... ૧૧

**કચ્છનું પુરાતત્ત્વ**
- સેલોરવાવ સંબંધિત થોડાં પુસ્તકોમાં પણ કચ્છનો અછડતો જ ઉલ્લેખ ......... **સંજય પી. ઠાકર**..... ૧૬

**લોકશાહી**
- જમીની હકીકત બદલાઈ છે, તો ચૂંટણીની પ્રક્રિયા પણ બદલીયે ............ **ડૉ. નાનકભાઈ ભટ્ટ**..... ૧૯

**અધિક માસ**
- અધિક માસ દર ત્રણ વર્ષે કેમ આવે છે? ............ **ભરત'કુમાર' પ્રા. ઠાકર**..... ૨૧

**યોગદર્શન**
- સમત્વ એ જ યોગ અને સમતામાં સ્થિરતા થતાં સ્વરૂપની અનુભૂતિ થાય છે ............ **યોગસાધક કિરણ ચાંપાનેરી**..... ૨૪

**શિક્ષણ**
- આવતીકાલના નાગરિકના ઘડતરની આજ દિશાહીન છે! ............ **ડૉ. નાનકભાઈ ભટ્ટ**..... ૨૫

**ઇતિહાસ**
- કચ્છના ઈતિહાસના પાનેથી ............ **વસંત શાહ 'કચ્છ કેસરી'**..... ૨૭

**તીર્થ દર્શન**
- દર્શન-૩૨ : શ્રી ચારૂપ તીર્થ
- દર્શન-૩૩ : શ્રી પાનસર તીર્થ ............ **પ્રેષક : કે.ડી. શાહ**..... ૨૮

**વ્યક્તિ વિશેષ**
- સર્વોત્કૃષ્ટ કાવ્ય રચનાઓના સુપ્રસિદ્ધ રચયિતા ભુજના કુ. મંજુલાબેન ઉપાધ્યાય . **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**..... ૨૯
- માંગરોળના ક્રિકેટ ગ્રાઉન્ડમાં વૃક્ષોને વાવી ઉછેરતા શિક્ષક સુરેશ ધારેક .... **મનીષ જોશી 'મૌન'**..... ૩૦

**વિશિષ્ટ દિવસ**
- વિશ્વ વાઘ દિવસ ............ **ડૉ. મિહિર એમ. વોરા**..... ૩૧

**તંદુરસ્તી**
- 'મારા લાડલા સંતાનનું શારીરિક નુકસાન કરીશ' .... **ડૉ. મણિલાલ ગડા, સિનિયર મનોચિકિત્સક**..... ૩૨
  ઓબ્સેસિવ વિચારો' – ઓ.સી.ડી. : ભાગ-૩ **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
- હાર્ટ ફેઈલ્યોર એટલે શું? લક્ષણો – કારણો – સારવાર ............ **ડૉ. કમલેશ એન. શાહ**..... ૩૪
- શ્વાસ – હાંફ ............ **ડૉ. કમલેશ એન. શાહ**..... ૩૫

**વાર્તા**
- ખમ્મા મારા વીરા ............ **રાજેન્દ્ર છેડા**..... ૩૭
- વહાલભરી વાદળી ............ **એમ. ડી. સોલંકી**..... ૪૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**ઉપપ્રમુખ-૨**
શ્રી હિરેન કુંવરજી શાહ
મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫

**માનદ્ મંત્રી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**સહમંત્રી**
શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી વિમેશ ગુલાબચંદ શાહ
મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા
ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## બોધકથા

● ચારિત્ર્ય ................ **સુમિત્રાબેન દાદુભાઈ નિરંકારી**..... ૪૫

## અન્ય સંસ્થાઓના સમાચાર

● અન્ય સંસ્થાઓના સમાચાર ................ ૪૬
● આંજો કાગર ................ ૫૧

## નિયમિત વિભાગો

● *Nano Nine* શબ્દ રમત-૧૯૬ ................ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૫૩
● *Nano Nine Sudoku* (ક્રમાંક-૧૧૫૪) ................ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૫૫
● દેશ - વિદેશ ................ **ચૌલા કુરૂવા**..... ૫૬
● જ્ઞાન વિજ્ઞાન / વૈજ્ઞાનિક માહિતી ................ **સંકલન : રસીક ખીમજી મહેતા**..... ૬૨

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : સંસ્થા સમાચાર

● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો પરિપત્ર
સામાન્ય સભાની કાર્યસૂચિ, ચૂંટણી પંચની રચના, ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની જાહેરાત................ ૬૩
● ૭૭મો સ્વાતંત્ર્ય દિન : જાહેર આમંત્રણ ................ ૬૫
● આપણા ડૉક્ટર્સને પહેચાનો : મણકો-૨ : ડૉ. દેવલ શાહ ................ **અશોક મહેતા**..... ૬૬
● અતીતના ઓવારેથી... : મણકો-૩.. ................ **અશોક મહેતા**..... ૬૭
● ઉડતી નજરે... ................ ૬૯
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી ................ **સંકલન : રજનીકાંત પારેખ**..... ૭૦
● યુવા વિકાસ સમિતિ : કચ્છી મેળો ................ ૭૨
● પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર દ્વારા વિવિધ કેમ્પોનું આયોજન................ ૮૧
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા આયોજિત કચ્છી ઘટક સમાજના હોદેદારોનું સંમેલન ................ ૮૨
● વિદ્યાર્થી પુરસ્કાર યોજના................ ૮૫
● વયસ્ક સમિતિ : રંગારંગ કાર્યક્રમ................ ૮૬
● મહિલા ઉત્કર્ષ સમિતિ ................ ૮૭
● ગૃહ ઉદ્યોગ સમિતિ ● મંગલ મંદિર લવાજમ : નમ્ર અપીલ ................ ૮૮
● સમાજ દર્પણ ● સાભાર સ્વીકાર ................ ૯૦
● 'મંગલ મંદિર'ના પ્રાપ્ત થયેલ લવાજમો (તા. ૨૧-૫-૨૦૨૩થી તા. ૨૦-૬-૨૦૨૩ સુધી) ................ ૯૧
● 'મંગલ મંદિર'ના લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી................ ૯૨
● વર્ષ ૨૦૨૩માં બાળવર્ગ અને ધોરણ-૯ સુધીની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતી પત્રક ................ ૯૩
● વર્ષ ૨૦૨૩માં ધોરણ-૧૦ અને તેનાથી ઉપરના વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતી પત્રક ૯૫

## આ અંકમાં સમાવિષ્ટ કરેલ કાવ્યો

● હઝલ : મ્હાલે હવે ................ **યુસુફ મીર**..... ૩૬
● અંતિમ સંસ્કાર ................ **ધીરજલાલ ડી. તન્ના**..... ૫૦
● હેરીટેજ ................ **પ્રભુલાલ સિધ્ધપુરા**..... ૫૪
● ગઝલ................ **દિવ્યા દેઢિયા 'દિવ્ય'**..... ૫૪
● સુંદરતાની વ્યાખ્યા ................ **નેહા શાહ 'નેહ'**..... ૭૨

Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

તંત્રી સ્થાનેથી

# શિક્ષણ, મેડિકલ અને સ્કીલ ડેવલપમેન્ટ જેવી પ્રવૃત્તિઓ



અશોક મહેતા

*ભારત દેશની પ્રગતિ સાધવા માટે સામાન્ય જન સમુદાય, વિવિધ સમાજના સંગઠનો તથા સેવાકીય કાર્યો કરતી સંસ્થાઓ પાસેથી આજની પરિસ્થિતિમાં મુખ્યત્વે શિક્ષણ, મેડિકલ અને સ્કીલ ડેવલપમેન્ટ એમ સામાન્યપણે ત્રણ ક્ષેત્રે વિકાસ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહેલ છે. જો વિવિધ સમાજના સામાજિક સંગઠનો અને સેવાકીય સંગઠનો આ વિભાગની જવાબદારી સ્વયંપણે અને ઉત્સાહજનક રીતે સંભાળી શકે તો ભારત દેશ હાલના વાતાવરણમાં સારી એવી પ્રગતિ સાધી શકે.*

*ઉપરોક્ત ત્રણે વિભાગમાં ઓછાવત્તા અંશે કાર્યરત એવી સંસ્થા "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે" રવિવાર, તા. ૧૮-૬-૨૦૨૩ના રોજ અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજના પ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓ અને વિવિધ વિભાગના મહાનુભાવોની એક મીટિંગ બોલાવેલ હતી ત્યારે અંદાજિત ૨૦ જેટલા કચ્છી ઘટક સમાજના હોદ્દેદારો અને આગેવાનો ઉપસ્થિત રહેલ હતા.*

*આ મીટિંગમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે ઉપસ્થિત મહાનુભાવો સમક્ષ પોતાની વિવિધ પ્રવૃત્તિઓની ડોક્યુમેન્ટરી સહિતની વિગતો આપતા જણાવેલ કે આ સંસ્થા પોતાની જ્ઞાતિગત પ્રવૃત્તિઓ ઉપરાંત અમદાવાદના વિવિધ વિભાગોમાં (૧) ત્રણ મેડિકલ સેન્ટર, (૨) ત્રણ ડાયાલિસિસ સેન્ટર, (૩) ત્રણ અતિથિ ભવન, (૪) બે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, (૫) એક કચ્છ સંસ્કૃતિ મ્યુઝીયમ, (૬) એક આવાસ યોજના અને (૭) એક લાઈબ્રેરી જેવી પ્રવૃત્તિઓ ચલાવે છે કે જેની પ્રવૃત્તિઓમાં દરરોજ વિશાળ જનસમુદાય ભાગ લે છે અને તેના કારણે કોઈ પણ સમાજના મહાનુભાવો અહીં દાન આપવા પ્રેરાય છે અને તેના ફળ સ્વરૂપે આ સમાજ વધુને વધુ પ્રગતિ તરફ આગળ ધપી રહેલ છે.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટીશ્રીઓએ ઉપસ્થિત અન્ય દરેક સમાજના આગેવાનોને શ્રી કચ્છી જૈન સેવા સમાજની આ પ્રવૃત્તિઓમાં જોડાઈ જવા અપીલ કરેલ હતી. જેના કારણે આપણા આયોજકોનું સંખ્યાબળ અને આર્થિક બળ વધતાં આપણે અન્ય અનેકવિધ પ્રવૃત્તિઓ વધુ જન સમુદાયને ઉપયોગી થાય તે રીતે હાથ પર ધરી શકીએ. તેમણે એ પણ જણાવેલ હતું કે અત્રે ઉપસ્થિત દરેક કચ્છી ઘટક સમાજ પોતાના સ્થળે પણ આ પ્રકારની પ્રવૃત્તિઓ શરૂ કરી શકે છે અને તેવા સંજોગોમાં આ સમાજ શક્ય બધી રીતે સહકાર આપવા સક્રિય રહેશે અને જે તે પ્રવૃત્તિઓને આગળ ધપાવવા પૂરેપૂરી કોશિશ કરશે.*

*આ અપીલના પ્રતિસાદ સ્વરૂપે ઉપસ્થિત અનેક સમાજના આગેવાનશ્રીઓએ આ પ્રકારની પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવા પોતાના સમાજ થકી શક્ય બધો જ સહકાર આપવા પૂરેપૂરી તૈયારી દાખવેલ હતી.*

*પરિણામ સ્વરૂપે વિવિધ જ્ઞાતિ સમાજના પ્રતિનિધિઓની એક એક્શન કમિટી બનાવવામાં આવેલ હતી કે જે વિવિધ ઘટક સમાજની જે તે સ્તળે મુલાકાત લઈ, આ પ્રકારની કઈ કઈ પ્રવૃત્તિઓ કરી શકાય તેના તારણો કાઢશે અને આ પ્રવૃત્તિઓમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અનુભવનો કઈ રીતે વધુમાં વધુ અને સારામાં સારો ઉપયોગ થઈ શકે તેની વિગતો નક્કી કરી શકશે.*

*આપણે ઈચ્છીએ કે આવતા દિવસોમાં આ સેમિનારના હકારાત્મક પરિણામો શક્ય ત્વરાએ આપણને મળતા રહે.*

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯, ૯૮૭૯૦ ૬૩૧૦૦**

# સવાલ અમારો... જવાબ તમારો.....

મણકો **3**

**સંકલન - સંયોજક : પ્રભુલાલ કે. સંઘવી (ગાંધીધામ - અમદાવાદ)**
(સમાજના ભૂતપૂર્વ મંત્રી તથા 'મંગલ મંદિર'ના ભૂતપૂર્વ તંત્રી)

*અહીં ૧૦ પ્રશ્નો આપવામાં આવેલા છે. તે તમામના સાચા જવાબ આપવાના છે. જેના સાચા જવાબો આપનાર તમામના નામ 'મંગલ મંદિર'ના આગામી અંકમાં છાપવામાં આવશે.*

*તો આવો, આ એક નવીનતમ શ્રેણીના જવાબ આપવા થઈ જાઓ તૈયાર... ઉઠાવો કલમ...*

★ **આપે આટલું કરવાનું છે :**

- *આપના જવાબો, અંક મળ્યેથી ૧૦ દિવસમાં સમાજના પાલડી ભવન કાર્યાલયે મોકલી આપવાના છે.*
- *કવર ઉપર "સવાલ અમારો – જવાબ તમારો" સ્પર્ધા લખવાનું છે.*
- *જવાબના પત્ર ઉપર આપનું નામ, સરનામું, મોબાઈલ નંબર લખવો.*
- *આ એક ઉત્તમ પ્રયાસ છે. થોડી મહેનત કરશો. શોધખોળ કરશો... પ્રયત્ન કરશો... આપના જાણીતા અને અનુભવેલા પ્રશ્નો છે. આપને જરૂર આવડશે... આપનું નામ પ્રસિધ્ધ થશે... આપને આનંદ આવશે. સમાજ પ્રત્યે દિલચસ્પી વધશે.*

*તો આવો, તૈયારી કરીએ... જવાબ લખવાની...*

## • આ અંકના સવાલો •

૧. ગુજરાતમાં પ્રથમ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટેશન કઈ તારીખે થયું? કચ્છના કયા કાર્ડિયાક સર્જને આ પ્રક્રિયા કરી?

૨. જુનાગઢની કેસર કેરી કરતાં કચ્છની કેસર કેરી સારી ક્વોલિટીની માનવામાં આવે છે. તેનું મુખ્ય કારણ શું છે?

૩. મહેફિલ : *કોયલના કંઠને મેં ઝીલ્યો દિલમાં,*
*ને પૂછ્યું! આ રાગ તને ક્યાંથી મળ્યો...?*
*કળાયેલ મોરને મેં જઈને પૂછ્યું ચોકમાં*
____________________ (છેલ્લી લીટી પૂરી કરો.)

૪. શંખલપુર (બેચરાજી પાસે) જિનાલયના મૂળનાયક ભગવાન : ________________
કંબોઈ તીર્થ (ચાણસ્મા પાસે) જિનાલયના મૂળનાયક ભગવાન : ________________
(મૂળનાયક ભગવાનનું નામ લખવાનું છે.)

૫. ભાવનગરના પૂર્વ રાજવીનું નામ શું?

૬. મે મહિનામાં આપણા પાલડીના મેડિકલ સેન્ટરનો લાભ કેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોએ લીધો હતો?

૭. આપણી સંસ્થા દ્વારા છેલ્લો 'જીવનસાથી' (મેરેજ બ્યુરો) સંમેલન કાર્યક્રમ કઈ તારીખે આયોજિત થયો હતો? તેમાં કેટલી દીકરીઓ અને કેટલા દીકરાઓએ ભાગ લીધેલો?

૮. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે છેલ્લું વસતીપત્રક કયા વર્ષમાં બહાર પાડેલ? ૨૦૨૩નું વસતીપત્રક ક્યારે પ્રગટ થવાની સંભાવના છે?

૯. 'મંગલ મંદિર'ના ૧, ૨, ૩, ૫, ૧૫ – પ્રત્યેક વર્ષના લવાજમના દર શું છે?

૧૦. આપણા એક સભ્યનું તા. ૧૯-૩-૨૦૨૩ના રોજ દુઃખદ અવસાન થયું. તેમનો આગામી ભવ સુધારવા અને અન્ય જરૂરિયાતવાળી વ્યક્તિને ઉપયોગી થવા તેમના પરિવારે તેમના આ સેવાભાવી વ્યક્તિનું દેહદાન અને ચક્ષુદાન કર્યું. આ પુણ્યશાળી વ્યક્તિનું નામ શું હતું અને કચ્છના કયા ગામના તે વતની હતા?

## ★ નોંધ

૧. આ પ્રશ્નો સમાજ, સમાજની પ્રવર્તમાન પ્રવૃત્તિ અને સમાજને લગતા પૂછવામાં આવ્યા છે. સમાજના પ્રગટ થતા મુખપત્ર તથા સમાજના સાહિત્યનો અભ્યાસ કરવાથી જવાબો મળી જશે.

૨. સૌને સમાજની કાર્ય પ્રવૃત્તિમાં જોડવા અને ઓતપ્રોત કરવા સમાજને સ્પર્શતા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે.

## • મણકા–૨ ના સવાલોના સાચા જવાબો •

૧. ચાંગોદર મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન શુક્રવાર, તા. ૭ એપ્રિલ, ૨૦૨૩ના રોજ થયું. સમારોહના પ્રમુખ : ષષ્ઠ પીઠાધીશ્વર પ.પૂ.ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજ હતા.

૨. મંગલ મંદિરનું વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- છે.

૩. સમાજના મુખપત્રનું પ્રથમ નામ "પ્રેરણા" હતું.

૪. સમાજના પ્રથમ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરનું ઉદ્‌ઘાટન તા. ૮-૧૧-૨૦૨૨ને મંગળવારના રોજ થયેલ.

૫. 'મંગલ મંદિર' માચ-૨૦૦૭નો અંક 'કચ્છ ઉદ્યોગ વિશેષાંક' તરીકે પ્રગટ થયો હતો.

૬. મંગલ મંદિરને વર્ષ ૨૦૧૫માં ICE ઍવોર્ડ પ્રાપ્ત થયેલ.

૭. ૧૯૯૬માં 'પરિણય મિલન સમિતિ'નું ગઠન શ્રી હીરજીભાઈ પાસુભાઈ શાહના કન્વીનર પદે થયેલ.

૮. કચ્છી જૈન મહિલા મંડળની સ્થાપના તા. ૧૫ માર્ચ, ૧૯૮૬ના રોજ થયેલ.

૯. સમાજનું પ્રથમ ડાયાલિસિસ સેન્ટર શાહીબાગનો પ્રારંભ તા. ૨૦-૪-૨૦૧૪ના દિવસે થયો હતો. જેનું નામ શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર હતું.

૧૦. પાલડી ભવનના મૂળ માલીક કલાગુરૂ રવિશંકર રાવલના પરિવારજનો હતા. ૧૯૮૯ની સાલમાં ખરીદીનો દસ્તાવેજ થયો હતો.

## • મણકા-૨ (મંગલ મંદિર જૂન-૨૦૨૩ અંકમાં પૂછાયેલા પ્રશ્નોના) સાચા જવાબ આપનાર ભાગ્યશાળીઓના નામ

| | | | |
|---|---|---|---|
| ૧. | રોનકબેન આઈ. શેખ | – | અમદાવાદ |
| ૨. | અજય અશ્વિનભાઈ રાણા | – | અમદાવાદ |
| ૩. | વસંત 'કચ્છ કેસરી' | – | મુલુંડ, મુંબઈ |
| ૪. | ગુલાબચંદ ધારશી રાંભિયા | – | અમદાવાદ |
| ૫. | જ્યોતિ એલ. શાહ | – | અમદાવાદ |
| ૬. | ભારતી બી. શાહ | – | ગાંધીનગર |
| ૭. | નીલોફર આઈ. શેખ | – | અમદાવાદ |
| ૮. | મહેન્દ્ર દલસુખભાઈ પૂજ | – | અમદાવાદ |
| ૯. | હસમુખ દામજી દેઢિયા | – | અડાલજ |
| ૧૦. | કિંજલ દિવ્યેશ શેઠ | – | અમદાવાદ |
| ૧૧. | મિતેશ જે. દેઢિયા | – | અમદાવાદ |
| ૧૨. | અંજુબેન અનિલકુમાર મહેતા | – | અમદાવાદ |

***સાચા જવાબ આપનાર દરેક ભાગ્યશાળીઓના નામ જે તે અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે.***


TOTAL
SPORTS & FITNESS
NOW IN AHMEDABAD
FF/4, B Agrawal Complex, Navrangpura,
CG ROAD Ahmedabad
+91 91369 37921
Grand Offers
RACKET SPORTS upto 50% off
CRICKET upto 35% off
BALLS upto 20% off
APPAREL & SWIMWEAR upto 20% off
CARROM upto 20% off
GAME SHOES upto 40% off
SKATES upto 30% off
FOOD SUPPLEMENTS upto 40% off
FITNESS ACCESSORIES upto 20% off
BEST BRANDS. BEST PRICES.
TOTAL
NIKE
adidas
PUMA
asics
Babolat
NIVIA
YONEX
SG
SS
DSC
new balance
COSCO
speedo
TOTAL
SPORTS & FITNESS
Customer Care: +91 82683 99999 | For Bulk Purchase / Enquiry: sales@totalsf.in
Dadar (E) | Santacruz (W) | Borivali (W) | Vashi | Thane (W) Korum & Viviana | Dombivali (E) | Kalyan
Nashik | Panvel | Nalasopara | Kurla Phoenix | Surat | Pune | Ahmedabad
Google Ratings 4.4+ Justdial Ratings 4.1+
Shop Online www.totalsf.in
@TotalSportsAndFitness
totalsportsandfitness

# યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ લખેલ ઇતિહાસ વિષયક ગ્રંથો



પ્રો. આર. ટી. સાવલિયા

ભારતીય સંસ્કૃતિ એટલે ધર્મની સંસ્કૃતિ. ધર્મ એ ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે. ભારતીય પરંપરામાં ધર્મ અને સંસ્કૃતિ એકબીજાના પર્યાય બની ગયા છે. ભારતની ભૂમિ, એ અનેક ધર્મ-સંપ્રદાયોનું ઉદ્‌ભવ સ્થાન છે. જગતના ઈતિહાસમાં અને ભારતીય ધર્મ પરંપરામાં ધર્મ, સંપ્રદાય, મઝહબ વગેરે શબ્દો સમાન અર્થમાં વ્યવહારમાં વપરાય છે. પણ એનો ઊંડો અભ્યાસ કરતાં સમજાશે કે તે દરેક શબ્દનો વિશિષ્ટ અર્થ થાય છે. ભારતીય ધર્મ પ્રણાલીમાં ધર્મનો પ્રચલિત અર્થ કંઈક આવો કરવામાં આવે છે : "ઈશ્વર વિશે, પરલોક અને આત્માના મોક્ષ વિશેની અમુક ચોક્કસ શ્રદ્ધેય માન્યતાઓ અને તેમાંથી ફલિત થતો અમૂક પૂજા ઉપાસના વિધિ હોય છે. તેમજ એકસરખી માન્યતા ધરાવતા એક સમાન કર્મકાંડ આચરતા જન સમૂહનો એક વ્યવસ્થિત બંધારણીય સંઘ હોય તેને સંપ્રદાય અથવા પંથ પરંપરા કહેવામાં આવે છે."

આ વ્યવસ્થિત બંધારણીય સંઘમાં ગુરૂ-શિષ્ય પરંપરા હોય છે. કોઈ એક આદિ ગુરૂ અથવા અવતાર વિશે પૂર્ણતાની માન્યતા હોય છે. એમને શરણે જવા માટે અમુક પ્રકારની દીક્ષા વિધિ હોય છે. તેમજ પરંપરાગત જ્ઞાન પ્રસારણની ચોક્કસ વ્યવસ્થા હોય છે.

આમ ધર્મ - સંપ્રદાય - પંથ - પરંપરા એ કેવળ ઔપચારીક માન્યતા કે બાહ્ય જડ કર્મકાંડ નથી, પણ આધ્યાત્મિક જીવન છે. તે કેવળ જાણવાનો જ વિષય નથી, પણ જીવવાનો વિષય છે. જીવનના દરેક ક્ષેત્રમાં મનુષ્ય સંબંધોમાં ધર્મના સિદ્ધાંતોના પાલનની આવશ્યક્તા છે. ધર્મથી વ્યવહાર શુધ્ધ થાય છે અને પ્રભુને અર્પણ કરવાની ભાવનાથી નિષ્કામ કર્મયોગથી વ્યવહારમાં અનાસક્તિ કેળવાય છે અને જીવન મુક્તિનો અનુભવ કરી શકાય છે.

વિવિધ સંસ્કૃતિઓના મૂળમાં ધર્મએ મોટો અને મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ભારતમાં હિંદુ ધર્મ ઉપરાંત બીજા ધર્મ સંપ્રદાયો પણ અસ્તિત્વ ધરાવે છે. આપણું રાષ્ટ્રીય ધ્યેય અ-સાંપ્રદાયિકતા છે. તેનો અર્થ અધાર્મિકતા નહીં પણ દરેક ધર્મ તરફ સરખો આદર કેળવવો, એવો વિશાળ અને માનવતા પોષક અર્થ છે. આ આદર્શ ત્યારે જ સિધ્ધ થાય છે કે જ્યારે દરેક માણસ પોતાની વિચાર પ્રણાલી સાથે અન્ય વિચારકોની પ્રણાલી સાથે સમન્વય સાધે અને દરેક સંપ્રદાય પંથ-પરંપરાના ઊંડાણમાં રહેલ સમાન તત્ત્વોનો સાચો ખ્યાલ મેળવી તે દૃષ્ટિબિંદુ જીવનમાં અપનાવે.

ભારત ધર્મ પરાયણ દેશ હોવાથી એમાં અનેક ધર્મ - સંપ્રદાયો તેમજ અનેકવિધ દેવી-દેવતાઓની ઉપાસના થતી જોવા મળે છે. કોઈ પણ ધર્મ - સંપ્રદાયનો વિકાસ તેને અનુસરનાર - પાળનાર પ્રજાના સ્વભાવ અને તે દેશ-સ્થળની આસપાસની ભૌગોલિક પરિસ્થિતિ પર અવલંબે છે. હિંદુ સંસ્કૃતિના પાયામાં ધર્મ મૂળ સ્થાને રહેલો છે. સાહિત્યમાં પણ ધર્મ ભક્તિની અભિન્ન અવિરત ધારા પ્રવાહિત થયેલી નજરે પડે છે. સ્માર્ત, શૈવ, શક્તિમાર્ગી, વૈષ્ણવ, એકેશ્વરવાદી, બહુદેવવાદી, જ્ઞાનમાર્ગી, ભક્તિમાર્ગી, તંત્રમાર્ગી વગેરે ધર્મ-સંપ્રદાય-પંથ - પરંપરાઓના ધર્મપ્રચારક સાધુ-સંતો, પંડિતો - આચાર્યોએ રાષ્ટ્રના રંગમંચ પર પોતાના વ્યક્તિત્વ, જ્ઞાન વગેરે દ્વારા જન સમાજને પ્રભાવિત કરવાનો પ્રયાસ કર્યો છે.

ગુજરાત એ ભારતનો એક ભાગ હોવાથી ગુજરાતનું સમાજ જીવન પણ ધર્મના રંગે રંગાયેલું હોય એ સ્વાભાવિક છે. ગુજરાતના લોકોને મન ધર્મ એ કેવળ ચર્ચાનો વિષય નહીં, પણ અનુભૂતિનો વિષય છે. તેથી જ ગુજરાતની વ્યાપાર પ્રધાન પ્રજામાં સહિષ્ણુતા, બંધુત્વની ભાવના, મિલનસારપણું, સમાધાનવૃત્તિ, ઉદાર દૃષ્ટિ વગેરે ગુણો સવિશેષ પ્રમાણમાં જોવા મળે છે. ગુજરાતમાં જુદા જુદા સમયે અનેક જાતિની પ્રજાઓ આવીને સ્થિર થઈ છે. આ વિદેશી પ્રજાઓમાંથી કેટલાકે ભારતીય ધર્મો સ્વીકાર્યા હોવાથી આપણી સંસ્કૃતિ પર એમના આચાર વિચાર, પહેરવેશ તથા જીવનમૂલ્યોની અસર થઈ. તેનાથી આપણામાં વિવિધતામાં એકતાની ભાવના વિકાસ પામી.

આમ, સર્વધર્મ સમભાવનની ભાવના વિકાસ પામતા ગુજરાતમાં અનેક સંપ્રદાયો અને પંથોની પરંપરા શરૂ થયેલી જોવા મળે છે. જેમાં હિંદુ-શૈવ-વૈષ્ણવ, શાક્ત, ગાણપત્ય તેમજ જૈન, હિંદુ-મુસ્લિમ સમન્વયકારી પંથો અસ્તિત્વમાં આવ્યા. આ સાથે વ્યક્તિગત વિચારધારા અને ગુરૂ - શિષ્ય પરંપરામાં પ્રવાહરૂપે ચાલ્યા આવતા પંથોમાં દેશ, કાળ અને સ્થિતિ બદલાતાં, વિચારધારાઓ બદલાઈ અને કોઈ પ્રતાપી આચાર્ય કે વ્યક્તિ વિશેષે - સ્વતંત્ર રીતે પોતાની પરંપરા શરૂ કરેલ છે.

આ સંદર્ભમાં ગુજરાત તો સંતો - આચાર્યો - સાધુ ભગવંતોની ભૂમિ, નિશ્ચલ સેવાપરાયણોની ભૂમિ, ધૂર્જટી હિમાલયશા શીલ અને સંસ્કારોમાં અડગ સંસ્કાર સ્વામીઓની ભૂમિ, શાશ્વત સમ્યક્ ધર્મને જીવનમાં વણી લેનારા યોગનિષ્ઠ આચાર્યોની ભૂમિ, અપરિગ્રહી સાધુ-ભગવંતોની ભૂમિ, જ્ઞાન શિરોમણિ સૂરીઓની ભૂમિ.

આવા સંતોના જીવનમાં પડેલું વસ્તુગત સત્ય ગમે તે હોય પણ એનું ભાગવત સત્ય જ સત્ત્વશીલ રહ્યું છે ને એ જ ભાગવત સત્ય લોમકધર્મની આધારશિલા બનેલ છે. સંતોના જીવનમાં તળ ધરતીની તાકાત અને ફોરમ પડેલા છે. એના કણ કણમાંથી સંસ્કૃતિનો કાંપ બંધાય છે અને એના કાંપમાંથી નવા જીવન પાંગરે છે. સંતો સમાજના જડ બની ગયેલા જીવનનો પાળો તોડીને પ્રવાહોને નિર્બંધ બનાવે છે. એમાંથી સાંસ્કૃતિક ચેતના જગાવે છે. વિભિન્ન જાતિઓ, કુળો, પંથોને એક સૂત્રે પરોવવાનું સંગીત રેલાવે છે. આથી સંત-સંસ્કૃતિ સમન્વયકારી રહેલ છે. જમાને જમાને સંતો નવા અવતારે નીપજતા જ આવે છે.

વર્તમાન સમયમાં પણ ગામને ગોદરે કે તીર્થ સ્થાનોમાં સંત પુરુષોના ઊભેલા બાવલાઓ કે એવા સ્મૃતિ સ્મારકો ખરેખર તો આપણા પ્રેરણાસ્થાન બન્યા છે. સમાજને ઊંચી ભૂમિકાએ લઈ જવા આ અવધૂત યોગીઓએ ભારે મોટો પુરૂષાર્થ કર્યાનું જણાય છે. **અત્રે રજૂ થયેલી સંતોની જીવનધારા એવો અહેસાસ કરાવે છે કે સુખ બહારના સૌંદર્યમાં નહીં પણ ભીતરના આત્મ સૌંદર્યમાં જ સમાય છે. યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીની સ્મૃતિઓમાંથી આપણે શાંત સુધા રસનો આસ્વાદ માણીએ.**

- **યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીનું ઇતિહાસ વિષયક ગ્રંથોનું લેખન - આલેખન :**

ગુજરાતમાં ઉત્તર ગુજરાતની ધરતી તીર્થ સ્થાનો અને સંતો - આચાર્યોની ભૂમિ ગણાય છે. આવી ભૂમિની સંત પરંપરામાં ઉચ્ચ સ્થાન પામેલા યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ જ્ઞાન, વૈરાગ્ય, યોગ-ભક્તિની અખંડ ધૂણી ધખાવી હતી. મોટા ભાગના આવા સંતોને દુનિયાદારીની માપપટ્ટીથી માપવા જઈએ તો તેઓ ઓછું ભણેલા લાગે. પરંતુ અધ્યાત્મવિદ્યા - યોગની મહાશાળાના આચાર્યો હતા. વાણીની દેવી સરસ્વતી પણ આવા સંતોના અંતરમાં આવીને વાસ કરતી હતી. તેથી તેઓ સિધ્ધ કવિઓ અને પ્રભાવક ઉપદેશકો પણ બની શકતા. **આવા અસંખ્ય નામી-અનામી સંતોની હારમાળામાં પાણીદાર મોતીની જેમ પ્રકાશપુંજ પાથરતા એક છે યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી.** અત્રે એમના દ્વારા લખાયેલા ઈતિહાસ વિષયક ગ્રંથોનો સંક્ષેપ પરિચય આપવાનો પ્રયત્ન કરેલ છે. તત્ત્વજ્ઞાનમાં તેમ ઈતિહાસમાં તેમની શોધકવૃત્તિ ઉજાગર થયા વગર રહેતી નથી. ઈતિહાસ તરફનો તેમનો સ્નેહ વિશેષ જોવા મળે છે. ઐતિહાસિક બનાવો અને તેનાં પરિણામોનો વિચાર કરી વર્તમાન પ્રવૃત્તિ સાથે તેનો તાલમેલ સાધવામાં સિદ્ધહસ્ત હતા. ભૂતકાળની સફળતાઓ અને નિષ્ફળતાઓના કારણો વિચારી ભવિષ્યના કાર્યોમાં તેનો ઉપયોગ કરવામાં ઈતિહાસનું સ્થાન ઘણું મહત્ત્વનું હોવાનું માનતા.

ઐતિહાસિક બાબતોમાં તેઓનું સંશોધન ઊંડાણપૂર્વકનું હતું. જગતની અનેક સંસ્કૃતિઓ અને દેશોના ઈતિહાસનું તેમણે અધ્યયન કર્યું હતું. તેમની ઈતિહાસપ્રિયતા જોઈ ઘણાને આશ્ચર્ય થતું કે, તત્ત્વજ્ઞાન જેવા ધ્યાન-યોગપ્રધાન વિષયમાં રસ લેનાર આચાર્યશ્રી વસ્તુ અને વિગતપ્રધાન વિષયરૂપ ઈતિહાસમાં કેમ રસ લઈ શક્યા? પણ તેમની અનેક વિષયોની પ્રવીણતા જોતાં એક જ ખુલાસો આપી શકાય કે, “બહુરત્ના વસુંધરા”ની પેઠે આચાર્યશ્રીનું વ્યક્તિત્વ પણ વિલક્ષણ હતું. વીજાપુરના સેંકડો વર્ષોના ઈતિહાસનું બારીક સંશોધન કરી, અનેક ખંડેરો અને શિલાલેખો અવલોકી તેમણે “વીજાપુર વૃત્તાંત” નામનું ગુજરાતને ઉપયોગી ઐતિહાસિક પુસ્તક આપ્યું છે. ‘જૈન ગચ્છમતપ્રબંધ’ તથા ‘ધાતુપ્રતિમા લેખ સંગ્રહ’ના બે ભાગ રચી ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ ઉકેલવામાં તેઓએ અપૂર્વ ફાળો આપ્યો છે. ઈતિહાસના ઊંડા અભ્યાસથી તેમના લખાણમાં સચોટતા સાથે ચોક્સાઈ આવી છે. ક્રમબદ્ધ લખાણ લખવામાં તેમણે કૌશલ્ય બતાવ્યું છે. ઝીણી સંશોધક બુદ્ધિ તથા વિગતોનો પ્રેમ સ્થળે સ્થળે ઉભરાય

છે. તેમણે કોઈ રાજ્ય કે દેશનો ઇતિહાસ લખ્યો નથી. છતાં તેમના ઇતિહાસમાં કોઈ રાજ્ય કે દેશ બાકી રહેતા નથી અને પ્રાચીન ઇતિહાસને ઉકેલવામાં ઘણી સાધન સામગ્રીનો ઉપયોગ કરી ગુજરાતના આ સાહિત્યને વધુ ભંડોળવાળું અને વિશાળ બનાવ્યું છે.

યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ લખેલ ઇતિહાસ વિષયક ગ્રંથો વિશે વિગતો મેળવીએ.

(૧) ઇતિહાસ - ઐતિહાસિક રાસમાળા, (૨) જૈન ધર્મની પ્રાચીન સ્થિતિ, (૩) વીજાપુર વૃત્તાંત, (૪) ગચ્છમતપ્રબંધ, સંઘ પ્રગતિ (૫) જૈન ધાતુપ્રતિમા લેખ સંગ્રહ ભાગ-૧-૨, (૬) વીજાપુર વૃત્તાંત (બૃહદ્).

**૧. શ્રી જૈન ઐતિહાસિક રાસમાળા – ગ્રંથાંક ૨૪.**

*પૃષ્ઠ સંખ્યા : ૨૬૭.*

*રચના : સંવત ૧૯૬૯ • ભાષા : ગુજરાતી*

આ ગ્રંથમાં પૂર્વે થઈ ગયેલા મહાન સુજ્ઞ મુનિજનોના રાસ આ ગ્રંથમાં સુંદર રીતે આપ્યા છે. જે અન્યત્ર સાંપડતા નથી. આ રાસોમાં શ્રી સત્યવિજયજી, શ્રી કર્પૂરવિજયજી, શ્રી ક્ષમાવિજયજી, શ્રી જિનવિજયજી, શ્રી ઉત્તમવિજયજી, શ્રી પદ્મવિજયજી રાસો ખાનગી ભંડારમાંથી મેળવીને આધાર આપ્યા છે.

અમદાવાદના નગરશેઠોનાં જીવનચરિત્રો, તેમણે બાદશાહો તથા ગાયકવાડોની બજાવેલી સેવાઓ તથા તે બદલ તેમણે મેળવેલા માનઅકરામ જેનો ઉપયોગ તેમણે મહાન જૈન તીર્થોની રક્ષા તથા અહિંસાના પ્રચારાર્થે કરેલ. તેમની જાહોજલાલી, કુટુંબવંશ વિસ્તાર વગેરેથી અજ્ઞાત હાલની પ્રજાને આ રાસો ખૂબ ઉપયોગી નીવડશે. ઉપરાંત આ રાસમાળામાં નગરશેઠ કુટુંબના મૂળ પુરુષ શેઠ શાંતિદાસનો રાસ વિસ્તારથી આપ્યો છે.

આ બધા રાસો મૂળ કાયમ રાખી તેના પર જાણવાજોગ ટીકાટીપ્પણ - સુધારા તેમજ તેમાં આવતા પ્રાચીન શબ્દો, પારીભાષિક શબ્દો અને બીજા કઠિન શબ્દોના અર્થોનો કોષ ગ્રંથના છેવટે મહા પ્રયાસ કરી અક્ષરાનુક્રમમાં આપેલ છે.

આવા રાસો ઐતિહાસિક દૃષ્ટિએ અતિ ઉપયોગી છે. આવા રાસો ઘણા ભંડારોમાં જળવાયેલા છે. તે મેળવી પ્રકટ કરાવવા પ્રયાસ થાય તો જૈન ધર્મના પ્રભાવ પર ઘણો પ્રકાશ પડી શકે.

આ ગ્રંથની અર્પણ પત્રિકા અમદાવાદના નગરશેઠ કસ્તુરભાઈ, મણિભાઈ, પ્રેમાભાઈને આપેલી છે.

**૨. જૈન ધર્મની પ્રાચીન અર્વાચીન સ્થિતિ – ગ્રંથાંક ૨૮.**

*પૃષ્ઠ સંખ્યા : ૧૭૫.*

*રચના : સંવત ૧૯૬૮, આસો વદી-૫,*

*બીજી આવૃત્તિ : સંવત ૧૯૮૪.*

પોતાના ધર્મની પ્રાચીન સ્થિતિ જાણવાથી દરેકના મનમાં પોતાના ધર્મના ગૌરવ પ્રતિ માન જાગે છે અને વર્તમાન સ્થિતિ સુધારવાનો વિવેક પ્રાપ્ત થાય છે. પ્રાચીન અને અર્વાચીન સ્થિતિના ઐતિહાસિક જ્ઞાનથી ઉન્નતિ અને અવનતિના હેતુઓને સારી રીતે જાણી શકાય છે. અવનતિનાં કારણોનો ત્યાગ કરી ઉન્નતિના ઉપાયોગ આદરી શકાય છે.

આ ગ્રંથમાં જૈન ધર્મ અને જૈન સમાજમાં ભૂતકાળમાં કેવી જાહોજલાલી હતી, જૈનોએ જૈન રાજાઓએ, ધર્મ-સમાજ અને દેશોધ્ધાર માટે કેવા અને કેટલા ભગીરથ પ્રયત્નો કર્યા હતા, તેઓના સામાજિક અને ધાર્મિક જીવન કેટલા ઉન્નત હતા, તેનું ઐતિહાસિક દૃષ્ટિએ અનોખું ચિત્ર લેખકે તાદૃશ રજૂ કર્યું છે.

આજ હેતુ ધ્યાનમાં રાખી આ ગ્રંથ ઘણા સંશોધન અને માહિતી પ્રાપ્ત કરી લખાયો છે. જૈન - જૈનેતર પ્રત્યેકને આ ગ્રંથ વાંચવામાં રસ આવશે અને પોતાની સ્થિતિનું દર્શન પામી ઉન્નતિ અર્થે ઝઝુમવાની વૃત્તિ જાણી પુરુષાર્થ કરવા પ્રેરણા પામશે.

**૩. ગચ્છમત પ્રબંધ - સંઘ પ્રગતિ**

*પૃષ્ઠ સંખ્યા : ૫૬૦*

*ભાષા : બે ગ્રંથની ગુજરાતી.*

ગચ્છમત પ્રબંધ અને સંઘ પ્રગતિમાં કયા ગચ્છો ક્યારે નીકળ્યા - કયા આચાર્યોએ કયા કારણે પ્રવર્તાવ્યા તે ઐતિહાસિક દૃષ્ટિએ ભગીરથ પ્રયત્નો અને શોધખોળથી અનેક ગ્રંથો શોધીને આપેલ છે. ગચ્છો સંબંધી માહિતીવાળું આવું ઉપયોગી પુસ્તક ભાગ્યે જ ઉપલબ્ધ થાય એમ લાગે છે.

સંઘ પ્રગતિમાં તો લેખકે એટલી શોધખોળ કરી છે કે જે વિસ્તારથી લખવા જતાં બીજો ગ્રંથ બને. પણ મહાવીર સ્વામીથી લઇ છેક આઠમા સૈકા સુધીની જૈનોની, જૈન રાજાઓની જાહોજલાલી ટકી અને પછીથી દિગંબર શ્વેતાંબરોના ભિન્ન મતના કારણે પરસ્પરના વૈમનસ્યે અન્ય આચાર્યોએ જૈનોને (ચારે વર્ણોના) પોતપોતાના સંપ્રદાયોમાં ખેંચ્યા અને એક વખતના ૪૦ કરોડ જૈનોમાંથી વર્તમાનકાળે

માત્ર ૧૦-૧૨ લાખ પર કુલ જૈન સંખ્યા આવી ઊભી. આ ઈતિહાસ આ ગ્રંથમાં એટલો વિસ્તાર - દાખલા આધારો સહિત અપાયો છે કે કોઈપણ જૈન આ ગ્રંથ વાંચ્યા વિના ન રહે.

**૪. જૈન ધાતુ પ્રતિમા લેખસંગ્રહ ભાગ ૧-૨**

*પૃષ્ઠ સંખ્યા : ૨૬૫ તથા ૨૭૭.*

*રચના : સંવત ૧૯૭૩ તથા ૧૯૮૦.*

*ભાષા : સંસ્કૃત - ગુજરાતી.*

સર્વ ધર્મની ખાસ કરીને જૈન મૂર્તિઓ પર તે મૂર્તિઓ તૈયાર કરાવનાર કે પ્રતિષ્ઠા કરનાર તથા તત્કાર્યે ઉપદેશ દઈ પ્રતિષ્ઠા કરાવનાર ગૃહસ્થો અને ત્યાગી આચાર્યોનો-સાલ-સ્થળની ઐતિહાસિક હકીકતો કોતરાવી, લખવાનો રીવાજ પ્રચલિત હોય છે. આવા લેખો ઉપરથી તે તે સમયની ઐતિહાસિક દૃષ્ટિએ જાણવાજોગ ઘણી હકીકતો મળી આવે છે. પણ આવી બાબતની શોધ કરનાર વીરલાઓ જ હોય છે. જેઓ પૂર્ણ શાંતિ-સહનશીલતા - પરિશ્રમ કરી આ બાબતો પર પ્રકાશ પાડે છે. સ્વ. સૂરીશ્વરજી બુદ્ધિસાગરજી મહારાજ ઈતિહાસની શોધખોળ અને તેના પરિણામો માટે ખૂબ જ પરિશ્રમશીલ રહ્યા હતા. તેમને સ્વ. સાક્ષર શ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવ મળવા આવેલા ત્યારે ચર્ચા કરતાં શ્રી ધ્રુવ સાહેબે જણાવેલું કે વિ.સં. સાતમા સૈકાની પ્રતિમાઓ પર લેખ મળી આવે છે. આ પરથી તેમણે શ્રી અ.જ્ઞા.પ્ર. મંડળને પ્રેરણા કરી એક પગારદાર વિદ્વાન રોકી ભારતવર્ષના અનેક જૈન મંદિરો અને ભંડારો તપાસવા માંડ્યા અને જે જે લેખો મળ્યા તે બધા જોઈ સુધારી આ ગ્રંથમાં પ્રકટ કર્યા છે. તેમણે ખાસ નીચેની બાબતો પર લક્ષ્ય કેન્દ્રિત કરેલું :

૧. કઈ કઈ જ્ઞાતિઓએ પ્રતિમાઓ ભરાવી.
૨. હાલમાં તે જ્ઞાતિઓ પૈકી કઈ જ્ઞાતિઓ જૈનો તરીકે છે.
૩. કયા કયા ગચ્છના આચાર્યોએ પ્રતિષ્ઠા કરાવી.
૪. કયા ગચ્છમાં આચાર્યો પ્રતિષ્ઠા કરી શકતા અને કરી શકતા ન હતા.
૫. તે ગચ્છો પૈકી હાલ કયા ગચ્છો વિદ્યમાન છે?
૬. કયા કયા ગામ-નગરમાં આચાર્યોનો વાસ થતો અને કયા કયા ગામ નગરમાં જૈન ગૃહસ્થોએ પ્રતિમાઓ ભરાવી.
૭. જૂનામાં જૂનો અને અર્વાચીન લેખ.
૮. પ્રાચીન પ્રતિમાઓ પર લેખો લખવાની પ્રવૃત્તિ સંબંધી વિચાર.
૯. કયા કયા ગચ્છો ઉત્પન્ન થયા.
૧૦. કઈ કઈ જ્ઞાતિઓ હાલ જૈન ધર્મથી રહિત થઈ?
૧૧. જૈન વણિકોની પદવીઓ.
૧૨. કયા કયા ગ્રંથોથી આ સંબંધી અજવાળું પડી શકે છે?
૧૩. દિગંબર ધાતુ પ્રતિમાઓ સંબંધી વિચાર.
૧૪. અન્ય જૈન મુનિઓ તથા વિદ્વાનોનો આ દિશામાં પ્રયત્ન.

આ પ્રમાણે વિચારણીય બાબતો ઉપર શ્રીમદે વિસ્તૃત વિવેચનો લખ્યા છે અને શ્વેતાંબર ઉપરાંત દિગંબર સંપ્રદાયના ગચ્છો - પ્રતિમાઓ - શાસ્ત્રો આચાર્યો વગેરે પર ખૂબ પ્રકાશ પાડ્યો છે. આ ઉપરાંત લેખો પરથી તે તે સમયના જૈનોની ધર્મની અને સમાજની જાહોજલાલી કેવી હતી તે દર્શાવી આપ્યું છે. પ્રથમ ભાગમાં લગભગ ૧૫૨૩ લેખો અને બીજા ભાગમાં બીજા લગભગ ૧૫૦૦ લેખો આપ્યા છે. બીજા ભાગમાં ધાતુપ્રતિમા લેખો તથા તે તે પ્રતિમાઓ કયા કયા ગામ, નગર, પોળ અને મંદિરોમાંથી લીધા તેની યાદી તથા લેખો લગભગ સંસ્કૃતમાં જ પ્રશસ્તિઓ સહિત અપાયા છે.

બંને સંગ્રહોમાં પ્રાયઃ વિ.સં. ૧૦૦૦ પૂર્વેના લેખો ઉપલબ્ધ નથી થયા. તે પછીના વિ.સં. ૧૦૦૦થી ૧૯મી સદી સુધીના લેખોનો સમાવેશ છે. પ્રથમ ભાગમાં ૫૪ નગરોની તથા બીજા ભાગમાં ૧૨ ગામોની યાદી આપવામાં આવી છે.

જેમ ગચ્છો તથા સંઘપ્રગતિ માટેના શોધખોળ પૂર્વકના વિચારો જૈન ઐતિહાસિક રાસમાળા ગ્રંથમાં અપાયા છે તેમ ધાતુ પ્રતિમાઓના લેખો આ બે ભાગમાં અપાયા છે. ગ્રંથો પ્રત્યક્ષ વાંચવામાં આવે તો વાચકને તે તે વિષયોનો ઘણો સચોટ ખ્યાલ આવી શકે.

**૫. ગુજરાત - વીજાપુર વૃત્તાંત (બૃહદ્) ગ્રંથાંક - ૧૦૨**

*પૃષ્ઠ સંખ્યા : ૩૨૫.*

*ભાષા : સંસ્કૃત - ગુજરાતી.*

*પ્રથમ આવૃત્તિ રચના સં. ૧૯૭૩*

*બીજી આવૃત્તિ : ૧૯૮૦ (પ્રકટ થઈ ૧૯૮૨માં).*

જન્મભૂમિ તરફ પૂજ્યભાવે-પ્રેમ-સેવા ભાવે સ્વફરજ બજાવનાર - ત્યાગી સંત પુરૂષો વિરલ હોય છે. ચારિત્ર નાયકની જન્મભૂમિ વિદ્યાપુર-વીજાપુર છે. અંતિમ-વિરામ સ્થળ પણ તે જ બન્યું. તેઓ પ્રખર સંશોધક-ઈતિહાસજ્ઞ અને

સતત ઉદ્યમશીલ હોવાથી જે ભૂમિમાં જન્મ થયો તે ભૂમિના ગુણકીર્તન-તેની પ્રાચીનતા-ગૌરવગાથા અને ત્યાંના નિવાસીઓ ઉન્નતિ પ્રાપ્ત કરે તેવા સ્મારક મૂકવા પ્રેરાય એ સ્વાભાવિક છે.

જન્મભૂમિ અને સ્વદેશ-સ્વભાષાની અનન્ય ભાવે સેવા કરવા - શક્તિ ખીલવવા અન્યને બોધ કરી પોતે તે ફરજ બજાવવા ઉદ્યુક્ત થવું એ આ ગ્રંથ લેખનનો હેતુ સ્પષ્ટ કરતાં સ્વર્ગવાડી કરતાં જન્મભૂમિની ઉત્તમતા જણાવતા "જન્મભૂમિની ઝુંપડી નંદનવનથી બેશ" એ વાક્યો વડે ચરિત્રનાયકે ગરીબ કે દાનેશ્વરી, શ્રીમાન કે વિદ્વાને કયા ભાવે પોતાનો હિસ્સો જન્મભૂમિના ઉત્કર્ષ માટે અર્પવો તે બતાવીને આ ગ્રંથોનો પ્રારંભ કર્યો છે. તેઓ પ્રસ્તાવનામાં લખે છે કે વીજાપુર અમારી જન્મભૂમિ હોવાથી તેનું વૃત્તાંત લખવાની કેટલાક કારણોથી ફરજ બજાવવા સ્ફુરણા થઈ અને પ્રયાસ કરતાં ટોડ રાજસ્થાન, ફાર્બસ રાસમાળા - સુધર્મ ગચ્છ પટ્ટાવલી - જૈનાચાર્યો કૃત કેટલીક પટ્ટાવલીઓ અવલોકતાં વિજયપુર - વિદ્યાપુર - વીજાપુરનો નામોલ્લેખ તથા વિસ્તૃત હકીકતો મળી આવતાં ઉત્સાહથી વધુ સંશોધન કર્યું. એક બારોટના ઘરમાંથી વીજાપુર સંબંધી લેખ મળી આવ્યો. તે વિજલદેવ પરમાર સંબંધી હતો. બાદ વીજાપુરની પૂર્વ દિશામાં અગ્નિ ખૂણા તરફ સાબરમતીના કાંઠા ઉપર આવેલા જૂના સંઘપુર ગામમાં શ્રી ચંદ્રપ્રભુના દેરાસરની ભીંતમાં બે હાથ લાંબા અને એક હાથ પહોળાં બે પાટીયા પર એક લેખ છે. તે વાંચવા લક્ષ ગયું. તે ઉપરથી તે અધૂરો જણાયો. આગળ પાછળના લેખવાળા પાટીયા ન મળી શક્યા. તેમાંથી "વિજલદેવના પુત્ર બાહડે વીજાપુર વસાવ્યું એ સિધ્ધ થયું." આ પાટીયા પરના શિલાલેખો ગ્રંથમાં સંસ્કૃતમાં ભાવાર્થ સાથે આપ્યા છે. વીજાપુર અતિ પ્રાચીન નગર હોઈ તેમાં તે વખતે ધનાઢ્ય વિવેકી અને ધર્મનિષ્ઠ જૈનોની વસતી વિપુલ હતી તેમ જણાય છે.

તેઓ લખે છે કે અમારી જન્મભૂમિ વીજાપુર હોવાથી શરીર પોષણમાં કેળવણી લેવામાં અને આત્મજ્યોતિના સર્વ ઉપાયો પ્રાપ્ત કરવામાં તેનો ઉપકાર જાણી વ્યવહારિક ફરજ દૃષ્ટિએ વિદ્યાપુરીય જૈનોને સ્વજન્મભૂમિના ઐતિહાસિક જ્ઞાનની ચઢતી પડતીનો પૂર્ણ વિવેક પ્રાપ્ત થાય અને ચઢતીના હેતુઓને અવલંબે એ ઉદ્દેશથી આ ગ્રંથ લખાય છે. સ્વનગરના ઐતિહાસિક જ્ઞાનથી પોતાની ભૂમિ પ્રત્યે સન્માન પ્રકટે છે અને અન્યો કરતાં સ્પર્ધામાં આગળ વધાયું કે પાછળ રહેવાયું તેનું ભાન થાય છે તથા સંપપૂર્વક અન્ય દેશોની સાથે સ્પર્ધા કરવામાં જાગૃત દશા પ્રાપ્ત થાય છે.

આ રીતે ઐતિહાસિક દૃષ્ટિએ વીજાપુરની ચઢતી પડતી - રાજકર્તાઓ - વીરજૈન - વ્યાપાર - કળા - કેળવણી - કવિત્વ વગેરેથી વિભૂષિત વીજાપુર આજ કઈ ભૂમિકા પર છે, તે બતાવી આગળ વધવાના ઉત્કર્ષના માર્ગો ચીંધે છે.

ઘણા પરિશ્રમે આ ગ્રંથ તૈયાર થયો છે. ચરિત્ર નાયકના બાલમિત્ર અને પરમ ભક્ત વીજાપુરવાસી જાણીતા સેવાભાવી અનેક સંસ્થાઓના કાર્યકર શેઠ લલ્લુભાઈ કરમચંદ દલાલની આ ગ્રંથ કાર્યમાં તેમને સાચી અનુમોદનનાં - સહાય મળ્યા છે.

જ્યારે વિલાસ, લોલુપતા, દુરાચાર, અધર્મ, ઊંચનીચ અને સ્વાર્થ પરાયણતાનું ઝેર રાષ્ટ્રના અંગ - પ્રત્યંગોમાં પ્રસરી ગયું છે ત્યારે આવા સાધુ - યોગનિષ્ઠ આચાર્યોનાં પવિત્ર જીવન ચરિત્રો નવી પેઢી સમક્ષ મૂકવાની જરૂર છે. નવી પેઢીને ચારિત્ર્ય, આધ્યાત્મિક, સંસ્કાર, કેળવણીનું દિશાસૂચન અને માર્ગદર્શન પૂરું પાડનારા અનેક ભગવંતો - મુનિઓ - આચાર્યો આજે પ્રયત્ન કરી રહ્યા છે.

ભારતીય ધર્મ પરંપરામાં ભૌતિક અને આધ્યાત્મિક્તા વચ્ચે હંમેશાં ટકરાવ જોવા મળે છે. ભૌતિક પ્રગતિની સાથે સાથે આધ્યાત્મિકતાની હંમેશાં જરૂરિયાત રહેલી જોઈ શકાય છે. ભૌતિક પ્રગતિની બાબતમાં માનવજાતનો એક વર્ગ જે સાધુ-મુનિ-સૂરિ-આચાર્યોનો વર્ગ અલગ રહ્યો, એમણે પોતાની તમામ શક્તિઓનો ઉપયોગ આધ્યાત્મિક પ્રગતિ માટે કર્યો. પરિણામે એમની જીવનશૈલીમાં ખપ પૂરતા આવશ્યક સાધનોની જ જરૂર રહી. દેહ ટકાવી રાખવા પ્રાકૃતિક ઘટકોમાંથી જરૂરી સામગ્રી મેળવી લેતા. જ્યારે તન માટે દિગંબર અવસ્થા જ અનુકૂળ રહેતી. છતાં ભારતીય સંસ્કૃતિની કેટલીક મર્યાદાઓ અને સંસ્કારને લઈને જનસમૂહમાં જવાનું થતું ત્યારે ટૂંકા વસ્ત્રથી તન ઢાંકતા. આધ્યાત્મિક વિકાસ કરવા નીકળેલા આ મુનિઓ પ્રસિદ્ધિથી દૂર રહેતા. તેથી એમના વિશેની બહુ જ ઓછી વિગતો પ્રાપ્ત થાય છે. જે કાંઈ વિગતો મળે છે એ એમના શિષ્યો કે જનમુખેથી મળે છે. આ પ્રસંગે યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીનું જીવન ચરિત્ર સર્વને પ્રેરણાદાયી અને માર્ગદર્શક બની રહે તેમજ સત્કાર્યના પંથે આગળ વધવા પ્રકાશ પાથરે એવી શુભ ભાવના.

*અધ્યાપક, ભો.જે. અધ્યયન સંશોધન વિદ્યાભવન,*
*આશ્રમ રોડ, અમદાવાદ.*

# સેલોરવાવ સંબંધિત થોડાં પુસ્તકોમાં પણ કચ્છનો અછડતો જ ઉલ્લેખ!



સંજય પી. ઠાકર

*ગુજરાતની વાવો વિશે ગુજરાતી - હિંદી - અંગ્રેજીમાં અત્યાર સુધી પાંચેક પુસ્તકો જ પ્રગટ થયા છે. તેમાં કચ્છની વાવો (સેલોર)નો તો નામ પૂરતો અછડતો ઉલ્લેખ આશ્ચર્ય સાથે આઘાત પમાડે એવી ઘટના છે! વરસાદની સતત ખેંચને કારણે દુકાળના ડામ સહન કરનાર કચ્છમાં દાનવીરોએ વિશાળ ભૂભાગ ધરાવતા પ્રદેશમાં ઠેકઠેકાણે - સેંકડોની સંખ્યામાં - સેલોર બંધાવી અત્યંત શાણપણ અને દિલેરીનું કાર્ય કર્યું છે!*

સામાન્ય રીતે સેલોર-વાવ (સ્ટેપ વેલ) અંગે જૂજ સાહિત્ય ઉપલબ્ધ છે અને તેમાંય તે વિશે લખાયેલા પુસ્તકો તો સાવ થોડાં છે. કચ્છની સેલોર વિશે તો કોઈ લેખમાં ટૂંકી ટાંચ જ મળે છે, તેનું દસ્તાવેજીકરણનું કાર્ય હજી સુધી થયું નથી. ગુજરાતની વાવો વિશે ગુજરાતી-હિંદી-અંગ્રેજી ભાષામાં અત્યાર સુધી માત્ર પાંચેક પુસ્તકો જ પ્રગટ થયા છે તેમાં કચ્છની વાવો (સેલોર)નો તો નામ પૂરતો અછડતો ઉલ્લેખ આશ્ચર્ય સાથે આઘાત પમાડે એવી ઘટના છે! વિશાળ ભૂપૃષ્ઠ ધરાવતા અને વરસાદની સતત ખેંચને કારણે દુકાળના ડામ સહન કરનાર કચ્છમાં શ્રેષ્ઠીઓ - દાતાઓએ ઠેકઠેકાણે સેંકડોની સંખ્યામાં - સેલોર બંધાવી અત્યંત શાણપણ અને દિલેરીનું કાર્ય કર્યું છે. કચ્છના જળમંદિરો સમી સેલોર સ્થાપત્ય ધરોહર છે, કચ્છીઓના પુણ્યકાર્યોની પરંપરાનું સ્મારક છે, કહો કે કચ્છીયતની એ પહેચાન છે! આવી નાની-મોટી સેલોર ગુજરાતના સંશોધકો અને લેખકોને ધ્યાને નહીં આવી હોય કે જરૂરી અભ્યાસ અને પૂરતું ક્ષેત્રિય કાર્ય નહીં કર્યું હોય. આપણે અહીં જોઈએ કે, ગુજરાતમાં વાવ-સેલોરને લગતા કેટલાં અને કેવાં પુસ્તકો પ્રગટ થયા છે અને તેમાં કચ્છનો કેવોક ઉલ્લેખ થયો છે.

ઓસ્ટ્રીયામાં ૧૯૫૧માં જન્મેલા જર્મનીના કલા ઈતિહાસકાર ડૉ. જુટા જૈન - ન્યુબાઉરે ૧૯૭૬થી ૧૯૭૮ દરમિયાન પશ્ચિમ ભારતના સ્થાપત્યના ઈતિહાસ, વિશેષતઃ ગુજરાતના જળસ્મારકો પર સુદીર્ઘ ક્ષેત્રિયકાર્ય અને સંશોધન કરેલું છે. આ અભ્યાસ - સંશોધનને શિક્ષણ મંત્રાલય, ભારત સરકારે જર્મન એકેડેમિક એક્સચેન્જ સર્વિસ હેઠળ સ્કોલરશિપ આપી સ્પોન્સર કર્યું હતું. તે પછી તેમણે ૧૯૮૧માં 'ધ સ્ટેપવેલ્સ ઓફ ગુજરાત : ઈન હાર્ટ - હિસ્ટોરીકલ પરસ્પેક્ટીવ' પુસ્તક લખ્યું (ઈન્ટરનેટ પર તેની અત્યારે કિંમત રૂા. ૨૨,૫૦૦/- દર્શાવાઈ રહી છે!) ડૉ. જુટા જૈને ઘણી મહેનત કરીને લખેલું પુસ્તક વાવ અંગેની માહિતી માટે સૌથી આધારભૂત પુસ્તક ગણાય છે પણ કચ્છની વાવ - સેલોર વિશે માત્ર એક ફકરો જ ફાળવી સંતોષ અનુભવ્યો છે. એમણે પ્રસ્તાવનામાં લખ્યું છે કે, 'વાવ (સ્ટેપવેલ)ની અછત કચ્છ જિલ્લામાં સહેલાથી સમજી શકાય તેવી નથી. શુષ્ક અને રણીય આબોહવા હોવાને લીધે કોઈપણ એવું વિચારે કે, આ જગ્યાએ ઘણી વાવ હશે.. આ જગ્યાએ થોડી છે, પણ તે નાની અને કોઈ કોતરકામ તથા વિસ્તરણ વગરની છે, જે સામાન્ય રીતે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં હોય છે. આ નાની વાવોમાં પાણીના લેવલ સુધી પહોંચવા સાંકડી સીડી જેવી સારી બાંધણીવાળા પગથિયાં ઉપયોગી થાય એવા છે. બે વાવો તેમાંથી ઉલ્લેખ કરવા જેવી છે : એક પશ્ચિમ-દક્ષિણ કચ્છમાં આવેલ ભદ્રેશ્વર ગામની વાવ કે જે સંપૂર્ણ રીતે જર્જરીત હાલતમાં છે અને બીજી કચ્છના પાટનગર ભુજની નજીક માધવપુર ગામની વાવ કે જે લગભગ સો વર્ષ પહેલા બની હતી, જેનો ઉલ્લેખ શિલાલેખ આપે છે. બાકીની વાવો જે કચ્છમાં આવેલ છે તે કલા-ઈતિહાસની દૃષ્ટિએ ઓછું મહત્ત્વ ધરાવતી હોવાથી અહીં તેની ચર્ચા આ પુસ્તકમાં કરેલ નથી.'

ડૉ. જુટાએ જો નલિયા, ભુજ, આડેસર, તેરા, ચોબારી, કંઢેરાઈ ચોકી, ધૂણઈ, મોટી ખાકર, નિરોણા, બિબ્બર, રામપર (નેત્રા) અને કંથકોટ જેવા સ્થળોની સેંકડો વાવ જોઈ હોત અને વિગતો મેળવી હોત તો સેલોરના વૈવિધ્ય અને પથારાથી તેઓ જરૂર અચંબિત બન્યા હોત! તેઓએ લખ્યું છે તેમ શુષ્ક આબોહવા ધરાવતા કચ્છમાં સેલોર નામમાત્રની છે એવું નથી. અહીં તો વિશ્વની સૌથી પ્રાચીન વાવ ધોળાવીરા (ખડીર)માં છે અને બીજી તો અઢળક અને અનુપમ છે. ભલે આ સેલોર, રાણીની વાવ - પાટણની સરખામણીમાં નાની હશે અને ભરચક

શિલ્પાંકનવાળી નહીં હોય પણ તે કચ્છના ખૂણે ખૂણે પથરાયેલી છે અને સ્થાપત્ય વિરાસત સાથે સખાવતી તાસીરની ગવાહી આપે છે. અહીં નોંધવું જોઈએ કે, લેખક-સંશોધક ડૉ. જુટા જૈન-ન્યુબાઉર ૧૯૬૫થી પશ્ચિમ જર્મનીમાં વસવાટ કરે છે. તેમણે જર્મનીની જુદી જુદી યુનિવર્સિટીમાં 'ઇન્ડોલોજી એન્ડ ઇન્ડિયન આર્ટ હિસ્ટરી' (ભારતીય વિદ્યા અને ભારતીય કલા ઇતિહાસ) વિષય પર ડૉક્ટરેટ સહિતનું ઉચ્ચ શિક્ષણ મેળવ્યું છે. તેમનું 'ફીટ એન્ડ ફૂટવેર ઇન ઇન્ડિયન કલ્ચર' (૨૦૦૦) અને 'વોટર ડિઝાઈન' (૨૦૧૬) પુસ્તકો નોંધપાત્ર છે. હાલે બોન યુનિ. (જર્મની)ના એશિયન એન્ડ ઇસ્લામિક આર્ટ હિસ્ટરી ડિપાર્ટમેન્ટમાં એસો. રીસર્ચર તરીકે કામ કરતા ડૉ. જુટા ભારતની અનેક મહત્ત્વની સંસ્થાઓમાં સલાહકાર / અધ્યાપક તરીકે સેવા આપે છે.

હવે બીજા એક વાવ વિશેના પુસ્તકની વાત કરીએ. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદી હતા ત્યારે તેમણે ૨૦૧૦માં જલમંદિર અભિયાન છેડ્યું હતું. વાવના વિસરાતા વારસા અંગે પ્રજા જાગૃતિનું કાર્ય કરવા સાથે સરકાર દ્વારા ખંડિયેર અને જીર્ણશીર્ણ હાલતમાં રહેલી વાવોનું પુનઃસ્થાપન અને દટાઈ ગયેલી વાવોને શોધીને પુનર્જીવન આપવાના પ્રયાસો હાથ ધર્યા હતા. આ જલમંદિર અભિયાન હેઠળ રાજ્યના માહિતી ખાતાએ ૨૦૧૦માં 'વીતેલા યુગની વિસરાયેલી વાવો : ગુજરાતના જળમંદિરો' નામનું સુંદર પુસ્તક પ્રગટ કર્યું હતું અને તેનું લેખન - સંપાદન જાણીતા પત્રકાર-લેખક સુધીર એસ. રાવલે કર્યું હતું. તેઓ થોડો સમય માહિતી ખાતાના સામયિક 'ગુજરાત' અને પછી વિવિધ અખબારો સાથે સંકળાયેલા રહ્યા છે. હાલે તેઓ ગુજરાતી ન્યુઝ ચેનલમાં કાર્યરત છે. એમણે પણ કચ્છની સેલોર સંદર્ભે ડૉ. જુટા જૈનના પુસ્તકના અનુચ્છેદને જ નોંધ્યું છે અને છૂટાછવાયા ઉલ્લેખ કર્યા છે. તાજેતરમાં વર્ષ ૨૦૨૧-૨૨માં ગુજરાતના માહિતી ખાતા તરફથી એક હિંદી પુસ્તક પ્રગટ થયું છે. તેનું શિર્ષક છે : 'ગુજરાત કે જલમંદિરોમેં પ્રતિબિંબિત સાંસ્કૃતિક વિરાસત.' આ દળદાર અને ગ્લેઝ પેપર પર મલ્ટી કલરમાં છપાયેલું પુસ્તક ૧૫૨ પૃષ્ઠનું છે અને તેના લેખક-સંપાદક છે શ્રીમતી સુપ્રભા મિશ્રા. આ રૂપકડાં પુસ્તકમાં મોટાભાગે જળ, જળાશય અને સંસ્કૃતિ, જલસંગ્રહની પ્રાચીન પ્રણાલીઓ, પૌરાણિક સાહિત્યમાં સરોવર, તળાવ અને કુંડનું મહત્ત્વ, વાવની ઉપયોગીતા, વાવનું સામાજિક અને ધાર્મિક મહત્ત્વ, વાવના મૂળભૂત અંગ, વાવનો ક્રમિક વિકાસ અને ખાસ તો રાણીની વાવ - પાટણની જ વાત આલેખાઈ છે અને કચ્છનો અછડતો ઉલ્લેખ પણ નથી! ઓડિસી નૃત્યાંગના, ગુરુ અને લેખિકા શ્રીમતી સુપ્રભા મિશ્રા બી.એસ.એન.એલ.માં નોકરી કરતાં કરતાં ગુજરાતી સહકર્મી દીપક પાઠક સાથે લગ્નગ્રંથિથી જોડાયા છે. ફિઝિક્સમાં ઇલેક્ટ્રોનિક્સ સાથે એમ.એસ.સી.ની ડિગ્રી મેળવનાર સુપ્રભાજીએ નૃત્યમાં પણ માસ્ટરની પદવી મેળવી છે. મૂળ કટક (ઓરીસ્સા)ના વતની સુપ્રભાજીએ ગુજરાતની પ્રસિદ્ધ રાણકી વાવના સ્થાપત્ય પર અભ્યાસ કરી નીર અને નારી નૃત્ય તૈયાર કર્યું છે. બીજી પણ અનેક નૃત્યનાટિકા તૈયાર કરી છે અને ભારતની ૪૦થી વધુ શહેરોમાં પરફોર્મ કર્યું છે. ભારતીય નૃત્ય, ઓડિસી નૃત્ય ઔર ભારતીય સંસ્કૃતિ, દ્વારિકાનો સૂર્યાસ્ત, ભક્તકવિશ્રી નરસિંહ મહેતા અને ગુજરાત કે જલમંદિરોમાં પ્રતિબિંબિત સાંસ્કૃતિક વિરાસત જેવા પુસ્તકો પણ લખ્યા છે. ઓડિસી નૃત્ય ઔર ભારતીય સંસ્કૃતિ માટે એમને ભારત સરકારનો પ્રતિષ્ઠિત ઇંદીરા ગાંધી રાજભાષા ઍવોર્ડ પ્રાપ્ત થયો છે. આ ઉપરાંત, વર્ષ ૨૦૧૩માં એમને ઓડિસી નૃત્યના ક્ષેત્રમાં કરેલાં પ્રદાન માટે ગુજરાત ગૌરવ પુરસ્કાર મળ્યો છે.

ડૉ. પૂર્ણિમા મહેતા ભટ્ટ નામના અમેરિકાની 'હૂડે' કોલેજના ઇતિહાસ, માનવશાસ્ત્ર અને આંતરવિદ્યા અભ્યાસના પ્રાધ્યાપકે ગુજરાતની વાવોનો અભ્યાસ કર્યો છે. તેઓ લેખક અને શિક્ષણવિદ્ છે. 'હર સ્પેસ, હર સ્ટોરી : એક્સપ્લોરીંગ ધ સ્ટેપવેલ્સ ઓફ ગુજરાત' (૨૦૧૪) નામના એમના પુસ્તકમાં વિગતો જાણવા મળે છે કે, ગુજરાતની વાવના નિર્માણમાં મહિલાઓનો મોટો ફાળો છે. પાટણની રાણીની વાવ રાણી ઉદયમતીએ બંધાવી હતી, એ વિગત જાણીતી છે. તો વળી અડાલજની વાવ રાણી રૂદાબાઈને સમર્પિત છે. પરંતુ બીજી એવી કેટલીયે વાવ છે, જે મહિલાઓએ બંધાવી હોય અથવા મહિલાઓની યાદમાં બંધાઈ હોય. કુલ પૈકીની ૨૫ ટકા વાવના નિર્માણમાં મહિલાઓ કેન્દ્રમાં છે. ડૉ. પૂર્ણિમાજીએ પાણી, સ્થાપત્ય, ધર્મ અને સ્ત્રી સાથેના સંબંધને અહીં ઉજાગર કરેલ છે. એમણે આ પુસ્તકમાં ભુજની ફક્ત કેસરસરની વાવની જ નોંધ લીધી છે. જો કે તે પણ સેલોર (પગથિયાંવાળો કૂવો) નથી. કચ્છમાં રાપર તાલુકાની આડેસરની ફૂલી વાવ, નાનીબાના સ્મરણાર્થે બંધાવેલી માધાપરની વાવ, અબડાસા તાલુકાના નલિયા પાસેની ધોળા તળાવની વાવ અને બીજી ઘણી વાવ મહિલાઓના પ્રદાનને જોડતું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે પણ તેની વિગત પુસ્તકમાં જોવા મળતી નથી! ડૉ. પૂર્ણિમાજીએ 'રેમિનિસન્સીસ ધ મેમોઈર્સ ઑફ શારદાબેન મહેતા' (૨૦૦૭), 'વિમેન્સ લીડરશિપ ઇન કેઓટીક એન્વાયરમેન્ટ્સ' (૨૦૧૬) અને 'ધ આફ્રિકન ડાયસ્પોરા ઇન ઇન્ડિયા' (૨૦૧૭) પુસ્તક પણ લખ્યા છે. એમનું પુસ્તક 'સ્કોલર્સ ગાઈડ ટુ વોશિંગ્ટન ડીસી : ફોર આફ્રિકન સ્ટડીઝ' (૨૦૧૪) ઝુબાન પ્રકાશનગૃહ, નવી

દિલ્હીએ પ્રગટ કર્યું છે.

અમેરિકન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયન સ્ટડીઝ (AIIS)ના સેન્ટર ફોર આર્ટ એન્ડ આર્કિયોલોજી, ગુરુગ્રામ (હરિયાણા) દ્વારા 'પશ્ચિમ ભારતની સેલોરવાવો અને જળાશયો' વિષય પર ફોટોગ્રાફ પ્રદર્શન 'જલ હમારા કલ' સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૧૮માં નવી દિલ્હી અને ગુજરાતના શહેરોમાં યોજવામાં આવ્યું હતું. ભુજ ખાતે આ પ્રદર્શન કચ્છ મ્યુઝીયમ મધ્યે તા. ૨૬થી ૨૮ સપ્ટેમ્બર ૨૦૧૮ના યોજાયું હતું અને ઉક્ત સંસ્થા દ્વારા એક માહિતી પુસ્તિકા 'જલ હમારા કલ' અંગ્રેજી અને ગુજરાતીમાં પ્રગટ થઈ હતી. એમાં પણ કચ્છનો ક્યાંય અછડતો ઉલ્લેખ નથી! જો કે, આ લઘુ પુસ્તિકા સમગ્ર પશ્ચિમ ભારતને અનુલક્ષીને તસવીર પ્રદર્શનના ઉપલક્ષ્યમાં પ્રગટ થઈ હતી તે નોંધવું રહ્યું.

ઘણા દાયકા પહેલાં ભુજ ખાતે પુરાતત્ત્વ અધિક્ષક તરીકે ફરજ બજાવી ગયેલા ગુજરાતના પુરાતત્ત્વ ખાતાના પૂર્વ નિયામક મુકુંદભાઈ એચ. રાવલે પોતાના ગુજરાતની વાવો અંગેના સંશોધનકાર્ય દરમિયાન રાજ્યમાં ૨૦૦૦થી પણ વધુ વાવો હોવાનું નોંધ્યું છે. અલબત્ત, આમાની બધી વાવો તેના મૂળ સ્વરૂપમાં જળવાયેલી નથી અને કેટલીકનું તો અસ્તિત્વ જ નથી!

અત્રે આપણે વાવ વિશેના ગુજરાત કક્ષાએ પ્રગટ થયેલાં પુસ્તકોની વાત કરી છે. સમગ્ર દેશને આવરી લેતા વાવ વિશેના બે પુસ્તકોની અહીં નોંધ લઈએ. મોરના લિવિંગ્સ્ટનનું પુસ્તક 'સ્ટેમ્પ ટુ વોટર : ધ એન્સીઅન્ટ સ્ટેપવેલ્સ ઓફ ઈન્ડિયા' અને વિક્ટોરીયા લુટમનનું 'વેનિશિંગ સ્ટેપવેલ્સ ઓફ ઈન્ડિયા' ઉલ્લેખનીય છે.

*'ખિંકાર', પ્લોટ ૧૮૯-૧૯૦, આઈયા નગર,*
*મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ● મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩*


## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવતી જાહેરાતના માસિક દરો

| ક્રમ | વિગત | કલર | આખું પાનું | અડધું પાનું | પા પાનું |
|---|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં.-૪ | મલ્ટી કલર | રૂા. ૭,૦૦૦ | — | — |
| ૨. | કવર પેજ નં. ૨ | મલ્ટી કલર | રૂા. ૬,૫૦૦ | — | — |
| ૩. | કવર પેજ નં. ૩ | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | — | — |
| ૪. | કવર પેજ નં. - ૨ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૬,૦૦૦ | | |
| ૫. | કવર પેજ નં. - ૩ ની સામેનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૫૦૦ | | |
| ૬. | અંદરનું પાનું | મલ્ટી કલર | રૂા. ૫,૦૦૦ | | |
| ૭. | અંદરનું પાનું | સીંગલ કલર | રૂા. ૪,૦૦૦ | | |
| ૮. | અંદરનું પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૨,૦૦૦ | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ |
| ૯. | સાદા પાનાની નીચે ૧" સાઈઝની બોટમ પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | રૂા. ૫૦૦ | | |

*જાહેરાતના અત્રે દર્શાવેલ દરમાં ૫% લેખે GST અલગથી લાગશે.*

**નોંધ** : એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

**જાહેરાતની સાઈઝ** : (૧) ફુલ પેજ : ૧૮.૦ x ૨૩.૬ સે.મી. | (૨) હાફ પેજ : ૧૮.૦ x ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ x ૧૧.૬ સે.મી. | (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ x ૨.૫૪ સે.મી.

**વિઝીટીંગ કાર્ડ સાઈઝ જાહેરાત : ૧૨ મહિનાના ભાવ**

*જાહેરાતના અત્રે દર્શાવેલ ભાવમાં ૫% લેખે GST અલગથી લાગશે.*

| ક્રમ | વિગત | કલર | સાઇઝ | એમાઉન્ટ |
|---|---|---|---|---|
| ૧. | કવર પેજ નં – ૪ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૫,૦૦૦ |
| ૨. | કવર પેજ નં – ૨ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૨૦,૦૦૦ |
| ૩. | કવર પેજ નં – ૩ | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૧૫,૦૦૦ |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | ૮૫ X ૫૦ મી.મી. | રૂા. ૧૦,૦૦૦ |

*નોંધ : દરેક વિઝીટીંગ કાર્ડ સાઈઝના જાહેરાતના ૧૨ મહિનાના ડિસ્કાઉન્ટ સાથેના ભાવ છે.*

# જમીની હકીકત બદલાઈ છે, તો ચૂંટણીની પ્રક્રિયા પણ બદલીયે

ડૉ. નાનકભાઈ ભટ્ટ

આઝાદી પછી ૭૫મા વરસે પણ આજે વ્યક્તિને ભારતના નાગરિક તરીકે નહીં, પરંતુ હિંદુ, મુસલમાન, શીખ, ઈસાઈ તરીકે પોતાની ઓળખ આપવી પડે છે. દલીત અને મહિલા તેવી બે નવી ઓળખ સ્વચ્છંદ લોકશાહીનું ફરજંદ બની છે, જે હકીકત સ્વાતંત્ર્યની વરમાળામાં કાંટાની જેમ ભોંકાઈને લોકશાહીનો શ્વાસ રુંધે છે, જે જમીની સ્થિતિ છે.

બીજા એક દૃષ્ટિકોણથી જોઈએ તો, ક્રિકેટની રમતમાં એક રન હાર અથવા જીત માટેનું પર્યાપ્ત કારણ ગણાય છે, તેમ ચૂંટણીમાં એક મતનો ખેલ બંધારણીય સ્થિતિ નિર્ધારીત કરવા માટે પ્રમાણભૂત ગણાય છે અને આથી જ તો 'ગરીબી નિવારણ માટે અર્થકારણ અને સેવા કાર્ય માટે રાજકારણ'નો મહિમા હાર-જીતના દાવપેચમાં તબદિલ થયો છે. ગામના સરપંચથી લઈ દેશના રાષ્ટ્રપતિ સુધીના ઉમેદવારોની પસંદગીમાં વિજયની સંભાવના એકમાત્ર આધાર તરીકે જોવામાં આવે છે, જે આપણી લોકશાહીની વાસ્તવિક્તા છે.

ત્રીજું કડવું સત્ય એ પણ જોવા મળે છે કે, જીવનને ટૂંકાવીને જવાબદારીઓમાંથી મુક્ત થવા પ્રેરતી મોંઘવારી, શિક્ષણ, આરોગ્ય, સંપર્ક જેવી પ્રાથમિક સુવિધાઓથી દુર્લભ સ્થિતિ વેંઢારતો કોમન મેન તો ખાતરીપૂર્વક કહે છે કે, 'જો જીતા વહી સિકંદર.' આવો ખ્યાલ પ્રચલિત બનતા સ્વરાજ્યની લડત સમયે મહાત્મા ગાંધી અને હજારો બલિદાન વીરોએ અપનાવેલ સાધન શુદ્ધિનો રાહ આજે તો પીગળેલ સ્થિતિમાં પણ હાથ લાગવો મુશ્કેલ દેખાય છે. આજકાલ તો શામ, દામ, દંડ, ભેદ – પણ માણસનું કામ થાય તો ઘણું, તેવું સમીકરણ બંધ બેસી ગયું છે.

આ હાલાત વચ્ચે જમીની હકીકત તો એવી છે કે ૯૮% ઉમેદવારો કાં તો પૈસાનાં જોરે, કાં તો બાવડાનાં બળે અથવા તો કૌટુંબિક વારસાના હક્કે ચૂંટણી સમયે ટિકિટ મેળવે છે અને મતદારોએ, ઓછું ખરાબ સમજી મતદાન કરવું પડે છે. જમીની હકીકત એ પણ બને છે કે વર્તમાન સમયમાં પક્ષનાં પ્રતિનિધિ તરીકે સેવા પરાયણ, રાષ્ટ્રભક્ત, પ્રામાણિક, ચારિત્ર્યવાન ઉમેદવારની પસંદગી નથી તો પક્ષનું ધોરણ બનતું નથી. અપક્ષ તરીકે ચૂંટણી લડવા માટેનું સમાજ માધ્યમ બનતું. આથી નિર્વિકલ્પે ધર્મ, જાતિ, જ્ઞાતિ જેવા પારંપરિક માપદંડોથી દેશના સીમાડાઓ વચ્ચે જન્મેલ નાગરિક લોકશાહીનો રખેવાળ બનવા લાયક ઠરે છે, જે સ્વયં દુઃખદ છે, ચિંતાકારી છે.

વિશ્વની સૌથી વધુ જનસંખ્યા ધરાવતા દેશની લોકશાહીમાં ચૂંટાતા પ્રજાના પ્રતિનિધિઓ સૌહાર્દ, સ્વીકાર અને સમભાવનું પ્રતિનિધિત્વ કરવાના બદલે જે પાશ્ચાદ ભૂમિકા લઈને બંધારણીય આસન ઉપર આરૂઢ થાય છે તે લોકશાહી માટે ખતરારૂપ છે. જે વાતને સ્વીકારી એક નવા દૃષ્ટિકોણથી જન-પ્રતિનિધિને ચૂંટી લોકશાહીને ટકાવી રાખવા પ્રબુદ્ધ નાગરિકોએ હવે વિચારવું પડશે.

ઇતિહાસ નોંધે છે કે ગણરાજ્યોની સંભાવના નષ્ટ થતાં રાજાશાહી ઉદય પામી, સમય જતા તેમાં શસ્ત્રોનાં જોરે સરમુખત્યારો પ્રવેશ્યા. સમાન હેતુથી જોડાયેલ સંગઠનો લેફ્ટીસ્ટ તરીકે વિશ્વના કેટલાક દેશોમાં રાજ્ય શાસક બન્યા. આ બધા પરિબળો પ્રજાતંત્ર માટે બુદ્ધિગમ્ય નથી જ, પરંતુ ૨૧મી સદીમાં તો એક નવું જ પરિમાણ વિસ્તરી રહ્યું છે, જે 'એક ધર્મ પાળતા સમુદાયનું પ્રભુત્વ!!'

માનવ સમુદાયે ૮-૧૨ હજાર વર્ષના સાતત્યથી વિકસાવેલ માનવમૂલ્યોના સ્થાને ઇ.સ. પૂર્વે ૧૪૭૪ વર્ષથી ઊભરી આવેલ મુસ્લિમ સમુદાય શેરિયતની રીત-રસમોને આખરી માનવાનો દુરાગ્રહ રાખી બહુમતીના જોરે પ્રજાતંત્રના આધારસ્તંભ સમાન વ્યક્તિ સ્વાતંત્ર્ય, સૌહાર્દ, સત્ય અને સમભાવને એક તરફ ધકેલી રહ્યું છે. આથી, અફઘાનિસ્તાનની માફક દુનિયાના અન્ય દેશોમાંથી પણ માનવીય મૂલ્યોની બૌધ્ધિક યાત્રા ખોરંભે પડી રહી છે અને સમયાંતરે આવું પરિવર્તન જગતની લોકશાહી માટે વિધ્વંસકારી સાબિત થશે.

લોકશાહીમાં માત્ર બહુમતીના જોરે કોઈ એક વિચારસરણીને સાર્વત્રિક કરી દેવાની ચેષ્ટાની વિચિત્રતાને જૈવિક વિજ્ઞાનના આધારે જોઈએ તો બ્રહ્માંડમાં પૃથ્વીને ઓળખ આપનાર મનુષ્ય અને છેલ્લા ૪ કરોડ વર્ષથી પૃથ્વી પર વિકસેલ ઉંદરનાં રંગસૂત્રો તો ૯૮% સામ્ય છે. આમ છતાં, બે પગ ઉપર સીધી કમરથી ઊભા રહેલા માનવ મસ્તિષ્કે જે મૂલ્યો વિકસાવ્યા છે તે માત્ર ૨%નો ચમત્કાર ગણી શકાય. કાળક્રમે માનવજાતે આત્માના સ્વભાવ તરીકે પોતાના જીન્સમાં અપનાવેલ સ્વતંત્રતા, નિર્ભયતા, આનંદ, શાંતિ, પ્રેમ જેવા ભાવો જળવાઈ રહે તે માટે પણ મુક્ત માનવ જીવનની સનાતન વિચારધારા એ એક માત્ર વિકલ્પ રહે છે.

ઈતિહાસ નોંધે છે કે જમીની સ્થિતિ બદલાય છે ત્યારે સમાજે પોતાના આચાર વિચાર બદલ્યા છે. ઉદાહરણ તરીકે મોંહેજો-દરો હડપ્પન સંસ્કૃતિમાં પુરુષાર્થનું મહત્ત્વ હોતાં પુરુષાર્થ પ્રતિમાઓ સ્થાપત્ય તરીકે વિકસેલ. પરંતુ ત્યારબાદ ઉપનિષદકાળમાં કપીલ મુનિએ સાંખ્ય દર્શન આપી ધ્યાનસ્થ ચિંતનનો દૃષ્ટિકોણ વિકસાવ્યો તો જગત ઉપર અહિંસા જેવી પ્રબળ સામાજિક ચેતના વિશ્વભરની માનવતાને અસરકર્તા બની. જૈન અને બૌદ્ધ પરંપરામાં કેન્દ્ર વિચાર બની અને સ્વતંત્ર ભારતની લડતનો આધાર અહિંસા બની. સવિશેષ ભારતનાં બંધારણે અહિંસક જીવનનાં સ્વીકાર તરીકે સામાજિક સૌહાર્દને સ્વસ્થ નાગરિક જીવન તરીકે સ્વીકારી. અહીં એક તર્ક તો બિલકુલ સ્પષ્ટ છે કે ભારતની લોકશાહીએ સમયાંતરે પોતાના પારંપરિક ખ્યાલો બદલ્યા છે અને તેના ઉત્તમ પરિણામો નાગરિક સ્વાતંત્ર્યને ટકાવી રાખવા બળરૂપ બન્યા છે ત્યારે લોકશાહીમાં પુખ્ત વયના નાગરિકના એક મતનું મૂલ્ય વસ્તીના આધારે નહીં, પણ શિક્ષણ, આર્થિક સ્તર, કાર્ય કૌશલ્ય વગેરે આધારે મૂલવવાની અનિવાર્યતા સમયની માંગ બને છે.

સંયુક્ત આરબ અમિરાત અને ઈઝરાયેલના રાજકીય ગઠબંધનને ટકાવી રાખવા અને રાજકીય ઈચ્છાશક્તિથી અબ્રાહમ નામે સંપ્રદાય પ્રચલિત કરવાનો પ્રયોગ છેલ્લા ૯ વર્ષથી બંને રાષ્ટ્રોમાં ગતિમાન છે. જેમાં કુરાન-બાઈબલ અને યહુદીઓના ધર્મગ્રંથ તૈરાતનાં સમાન વિચારોને નવા ધર્મ તરીકે વિસ્તારવા કામ થઈ રહ્યું છે. પરંતુ ઈતિહાસ નોંધે છે કે નાગરિકોની ધાર્મિક વિચારસરણી એક કરવાનું અત્યંત કઠિન હોય છે અને આથી જ તો દુનિયામાં ૫૭ મુસ્લિમ વિચારસરણીના શાસક દેશો અબ્રાહમ વિચારસરણીનો વિરોધ કરે છે. તેથી વિશેષ ભારતનાં ૨૮ કરોડ મુસ્લિમ મતદારો પણ શેરિયતથી વિરુદ્ધ વિચારની તરફેણમાં નથી.

લોકશાહી શાસન વ્યવસ્થામાં નાગરિકોની બહુમતી બદલાવ માટેનું એકમાત્ર પરિમાણ હોય છે. ત્યારે જમીની હકીકતને લક્ષમાં લઇ ભારતે પોતાની ૮૦૦૦ વર્ષની ભારતીયતા જાળવવા પુખ્તવયનાં નાગરિકોના એક મતનું પુનઃ મૂલ્યાંકન કરવું અનિવાર્ય બને છે. જેથી બહુમતીના જોરે શેરિયત આધારિત વિચારસરણી શાસન પ્રથા ન બની જાય. પ્રવાસી ભારતીયોના કારણે બ્રિટનમાં વડાપ્રધાન તરીકે ઋષિ સુનક છે, તો અમેરિકામાં વાઈસ પ્રેસિડેન્ટ તરીકે કમલા હેરીસ છે. આવી જ ધાર્મિક બહુમતીથી ૨૦૨૯માં કોઈ એક ધર્મનાં રખેવાળો દેશના સત્તાધીશ ન બને તેન કાળજી અત્યારથી લેવી પડશે. પ્રક્રિયા કઠિન છે, પણ અનેક રાજકીય, ધાર્મિક અને સામાજિક દૂષણોમાંથી માનવજાતને બહાર કાઢવાનો રામબાણ ઈલાજ પણ આ જ છે જે નિર્વિવાદ જણાય છે.


*શિશુવિહાર, ભાવનગર.*
*મો. ૯૮૯૮૪૬૩૪૮૯*

## 'મંગલ મંદિર' લવાજમ : નમ્ર અપીલ

'મંગલ મંદિર' માસિકનું લવાજમ ભરનાર દરેક સભ્યને વિનંતી કરવામાં આવે છે કે તેઓ જ્યારે તેમના લવાજમ ગૂગલ-પે દ્વારા અથવા બેંક ટ્રાન્સફર દ્વારા કે અન્ય કોઈ રીતે મોકલી આપે ત્યારે તેઓએ પોતાનું પૂરું નામ, સરનામું તથા મોબાઈલ નંબર જણાવવા અત્યંત આવશ્યક છે. તેના વગર અમારે અંકો મોકલવાની જે કાર્યવાહી કરવી પડે તે શક્ય બનતી નથી.

કોઇ હિમાંશુ શાહે અમારા પર ગૂગલ-પે દ્વારા રૂા. ૧૫૦૦/- ૧૫ વર્ષના લવાજમ તરીકે મોકલી આપેલ છે. પરંતુ તેમના સરનામા કે મોબાઈલ નંબરની વિગત ન હોવાથી અમે તેમને 'મંગલ મંદિર' મોકલી શકતા નથી અથવા મોબાઈલ ફોનથી સંપર્ક સાધી શકતા નથી.

તેઓએ ગૂગલ-પે થી મોકલેલ રકમની વિગત આ સાથેના ફોટા પ્રમાણે છે.




અમારા માટે આ ખૂબ જ અધૂરી વિગત છે.

આથી દરેક માનવંતા સભ્યોને અપીલ કરવામાં આવે છે કે તેઓ કોઈ પણ પદ્ધતિથી પેમેન્ટ મોકલી શકે છે પરંતુ સાથે સાથે તેમના નામ, સરનામા અને મોબાઈલ નંબરની વિગત અમને અવશ્યપણે મોકલે.

*– મુખ્યતંત્રી, મંગલ મંદિર*

# અધિક માસ દર ત્રણ વર્ષે કેમ આવે છે?



ભરત'કુમાર' પ્રા. ઠાકર

૧૮મી જુલાઈ, ૨૦૨૩ અને મંગળવારથી પવિત્ર 'પુરુષોત્તમ માસ'નો પ્રારંભ થઈ રહ્યો છે અને ૧૬મી ઓગસ્ટ (બુધવારે) તેની સમાપ્તિ થશે. ત્યારે આ 'અધિક મહિનો' શું છે, તેનાં એકાધિક નામો કેમ છે, તેમાં શુભ કાર્યો કેમ ન થઈ શકે, તેનું આધ્યાત્મિક મહાત્મ્ય શું છે... વગેરે બાબતો વિશે જાણવું રસપ્રદ બની રહેશે.

આપણે ચાંદ્રમાસને અનુસરતા હોવાથી સૌરમાસના પંચાંગની સરખામણીમાં દર વર્ષે લગભગ અગિયાર દિવસોનું અંતર પડે છે, જે પછીનાં વર્ષોમાં વધતું જવાથી ઋતુક્રમ બદલાઈ જાય છે. એટલે સૌરમાસ અને ચાંદ્રમાસ વચ્ચે સુમેળ જાળવવા તથા આ ગાળો પૂરવા આપણે વધારાનો મહિનો લાવ્યા. તે જ આ અધિક માસ!

ગુજરાત વિદ્યાપીઠના સાર્થ જોડણીકોશમાં આ વિશિષ્ટ મહિનાની સાદી મિતાક્ષરી સમજ આ મુજબ અપાઈ છે : "સૌર અને ચાંદ્ર વર્ષોનો મેળ બેસાડવા દર ૩૨ ચાંદ્રમાસ, ૧૬ દિવસ અને ૪ ઘડીએ ઉમેરાતો અધિક માસ."

**● ઋતુ અને ચંદ્રકળાનો સંયોગ :**

અધિક માસનો પ્રથમ લેખિત ઉલ્લેખ વેદવ્યાસ રચિત 'મહાભારત'ના વનપર્વમાં જોવા મળે છે. શકુનિ અને એની ટોળકીએ કપટથી દ્યુત ખેલીને પાંડવોને તેર વર્ષના વનવાસે મોકલી દીધેલા. તે વખતે કૃષ્ણ તેઓને 'પુરુષોત્તમ માસ'નું વ્રત કરવાની સલાહ આપે છે. વેદવ્યાસ રચિત 'શ્રીમદ્ ભાગવત પુરાણ'માં પણ પુરુષોત્તમ માસની કથા ૩૧ પ્રકરણોમાં સવિસ્તર આલેખાઈ છે. ભવિષ્ય પુરાણ, બૃહદ્ નારદીય પુરાણ આદિ ગ્રંથોમાં પણ પુરુષોત્તમ માસનું માહાત્મ્ય વર્ણવાયું છે.

ઐતરેય બ્રાહ્મણમાં વર્ણન છે કે દેવોએ સોમલતા તેરમા મહિનામાં ખરીદી હતી. જે વ્યક્તિ સોમરસ વેચે તે પતિત છે. તેથી તેરમા મહિનાને ફળદાયક નથી ગણ્યો. ઋગ્વેદમાં તેના માટે 'ઉપજાયતે' શબ્દ વપરાયો છે. યજુર્વેદમાં 'અહંસ્પતિ' અને 'મલિમ્લુચ' શબ્દો વડે આ માસ દર્શાવાયો છે. 'અહંસ' એટલે પાપ અને મળવાચક મલિમ્લુચ પરથી તેના માટે 'મલ માસ' શબ્દ પ્રયોજાયો છે.

આપણા મહિનાઓનાં પ્રચલિત નામો ચંદ્ર, સૂર્ય અને નક્ષત્રોના સંબંધથી નક્કી કરવામાં આવ્યાં છે. અંગ્રેજી મહિના અને તારીખ પરથી આપણે ઋતુ કહી શકીએ છીએ, ઈસ્લામી મહિના અને તારીખ પરથી ચંદ્રની કળા કહી શકીએ છીએ. પરંતુ હિંદુ મહિના અને તારીખ પરથી આપણે બંને વસ્તુઓ કહી શકીએ છીએ! હિંદુ પંચાંગ ચંદ્રની કળા અને ઋતુ એ બંનેને એકસાથે શી રીતે સાચવી શકે છે તે જોઈએ.

**● ચાંદ્રવર્ષ અને સૌરવર્ષ**

હિંદુ માસ અમાસથી અમાસ (ઉત્તર ભારતમાં પૂનમથી પૂનમ) સુધી ગણાય છે. ચંદ્રકળાની વધઘટ અને સમુદ્રના ભરતી-ઓટના આધારે તિથિ-વાર નક્કી થાય છે. અમાસથી અમાસ સુધીના ૨૯.૫૩ દિવસને 'ચાંદ્રમાસ' કહેવાય છે. ભારતીય પંચાંગ ચાંદ્રમાસને અનુસરે છે. તે પ્રમાણે એક ચાંદ્રવર્ષના ૩૫૪.૩૬ દિવસો થાય.

જ્યારે કેટલાક દેશોમાં સૌર માસ ગણવાની પ્રથા પણ ટકી રહી છે. સૂર્યને મેષથી મીન સુધીની બાર રાશિઓમાં પસાર થતાં જેટલો સમય લાગે છે તેને 'સૌર વર્ષ' કહે છે. તે મુજબ પંચાંગ બનાવતા ૩૬૫.૨૪ દિવસોનું અંગ્રેજી વર્ષ થાય છે. જ્યારે વધારાના ૦.૨૪ (એક ચતુર્થાંશ) દિવસ માટે તેમાં (સૈકાના વર્ષ સિવાય) દર ચાર વર્ષે ફેબ્રુઆરીમાં એક વધારાનો દિવસ આવે છે. તેથી દર સો વર્ષે ૨૪ દિવસ ઉમેરાતાં અંગ્રેજી એકસો વર્ષના કુલ દિવસો ૩૬,૫૨૪ થાય. તે પરથી એક વર્ષની લંબાઈ ૩૬૫.૨૪ દિવસ મળી રહે છે.

હવે આપણે હિંદુ ચાંદ્રમાસ અને અંગ્રેજી સૌરવર્ષ વચ્ચેનો સૂક્ષ્મ તફાવત જોઈએ...

| | |
|---|---|
| ૧ સૌરવર્ષના દિવસો ........ (૧૨ x ૩૦.૪૪) | = ૩૬૫.૨૪ |
| ૧૨ ચાંદ્રમાસના દિવસો ...... (૧૨ x ૨૯.૫૩) | = ૩૫૪.૩૬ |
| તફાવતના દિવસો ........... | = ૧૦.૮૮ |

એટલે ૧૨ ચાંદ્રમાસ કરતાં ૧ સૌરવર્ષ ૧૦.૮૮ દિવસ મોટું છે. આ તફાવત દર વર્ષે વધતો જાય છે. આ તફાવત ૨૯.૫૩

÷

દિવસ (એટલે કે એક ચાંદ્રમાસ) જેટલો ક્યારે થાય? બીજી રીતે કહીએ તો ૧૦.૮૮ દિવસનો ફરક ૧૨ ચાંદ્રમાસમાં આવે છે. તો, ૨૯.૫૩ દિવસનો ફરક કેટલા ચાંદ્રમાસમાં આવશે?

*જવાબ થશે....*

૨૯.૫૩ x ૧૨ ÷ ૧૦.૮૮ = ૩૨.૫૭ ચાંદ્રમાસ.

- **ઋતુ સાથે મહિનાનો મેળ :**

આનો અર્થ એ કે ૩૨ કે ૩૩ ચાંદ્રમાસ પછી એક ચાંદ્રમાસ ઉમેરવાથી ઋતુઓની સાથે ચાંદ્રમાસનો મેળ મળી રહેશે. આ ઉમેરેલા મહિનાને 'અધિક માસ' કહે છે. અંગ્રેજી વર્ષમાં ચાર વર્ષે આવતાં 'લીપ યર'માં ફેબ્રુઆરી માસની ૨૯મી તારીખની વ્યવસ્થા આના જેવી છે.

દરેક અધિક માસ સૂર્ય-ચંદ્રની ગતિ અનુસાર થોડો વહેલો કે મોડો આવે છે. પરંતુ લાંબા હિસાબે બે અધિક માસ વચ્ચે સરાસરી અંતર ૩૨.૫૭ માસનું આવે. ઈસ્લામી માસની લંબાઈ હિંદુ માસ જેવડી જ છે. પણ તેના વર્ષમાં અધિક માસ ઉમેરવામાં આવતો ન હોવાથી ઈસ્લામી પંચાંગમાં ઋતુઓ દર ત્રણ વર્ષે એક માસ જેટલી મોડી આવે છે. તેથી તેના મોહરમ કે રમઝાન જેવા તહેવારો દર વર્ષે આપણા અલગ અલગ માસ કે ઋતુમાં આવતા હોય છે.

હિંદુ પંચાંગમાં અધિક માસની ગોઠવણને લીધે ચોક્કસ મહિનાઓમાં ચોક્કસ ઋતુ હંમેશાં આવે છે. જો આવી વ્યવસ્થા ન હોત તો? માગસરમાં વરસાદ પડતો હોત, ચૈત્રમાં ટાઢ વાતી હોત અને શ્રાવણમાં ધોમ ધખતો હોત! આ સમસ્યાનો ઉકેલ શોધવા આપણા પૂર્વાચાર્યોએ ઉઠાવેલી જહેમત વંદનીય છે.

- **ચતુર્વિધ નામ મહિમા**

સૂર્ય દર મહિને એકમાંથી બીજી રાશિમાં સંક્રમણ કરે છે. જે માસમાં સૂર્યસંક્રાંતિ ન થાય તેને 'અધિક માસ' નામ અપાયું. પરંતુ તેમ કરવા જતાં મૂળ મહિનાનું શું? તેથી એકને 'અધિક' અને બીજાને 'નિજ' એવું વિશેષણ લગાડાયું. આ વર્ષે વધારાના મહિના તરીકે શ્રાવણ આવે છે. તેથી પહેલો મહિનો 'અધિક (પ્રથમ) શ્રાવણ' અને બીજો 'નિજ (દ્વિતીય) શ્રાવણ' તરીકે ગણાશે.

શાસ્ત્રોમાં અધિક માસને 'મળ માસ' પણ કહ્યો છે. સૂર્ય સંક્રાંતિ ન કરે એટલે સૂર્યનાં સીધાં કિરણો પૃથ્વી પર એકધારા પહોંચતા ન હોવાથી રોગચાળો ફેલાવાની શક્યતા વધે છે. તેથી તેને 'મળ માસ' નામ અપાયું છે. આવી સંભવિત માંદગીથી બચવા આ દિવસોમાં મિતાહાર પર ભાર મૂક્યો છે અને એકટાણાં - ઉપવાસને મહત્ત્વ અપાયું છે.

અધિક માસ અને મળ માસ ઉપરાંત આ મહિનાને 'પુરુષોત્તમ માસ' પણ કહ્યો છે. દરેક માસને તેના આરાધ્ય દેવ છે. પણ આ તો વધારાનો મહિનો. પાછો મળ માસ. એટલે તેની અનાથ સ્થિતિ જોઈ ભગવાન વિષ્ણુએ પોતાનું નામ આપી દીધું – પુરુષોત્તમ માસ! જેથી શ્રદ્ધાળુ લોકો આ માસ ફલપ્રદ ન હોવાથી શુભકાર્યો ભલે ન કરે, પણ પૂજાપાઠ, ધર્મધ્યાન, વ્રતપાલન, દાનપુણ્ય, જપતપ આદિ કરે. તેથી તેને 'ધર્મ માસ' પણ કહ્યો છે.

- **પુરુષોત્તમ માસની વ્રતકથાઓ**

ભારત ધર્મપ્રધાન દેશ છે. વર્ષમાં એક વખત 'શ્રાવણ માસ' અને દર પોણા ત્રણ વર્ષે આવતા 'પુરુષોત્તમ માસ' દરમિયાન લોકો ભક્તિભાવથી ઈષ્ટદેવની આરાધના કરે છે. તેમાંય જો વર્ષમાં શ્રાવણ માસ સાથે અધિક માસ જોડાય એટલે કે નિજ શ્રાવણ અને અધિક શ્રાવણ એમ એકસાથે બે શ્રાવણ માસ આવે તો તો જાણે ભક્તિરસના ઘોડાપૂર ઉમટે છે!

પાવન પુરુષોત્તમ માસનું પૌરાણિક માહાત્મ્ય દર્શાવતાં ધાર્મિક પુસ્તકોમાં તેને લગતી ઉદાહરણરૂપ ૩૭ વાર્તાઓ, ભાગવત પુરાણમાં વર્ણવાયેલ તેનાં ૩૧ આખ્યાનો તથા અધિક માસમાં નિત્યપાઠ માટે ગીતાજીના ૧૫મા અધ્યાય 'પુરુષોત્તમ યોગ'ના ૨૦ શ્લોકો પણ સમાવવામાં આવે છે. દૈનિક સત્સંગ વખતે ગવાતાં થાળ, આરતી, ભજનો, પદો-છંદો, ગરબીઓ, પૂજાગીતો વગેરે પણ તેમાં અપાતા હોય છે.

તેની લોકપ્રચલિત ૩૭ વાર્તાઓમાં અનુક્રમે કાંઠાગોર, બ્રાહ્મણ દંપતી, જપી-તપી, સેવાનું ફળ, ચાર ચકલીઓ, સાસુ-વહુ, ઘણકો-ઘણકી, ગોલોકમાં ગધેડો, નણંદ-ભાભી, સુતારણ-સોનારણ, ધનેશ્વર-ધનેપાળ, ગૌપૂજન ફળ, ડોસીમા-દેડકો, સાસુ-ગધેડી, ગુરુ-શિષ્ય, લક્ષ્મીચંદ વણિક, ભાગ્યફળ, હરિલીલા, ત્રણ વરદાન, ગોફણનો ઘા, ભોળો ભરવાડ, સ્નાનનું ફળ, ભોળી ભરવાડણ, રૂપનું ગુમાન, ટણણણ ટોકરી, ખેડૂતની ભક્તિ, લેખ ઉપર મેખ, મૌનવ્રત, બટુક અને સમડી, વનદેવતા, પ્રેતોને પ્રભુધામ, રાજા નહુષ, રૂપવતી-મુગ્ધા, વ્યતિપાત, મેનાવ્રત, પદ્મિની એકાદશી અને પરમા એકાદશી સમાવિષ્ટ છે.

- **જ્યોતિષની દૃષ્ટિએ આગાહી**

અધિક માસના આધારે જે તે માસની જ્યોતિષી દૃષ્ટિએ શુભ-અશુભ ફળની આગાહી પણ કરવામાં આવી છે. **ચૈત્ર** અધિક માસ હોય તો પ્રજાનું આરોગ્ય સારું રહે, વરસાદ સારો થાય અને જરૂરી ચીજવસ્તુ પૂરતા પ્રમાણમાં મળી રહે. **વૈશાખ** અધિક હોય ત્યારે પણ ચૈત્ર જેવું ધનધાન્ય, વૃષ્ટિ વગેરે રહે. અધિક

**જેઠ** આવે તો રોગચાળો, બીમારી વગેરે આવી પડે. **ભાદરવો** અધિક હોય ત્યારે ચરિત્રવિહીન લોકોની વૃદ્ધિ થાય અને શાસકો પરસ્પર લડે. જ્યારે **આસો** અધિક આવે ત્યારે પ્રજાને શત્રુ સૈન્યથી અને ચોર લૂંટારાના ત્રાસથી સહેવું પડે.

હિંદુ પંચાંગમાં બારે મહિનાની ચોવીસ અગિયારસોને ખાસ નામ અપાયા છે. તેમ અધિક માસમાં આવતી આ તિથિઓ અનુક્રમે ‘પદ્મિની એકાદશી’ (સુદ) અને ‘પરમા એકાદશી’ (વદ) તરીકે અથવા તો બંને ‘કમલા એકાદશી’ના સરખા નામે પણ ઓળખાય છે.

***હવે પછીના અધિક માસ આ મુજબ :***

સંવત ૨૦૮૨ – જેઠ, સંવત ૨૦૮૫ – ચૈત્ર, સંવત ૨૦૮૭ – ભાદરવો, સંવત ૨૦૯૦ – અષાઢ, સંવત ૨૦૯૩ – જેઠ, સંવત ૨૦૯૫ – આસો, સંવત ૨૦૯૮ – અષાઢ, સંવત ૨૧૦૧ – જેઠ.

આપણી ભાષામાં ‘દુકાળમાં અધિક માસ’ની કહેવત પ્રચલિત છે. તંગીના સમય કે વિકટ સ્થિતિમાં કોઈ પારમાર્થિક આયોજન પાર પાડવાનું આવે ત્યારે આ રૂઢીપ્રયોગ પ્રયોજાય છે. આમ, ધર્મ, ખગોળ, ગણિત અને જ્યોતિષ વિષયક સૂક્ષ્મ દૃષ્ટિ સાથે ‘અધિક માસ’ની યોજના વડે આપણા પૂર્વજોએ માનવને સન્માર્ગ દાખવવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

***‘શિવમ્’, ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦. ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦***

## વિશ્વ વાઘ દિવસ

**(અનુસંધાન : પાના નં. – ૩૧ ઉપરથી ચાલુ)**

ધરવા માટેના દેશના પ્રયાસોને બિરદાવવામાં આવ્યા છે, જે ભારત માટે મોટી સફળતા હતી.

વાઘ ગણના અનુસાર વર્ષ ૨૦૦૬માં વાઘની સંખ્યા ૧૪૧૧ હતી, વર્ષ ૨૦૧૦માં વાઘની સંખ્યા ૧૭૦૬, વર્ષ ૨૦૧૪માં વાઘની સંખ્યા ૨૨૨૬ હતી જ્યારે વર્ષ ૨૦૧૮માં વાઘની સંખ્યા વધીને ૨૯૬૭ સુધી પહોંચી છે. ભારતમાં પ્રોજેક્ટ ટાઈગરના ૫૦મા વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતમાં વાઘની કુલ વસતી શૅર કરી હતી, જે પ્રમાણે વાઘની વસતી ગણતરી ૨૦૨૩ અનુસાર ભારતમાં વાઘની વસતી ૩૧૬૭ની છે.

*સંદર્ભ : ગૂગલ ફોટો, વીકિપીડિયા, વિવિધ અખબારી અહેવાલો અને વિવિધ લેખકોના બ્લોગ અને લેખ આધારીત માહિતી.*

***“પરમેશ્વરી”, પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ, વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

**સવારનો નાસ્તો સુધારો**

**ASK ABOUT MY 3 DAY TRIAL**

**Look Great & Feel Healthy!**

**3 – DAY TRIAL**

- **FREE Counselling**
- **FREE Health Information**
- **૧૦ કરોડથી વધારે ગ્રાહકોનો સંતોષ**
- **Free Body Fat Analysis**

**For More Information or to Start Your 3 - Day Trial**

**LOSE WEIGHT HAVE MORE ENERGY ASK ME HOW!**

**ભક્તિ પટેલ : 94286 11318**

**(જો તમને આ માહિતીની જરૂર ના હોય તો કોઈ જરૂરિયાતવાળાને આપવા વિનંતી.)**

**Relitrade Stock Broking Pvt. Ltd.**

***SERVICES***


- Equity Trading
- Derivatives
- Commodities
- Mutual Funds
- Depository Services
- IPO
- Online Trading
- Margin Trading Fund
- SLBM

**Relitrade Stock Broking Pvt.**

‘O’ Block, Mondel Re:a'l Park, Nr. Rajpath Club,
S.G. Highway, Ahmedabad - 380 059.
**E-mail : wecare@relitrade.in**
**Contact : (079) 6819 9999**

યોગદર્શન

# સમત્વ એ જ યોગ અને સમતામાં સ્થિરતા થતાં સ્વરૂપની અનુભૂતિ થાય છે



યોગસાધક કિરણ ચાંપાનેરી

'યોગદર્શન' લેખમાળામાં યોગવિદ્યા, બ્રહ્મવિદ્યાની વાત ચાલે છે. આ લેખમાં શ્રીમદ્ ભગવદ્ ગીતાના બીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને યોગનો જે ઉપદેશ આપે છે તે અંગે વાત કરીશું...

કુરુક્ષેત્રના યુદ્ધ મેદાને જ્યારે યુદ્ધ માટે સજ્જ થયેલી કૌરવો અને પાંડવોની સેના, અર્જુન પણ લડવા માટે અધીરો હતો, લડી લેવા માંગતો હતો અને એકદમ ઓચિંતો વળાંક આવે છે. કૌરવોની સેનામાં પિતામહ ભીષ્મ, ગુરુ દ્રોણાચાર્ય, પિતરાઈ ભાઈઓ, સગાવહાલાઓને જોઈને અર્જુન વિષાદથી ઘેરાઈ જાય છે... અને વિચારે ચડી જાય છે... આ બધાની સામે મારે લડવાનું, તેઓને મારવાના, હણવાના એવા વિચારથી અર્જુન લડવાના નિર્ણયમાં પાછો પડ્યો. સારથી બનેલા શ્રીકૃષ્ણને યુદ્ધ નહીં કરવાનું કહી રથમાં બેસી જાય છે. કહોને કે હતાશ થઈને ફસડાઈ પડે છે. આમ, ગીતાજીના પહેલા અધ્યાય અર્જુન વિષાદયોગમાં કુરુક્ષેત્રની યુદ્ધભૂમિ, યોદ્ધાઓ, સેનાઓની અને અર્જુનનું વિષાદમાં ઘેરાવાનું વર્ણન છે.

અહીં, 'અર્જુન' એ સમગ્ર માનવજાતિના પ્રતિનિધિરૂપ છે. કુરુક્ષેત્રનું યુદ્ધ મેદાન એટલે આપણું સંસારજીવન, સંસારસંગ્રામ, જીવન સંગ્રામમાં ડગલે ને પગલે આપણી સામે અર્જુન જેવી પરિસ્થિતિઓ સર્જાય છે. ત્યારે માનવીએ, આપણે એ નિર્માણ થયેલી પરિસ્થિતિમાંથી કઈ રીતે માર્ગ કાઢવો એનો ઉપદેશ શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનના માધ્યમ દ્વારા સમગ્ર માનવજાતને આપે છે. વ્યક્તિને પોતાના કર્તવ્યધર્મ અને કર્તવ્યકર્મનો ઉપદેશ આપે છે. સત્ય-અસત્ય, સારું-ખરાબ, સત-અસતના દ્વંદ્વમાંથી સત્, સારું અને સત્યનો માર્ગ અપનાવવાનો ઉપદેશ શ્રીકૃષ્ણ આપે છે.

વિષાદથી ઘેરાયેલ, કર્મચ્યુત થયેલા અર્જુનને શ્રીકૃષ્ણ ભગવાન ઉપદેશથી તેની કાયરતા દૂર કરે છે. આત્મ સ્વરૂપની ઓળખ આપે છે. આત્મા કોઈથી હણાતો નથી કે કોઈને હણતો નથી. આત્મા અજન્મા, નિત્ય, શાશ્વત, પુરાતન છે. શરીરના હણાવા છતાં તે હણાતો નથી. શરીરના મરવા, નાશ પામવા છતાં આત્મા મરતો નથી કે નાશ પામતો નથી. આત્માની અમરતા સમજાવી, ક્ષાત્રધર્મ અનુસાર યુદ્ધ કરવું એ ક્ષત્રિયનું કર્તવ્યકર્મ છે અને ક્ષત્રિય માટે તો ધર્મયુક્ત યુદ્ધ એ જ કલ્યાણકારી કર્તવ્ય છે. યુદ્ધ કરવાથી શું પરિણામ મળશે તે સ્પષ્ટ બતાવ્યા બાદ કર્મ અને કર્મફળના અધિકાર, કોઈપણ જાતની અપેક્ષા વગર કર્તવ્યબુદ્ધિથી આસક્તિરહિત કર્મ કરતા રહેવાની સમજ આપે છે. આ રીતે વિષાદથી ઘેરાયેલા અર્જુનને શ્રીકૃષ્ણ ભગવાન જે ઉપદેશ આપે છે તે આપણા માટે, સમગ્ર માનવજાત માટે છે. વિષાદગ્રસ્ત અર્જુનને પ્રથમ જ્ઞાનયોગની વાત અને પછી કર્મયોગની વાત સમજાવી, સાંખ્યયોગના બીજા અધ્યાયમાં ૪૮મા શ્લોકમાં શ્રીકૃષ્ણ યોગ અંગે અર્જુનને સમજ આપતા કહે છે....

*યોગસ્થઃ કુરુ કર્માણિ સઙ્ગં ત્યક્ત્વા ધનંજય,*
*સિદ્ધયસિદ્ધયોઃ સમો ભૂત્વા સમત્વં યોગ ઉચ્યતે.*

*(ગીતા, અ. ૨, ૪૮)*

***અર્થાત્ :*** 'હે ધનંજય! તું આસક્તિ ત્યજીને તથા સિદ્ધિ અને અસિદ્ધિમાં સમબુદ્ધિ રાખીને યોગમાં સ્થિત થઈ કર્તવ્યકર્મો કર; 'સમત્વ' એ જ યોગ કહેવાય છે.'

જે કંઈ પણ કર્મ કરવામાં આવે એ પૂરું થાય કે ન થાય તેમજ તેનું ફળ અનુકૂળ કે પ્રતિકૂળ મળે, તેમાં સમભાવ રહેવો તેનું નામ 'સમત્વ' છે. સિદ્ધિ અને અસિદ્ધિમાં સમભાવ રાખવો. કર્મ કરતાં કરતાં તેનાં ફળ કે પરિણામનો વિચાર કરવાનો નથી. કાર્ય-કર્મ કરવાથી આદર, નિરાદર કે પ્રશંસા કે નિંદા થાય, અંતઃકરણની શુદ્ધિ થવી અથવા ના થવી વગેરે જે સિદ્ધિ અને અસિદ્ધિમાં સમ બન્યા પછી એ સમતામાં નિરંતર અટલ, સ્થિર રહેવું એટલે યોગસ્થ, યોગમાં સ્થિત થઇ જવું. સિદ્ધિ અસિદ્ધિમાં સમ બન્યા પછી સમતાનું હરદમ, હરક્ષણ, ડગલે ને પગલે સ્થિર રહીને કર્તવ્ય કર્મ કરવાનું છે.

'સમત્વં યોગ ઉચ્યતે' – સમતા જ યોગ છે. સમતા પરમાત્માનું સ્વરૂપ છે. સમતા અંતઃકરણમાં નિરંતર ચાલુ રહેવી જોઈએ. જેઓનું મન સમતામાં સ્થિર થઇ ગયું છે, એ લોકોએ જીવિત અવસ્થામાં જ સંસારને જીતી લીધો છે. કેમકે બ્રહ્મ નિર્દોષ અને સમ છે, તેથી તેઓની સ્થિતિ બ્રહ્મમાં જ છે... સમતાનું નામ યોગ છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરથી થવાવાળી તમામ ક્રિયાઓને કેવળ સંસારની સેવારૂપે કરવાની છે, પોતાને માટે નહીં. આમ કરવાથી જ સમતા આવે છે.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૬ ઉપર)**

# આવતીકાલના નાગરિકના ઘડતરની આજ દિશાહીન છે!!!

ડૉ. નાનક ભટ્ટ

જૂના વખતમાં અખાડાની પ્રવૃત્તિઓ ધમધમતી. સાંજ પડે એટલે બાળક ૨-૩ કલાક મેદાન વચ્ચે ધમરોળાય, કબડ્ડી, ખો-ખો, લંગડી જેવી દેશી રમતોમાં બાળક શરીર સ્વાસ્થ્ય તો પામે, સાથોસાથ હિંમત, વિશ્વાસ, સંતુલન, કામ આટોપવાની પદ્ધતિ વગેરે શીખે. પણ શહેરીકરણે અખાડાઓ છીનવી લીધા. હવે તો શાળામાં જે કાંઈ વધારાની તાલીમ મળે તે ખરી.

આથી જામનગરની એક શાળાએ ૧૫ વર્ષના બાળકો માટે તેમની શક્તિની મર્યાદામાં રહી ઘરમાં વાળવું, પોતા કરવા, શાક સમારવું, દોરાથી કપડું સાંધવું, બટન ટાંકવા, ઇલેક્ટ્રીક ફ્યુઝ બાંધવો, નળનું વૉશર બદલવું, સાઇકલનાં વ્હીલનું પંક્ચર સાધવું, બેંકમાં જઈ ચેક ભરવો, તાર કરવો, રેલવેની ટિકીટ લેવી, સૂર્ય નમસ્કાર જાણવા, રંગકામ કરવું વગેરે તાલીમો ગોઠવી. બાળકો શાળાના સમય પછી દિવસ દરમિયાન ૨ કલાક મળતા અને અવનવું જાણતા. આ તાલીમી કાર્યક્રમમાં બાળકોને ખૂબ મજા પડી. સવિશેષ માતા-પિતાને પણ પોતાનું બાળક કંઈ ઉપયોગી થવાનું કામ શીખ્યું છે તેનો આનંદ રહ્યો.

શહેર કે ગામડામાં રહેતું બાળક ભણવા-વાંચવા, ટી.વી. - સિનેમા જોવા, શેરીમાં રમવા કે પાર્ટીઓમાં જવા ઉપરાંત રોજબરોજના જીવનની તાલીમ મેળવે તે જરૂરી બને છે. આમ થવાથી બાળક સ્વાવલંબી બને છે અને પ્રવૃત્તિઓ થકી જ તો વ્યક્તિ અને સમાજ માનસિક રીતે તંદુરસ્ત રહે છે!!! પરંતુ જીવન શક્તિના સ્તોત્ર તરીકે જ્યારથી પૈસાનું સ્થાન મજબૂત થયું છે ત્યારથી કેટલાક અનર્થો પણ સર્જાયા છે.

પૈસા ન ખર્ચવા પડે તે માટે વાલીઓ બાળકને ઘર કામ, ઇલેક્ટ્રીક કામ, બાગ-બગીચાનું કામ કે પછી વાહન રીપેરીંગનું કામ કરવા સૂચવે છે. પણ આ સંબંધ લાભનો છે. આ ઉપયોગીતાવાદ બીજાઓના સંદર્ભમાં છે. આથી આવી તાલીમ બાળકને નિજાનંદ આપનાર બનતી નથી.

બીજી તરફ શહેરોમાં એવા કુટુંબો પણ જોવા મળે છે કે જે ઘરની નાની દીકરી વાસણ ધોતી હોય તો તેને રોકી કહેશે, 'તું કામવાળી છે?'. પુત્ર પોતાની સાઈકલ સાફ કરતો હોય તો બાપ કહેશે, '૨-૫ રૂપિયા માટે તું સમય ન બગાડ.' બાળકોમાં નિજાનંદ અને વિશ્વાસ ઉમેરતા ઇન્દ્રિય શિક્ષણ, સમાજ શિક્ષણના આ પ્રકારના કામોથી બાળકને દૂર રાખવું વ્યાજબી નથી.

ગામડાંના વાતાવરણમાં ઉછરતાં બાળકો સંબંધે વાત કરીએ તો આજે ગામડાંમાં ઉગતા શાકભાજી શહેરોમાં વેચાણ અર્થે આવી જાય છે. ગામડાંમાં પશુપાલન થાય છે પણ દૂધ શહેરની ડેરીમાં વેચાવા આવી જાય છે. ખેડૂતો તત્કાલ પૈસાની લાલચે પોતાના ઘરે રોટલો, છાશ ને ચટણી ખાઈને ચલાવી લે છે અને શહેરોમાં ખેતીનું ઉત્પાદન મોકલી આપે છે. ગામડાંમાં બદલાયેલા માર્કેટ સ્ટ્રક્ચરના લીધે ગ્રામ બાળકની પ્રથમ ૮ વર્ષની ઉંમરમાં તેને પોષક આહારની જે ખામી સહેવી પડે છે, તેથી તેના બૌદ્ધિક વિકાસને જ ક્ષતિ પહોંચે છે. અમુલ દૂધ મંડળીનાં ખેડા જિલ્લાના ગામોમાં આ વિગતે થયેલા અભ્યાસમાં આ વિગતો જોવા મળે છે.

ગામડાંના બાળકમાં જે હૈયાસુઝ છે, અંદરની આવડત છે, તેથી તદ્દન વિરૂધ્ધ બાળકને શહેરીકરણની છાપ ધરાવતા પુસ્તક દ્વારા આપણે શિક્ષિત કરવા માંગીએ છીએ. તેથી કરી ગામડાંમાંથી આજે ઇજનેર, ડૉક્ટરો, વૈજ્ઞાનિકો મળતા બંધ થયા છે અને ટી.વી.ની ચેનલોના આક્રમણ વચ્ચે ગામડાંનું બાળક નથી તો ગ્રામીણ રહેતું કે નથી શહેરી. નવી પેઢીના આવા અધકચરા વિકાસ બાબતે પણ ગંભીરતાથી વિચાર કરવો પડશે.

બાળકની માનસિકતાને અનુરૂપ શિક્ષણ વ્યવસ્થા ઘડાય તે માટે ક્ષમતાલક્ષી શિક્ષણ, તરંગ ઉલ્લાસ શિક્ષણ, MLL, પ્રેરણા શિક્ષણ તેમ અનેક વિકલ્પો મેદાનમાં ઉતારી બાળ કેળવણી ક્ષેત્રે આજકાલ પ્રયોગો ચાલે છે. જે પૈકી કોઈ એકને શ્રેષ્ઠ સાબિત કરવા કરતા બાળક માટે અનુરૂપ શિક્ષણની વાત થાય તો સારું. બાળકનો આનંદ અને વિશ્વાસ વધે તેવી તાલીમ અપાય તો સારું.

બાળ શિક્ષણના કાર્યક્રમો વિચારતા સમયે એ પણ જોવું પડશે કે વર્ષ ૨૦૩૦નો સમય કેવો હશે?! તે સમયે આજનું બાળક યુવક બની ઊભું રહેશે તો તેને શા પરિમાણોથી સજ્જ કરવું પડશે? આજનું શિક્ષણ આવતીકાલનાં રાષ્ટ્રના નિર્માણ માટેનું શિક્ષણ બની રહેશે!!

વિચારની દિશામાં એક પ્રયોગ વડોદરા જિલ્લામાં થયો. વિગતે વાત કરીએ તો, વડોદરા જિલ્લાના કલાલી ગામે ગ્રામ બાળકો માટેની શિબિર યોજાઈ. શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા યોજિત આ શિબિરમાં ગામ કલાલી અને આસપાસના ૬ ગામોનાં ૧૨૭ બાળકોએ ભાગ લીધો હતો. માસ દરમિયાનનાં શિબિરનો હેતુ

ગ્રામ્ય બાળકોને પોતાના રોજિંદા જીવનમાં સંપર્કમાં ન આવતા વિષયોથી પરીચિત કરાવવાનો હતો. આથી તેઓને ચિત્રકામ, કુંભારીકામ, સુથારીકામ, કાગળકામ, ફૂલઝાડની ખેતી, સંગીત, નાટક જેવી પ્રવૃત્તિઓ આપવામાં આવેલ. ગ્રામીણ વિકાસના કાર્યો ઉપરાંત ગામડાંમાં સ્વાસ્થ્ય અને પૂરક રોજી ઉપલબ્ધ બને તે અંગે છેલ્લા ૨૫ વર્ષથી કાર્ય કરતી આ સંસ્થાના પ્રાંગણમાં બાળકો સવારે ૯ થી સાંજે ૫ સુધી પોતાની પસંદગીની પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેતા. ધોરણ ૪ થી ૮ સુધીનાં વિદ્યાર્થીઓ માટેની શિબિરમાં સ્વાસ્થ્ય પ્રત્યે વડીલોનું લક્ષ ખેંચવા પોષક આહારની પણ ખાસ વ્યવસ્થા હતી.

રોજિંદા જીવનમાં જોવામાં આવતી ચીજવસ્તુઓના ઉત્પાદનની પદ્ધતિ શી હોય છે? તે અંગેની વિદ્યાર્થીઓની સહજ કુતુહલવૃત્તિને વિકસાવવા શિબિર દરમિયાન દૂધની ડેરી અને બિસ્કીટ ઉદ્યોગની મુલાકાત પણ ગોઠવવામાં આવી. માહિતીનું સાતત્ય કેળવણી સાથે અનુબંધમાં પલટાય તે માટે બાળકોને એક દિવસ સર્કસ જોવા લઇ જવામાં આવેલ. બાદ બીજા દિવસે તે બાળકોને ચિત્ર અને માટીકામનાં માધ્યમથી પોતે જોયેલ સર્કસની અનુકૃતિ વ્યક્ત કરવાની તક આપેલ.

આજે આપણાં ગામડાંઓમાં અને શહેરોમાં શિક્ષણનો અર્થ અક્ષરજ્ઞાન માટે સીમિત બન્યો છે. આથી સામાજિક પ્રશ્નોના નિરાકરણ માટે શિક્ષણ કામનું રહ્યું નથી તેવી પ્રતીતિ સાર્વત્રિક છે. આ પ્રકારના અવલોકનોના પરિપ્રેક્ષ્યમાં શિબિરાર્થીઓને સ્વચ્છતા, સમૂહમાં કામ કરવાની પદ્ધતિ, ત્વરીત નિર્ણય લેવાની તાલીમ આપતા કાર્યક્રમો પણ યોજવામાં આવેલ. બાળકો માટે અનુરૂપ કેળવણીની શોધ માટે યોજાયેલ આ પ્રકારની શિબિર ગુજરાતમાં પ્રથમ વખત યોજાઈ રહી હોવાથી તેના સંચાલન માટે Child Development ના અભ્યાસમાં નિષ્ણાત કાર્યકરને પસંદ કરવામાં આવેલ. જેના પરિણામે બાળકોના વિકાસમાં વડીલોની ભાગીદારી પણ અસરકારી રહી હતી. એક માસ સુધી ચાલેલા શિબિરના અંતભાગે બાળકો દ્વારા તૈયાર થયેલ અવનવી ચીજોનું પ્રદર્શન અને રંગારંગ કાર્યક્રમ યોજાતો રહ્યો.

'આજનું બાળક આવતીકાલનો નાગરિક છે' તેવું કહેવામાં આવે છે. પણ આવતીકાલના નાગરિકના ઘડતર માટેની આજ કંઈક અંશે દિશાહીન અને પ્રાયોગિક સ્થિતિમાં જોવા મળે છે. ત્યારે શિક્ષણની પ્રક્રિયામાંથી સમાજના પ્રશ્નોનાં નિરાકરણરૂપ અને વિશેષતઃ નવા સમયમાં પડકાર ઝીલી લેવા યુવકો તૈયાર કરવા માટે આપણે શિક્ષણના સૈદ્ધાંતિક માળખાની બહાર આવી બાળકને શરીરથી તંદુરસ્ત અને મનથી સ્વસ્થ બનાવે તેવા શિક્ષણને અપનાવવું પડશે. શિક્ષણવિચાર દ્વારા નિર્ધારીત પરિણામો મળતા નથી ત્યારે શિક્ષણકારો માનવીય શિક્ષણની વાતો કરવા સરી પડે છે. પણ ભારતીય સંસ્કૃતિમાં આજથી ૨૫૦૦ વર્ષ પહેલા મૂલ્ય શિક્ષણની વાત કહેવાયેલી જ છે. આથી હવે બદલાયેલ સામાજિક માહોલનો સ્વીકાર કરી પદ્ધતિ આધારીત વિકાસના શિક્ષણને વિસ્તારી નવી પેઢીને ઘડવાનું કામ કરવું પડશે અને તો જ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામના નવા ભારતના સર્જન માટે તત્પર થઈ શકીશું.

જરૂર છે શહેર અને ગામડાંમાં વસતા બાળકોને ખડતલ શરીર અને મનનાં નિર્માણ માટેનાં સર્જનાત્મક હેતુ સાથે સાંકળવાની અને તે બળવત્તર કરવા શિક્ષણનો સાધન તરીકે ઉપયોગ કરવાની.

---

## સમત્વ એ જ યોગ અને સમતામાં સ્થિરતા થતાં...

**(અનુસંધાન : પાના નં.– ૨૪ ઉપરથી ચાલુ)**

*દૂરેણ હ્યવરં કર્મ બુદ્ધિયોગાનંજય,*
*બુદ્ધૌ શરણમન્વિચ્છ કૃપણાઃ ફલહેતવઃ*

*(ગીતા, અ. ૨, ૪૯)*

***અર્થાત્ :*** 'આ સમત્વરૂપ બુદ્ધિયોગ કરતાં સકામ કર્મ ઘણું જ નીચલી કક્ષાનું છે. માટે હે ધનંજય! તું સમબુદ્ધિમાં જ રક્ષણનો ઉપાય શોધ. અર્થાત્ બુદ્ધિપ્રયોગનો જ આશરો લે; કેમકે ફળનો હેતુ બનનારા અર્થાત્ ફલાપેક્ષીજનો દયાને પાત્ર છે.'

બુદ્ધિયોગ અર્થાત્ સમતાની અપેક્ષાએ સકામભાવથી કર્મ કરવું એ અત્યંત જ નિકૃષ્ટ છે. કારણકે કર્મ પણ ઉત્પન્ન અને નષ્ટ થાય છે. તથા તે કર્મોના ફળનો પણ સંયોગ અને વિયોગ થાય છે. પરંતુ યોગ નિત્ય છે. તેનો કદી વિયોગ થતો નથી. તેમાં કોઈ વિકૃતિ આવતી નથી. આથી સમતાની અપેક્ષાએ સકામકર્મ અત્યંત જ નિકૃષ્ટ છે.

સઘળાં કર્મોમાં સમતા જ શ્રેષ્ઠ છે. સમતા વિના તો તમામ જીવો કર્મો કરતા જ રહે છે. તે કર્મોના પરિણામમાં જન્મતા, મરતા અને દુઃખ ભોગવતા રહે છે. કારણકે સમતા વિના કર્મોમાં ઉધ્ધાર કરવાની તાકાત નથી. કર્મોમાં સમતા એ જ કુશળતા છે. જો કર્મોમાં સમતા ન રહે તો શરીરમાં અહંતા, મમતા આવી જાય. શરીરમાં અહંતા મમતા હોવી એ જ પશુબુદ્ધિ છે. બુદ્ધિયોગ તો પરમાત્માની પ્રાપ્તિ કરાવવાવાળો છે. સકામકર્મ જન્મમરણ આપવાવાળું છે. સમતાનું શરણ લેવું એટલે સમતામાં નિરંતર સ્થિર રહેવું. સમતામાં સ્થિર રહેવાથી જ તને સ્વરૂપમાં પોતાની સ્થિતિનો અનુભવ થશે.

આમ, સમતા પરમાત્મત્વની પ્રાપ્તિ કરાવનારી છે પરંતુ સકામ કર્મ જન્મ મરણ આપવાવાળાં છે. તેથી સાધકે સમતાનો જ આશરો લેવો જોઈએ. સમતામાં સ્થિત રહેવું જોઈએ... સમત્વ એ જ યોગ અને સમતામાં સ્થિરતા થતાં સ્વરૂપની અનુભૂતિ થાય છે.... ઓમ.

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર સોસાયટી, સૈજપુર બોઘા,*
*અમદાવાદ-૩૮૨ ૩૪૬. મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

# કચ્છના ઇતિહાસના પાનેથી



વસંત 'કચ્છ કેસરી' – મુંબઈ

લગભગ ૧૩૫ વર્ષ પહેલાનો સમય. મારા દાદા દામજીભાઈ દેશમાં ખેતી કરતા. પાક તૈયાર થયે, બળદગાડામાં નાખી, માંડવી લઈ જઈ આડત પેઢી મારફત વેચાણ કરે. એક દિવસ માંડવીની પેઢી પર એમની મુલાકાત એક ભાટીયા ગૃહસ્થ સાતે થઇ. એ ભાઈ મુંબઈ માલ મોકલાવતા. એટલે ધંધાદારી સંબંધ મુંબઈના વેપારીઓ સાથે હતા. એમની મુલાકાતથી દામજીભાઈને મુંબઈ જઈ વેપાર અથવા તો કોઈ સારી નોકરીમાં જોડાઈ જવાનો વિચાર થયો. એમણે એ ભાટીયા મહાશયને વાતવાતમાં પોતાની ઇચ્છા જણાવી. જોગાનુજોગ એ ભાટીયા સજ્જને મુંબઈની એક વેપારી પેઢીમાં 'માણસની જરૂર હોય તો મોકલી આપું' એવું લખી મોકલાવ્યું. બે અઠવાડિયા બાદ ફરી બીજી ખેપમાં માંડવી જઈને દામજીભાઈએ એ ભાટીયા ભાઈની તપાસ કરી, એમને મળ્યા. મુંબઈથી જવાબ આવેલો કે સારો પાણીદાર માણસ હોય તો મોકલી આપજો. ખાવા પીવાની સાથે રહેવાની વ્યવસ્થા પેઢી તરફથી. શરૂમાં પગાર નહીં. વર્ષાંતે કામ જોઈને યોગ્ય રકમ ભરી આપવાનું નક્કી થયું.

એકાદ મહિના બાદ, બોટ રસ્તે દામજીભાઈ મુંબઈ પહોંચ્યા. કામ શીખવા લાગ્યા. વાણિયાનો દીકરો. ધગશથી કામ કરી ઘણું શીખી લીધું. છ મહિના પછી પેઢીના મુનીમે રૂપિયા પંદર દામજીભાઈને દેશમાં મોકલવા આપ્યા. એ રૂપિયા દામજીભાઈએ પોતાની પાસે જમા રાખ્યા. એવી રીતે અંદાજે બે વરસની નોકરી કરી. તે દરમિયાન વેપારના કામકાજમાં એક અંગ્રેજ સજ્જન સાથે ઓળખાણ થઈ, જે નસીબજોગે મિત્રતામાં ફેરવાઈ. અંગ્રેજી ભાષાનું જ્ઞાન પણ મેળવ્યું. વાંચનના શોખના લીધે ગુજરાતી પણ ખૂબ સારું લખી વાંચી શકતા હતા. સુખમાં સમય પસાર થતો રહ્યો. એ અરસામાં એક દશા ઓસવાલ કેશવજીભાઈ, જે નજીકમાં રહેતા હતા અને એમની એક પ્રિન્ટીંગ પ્રેસ હતી, એમની સાથે પરિચય થયો.

ફુરસદના સમયે પ્રેસમાં જવાનું થતું. એટલે દામજીભાઈને એ કામનું કુતુહલ થતું. જેથી કાંઈ ને કાંઈ શીખતા. ભાગ્યવસાતે કેશવજીભાઈની તબિયત બગડતા મુંબઈ છોડવાની ડૉક્ટરે તાકીદ કરી અને દેશમાં જવાની સલાહ આપી. આ સંજોગોમાં પ્રેસ વેચવા સિવાય ઉપાય નહોતો. દામજીભાઈએ એ પ્રેસ ચલાવવાનો નિર્ણય કર્યો. કેશવજીભાઈ માયાળુ સ્વભાવના હતા. સુખી સંપન્ન હતા. એટલે એમની પ્રેસ દામજીભાઈને ચલાવવા આપી. પ્રેસના કારીગરો ભલા હતા. તેથી આ નવા કામમાં કોઈ ખાસ મુશ્કેલી ન પડી. અંગ્રેજી તથા ગુજરાતી ભાષામાં છપાઈનું કામ સારું ચાલ્યું. ધીરે ધીરે દામજીભાઈ ગુજરાતી છાપું પ્રગટ કરવાનું વિચારતા થયા અને સુઝબુઝથી એકાદ વર્ષમાં બધું સરખું ગોઠવી "કચ્છ કેસરી" નામનું સાપ્તાહિક ચોપાનીયું છાપી, કચ્છી, ગુજરાતી, પારસી તેમજ ખોજા અને મેમણ બંધુઓને પહોંચાડવાની વ્યવસ્થા કરી. ■

## બાયોડીઝલ શું છે? તે શેમાંથી બને?

પેટ્રોલ અને ડીઝલ વાહનો માટેનાં મુખ્ય બળતણ છે. જો કે બંનેના એન્જિનમાં થોડો ફરક હોય છે. ડીઝલ પણ ક્રુડ ઓઈલમાંથી બને છે. ડીઝલ વડે ચાલતા એન્જિનની શોધ રૂડોલ્ફ ડીઝલ નામના વિજ્ઞાનીએ કરેલી. ડીઝલનો હેતુ વનસ્પતિ તેલ વડે ચાલતા એન્જિન બનાવવાનો હતો. તેણે સીંગતેલ વડે ચાલતું એન્જિન બનાવેલું. શરૂઆતમાં સીંગતેલ વડે જ એન્જિન ચાલતું પરંતુ ડીઝલે ક્રુડમાંથી ડીઝલ મેળવવાની રીત શોધી એન્જિનમાં ડીઝલનો વપરાશ શરૂ કર્યો. ડીઝલમાં અશુધ્ધિનું પ્રમાણ વધુ હોય છે. પરંતુ પેટ્રોલ કરતાં પ્રમાણમાં સસ્તું હોય છે. પેટ્રોલ અને ડીઝલ બળે ત્યારે પ્રદૂષિત વાયુઓ પેદા થાય છે અને પર્યાવરણને નુકસાન કરે છે. એટલે વિજ્ઞાનીઓ વાહનોમાં પેટ્રોલ અને ડીઝલના સ્થાને ઓછું પ્રદૂષણ કરે તેવા બળતણની શોધ કરે છે.

વનસ્પતિના તેલ ડીઝલને સ્થાને વપરાય તેને બાયોડીઝલ કહે છે. બાયો એટલે સજીવને લગતું. વનસ્પતિ સજીવ છે. તેના તેલ બળે ત્યારે ઓછું પ્રદૂષણ કરે છે. થોડા પ્રમાણમાં ડીઝલ સાથે તે મેળવવાથી ઓછું પ્રદૂષણ થાય છે. સૂર્યમુખી, સોયાબીન, કપાસિયા વગેરેના તેલમાંથી બાયોડીઝલ બને છે. બાયો ડીઝલમાં વધુ પ્રમાણ ડીઝલનું હોય છે. વનસ્પતિ તેલનું પ્રમાણ ૧૫થી ૨૦ ટકા જ હોય છે. પરંતુ પ્રદૂષણ ઓછું કરવા માટેનો સારો વિકલ્પ ગણાય છે.

# તીર્થ દર્શન

## તીર્થ દર્શન-૩૨

### શ્રી ચારૂપ તીર્થ
### (શ્રી શ્યામલા પાર્શ્વનાથ ભગવાન)



ચારૂપ ગામની વચ્ચે આવેલા આ જિન મંદિરમાં શ્રી શ્યામલા પાર્શ્વનાથ ભગવાનની ૧.૨૦ મીટર ઊંચી શ્યામ વર્ણની પદમાસનસ્થ પ્રતિમા છે. આ પ્રતિમા અતિ પ્રાચીન, ભવ્ય અને ચમત્કારીક મનાય છે. એમ કહેવાય છે કે પ્રાચીનકાળમાં શ્રી આષાઢી શ્રાવકે જે ત્રણ પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી, તેમાંની એક આ પ્રતિષ્ઠા છે. નવમી સદીમાં શ્રી દેવચંદ્રસૂરિજીએ આ મહાતીર્થમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનો પરિકર સ્થાપિત કરાવ્યાનો ઉલ્લેખ છે. જ્યારે તેરમી સદીમાં શ્રેષ્ઠી દેવચંદ્ર દ્વારા અહિંયા શ્રી આદિનાથ ભગવાનનું મંદિર નિર્માણ કરાવ્યાનો ઉલ્લેખ છે. વિ.સં. ૧૩૨૦ની આસપાસ શ્રેષ્ઠી શ્રી પેથડશાહે શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે. ૧૮મી સદીમાં આ તીર્થ અસ્તવ્યસ્ત થઈ ગયું હતું પરંતુ વિ.સં. ૧૯૩૮માં પાટણના શ્રાવકોએ આ તીર્થની વ્યવસ્થા ફરી સંભાળી લીધી. એ પછી અહીં વિશાળ મંદિરનું નિર્માણ કરીને વિ.સં. ૧૯૮૪ના જેઠ સુદ પાંચમના દિવસે પુનઃ પ્રતિષ્ઠા કરાવી.

પાટણથી ૧૦ કિ.મી. દૂર આવેલા આ તીર્થમાં મૂળ નાયકની મૂર્તિ પ્રાચીન શિલ્પકળાના અદ્વિતીય નમૂનારૂપ છે. મૂર્તિનું મસ્તક ખભા સુધી સુવિશાળ અને ફણાથી આચ્છાદિત છે. જ્યારે મૂર્તિના ઉદરમાં તપસ્વીની કૃશતા, નિરોગીતા અને ગાંભીર્ય પ્રગટ થાય છે. વળી આ સ્થળે જૈનાચાર્ય શ્રી વીરાચાર્ય રાજા સિધ્ધરાજના નિમંત્રણથી પાટણ આવતા હતા ત્યારે ચારૂપમાં તેમનો ભવ્ય સ્વાગત મહોત્સવ કર્યો હતો. આવા અનેક ઉલ્લેખો આ તીર્થની પ્રાચીનતા અને ગરિમાને પ્રગટ કરે છે.

## તીર્થ દર્શન-૩૩

### શ્રી પાનસર તીર્થ
### (શ્રી મહાવીર ભગવાન)



અમદાવાદ - મહેસાણા માર્ગ પર આવેલા પાનસર ગામની નજીક આ તીર્થ આવેલું છે. તીર્થાધિરાજ શ્રી મહાવીર ભગવાનની શ્વેત વર્ણની ૯૧ સે.મી. ઊંચી પદમાસનસ્થ પ્રતિમા ચિત્તાકર્ષક અને ચમત્કારીક છે. ભગવાન મહાવીરની આ પ્રાચીન પ્રતિમા વિ.સં. ૧૯૬૬ના શ્રાવણ સુદ નોમને રવિવારના દિવસે અહીંના રાવળ શ્રી જલા તેજાના ઘરમાંથી પ્રગટ થઈ. એક ભવ્ય મંદિરનું નિર્માણ કરીને વિ.સં. ૧૯૭૪ના વૈશાખ સુદ છઠના દિવસે એની પ્રતિષ્ઠા કરવામાં આવી. એ પછી વિ.સં. ૧૯૯૧માં અહીં જમીનમાંથી બીજી પાંચ પ્રાચીન પ્રતિમાઓ મળી આવી. આથી સિધ્ધ થાય છે કે અહિંયા પહેલા અનેક જૈન મંદિરો હોવા જોઈએ. મૂળ નાયક મહાવીર ભગવાનની પ્રતિમાનું ચમત્કારીક પ્રાગટ્ય થતાં કહેવાય છે કે અહિંયા અનેક ચમત્કારો થવા લાગ્યા. ઘણા યાત્રાળુઓ દર્શનાર્થે આવવા લાગ્યા. મૂર્તિનો મહિમા વધતો ગયો. વળી અમદાવાદ જેવું શહેર નજીક હોવાથી પણ યાત્રાળુઓનો ધસારો થવા લાગ્યો. આજે ત્રણ શિખર અને સાત ગભારા ધરાવતું આ ભવ્ય મંદિર શોભે છે. સાતે ગભારામાં મૂળ નાયક તરીકે આરસની સાત મૂર્તિઓ પધરાવેલી છે. બાકીની મૂર્તિઓ ધાતુની પંચતીર્થી વગેરેની છે. આ મંદિરથી બે ફર્લાંગ દૂર પાનસર ગામ આવેલું છે. ત્યાં પણ ઘુમ્મટબંધી દેરાસર છે જેમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે. એક સમયે આ ગામની ભારે જાહોજલાલી હશે એવું એની આસપાસનો વિસ્તાર જોતાં લાગે છે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*
*મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭*

# સર્વોત્કૃષ્ટ કાવ્ય રચનાઓના સુપ્રસિદ્ધ રચયિતા ભુજના કુ. મંજુલાબેન ઉપાધ્યાય



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

સમાજસેવા અને સાહિત્ય સેવામાં જીવન વ્યતીત કરી રહેલા કુ. મંજુલાબેન ઉપાધ્યાયે જીવનના ૭૫ વર્ષ પૂર્ણ કરતાં એક અદ્યતન રીતે ડાયમંડ જ્યુબિલીની ઉજવણી કરી આપણા જન સમાજને નૂતન દૃષ્ટિ આપી છે.

આ પ્રસંગે તેમણે ૩૯ સ્વરચિત કાવ્યો તથા ૩૯ સ્વરચિત હાઈકુ — કે જેનો સરવાળો ૭૫ થાય, તે તેમની કૃતિ ''સ્પંદન - એક અનુભૂતિ''માં સમાવ્યા છે. આ શુભ પ્રસંગે ભુજના ભારતીય સેવા મંડળને 'માવજતના સાધનો' ભેટ સ્વરૂપે આપ્યા. નબળા ઢોરો માટે ૭૫ કિલો લીલો ચારો તથા પક્ષીઓને ચણ જે તે સામાજિક પાંજરાપોળોના સંચાલકોને માનવતાના ભક્તિભાવથી અર્પણ કર્યા છે.

પુસ્તક સ્વખર્ચે જ તૈયાર કર્યું છે. કોઈની આર્થિક સહાય લીધી નથી. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની જાત મુલાકાત લઈને તેઓશ્રીને પુસ્તક સ્વહસ્તે અર્પણ કરી શુભેચ્છાઓ મેળવી છે. આ માણવા - જાણવા, કંઈક નવું અનુભવવા વિવિધ સંસ્થાઓના મુખ્ય આયોજકો દ્વારા અપાયેલ શુભેચ્છા - આશિર્વાદ પત્રો પુસ્તકમાં પ્રગટ થયેલા છે.

મુખપૃષ્ઠ પર રેખાંકન ભુજના ઈનરવ્હીલ ક્લબના ચાર્ટર મેમ્બર કુંજલતાબેન સાવલાએ આયોજ્યું. તેઓએ લખ્યું છે કે, 'સ્પંદન વિશે લખતાં મારા દિલમાં અનેરાં સ્પંદન ઉત્પન્ન થાય છે. મહિલાઓ વિશે મારા બહેનબાએ બહુ જ સરસ કાવ્ય રચનાઓ કરી છે.'

ધારાસભ્ય શ્રી અનિરૂધ્ધભાઈએ શુભેચ્છા સંદેશ આપતા લખ્યા મુજબ, 'ભૂતકાળમાં ભાજપાના અનેક જનસંઘીઓ અને વડીલોના જીવન કવન પર તેમણે પુસ્તક લખેલ હતું. એમનું આ પુસ્તક હૃદયની ઉર્મિઓના સ્પંદનોથી પ્રગટ થયેલ છે. જે સાંપ્રતકાળમાં જીવનમાં જરૂર ઉપયોગી થશે.' શ્રી વિપુલભાઈ મહેતાએ કુ. મંજુલાબેનનો અન્યોને પ્રેરણારૂપ પરિચય પાઠવ્યો છે.

કચ્છના સુપ્રસિદ્ધ કવિવર શ્રી નારાયણ જોશી 'કારાયલ' લખે છે કે, 'મંજુલાબેનની શિક્ષક તરીકેની કદર સ્વરૂપે સમગ્ર શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક તેમજ રાષ્ટ્રીય ઉત્તમ શિક્ષક ઍવોર્ડથી વિભૂષિત કરવામાં આવ્યા છે. ભુજ નગરપાલિકાના વોર્ડ-૧૪ના પ્રથમ મહિલા કાઉન્સિલર તથા વિવિધ સમિતિના ચેરમેન તરીકે સફળ કામગીરી કરી લોકચાહના મેળવી છે.'

આ ઉપરાંત શ્રી અંજાર મોઢ બ્રાહ્મણ જ્ઞાતિના પ્રમુખ શ્રી ઉમિત રમેશચંદ્ર જાની, ભારતીય સેવા મંડળના પ્રમુખ, શિક્ષક સંઘના આગેવાન શ્રી રશ્મિકાંત બી. પંડ્યા, ભુજ તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજના પૂર્વ પ્રમુખશ્રી સુરેશભાઈ જોશી, શ્રી તુલસીદાસભાઈ જોશી, શ્રી મનોજભાઈ જોશી, શ્રી રાજેશભાઈ ગોરના શુભેચ્છા સંદેશ 'સ્પંદન'માં તેઓ સૌની તસવીર સાથે પ્રગટ કરાયા છે.

'સ્પંદન' વિશે હળવા હૈયે કુ. મંજુલાબેન વર્ણવે છે તે મુજબ પ્રકૃતિનાં રંગો કે વાર તહેવારો હોય, શિક્ષણ, સ્ત્રી સશક્તિકરણ, રાષ્ટ્રપ્રેમ, જીવનમૃત્યુ કે સંબંધોની વાતોને મેં મારી રચનાઓમાં સ્થાન આપી જાણે-અજાણે કોઈ કોઈ સંદેશ સમાજ સમક્ષ વહેતો કર્યો છે. ''અનુભૂતિના રંગો છે હૃદયમાં જાગે સ્પંદન.''

સુશ્રી મંજુલાબેને આ પુસ્તક તેમના મોટા બહેન શ્રીમતી જયાબેન રેવાશંકરભાઈ ઉપાધ્યાય તથા બનેવી સ્વ. શ્રી લક્ષ્મીશંકરભાઈ જેશંકરભાઈ જોશીને અર્પણ કરેલું છે.

*''સહજાનંદ'', ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

શુભેચ્છા સહ...
પૃથ્વી શાહ – ગાંધીનગર
મો. ૯૮૨૪૬ ૬૬૧૦૮ / ૮૭૮૦૩ ૯૬૩૩૪

# માંગરોળના ક્રિકેટ ગ્રાઉન્ડમાં વૃક્ષોને વાવી ઉછેરતા શિક્ષક સુરેશ ધારેક



મનીષ જોષી 'મૌન'

**ઘરેથી પાણીની ડોલ ઊંચકીને જાય એટલે કસરત પણ થઈ જાય**

**વ્યક્તિદીઠ એક વૃક્ષ ઉછેરાય તો જ વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી સાર્થક ગણાય**

વેરાવળ સોમનાથથી દ્વારકા ભગવાન કૃષ્ણના દર્શન કરવા જનાર પ્રકૃતિ પ્રેમી કોસ્ટલ હાઈવે પરથી પસાર થતા પુલકિત બની જાય. એક તરફ સમુદ્ર અને ઘટાટોપ વૃક્ષ આચ્છાદિત રસ્તો. થોડા વર્ષો પહેલા આવી સફર આ લખનારે પણ કરી હતી. રસ્તામાં માંગરોળ આવ્યું હતું અને યાદ આવી ગઈ માંગરોળમાં વસતા શિક્ષક (હાલ પ્રિન્સિપાલ) સુરેશભાઈ ધારેકની. જે 'મૌન' સાથે બોર્ડિંગના હમસફર હતા.

ફોન પર વાત થઈ. લાંબા સમયે મુલાકાત થઈ. ત્યારે સુરેશભાઈની પર્યાવરણ પ્રેમની પ્રવૃત્તિ પણ જાણવા મળી હતી. વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી સમગ્ર વિશ્વ કરી રહ્યું છે ત્યારે સુરેશભાઈના વૃક્ષ પ્રેમ વિશે લખવાનું મન થઈ ગયું.

માંગરોળથી દરરોજ ૧૭ કિ.મી. દૂર આવેલી ચાખવા ગામની ઐયુબી એજ્યુકેશનલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં નવા નાગરિકોને તૈયાર કરવા ઉમળકાભેર પહોંચી જઈ સુરેશભાઈ ભણાવે ત્યારે વિદ્યાર્થીઓ તલ્લીન બની જાય, તાદાત્મ્યતા અનુભવે.

દરરોજ સવારે સુરેશભાઈ જાગે. પ્રાતઃ ક્રિયા બાદ તેઓ પોતાના જાનકી નગરના મકાનમાંથી પાણીની ડોલ ભરી ચાલતા ચાલતા નજીકના ક્રિકેટ ગ્રાઉન્ડ પહોંચી જાય. ત્યાં તેમણે થોડા વર્ષો પહેલા ઘટાટોપ વૃક્ષના નાના છોડ રોપ્યા હતા.

તેને પ્રેમથી પાણી પાઈ, સંવર્ધન કરે. તેના ફળ સ્વરૂપ આજે માંગરોળવાસીઓ ક્રિકેટના ગ્રાઉન્ડ પર લીમડો, વડલો, પીપળો, ગરમાળો અને ઔષધિના વૃક્ષો લહેરાતા જોઈ રહ્યા છે.

૫૭ વર્ષના સુરેશભાઈ કહે છે, 'વૃક્ષનો ઉછેર કરવાથી પર્યાવરણનું સંતુલન તો રહે જ છે, સાથે ઘરેથી ડોલ ભરીને પાણી લઈ જવાથી શારીરિક કસરત પણ થઈ જાય છે.'

સુરેશભાઈની આ પ્રવૃત્તિની જાણ માંગરોળની પર્યાવરણની સંસ્થા સંજીવની નેચર ફાઉન્ડેશનને હતી જ. એટલે એક વર્ષ પહેલા 'વિશ્વ ચકલી દિને' સુરેશભાઈ ધારેકનું સન્માન વડોદરા નજીકના ડેસરમાં બનતી ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અર્જુનસિંહ રાણાના હસ્તે કરવામાં આવ્યું હતું.

'વૃક્ષ વાવો અને સમૃદ્ધિ લાવો' એ જ સૂત્રને અમલમાં મૂકનાર સુરેશભાઈ ધારેક તેમના વિદ્યાર્થીઓને પણ વૃક્ષ વાવવા માટે પ્રેરીત કરે છે.

દરેક શાળાના શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને પુસ્તકિયા જ્ઞાન સાથે વૃક્ષ વાવવા અને પર્યાવરણ બચાવવા માટેનું જ્ઞાન પણ આપે તો?

આપના જવાબ મને : 'મેઘ વર્ષા, ૧૪, સપ્તગિરી સોસાયટી, વિભાગ-૩, સાંઈ મંદિર અને બગીચાની પાછળ, વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા-૩૯૦ ૦૧૧. મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮ અથવા ઈ-મેઈલ : maunjoshi@gmail.com કે maun_66@yahoo.co.in પર મોકલી આપશો હોં... રાહ જોઈશ...

- **સંવેદના :**

*મમતાનું મુહૂર્ત ના હોય...!*
*ચાહતના ચોઘડિયા ના હોય...!!*
*પ્રેમમાં પંચક ના હોય...!!*
*અને વહાલમાં વીંછુડો ના હોય...!!*

શુભેચ્છા સહ...
**કમલેશ મનુભાઈ શાહ - અમદાવાદ**
**મો. ૯૮૨૫૦ ૧૮૧૮૦**

# વિશ્વ વાઘ દિવસ



ડૉ. મિહિર એમ. વોરા



વિશ્વભરમાં ૨૯ જુલાઈના રોજ 'વાઘ દિવસ' મનાવવામાં આવી રહ્યો છે. આ અવસરે તેમના સંરક્ષણ પ્રત્યે જાગરૂકતા ફેલાવવા માટે કેટલાય કાર્યક્રમ યોજાઈ રહ્યા છે.

આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ ૨૦૨૩ વાઘના લુપ્તતા અને તેમને બચાવવાની જરૂરિયાત વિશે જાગૃતિ લાવવાના સામાન્ય ધ્યેય સાથે કોઈ ચોક્કસ થીમ વિના ઉજવવામાં આવશે.

સમયની સાથે વિલુપ્ત થતા વન્ય જીવોમાં વાઘ પણ એવું પ્રાણી છે જેની સંખ્યા ઝડપથી ઘટી રહી છે. એક રીપોર્ટ અનુસાર વિશ્વમાં હાલ માત્ર ૩૯૦૦ જંગલી વાઘ બચ્યા છે. ૨૦મી શતાબ્દિની શરૂઆતથી જ નિષ્ણાતો વિશ્વમાં ઘટતી વાઘની સંખ્યાથી ચિંતિત છે. પરંતુ આ દરમિયાન સંરક્ષણના ઈતિહાસમાં પ્રથમવાર ભારતમાં સારી ખબર જાણવા મળી છે. આંતરરાષ્ટ્રીય વાઘ દિવસના પહેલા વાઘની ગણનાનો વિસ્તૃત રીપોર્ટ જાહેર કર્યો છે.

વિશ્વમાં વાઘની લગભગ ૭૦ ટકા વસતી ભારતમાં રહે છે. દેશમાં ૩,૧૬૭ વાઘ છે જ્યારે સમગ્ર વિશ્વમાં માત્ર ૩,૯૦૦ વાઘ જ બચ્યા છે.

ભારતને પોતાની વાઘ સંપત્તિ પર ગર્વ છે. વાઘના સંરક્ષણને ધ્યાનમાં લઈને ૧૨ ટાઈગર રેન્જ દેશો સાથે મળીને કામ કરવા માટે તૈયાર છે. આંતરરાષ્ટ્રીય સ્તર પર આપણી પાસે કેટલાય સમૃદ્ધ સંસાધન (સોફ્ટ પાવર) છે, જેમાંથી એક આપણા દેશના પ્રાણીઓ છે. દેશમાં ૩૦ હજાર હાથી, ત્રણ હજાર એક શીંગડાવાળા ગેંડા અને ૫૦૦થી વધારે સિંહ છે.

વર્ષ ૧૯૭૩માં જ્યાં દેશમાં માત્ર નવ ટાઈગર રીઝર્વ હતા, ત્યાં તેમની સંખ્યા હવે ૫૦ થઈ ચૂકી છે. સૌથી મહત્ત્વનું કે આ બધા ટાઈગર સારા છે અથવા તો સર્વશ્રેષ્ઠ છે. વૈશ્વિક સ્તર પર માત્ર ૨.૫ ટકા ભૂમિ, ચાર ટકા વરસાદ અને વિશ્વની ૧૬ ટકા વસતી હોવા છતાં ભારત વિશ્વનું આઠ ટકા જૈવ વિવિધતા ધરાવતું ઘર છે, જેમાં વાઘની ૭૦ ટકા વસતી પણ સામેલ છે. આપણે ૧૨ ટાઈગર રેન્જ દેશોનું નેતૃત્વ કરવા માટે તૈયાર છીએ.

વિશ્વમાં ભારત ઉપરાંત બાંગ્લાદેશ, ભુટાન, કમ્બોડિયા, ચીન, ઈન્ડોનેશિયા, લાઓ પીડીઆર, મલેશિયા, મ્યાનમાર, નેપાળ, રશિયા, થાઈલેન્ડ અને વિયેતનામમાં વાઘ જોવા મળે છે. ગત વર્ષની વાઘ ગણના રીપોર્ટ અનુસાર ભારતમાં વર્ષ ૨૦૦૬ની સરખામણીમાં ૨૦૧૮માં વાઘની સંખ્યા બે ગણી થઈ ગઈ હતી.

વાઘ ગણના અનુસાર, દેશમાં સૌથી વધારે વાઘ મધ્ય પ્રદેશમાં છે. દેશના આઠ રાજ્યોમાં વાઘની સંખ્યા ૧૦૦થી વધારે છે. રીપોર્ટમાં દેશની ૫૦ ટાઈગર રીઝર્વની પરિસ્થિતિઓ વિશે પણ જણાવવામાં આવ્યું છે. તેના અનુસાર ઉત્તરાખંડના જીમ કોર્બેટ ટાઈગર રીઝર્વમાં સૌથી વધારે ૨૩૧ વાઘ છે. જ્યારે મિઝોરમની ડાંપા, પશ્ચિમ બંગાળની બુક્સા અને ઝારખંડ પલામુ ટાઈગર રીઝર્વમાં એક પણ વાઘ નથી.

મધ્ય પ્રદેશમાં ૫૨૬ વાઘ, કર્ણાટકમાં ૫૨૪ વાઘ, ઉત્તરાખંડમાં ૪૪૨ વાઘ, મહારાષ્ટ્રમાં ૩૧૯ વાઘ, તામિલનાડુમાં ૨૬૪ વાઘ, અસમમાં ૧૯૦ વાઘ, કેરળમાં ૧૯૦ વાઘ અને ઉત્તર પ્રદેશમાં વાઘની સંખ્યા ૧૭૩ છે.

વાઘની ગણના માટે ૫૦ ટાઈગર રીઝર્વ અને જંગલોમાં ઠેર ઠેર ૩૦ હજાર કેમેરા લગાવીને લગભગ ૩.૫ કરોડથી વધારે તસવીરો લેવામાં આવી છે. આ દરમિયાન ૩,૮૧,૦૦૦ વર્ગ કિલોમીટર વિસ્તારને કવર કર્યું હતું. આ તસવીરોમાં ૭૬,૬૬૧ વાઘની જ્યારે ૫૧,૭૭૭ દીપડાની તસવીર હતી. ગિનીઝ વર્લ્ડ રેકોર્ડમાં વિશ્વમાં વન્યજીવના સૌથી મોટા કેમેરા ટ્રેપ સર્વે હાથ

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૩ ઉપર)**

## ‘મારા લાડલા સંતાનનું શારીરિક નુકસાન કરીશ’ ઓબ્સેસિવ વિચારો – ઓ.સી.ડી. (OCD)

ભાગ-3




ડૉ. મણિલાલ ગડા (સિનિયર મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના બે લેખમાં (મંગલ મંદિર ફેબ્રુઆરી તથા માર્ચ ૨૦૨૩) ઓ.સી.ડી.ના અનિચ્છિત દબાણપૂર્વકના કાર્યો (Compulsive Behaviour)ના કિસ્સા વિશે જાણકારી મેળવી. જેમાં દર્દીનું મન ગંદકીના વિચારોથી ઘેરાયેલું હતું તથા સાફ સફાઈમાં વધારે પડતો સમય વેડફાઈ જતો હતો (વારંવાર હાથ ધોવા, નહાવામાં વધારે સમય તથા વધારે પાણીનો વપરાશ, ટોઈલેટમાં લાંબો સમય લાગવો વગેરે). આને લીધે રોજિંદા કામકાજ તથા જીવન પર નકારાત્મક અસર થતી હતી.

આ ઉપરાંત દર્દી એકની એક ક્રિયા વારંવાર કરતી હતી (બહાર જતી વખતે દરવાજો વારંવાર ચકાસવો, ગેસનો ચૂલો વારંવાર તપાસવો, તૈયાર થવા માટે કપડા વારંવાર પહેરવા તથા કાઢવા વગેરે).

આ લેખમાં ઓ.સી.ડી.નો બીજો ભાગ અનિચ્છિત દબાણપૂર્વકના વિચારો (Obsessive Thoughts) વિશે જાણીએ.

### કેસ સ્ટડી

૬૪ વર્ષના કુમુદિનીબેનને (નામ બદલ્યું છે) છેલ્લા પાંચેક વર્ષથી મનમાં વારંવાર વિચારો આવતા હતા કે સૌથી નાની દીકરી ‘કૃતિકા’, જે સૌથી વધુ પ્રિય સંતાન છે તેને કુમુદિનીબેન શારીરિક રીતે નુકસાન કરશે. તીક્ષ્ણ હથિયાર વડે કૃતિકાના શરીર પર વાર કરશે. આથી કૃતિકાને તકલીફ થશે. શરીરમાં ખોડખાંપણ રહેશે અને સાસરીયામાં કૃતિકા અપ્રિય થશે.

(કૃતિકા કુમુદિનીબેનની સૌથી પ્રિય સંતાન છે. લાડમાં ઉછેરેલ છે પરંતુ ખૂબ જ ડાહી દીકરી છે. સાસરામાં સુખેથી રહે છે. બે બાળકો છે. પતિ સારું કમાય છે તેમજ ખૂબ જ પ્રેમાળ છે. કૃતિકા અને એનો પતિ કુમુદિનીબેનને પોતાની સાથે બહારગામ લઈ જાય છે. પરદેશ પણ ફરવા લઇ ગયા છે.)

ઉપરોક્ત વિચારોથી કુમુદિનીબેન બેચેન થઇ જતા, અસ્વસ્થ થઈ જતા. ‘હું કૃતિકાને નુકસાન પહોંચાડીશ’ એ વિચારોથી રડવું આવી જતું. મનમાં અપરાધભાવ (guilt feeling) આવતો. ‘હું પાપી છું’, ‘હું કેવી મા છું કે મને આવા નકારાત્મક વિચારો આવે છે. પોતાની પ્રિય દીકરીનું ખરાબ ઇચ્છું છું. આના કરતા મરી જવું સારું.’

શરૂઆતમાં ઉપરોક્ત વિચારો કોઈક વખત જ આવતા હતા. કુમુદિનીબેન વિચારો પર કાબૂ મેળવી પોતાનું ધ્યાન બીજે વાળી શકતા હતા. રોજિંદા કામકાજ તથા જીવન પર કોઈ વિપરીત અસર થતી ન હતી.

ધીમે ધીમે ઉપરોક્ત વિચારોનું પ્રમાણ વધતું ગયું. કામમાં મન પરોવાયેલું હોય ત્યારે ઉપરોક્ત વિચારો આવતા ન હતા પરંતુ કામ પૂરું થયા બાદ અને નવરાશના સમયમાં વિચારો આવતા હતા. ઘણી વખત વિચારોમાં ખોવાઈ જતા તથા એ દરમિયાન આજુબાજુ શું થઈ રહ્યું છે એ પર બેધ્યાન થઈ જતા. આથી ગેસ પર રાખેલ દૂધ ઉભરાઈ ગયું હતું તથા શાક પણ બળી ગયું હતું. આવું પહેલા ક્યારેય થયું ન હતું.

કુમુદિનીબેનનું મન ઉદાસ રહેતું હતું. ઉમંગ, ઉત્સાહ ઓછા થઈ ગયા હતા. બાહ્ય પ્રવૃત્તિમાં રસ ઓછો થઈ ગયો હતો. મહિલા મંડળની મીટિંગોમાં જવાનું લગભગ બંધ જ થઈ ગયું હતું. જે પહેલા નિયમિત હાજરી આપતા હતા. બહેનપણીઓ જોડે પણ બહાર જવાનું ઘણું જ ઓછું થઈ ગયું હતું.

કુમુદિનીબેનને ઉપરોક્ત વિચારો વિશે ઘરની અન્ય વ્યક્તિઓને વાત કરતાં ડર લાગતો હતો. એમને થતું, કુટુંબીજનો મારા વિશે શું વિચારશે? નકારાત્મક પ્રતિભાવ તથા નકારાત્મક પ્રતિક્રિયાના ડરથી કુમુદિનીબેને ઉપરોક્ત વિચારોની જાણ પોતાના પતિને પણ કરી ન હતી. કુમુદિનીબેનને એમ હતું કે આ વિચારો પર જાતે કાબૂ મેળવી લેશે. પરંતુ વિચારોનું પ્રમાણ વધી જતાં છેવટે પતિને વિચારો બાબત જણાવ્યું.

પતિએ કુમુદિનીબેનને સમજાવવાની કોશિશ કરી કે આ ફક્ત વિચારો છે, તું આવું કાંઈ નહીં કરે એની મને ખાતરી છે. વિચારો પર કાબૂ મેળવવાની કોશિશ કર. પરંતુ આનું પરિણામ શૂન્ય આવ્યું.

વિચારોનું પ્રમાણ વધતાં રોજિંદા કામકાજ પર નકારાત્મક અસર થતાં ખાસ કરીને બેધ્યાનપણું વધતાં મનોચિકિત્સકને કન્સલ્ટ કર્યા.

- **મનની મનોવૈજ્ઞાનિક તપાસ**
  **(Mental Status Examination – MSE) :**

આ તપાસ દરમિયાન કુમુદિનીબેને ડોક્ટરને (લેખકને) સાતથી આઠ વખત પૂછ્યું કે ડૉક્ટર, હું મારી લાડકી દીકરીને શારીરિક નુકસાન તો નહીં પહોંચાડું ને? લેખકે દરેક વખતે સાંત્વન આપ્યાની થોડીવારમાં આ પ્રશ્ન કુમુદિનીબેન ફરીથી પૂછતા.

કુમુદિનીબેન કહેતા કે ડૉક્ટર, મને સમજ છે કે મારે આ રીતે વિચારવું ન જોઈએ. પણ હું શું કરું? મારા વિચારો મારા કાબૂમાં નથી. હું જાણી કરીને આ રીતે વિચારતી નથી.

- **નિદાન :**

કુમુદિનીબેનનો કેસ ઓ.સી.ડી. (OCD – Obsessive Compulsive Disorder)નો છે. જેમાં મુખ્યત્વે અનિચ્છિત દબાણપૂર્વકના વિચારોના (Obsessive thoughts) લક્ષણો છે. આ લક્ષણોને (વિચારોને) લીધે કુમુદિનીબેનના રોજિંદા કાર્યોમાં તથા રોજિંદા વ્યવહારમાં તકલીફ તથા મુશ્કેલી સર્જાતી હતી.

માનસિક રીતે સ્વસ્થ વ્યક્તિનો પોતાના મન પર કાબૂ હોય છે. એટલે મનના કાર્યો (જેવા કે વિચારો, વર્તણૂંક, લાગણી, વાણી વગેરે) પર પોતાનો કાબૂ હોય છે. એણે પોતે નક્કી કર્યા મુજબ વિચારો, વર્તણૂંક તથા એ પ્રમાણેનું આચરણ કરે છે.

મનથી બીમાર વ્યક્તિનો મન પર કાબૂ હોતો નથી. આથી મનના એક અથવા વધારે કાર્યોમાં (વિચારો, વર્તણુંક, વાણી, લાગણી, એકાગ્રતા, ગ્રહણ શક્તિ, સ્મરણશક્તિ વગેરેમાં) ખલેલ પહોંચે છે.

કુમુદિનીબેનના કિસ્સામાં વિચારોએ એમનો કાબૂ મેળવ્યો હતો. કુમુદિનીબેનને સમજ તથા જાણકારી હોવા છતાં વિચારો પર કાબૂ મેળવી શકતા ન હતા. આ મનની બીમારી છે. જેવી રીતે શારીરિક બીમારી માટે ડૉક્ટર પાસે નિદાન કરાવી સારવાર કરવી જરૂરી છે, તેવી જ રીતે મનની (માનસિક) બીમારી માટે મનોચિકિત્સક પાસે યોગ્ય નિદાન કરાવી યોગ્ય મનોચિકિત્સા કરાવવી અગત્યની છે.

***(ક્રમશઃ)***

## લાઈબ્રેરી

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સમૃધ્ધ લાઈબ્રેરીનો લાભ લેવા સમાજના તમામ સભ્યોને વિનંતી.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વાચકોને જણાવવાનું કે આપની પસંદગીના પુસ્તકો ઉપલબ્ધ થઈ શકે તે માટે આપની પસંદગીના પુસ્તકોના નામ જણાવવા વિનંતી.*

## હાર્ટ ફેઈલ્યોર એટલે શું?

**(અનુસંધાન : પાના નં. – ૩૪ ઉપરથી ચાલુ)**

૧. ***કોરોનરી ધમનીના રોગો :*** આ ધમનીઓ સાંકડી થતી જાય. હૃદયના સ્નાયુઓને પૂરતા પ્રમાણમાં લોહી ના પહોંચાડી શકે. તો હૃદય પૂરતા પ્રમાણમાં લોહી શરીરને ના પહોંચાડી શકે. ત્યારબાદ હાર્ટ એટેક થવાને કારણે હૃદયના સ્નાયુના કોષો મૃત્યુ પામે - એટલે હૃદયનું પમ્પિંગ નબળું પડે.

૨. ***હૃદયના વાલ્વ લીક અથવા સાંકડા થવાથી :*** હૃદયને ડાબી બાજુ માઈકલ વાલ્વ અને એવોરટીક વાલ્વ હોય છે. જમણી બાજુ ટ્રાયક્સપીડ અને પલ્મોનરી વાલ્વ હોય છે. આમાંથી કોઈપણ લીક થાય કે સાંકડા થાય તો હૃદયના સ્નાયુઓ - ક્ષેપક કે કર્ણકના નબળા પડે. હૃદય પૂરતા પ્રમાણમાં લોહી શરીરમાં ફેંકી ના શકે.

૩. ઘણી વખત હૃદયના સ્નાયુઓને ચેપ, અતિશય દારૂ તથા કેટલીક દવાઓની આડઅસરો નબળા પાડે છે.

૪. ***હૃદયના જન્મજાત રોગો :*** હૃદયના પડદામાં કાણું રહી જાય (ADS, VDS જેવી કેટલીક વિચિત્ર બીમારીઓ.)

૫. ***હાઈ બ્લડ પ્રેશર :*** ઉપરનું (Systolic) કે નીચેનું (Diastolic) બી.પી. સતત વધારે રહેતું હોય તો હૃદયની દીવાલ જાડી અને પહોળી થતી જાય - હૃદયને વધારે કામ કરવું પડે.

૬. ***હૃદયને વધારે કામ કરવું પડે તેવા રોગો :*** લોહીની ઉણપ, થાઈરોઈડ (Hypothyroidism) વગેરે.

- **સારવાર :**

૧. ઉપરોક્ત કારણોમાં જે કોઈ હોય તેની સારવાર : લેટેસ્ટ ટેકનોલોજી આપવાના કારણે ૯૦% ઉપરાંત સારું થઈ શકે છે.

૨. પેશાબ દ્વારા વધારાનું પાણી નીકળવાની દવાઓ.

૩. હૃદયનું પમ્પિંગ સુધારવાની દવાઓ.

૪. હૃદયના ધબકારા કાબૂમાં રાખતા, હૃદયનો શ્રમ ઓછો કરવાની દવાઓ.

૫. નવી દવાઓ Vyamda અને Depaglufogin થી દર્દીઓ સારી રીતે હરીફરી શકે છે.

૬. હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ - અમદાવાદની જાણીતી હોસ્પિટલોમાં થઈ શકે છે. ■

*સાપ ઘરે જોવા મળે તો લોકો દંડો મારવા દોડે છે*
*અને "શિવલિંગ" પર જોવા મળે તો દૂધ પીવડાવવા દોડે છે.*
*સન્માન તમારું નહીં પરંતુ તમારા સ્થાન અને સ્થિતિનું થાય છે.*

# હાર્ટ ફેઇલ્યોર એટલે શું?
## લક્ષણો – કારણો – સારવાર



ડૉ. કમલેશ એન. શાહ
M.D.

● **હાર્ટ ફેઇલ એટલે શું?**

હૃદયનું પમ્પિંગ જે પ્રમાણે થવું જોઈએ તે ના થાય તેને હાર્ટ ફેઈલ્યોર કહેવાય. આપણા શરીરના સમગ્ર કોષો હૃદયના પમ્પિંગ દ્વારા આવેલા લોહીમાંથી ઓક્સિજન તથા જરૂરી પોષક તત્ત્વો મેળવે છે. તે રીતે શરીર ચાલે છે. જો હૃદયનું પમ્પિંગ નબળું પડે, કે ફેઇલ જાય તો શરીરના કોષો સુધી પૂરતા પ્રમાણમાં લોહી ના જાય. આથી શ્વાસ ચઢવો, થાક લાગવો, ખાંસી આવવી થાય છે. ચાલવાનું, દાદરો ચઢવાનો અઘરો પડે છે.

● **હાર્ટ ફેઇલ્યોર કેવી રીતે થાય છે?**

**હૃદયના સ્નાયુઓ નબળા પડે પછી –**

૧. *હૃદય પહોળું થાય :* હૃદયના સ્નાયુઓ ખેંચાય. જેથી કરીને શરીરને મળતી લોહીની જરૂરિયાત પૂરી ન કરી શકે – આ કારણે હૃદય ધીમે ધીમે પહોળું થાય.

૨. હૃદયના સ્નાયુઓના કોષ મોટા થાય એટલે એમ લાગે કે સ્નાયુઓનો જથ્થો વધે છે.

૩. હૃદયનું પમ્પિંગ ઝડપ વધારે : આના કારણે હૃદયમાંથી નીકળતો લોહીનો જથ્થો વધે.

આ કારણે તાત્કાલિક ધોરણે પ્રશ્નો હલ થતા લાગે. પરંતુ તે કાયમી રસ્તો નથી. આ ઓવરટાઈમ હૃદયનું કહેવાય. પછી મર્યાદા આવી જાય. એટલે વ્યક્તિનો થાક, શ્વાસ ચઢવો વગેરે શરૂ થાય. ઘણી વખત હૃદયના ઓવરટાઈમને કારણે થોડા વર્ષો વ્યક્તિને લક્ષણો જણાતા નથી. એટલે તે ડૉક્ટર પાસે જતો નથી.

● **હાર્ટ ફેઇલ્યોર કેટલા પ્રકારના હોય છે?**

હાર્ટ ફેઇલ્યોર બે જાતના છે : (૧) પ્રથમ ડાબી બાજુનું હાર્ટ ફેઈલ થાય. લોહી શરીરમાં પૂરતા પ્રમાણમાં જાય નહીં. (૨) પછી જમણી બાજુનું હાર્ટ ફેઈલ થાય. વપરાયેલું લોહી ભેગું થાય. (૩) આવું હૃદય ફેઇલ થાય (Conestive Heart Failure) ફેફસા તથા શરીરની માંસપેશીમાં પાણી ભરાય.

● **હૃદય ફેઇલ થવાના કારણો :**

**(A) Systolic Heart Failure :**

ડાબી બાજુના હૃદયની પમ્પિંગની ક્ષમતા ઘટવાથી FF (Ejection Fraction) ડાબી બાજુનું હૃદય ધીમે ધીમે પમ્પિંગ ક્ષમતા ગુમાવતું જાય છે. પૂરતા જોશમાં લોહી શરીરમાં ફેંકી શકતું નથી.

**(B) Diastolic Heart Failure :**

ડાબી બાજુના હૃદયની પમ્પિંગની ક્ષમતા ઘટતી નથી (EF). તેના સ્નાયુઓ બરડ થવાથી પૂરતા પ્રમાણમાં રીલેક્સ થતા નથી. એટલે તેમાં (ડાબા ક્ષેપકમાં) લોહી પૂરતા પ્રમાણમાં ભરાતું નથી. એટલે પમ્પિંગ સમયે શરીરમાં ઓછું લોહી ફેંકાય છે.

● **હાર્ટ ફેઇલ્યોરના ચિહ્નો :**

સામાન્ય રીતે હૃદય પમ્પિંગ કરે ત્યારે ઓક્સિજનવાળું લોહી (L+Ariam) ડાબા કર્ણકમાં અને ડાબા ક્ષેપક (L+Ventricle) અને ત્યારબાદ આખા શરીરમાં જાય છે. જ્યારે હૃદયના બંને ભાગની ક્ષમતા ઘટે છે ત્યારે હૃદયને ખૂબ જોરથી કામ કરવું પડે છે. આથી તે નબળું પડતું જાય છે. આથી લોહી જ્યાંથી આવ્યું ત્યાં પાછુ જાય છે. આથી છેલ્લે ફેફસામાં પાણી ભરાય છે.

**ચિન્હો :**

૧. નિયમિત ચેક-અપ કરાવવાથી શરૂઆતમાં જ તેની ખબર પડી જાય છે. સારવાર કરાવવાથી લક્ષણો ઘટે છે.

૨. રાત્રે શ્વાસ લેવામાં મુશ્કેલી પડે. અચાનક મુંજારો થાય, જાગી જવાય.

૩. છતાં સૂવામાં તકલીફ - શ્વાસ ચઢે.

૪. કાયમ ખાંસી રહે - સૂકી હોય.

૫. અશક્તિ, કામ કરવામાં ધ્યાન ન આપી શકાય.

૬. ઉબકા આવે તથા ભૂખ ઓછી થઈ જાય.

૭. છાતીના ધબકારા વધી જવા. અનિયમિત સંભળાવા.

૮. વજનમાં વધારો થવો.

● **હાર્ટ ફેઈલ્યોરના કારણો :**

જે હૃદયના સ્નાયુઓને નુકસાન પહોંચાડે તે બધા જ કારણો.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૩ ઉપર)

# શ્વાસ - હાંફ



ડૉ. કમલેશ એન. શાહ
M.D.

પ્રત્યેક જીવને કુદરતે શ્વાસ - ઉચ્છવાસની પ્રક્રિયા આપી છે. આ લેખને મનુષ્યના શ્વાસ-ઉચ્છવાસ પૂરતી સીમિત રાખી આગળ વધીએ.

પ્રત્યેક વ્યક્તિમાં કુદરતી રીતે ચોવીસે કલાક શ્વાસ-ઉચ્છવાસની પ્રક્રિયા ચાલુ હોય છે. જેના ઉપર તેનો કાબૂ નથી. તમે સભાન થઇ જાઓ, એકાંતમાં બેઠા હો યા યોગ કે ધ્યાન કરતા હોઈએ ત્યારે આ ક્રિયા કેવી રીતે થાય છે તેની ખબર પડે છે. સામાન્ય રીતે એક મિનિટમાં આ પ્રક્રિયા વીસ વખત થાય છે. પ્રત્યેક પ્રક્રિયા દરમિયાન ઉચ્છવાસ દ્વારા કાર્બન ડાયોક્સાઇડ બહાર જાય છે અને શ્વાસ દ્વારા ઓક્સિજન શરીરમાં ફેફસાં દ્વારા લોહીમાં પ્રસરે છે. આજે વાત કરવી છે, શ્વાસના રોગો વિશે સમજણ આપવાની. સમાજમાં વ્યક્તિઓની આ પ્રકારની ફરિયાદો મેડિકલ સાયન્સ પાસે આવતી હોય છે :

૧. મને ચાલતાં શ્વાસ ચઢે છે. બાવન વર્ષના ભાઈ છેલ્લા ૧ મહિનાથી ફરિયાદ કરે છે. હાઈ બ્લડપ્રેશરના દર્દી છે.
૨. છેલ્લા દસ વર્ષ કરતાં વધારે સમયથી ડાયાબિટીસની દવા લેતા ૫૮ વર્ષના બહેનને સામાન્ય દાદરો ચઢતા શ્વાસ ચઢી જાય છે.
૩. હોસ્પિટલમાં દાખલ કરેલા કમળામાંથી કમળી થયેલ દર્દી બેભાન છે અને શ્વાસોચ્છવાસ વધી ગયા છે.
૪. પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતાં પત્ની બેભાન થઈ ગઈ છે અને તેના શ્વાસ ઝડપી બની ગયા છે.
૫. ચારસો મીટરની દોડમાં પ્રથમ નંબરે આવેલો એથ્લેટ હાંફી રહ્યો છે, શ્વાસ ઝડપથી લઈ રહ્યો છે.

ઉપરોક્ત બધા જ ઉદાહરણો સામાન્ય વ્યક્તિ શ્વાસ લે છે તેના કરતાં અસામાન્ય છે. તો ચાલો, પ્રત્યેક શ્વાસના કેસને ઓળખવા ખૂબ જ સરળતાથી તેના પ્રકારો સમજી લઈએ.

સમગ્ર વનસ્પતિના પાનામાં હરીતકણો આવેલા છે. તેઓ આપણા ઉચ્છવાસમાં બહાર નીકળતો કાર્બન ડાયોક્સાઇડ વાયુ હવામાંથી શોષી લઈ, રાસાયણિક પ્રક્રિયા દ્વારા ઓક્સિજન છૂટો પાડે છે, જે હવામાં પાછો આવે છે. જે આપણા માટે પ્રાણવાયુ છે.

- **શ્વાસના પ્રકારો :**

૧. ફેફસા, શ્વાસનળીઓના કારણે (COPD/Asthma).
૨. હૃદયના રોગો - હાઈ બ્લડપ્રેશરના કારણે થતાં હૃદયના પ્રશ્નો (LVD).
૩. કિડની ફેઈલ, ડાયાબિટીસનું ઝેર, કમળામાંથી કમળી વગેરે (Metabolic Acidisis)
૪. બેભાન અવસ્થા - જેમાં નાના મગજને નુકસાન થવું (Respiratory distress)
૫. લોહનો ચેપ મગજમાં ગયો હોય – ઝેરી હવા પીધી હોય (Toxic Encephalopathy)
૬. ગભરાટ/ભય/ઢોંગની અવસ્થા (Hyperventilation)
૭. શ્રમ થકાવટ (Fatigue) જેમાં આરામ પછી શ્વાસોચ્છવાસ નોર્મલ થઇ જાય છે.

- **ફેફસા - શ્વાસનળીનો : દમ**

*ચિહ્નો :*

★ આ વ્યક્તિને અચાનક શ્વાસ ચઢી આવે છે. બેઠા બેઠા / સૂતા સૂતા પણ આમ થાય છે.
★ સાથે ખાંસી, ઉધરસ, કફ પણ થાય છે.
★ ઘણી વખત થોડુંક ચાલે તો પણ શ્વાસ ચઢી જાય છે.
★ મોટેભાગે ઋતુ બદલાય, શરદી થાય પછી જ થાય છે.

*કારણો :*

★ વિવિધ જાતની એલર્જી - જેમાં સીગારેટનો ધુમાડો, ઘરનો કચરો, પેટ્રોલનો ધુમાડો, ઘરની સાફસુફી, કોઈપણ જાતનો ચેપ જે શ્વાસનળીને લાગે.
★ કરમિયાને કારણે પેદા થતા એન્ટીજનો.
★ ચોક્કસ ખોરાકને કારણે થતી એલર્જી.
★ વારસાગત. જેમાં ચોક્કસ પ્રકારના રોગપ્રતિકારક રસાયણો ઓછા હોવા / ન હોવા (Immunogobulin)

*લક્ષણો :*

★ અચાનક શ્વાસ ચઢવો, બેઠા બેઠા પણ સૂઈ ન શકાય તે

રીતે (Bronchial Asthma)

★ ધીમે ધીમે શ્વાસ ચઢવો. વાતાવરણ બદલાય ત્યારે ખાસ અસર થવી (COPD - Chronic obstructive pulmonary).

★ હોઠ, આંગળા ભૂરા પડવા, પગે સોજા ચડવા.

*નિદાન :*

★ ચિન્હો તથા લક્ષણો ઉપરથી.

★ છાતીનો એક્સ-રે.

★ શ્વાસનળી ફેફસાનો ટેસ્ટ (PFT - Pulmonary Function Test)

★ Pulse Oxymeter નો ઉપયોગ. લોહીમાં ઓક્સિજનનું પ્રમાણ જાણી શકાય.

★ અસામાન્ય રોગોના નિદાન માટે (CT Chest / Biopsy)નો ઉપયોગ થાય છે.

*સારવાર :*

★ કોઈપણ પ્રકારની એલર્જીથી દૂર રહેવું. શક્ય છે? – હા. કાળજી રાખવાથી ઈમરજન્સી અને વધુ દવાઓથી દૂર રહી શકાય છે.

★ દમ - અસ્થમાના પ્રકારો પ્રમાણે - વાતાવરણ (ઋતુ) બદલાય તે પહેલાં દવાઓ શરૂ કરવી જોઈએ.

★ શ્વાસ ન ઉપડે - એટલે કે એલર્જી શ્વાસનળીમાં જાય ત્યાંના કોષો સાથે રીએક્શન કરી - કોષોમાંથી જે રસાયણ ઉત્પન્ન થાય છે તેના કારણે શ્વાસ ચઢે છે. આ રસાયણ ઉત્પન્ન થતું અટકાવવાની દવાઓ બજારમાં મળે છે. જેને Montair નામથી ઓળખાય છે. રાત્રે ૧ લેવી જોઈએ.

★ દુનિયામાં ઘણી બધી એલર્જી - વાતાવરણ - ખોરાક - રજકણો વગેરે તેની વિરૂધ્ધની રસી બનાવવાની શોધખોળો ચાલે છે. કેટલાક કિસ્સામાં સફળતા મળી છે.

આધુનિક સારવારમાં ગોળી સિવાય જાતજાતની પદ્ધતિ દ્વારા (ઇન્હેલર) થેરાપી હવે ખૂબ જ અસરકારક છે. આ થેરાપી દ્વારા દવાઓ સીધી શ્વાસનળીમાં જાય છે. ત્યાં શ્વાસનળીનો સોજો ઓછો કરી, તેનું સંકોચન દૂર કરી શ્વાસનળી અને તેની પેટા બ્રાન્ચો ખોલવાનું કામ કરે છે. આ થેરાપીમાં મુખ્યત્વે Rotocap નેબ્યુલાઈઝર ખૂબ અસરકારક છે અને હવે આ પ્રકારની દવાઓમાં પણ ચોવીસ કલાક અસર રહે તેવી દવાઓ મળતી થઈ ગઈ છે.

● **અંધશ્રદ્ધા (કેટલીક માન્યતાઓ) :**

૧. શ્વાસ ચઢે ત્યારે દવાઓ લેવી જોઈએ. કાયમ લઈએ તો શરીરમાં આડ અસર થાય.

***સમાધાન :*** સ્ટેરોઈડની દવા કાયમ ન લેવાય. તે સિવાયની દવાઓ કાયમ લેવાથી ફેફસાને નુકસાન થતું અટકે છે. સ્ટેરોઈડવાળી દવાઓ ઈન્હેલરમાં કે નેબ્યુલાઈઝરમાં ટૂંકા સમય માટે પ્રથમ સારવાર છે. શરીર ઉપર કોઈ આડ અસર નથી.

૨. જુવાન વ્યક્તિઓને શ્વાસની સારવાર તરીકે ઈન્હેલર થેરાપી લેવી જોઈએ નહીં. ટેવ પડી જાય.

***સમાધાન*** : ઈન્હેલર થેરાપી નાના બચ્ચાથી માંડીને વૃધ્ધ માણસો માટે પણ ફાયદાકારક છે. દવા સીધી શ્વાસનળીમાં જાય છે એટલે જલ્દી અસર કરે છે. શરીરમાં દવા જતી નથી એટલે કોઈ આડઅસર નથી. આ દ્વારા સારવાર લેતા ફેફસાને કસરત મળે છે તે વધારાનો ફાયદો.

આ પ્રકારના શ્વાસ ૨૪ કલાકથી વધુ રહે તો Asthmaticus કહેવાય છે.

શ્વાસના આ પ્રકરણમાં શ્વાસનળી, ફેફસાની વાત કરી છે. શ્વાસની વાતને યોગ સાથે જોડી તેના ફાયદા જગજાહેર છે ત્યારે પરમાત્માને એટલું કહીશ :

***લાવ પ્રભુ તને પત્ર લખું કે, થાઉં જરીક હળવો***
***આભાર માનવાનો ભાર, કયા શબ્દોથી તને રીઝવું?***
***તારી માયાજાળ, આ તો ભેદ ભેદાય ક્યાંથી?***
***સૌની સારસંભાળ રાખતો, અમારા ઉચ્છવાસ, કોઈના શ્વાસ.***

## હઝલ : મ્હાલે હવે

લો દળાવા ઉપડો, બહાના નહીં ચાલે હવે
શ્રીમતી સૂતા ભલે, વહુઓ ભલે મહાલે હવે!

'મારા વગર ચાલે નહીં' એ વહેમમાં રહેશો નહીં,
એકી સૂરે કહેશે બધા 'એના વગર હાલે હવે!'

ઘરની બાબતમાં કદી માથું તમે ના મારશો,
માન સાચવજો તમારં, મોભામાં રહેજો હવે.

આવું કદી ના બોલવું, આવું કદી ના આવવું,
ચાતરીને ચાલજો, વહુવારુનો ચીલો હવે!

બોલાવે એટલું બોલજો, જે આપે એ ખાઈ લેજો હવે,
જોહુકમીના દિવસો ગયા, એમ માનીને ચાલો હવે!

વહુવારુઓના વાંક ભૂલથી કદી ના કાઢતા,
એના તો બનતા બનશો, બનશો દીકરાના દુશ્મન હવે!

પેન્શનના સહારે મીર આયખું પૂરું કરો,
સાચવીને ચાલજો થોડા રહ્યા દિવસો હવે.

***યુસુફ મીર - અમદાવાદ***
***મો. ૯૩૫૧૮ ૧૨૭૮૮***

વાર્તા

# ખમ્મા મારા વીરા

રાજેન્દ્ર છેડા

ભાવિકા પોતાના નાના ભાઈ કરણની બી.એડ.ની ખૂટતી સામાન્ય ફી ભરવાને લઈને એકદમ હતાશ થઈ ગઈ. એણે કરેલી મહેનત પર પાણી ફરી વળતું હોય તેવું લાગ્યું. કરણ તો અત્યારે ગામમાં એના મિત્રને ત્યાં ગયો હતો. ભાવિકા એકલી એકલી રડી પડી. આંસુ ના રોકાતાં એ ખાટલામાં ઊંધી પડીને રડતી રહી. છાનું રાખવાવાળું કોઈ નહોતું. થોડીવારમાં આપોઆપ આંસુ સુકાઈને થીજી ગયા. એનું મન ભૂતકાળમાં જઈ ચડ્યું.

સંતોષી અને આનંદિત પરિવાર હતો ભાવિકાનો. પિતા વિનોદભાઈ અને માતા ધર્મિષ્ઠાબેનનું જોડું જ કુદરતે એવું નિરમ્યું હતું કે સૌને વહાલું લાગે! વિનોદભાઈ ગામથી પાંચ કિ.મી. દૂર આવેલ શહેરમાં પોતાની કેબીનમાં ટી.વી. રીપેરીંગનું કામ કરે અને પરિવારનો આરામથી ગુજારો થાય એટલું કમાઈ લે. ભગવાને પ્રથમ ખોળે દીકરી આપી. મા-બાપ સહિત ચાર જણના પરિવારમાં નાના ભૂલકાનો ઉમેરો થતાં હરખનો પાર નહોતો. આ પ્રથમ ખોળાની દીકરી ભાવિકા ચાર વર્ષની થઈ ત્યાં આ પરિવારમાં પુત્રનો જન્મ થતાં પરિવારના બધા જ ઓરતાઓ જાણે પૂરા થઈ ગયા.

વર્ષો વીતતા ક્યાં વાર લાગે છે? જોતજોતામાં ભાવિકાનું ગ્રેજ્યુએશન પૂરું થઈ ગયું. કરણ બી.એસ.સી.ના બીજા વર્ષમાં હતો. વિનોદભાઈનાં માવતર તો સિત્તેરની આસપાસની ઉંમરે થોડા વર્ષો પહેલાં વારાફરતી સ્વર્ગે સિધાવી ગયા હતા. પરંતુ વિનોદભાઈ અને ધર્મિષ્ઠાબેન પર અચાનક યમનું તેડું આવી ગયું. છવ્વીસમી જાન્યુઆરીના દિવસે વિનોદભાઈના મામાનો દીકરો ભચાઉમાં નોકરી કરતો, ત્યાં બંને ટૂંકી મહેમાનગતિએ ગયા. છવ્વીસમી જાન્યુઆરીના દિવસે બપોરે જમીને ઘેર આવવા નીકળવાનું હતું પરંતુ સવારના પહોરમાં તો ભૂકંપના એ તાંડવે મકાનના કાટમાળ નીચે ચીર નિદ્રામાં પોઢાડી દીધા.

હર્યોભર્યો પરિવાર વિખરાઈ ગયો. ભાવિકા અને કરણ પર તો જાણે દુઃખની વીજળી ત્રાટકી! સમજુ દીકરી ભાવિકાનું ભણતર રોળાઈ ગયું. અકાળે થયેલ વજ્રઘાતને સહન કર્યા સિવાય ક્યાં છુટકો હતો?

સરકાર તરફથી મા-બાપના મોત પછી થોડી ઘણી રકમ મળી હતી. એય સગા ત્રણ કાકાઓએ વિનોદભાઈ અને ધર્મિષ્ઠાબેન પાછળ સામાજિક ખર્ચના ખોટા આંકડા બતાવીને સગેવગે કરી દીધી.

ભાવિકાએ જેમ તેમ કરીને કરણનું ગ્રેજ્યુએશન પૂરું કરાવ્યું. વિનોદભાઈએ કરેલ બચત પૂરી થઈ ગઈ હતી. મા-બાપ પાસેથી સામાજિક આર્થિક જ્ઞાનનું ભાથું મેળવેલ ભાવિકાએ આ દરમિયાન સીવણ ક્લાસ કરીને સીવવાનું શીખી લીધું હતું અને સંચો પણ વસાવી લીધો હતો. યુવાનીમાં પ્રવેશ કરી ચૂકેલી દીકરીને રંગેચંગે લગ્ન કરવાના કોડ હોય એના બદલે ભાવિકાનું એકમાત્ર લક્ષ્ય અત્યારે લાડકવાયા નાના ભાઈને પગભર કરવાનું હતું. અત્યારે ભાવિકાને એની લગ્નની ઉંમર વીતી જશે એનીય ક્યાં ચિંતા હતી!

ભાઈ કમાતો થશે તો ભાભી મેળવવામાંય તકલીફ નહીં રહે ને એના લીધે એનાય ધામધૂમથી લગ્ન થઈ શકશે એવી ગણતરી હતી. ભાવિકાની છેલ્લા વર્ષમાં સીલાઈની આવક સાથેની મૂડી ગણતાં પચ્ચીસેક હજારની બચત હતી. હજી ફી ભરવા માટે પંદર હજાર રૂપિયાની ઘટ હતી.

ભણવામાં હોંશિયાર પરંતુ આર્થિક જ્ઞાનથી અજાણ કરણને તો રૂપિયા ક્યાંથી આવે છે એનીય ખબર નહોતી.

ભાવિકા રઘવાઈ બની ગઈ. પોતાના અભ્યાસનો ભોગ આપીને નાના ભાઈ માટે છેલ્લા દોઢ વર્ષ કરેલ તનતોડ મહેનત નકામી તો નહીં જાય ને?

ભાવિકાએ કાકાઓ પાસે જઈને વેદનાસભર રજૂઆત કરી જોઈ. પરંતુ જાકારા સિવાય કંઈ ના મળ્યું. ગામમાં સુખી કુટુંબ દેખાતા હતા ત્યાં જઈને 'વ્યાજ સહિત પાંચ વર્ષમાં રકમ પરત કરીશ' એવી લાગણીસભર રજૂઆત કરી જોઈ પરંતુ અનાથ ગણીને કોઈ મદદ કરવા તૈયાર નહોતું. સૌને એમ જ હતું કે નોકરીનો શો ભરોસો? આપેલા રૂપિયા ડૂબવાના જ છે.

...પરંતુ ભાવિકાને તો સંપૂર્ણ વિશ્વાસ હતો કે મારા ભાઈને નોકરી મળશે જ!

ભાવિકાની નજર સામે રઘો ખોખર દેખાયો. એ માણસ આ ગામમાં ઉંચા વ્યાજે રૂપિયાની ધીરધાર કરતો હતો. ગામ બહાર નીકળતાં એનું પાક્કું મકાન હતું. ભાવિકાએ ત્યાં જવાનું નક્કી કર્યું. આંખો લૂછી નાખીને ભાવિકા ખાટલામાંથી બેઠી થઈ

ગઈ. મોં ધોઈને થોડું પાણી પીધું અને હાંફળી ફાંફળી દોડતી હોય એ રીતે ભાવિકા રઘા ખોખરને ત્યાં પહોંચવાની હતી ત્યાં રસ્તામાં દૂરના કૌટુંબિક દાદાનું ઘર આવતું હતું, તે કાનજીદાદાની નજર તેના પર પડી.

કાનજીદાદાએ હાક મારીને ભાવિકાને પાસે બોલાવીને હકીકત પૂછી. કાનજીદાદા વિહ્વળ થઈ ગયા હતા. તેઓ હતા તો પરગજુ પરંતુ છોકરાઓ પાસે અત્યારે એટલું બધું કંઈ નહોતું કે ભાવિકાને મદદ કરી શકે. એટલે લાચાર હતા. છતાંય ભાવિકાને ઘડીભર બેસાડીને તેઓ અંદર ગયા. અંદર જઈને હાજર છોકરાઓ સાથે થોડી ચર્ચા કરી અને પછી તેઓ પરત આવ્યા.

કાનજીદાદા રઘા ખોખરના પરિવારને સારી રીતે જાણતા હતા. રઘાના બે દીકરાઓ હલકી કક્ષાના હતા. ઘણી વખત તો તેઓ દેવાદાર વ્યક્તિનો ગેરલાભ ઉઠાવતા. અહીં તો ભલે દૂરની રહી પરંતુ પોતાના પરિવારની અનાથ, યુવાન અને રૂપના અંબાર સમી દીકરીનો સવાલ હતો. કાનજીદાદાએ બધી હકીકત ભાવિકાને જણાવી.

થોડીવાર રહીને એમણે ધીમેથી ભાવિકાને કહ્યું, 'દીકરી, એક વાત કહું? મારા સાળાના દીકરાનો દીકરો છે. શહેરમાં મોટી નોકરી કરે છે. મને વિશ્વાસ છે કે એની પાસેથી રૂપિયા મળી રહેશે. મને એક દિવસનો સમય આપ દીકરી અને કેટલા રૂપિયાની જરૂર છે એ મને કહે.'

ભાવિકાને જીવમાં જીવ આવ્યો હોય તેમ બોલી, 'ખૂબ ખૂબ આભાર દાદા તમારો. પંદર હજાર રૂપિયાની જરૂર છે.'

બીજા દિવસે સાંજે કાનજીદાદાએ ઘેર જઇને ભાવિકાને હાથોહાથ પંદર હજાર રૂપિયા આપતા કહ્યું, 'દીકરી, રૂપિયા પાછા આપવાની કોઈ ઉતાવળ ના કરતી. પાંચ વરસ સુધીની મુદત લઇને આવ્યો છું.'

ભાવિકાની આંખોમાં આંસુ ઉભરાઈ આવ્યા. તે બોલી, 'દાદા, વડીલનો તો હું નાનકડા મોઢે શું આભાર માનું? આજે તમારામાં ભગવાનના દર્શન થયા એટલું જ કહું છું.'

કાનજીદાદા ભાવિકાના માથે હાથ મૂકીને ચાલતા થયા.

વર્ષ વીતી ગયું. કરણનું બી.એડ. પૂરું થયું અને એ સાથે જ પ્રાઈવેટ સ્કૂલમાં ગણિત, વિજ્ઞાનના શિક્ષક તરીકે હોંશિયારીના લીધે સારા પગારે નોકરીય મળી ગઈ. નોકરીનું સ્થળ વતનથી સાંઈઠ કિલોમીટર દૂર હતું પરંતુ એની પરવા ભાવિકાને ક્યાં હતી? ભાઈ પગભર થયો એ જ એના માટે મહત્ત્વનું હતું.

ભાવિકાની ખુશીનું તો કોઈ ઠેકાણું જ નહોતું. પોતાનો લાડકવાયો વીરો પગભર બની ગયો હતો. હા, હજી એની ઈચ્છા ભાઈને યોગ્ય પાત્ર શોધી આપવાની હતી. ત્યારે જ એની ફરજ પૂરી થાય એવું એ માનતી હતી.

એ એની ફરજ પૂરી કરવા સમાજમાં ભલામણો કરી રહી હતી. પરંતુ ચાર મહિના વિત્યા ત્યાં તો કરણે સામેથી જ કહ્યું, 'બહેન! મારી સાથે નોકરી કરતી શાલીની સાથે મારે એકદમ સાદગીપૂર્ણ રીતે લગ્ન કરવાના છે. કોઈ લાંબો ખર્ચ કરવો નથી.'

ભાવિકાનો આનંદ તો સાતમા આસમાને પહોંચી ગયો. અને કેમ ના પહોંચે? હવે તો ભાઈ અને ભાભી, બેય નોકરિયાત હતા. હવે એ સુખી પરિવારની સભ્ય બની ગઈ હતી. હવે તો પોતાનું માગું પણ સારા ઘેરથી આવશે. લગ્ન પણ ખૂબ સારી રીતે થશે.

મહિનામાં તો કરણ અને શાલીની લગ્નગ્રંથિથી જોડાઈ ગયા. ભાવિકા ભારે હૈયે વતનને છોડીને ભાઈ સાથે રહેવા નીકળી. નીકળતી વખતે કાનજીદાદાના આશિર્વાદ લેવાનું કેમ ભૂલે ભાવિકા? એણે કાનજીદાદાના આશિર્વાદ લઈને અતિશય ભાવવાહી અવાજે કહ્યું, 'દાદા, તમારી મદદે આજે મારો ભાઈ નોકરીએ પહોંચ્યો છે. જેમ બને તેમ જલ્દી હું પંદર હજાર રૂપિયા પરત કરી દઈશ અને તમારા ચરણે મૂકી શકાય એવી સુંદર ભેટ પણ લેતી આવીશ.'

ભાઈ-ભાભી સાથે ત્રણેક માસ વિતાવી દીધા ભાવિકાએ. ના કોઈ દિવસ ભાવિકાના સગપણની વાત કે ના કોઈ દિવસ ભાવિકાની મહેનતની વાત. સગા ભાઈના ઘેર બહેનની કોઈ ઈજ્જત નહીં. જાણે ઘરનું કચરા પોતું કરતી અને રસોઈકામ સંભાળતી નોકરાણી જોઈ લ્યો!

દિવસ દરમિયાન ભાઈ ભાભી નોકરીએ હોય ત્યારે ભાવિકા છાના છાના આંસુ સારી લેતી હતી. એ આંસુઓના મહાસાગરમાં ત્રણ ત્રણ માસ વિતાવી દીધા ભાવિકાએ. હવે એની સહનશક્તિની હદ આવી ગઈ હતી. છતાંય એ ચૂપ જ રહી.

ચોથા મહિને એણે કરણને એટલું જ કહ્યું, 'ભાઈ, મેં એક પંદર હજાર રૂપિયા કાનજીદાદા પાસેથી ઉધાર લીધેલ છે. એનો બંદોબસ્ત કરી આપે તો હું વતનમાં જઇને આપી આવું.' ભાવિકાએ કરણને આટલું કહ્યું ત્યાં તો શાલીનીની ધારદાર નજર કરણ સામે ટકરાઈ. આ દૃશ્ય ખામોશ રહીને ભાવિકા જોઈ રહી હતી.

કરણે થોથવાતી જીભે ભાવિકાને કહ્યું, 'બહેન, સીલાઈકામ તો તમે રાત દિવસ કરતા હતા. એટલી બધી કમાણી હતી તોય પંદર હજારનું દેવું કેવી રીતે થઈ ગયું? જુઓને મારો પગાર તો અત્યારે દસ હજાર રૂપિયા જ છે અને શાલીનીને એના મા-બાપે ભણાવી છે. એટલે એના બે ભાઈ અને એક બહેનના લગ્ન થાય ત્યાં સુધી તો એ એનો પગાર ત્યાં જ આપવાની છે. વળી મેં એમને થોડો ટેકો આપવાનું વચન આપેલ છે એટલે હું લાચાર છું બહેન.'

'અરે, ના ભાઈ ના! મારો ભાઈ લાચાર ક્યારેય ના હોય! હું બેઠી છું ને તારી મોટી બહેન! તું જરાય ચિંતા ના કરીશ. પંદર હજાર રૂપિયા તો કપડાં સીવીને ચપટી વગાડતામાં કમાઈ લઈશ વીરા. તું તારું શરીર સાચવજે ભઈલા, ને ભાભી, તમેય મારી ચિંતા ફિકર ના કરતા હોં!'

ભાવિકાએ એના થેલામાં બે ચાર જોડી કપડાં ભરીને વિદાય લેતા કહ્યું, 'સંભાળીને રે'જો બંને જણ. ભાવિકાએ જતાં જતાં કરણના ખામણાં લીધા અને કહ્યું, 'ખમ્મા મારા વીરા! જુગ જુગ જીવો...'

બસ સ્ટેન્ડમાંથી વતનની બસમાં બેસીને કન્ડક્ટરનો 'ટિકિટ... ટિકિટ...' અવાજ સાંભળીને ભાવિકાએ ફટાફટ થેલામાં રહેલ પાકીટમાં જોયું. પરચૂરણ અને બધું મળીને ચાર રૂપિયા નીકળ્યા. કંડક્ટર પાસેથી વતનના ગામનું ભાડું પાંચ રૂપિયા સાંભળીને ભાવિકાના મોતીયા મરી ગયા. એને પરસેવો વળી ગયો.

બરાબર ભાવિકાની પાછલી સીટમાં બેઠેલ ત્રીસેકની ઉંમરના વ્યક્તિને ભાવિકાની મુંઝવણની ખબર પડી ગઈ હોય તેમ એણે કંડક્ટરને કહ્યું, 'મારે તમારી પાસેથી પાંચ રૂપિયા લેવાના નીકળે છે. એમાંથી એમની ટિકિટ આપી દો. અમારે બંનેને એક જ ગામ ઉતરવાનું છે. ઉતરીને હું પાંચ રૂપિયા મેળવી લઈશ ને તમારે પણ છૂટા આપવાની માથાકુટ ટળે.'

ખરા સમયે મદદગાર થનાર વ્યક્તિને સહેજ પાછા ફરીને ભાવિકાએ જોઈ લીધો પરંતુ કોઈ ઓળખાણ ના પડી છતાંય એણે થોડું મોઢા પર હાસ્ય લાવ્યું અને પછી પોતાની લાચારી છુપાવતી આંખો બંધ કરીને ઊંઘવાનો પ્રયત્ન કરવા લાગી.

બસની એ સવા દોઢ કલાકની મુસાફરી ભાવિકા માટે કેવી હશે એ સમજી શકાય એવી વાત છે. વતનનું ગામ આવતાં તો ભાવિકા ફટાફટ બસમાંથી ઉતરી પડી. ઉતરીને થોડે દૂર જઈને ઊભી રહી. થોડીવાર રહીને બે ભારે થેલા સાથે પેલો વ્યક્તિ પણ ઉતર્યો. ગામના ચાર પાંચ બીજા મુસાફરો તો ભાવિકાને બોલાવીને ચાલતા થયા હતા.

ભાવિકાએ પેલા આગંતુકને પાસે આવતા જ કહ્યું, 'તમારો ખૂબ ખૂબ આભાર. હું મારા ભાઈના ઘેરથી ઉતાવળમાં નીકળી. એમાં પૈસા લેવાનું ભૂલી ગઈ. મારી પાસે ભાડાના પૂરા પૈસા નહોતા. તમે મને લાચારીમાંથી બચાવી લીધી. લ્યો, આ ચાર રૂપિયા છે એ લઈ લ્યો. એક રૂપિયો ઉધાર તમારો મારા પર. તમારે કોને ત્યાં જવાનું છે? લાવો, હું એક થેલો ઉંચકી લઉં છું.

કંઈ પણ બોલ્યા વગર આગંતુકે પૈસા લઈને એક થેલો ભાવિકાને પકડાવ્યો અને કહ્યું, 'મારે કાનજીદાદાને ઘેર જવાનું છે. એમના પૌત્રનાં લગ્ન છે.'

'ઓહ! મારે પણ પહેલાં કાનજીદાદાના આશિર્વાદ લેવા એમના ઘેર જ જવાનું છે' – ભાવિકાએ ખુશ થતા કહ્યું.

બંને કોઈપણ અન્ય વાતચીત વગર કાનજીદાદાના ઘેર પહોંચ્યા. ભાવિકા કાનજીદાદાના આશિર્વાદ લઈને બોલી, 'દાદા, તમારા મહેમાનને પણ સાથે લેતી આવી છું.' આગંતુકે પણ કાનજીદાદાના આશિર્વાદ લીધા. કાનજીદાદાએ 'ઘણું જીવો ભાવિક!' કહીને અણધારી આવેલ ભાવિકાને કહ્યું, 'દીકરી, અચાનક વતન સાંભરી આવ્યું કે શું? કરણ અને વહુ મજામાં છે ને? અને હા, આ તારી સાથે આવ્યો એને ઓળખે છે તું? ખરા સમયે આપણને મદદ કરનાર આ ભાવિક હતો દીકરી!'

ભાવિકા સમસમી ગઈ ઘડીભર. એ એકીટસે ભાવિકને જોઈ રહી. કેટલી સાદગી, કેટલો નિખાલસ!

કાનજીદાદાએ જ આગળ કહ્યું, 'શું જુએ છે દીકરી? એ આમેય ઓછાબોલો છે. એમાંય ભગવાને એને બે બે વખત વજ્રઘાત આપ્યો છે. લગ્નના ત્રીજા જ મહિને અકસ્માતમાં એણે પરણેતર ગુમાવી દીધી. એક વરસ પછી સમજાવીને બીજા લગ્ન કરાવ્યા તો એ વહુ પણ હૃદયના વાલ્વની બીમારીવાળી નીકળી. ઘણી દવાઓ છતાં બે વર્ષે મોતને ભેટી. એ વાતને આજે પાંચ વર્ષ થઈ ગયા. માંડમાંડ કરીને હવે એને સમજાવ્યો પણ કન્યાઓ હવે 'ત્રીજી તેખલ' કહીને નકારમાં માથું હલાવે છે. મહિને સાંઇઠ હજારનો પગારદાર હાથે હાંડલા ટીપે છે.'

'ખૂબ ખૂબ આભાર તમારો. જેમ બને તેમ જલ્દી તમારું લહેણું હું ચૂકતે કરીશ ભાવિક!' કહીને ભાવિકા પાણી પણ પીવા રોકાયા વગર સડસડાટ ઘર તરફ ચાલવા લાગી. ભાઈએ પહોંચાડેલ આઘાત એને ચેન પડવા દે એમ નહોતો. પરંતુ એણે મનને મક્કમ કરી લીધું. બધું જ દર્દ એ પી ગઈ. ગામલોકો આગળ 'શહેરમાં ફાવતું નહોતું' કહીને એણે સંચાને રાત-દિવસ સુખ દુઃખનો સાથી બનાવી લીધો. એણે ઘણા મનોમંથન પછી કંઈક મનમાં નક્કી કરી લીધું અને બરાબર ત્રણ મહિના પછી કાનજીદાદા પાસે પહોંચી ગઈ.

'દાદા, ભાવિક સાથે હું ઘર માંડવા તૈયાર છું. ત્રણ મહિનામાં ખાતા પીતા આ સાત હજાર બચાવ્યા છે એ ભાવિકને પહેલા આપી દો અને બાકીના આઠ હજાર ત્રણ ચાર મહિનામાં આપી દઈશ. ભાવિકની જો ઇચ્છા હશે તો એમની સાથે હું જરૂર લગ્ન કરીશ પરંતુ એમનું લહેણું ભરી દીધા પછી' – ભાવિકા પૂરા આત્મવિશ્વાસ સાથે બોલી.

કાનજીદાદા ટગર ટગર ભાવિકાને જોઈ જ રહ્યા. એમનાથી ના રહેવાયું. એ ઉભા થઈને ભાવિકાને ભેટી પડ્યા. ઘડીભર રહીને બોલ્યા, 'દીકરી, કરણ તને કંઈ નથી આપતો?'

'ના દાદા, એવું નથી પરંતુ હમણાં એનો હાથ બંધાયેલ

છે. એક તો નવી નોકરીમાં ઓછો પગાર ને પાછા શહેરના ખર્ચા!' ભાવિકા નીચું તાકીને બોલી ગઈ પરંતુ જમાનાને જીરવી ગયેલ કાનજીદાદાને સમજતા વાર ના લાગી. તેઓની આંખો ટપકી પડી. માત્ર એટલું જ બોલ્યા, 'ધન્ય છે દીકરી તને!'

ફરીથી તેઓ ભાવિકાને ભેટી પડ્યા. દીકરા, વહુઓ દોડતા આવીને અચરજભરી નજરે સૌ કાનજીદાદાને જોઈ રહ્યા હતા. એમના ધર્મપત્નીના મૃત્યુ પછી આજે બીજીવાર સૌએ દાદાની આંખમાં આંસુ જોયા હતા.

કાનજીદાદાએ બીજા જ દિવસે અમદાવાદ જઈને ભાવિકના હાથમાં સાત હજાર રૂપિયા આપીને ભાવિકાની બધી હકીકત જણાવી. એક મિનિટનોય વિલંબ કર્યા વગર રજા મૂકીને કાનજીદાદા અને ભાવિક આવી પહોંચ્યા.

ભાવિક અને ભાવિકાની આંખો મળી. 'આઠ હજારનું લહેણું લગ્ન પછી લઈશ' કહીને ભાવિકાની લાગણીઓ પર ભાવિકે અશ્રુમયી પ્રેમનો અભિષેક કર્યો. વડીલોની સંમતિથી લગ્નતિથિ નક્કી થઈ ગઈ.

ભાઈની નોકરીના સ્થળે દોડી જઈને વધાઈ ખાતા ભાવિકાએ કહ્યું, 'ખમ્મા મારા વીરા! કન્યાદાન આપવા આવજે મારા વીરા! બધી સગવડ થઈ ગયેલ છે. કોઈ બીજી ચિંતા ના કરતો ભાઈ!'

લગ્ન લેવાઈ ગયા. ભાવિકા પરણીને સાસરે આવી ગઈ. સાસુ, સસરા સહિત પરિવારનો પ્રેમ ભાવિકાને ભાવવિભોર કરી ગયો તો ભાવિકના પ્રેમનું તો પૂછવું જ શું? નોખી માટીનો એ માનવી ભાવિકાને ખુદ એના કરતાય ચડિયાતો લાગતો હતો. બધા જ દુ:ખ દર્દને ઘોળીને પી જનાર ભાવિકાને કુદરતે વ્યાજ સહિતનું સુખ આપી દીધું.

લગ્ન પછીના છઠ્ઠા મહિને ભાવિકે ભાવિકાને એમ.એ.નો અભ્યાસ શરૂ કરાવ્યો. ત્રીજા વર્ષે ભાવિકાને બી.એડ. કરાવીને જ જંપ્યો ભાવિક. ભાવિકા ચોથા વર્ષે તો ખ્યાતનામ કોલેજમાં અંગ્રેજી વિષયની લેક્ચરર બની ગઈ. પહેલો પગાર ભાવિકાએ ઈષ્ટદેવના મંદિરે મૂકીને પછી એમાંથી આઠ હજાર રૂપિયા લઈને ભાવિકના પગે મૂકીને ભાવિકા બોલી, 'મારા ભાઈ માટે કરેલ દેવું આજે હું ચૂકતે કરી રહી છું ભાવિક. એનું વ્યાજ હું તમારા ચરણની દાસી બનીને તમારી અને પરિવારની સેવા કરીને ચૂકવવાની કોશિશ કરીશ ભાવિક.'

ભાવિકનો તો પ્રત્યુત્તર આપવાના કોઈ હોશ નહોતા પરંતુ આ દૃશ્યને જોઈ રહેલ ભાવિકાના સાસુ સસરામાંથી ભાવિકાના સસરાએ દોડી આવીને કહ્યું, 'બેટા ભાવિકા વહુ! તમે મારા દીકરાના ચરણની દાસી નહીં પરંતુ આ ઘરના લક્ષ્મી છો.' તો ભાવિકાના સાસુ તો સગી દીકરીને ભેટતા હોય એમ ભેટીને રડતા રડતા બોલ્યા, 'ધન્ય છે દીકરી તને!' આ દૃશ્ય કવિની કલ્પનાશક્તિ કરતાં ચડિયાતું હતું જાણે!

સુખી લગ્ન જીવનનો એક દસકો પસાર થઈ ગયો એય ખબર ના રહી. એ દસ વર્ષમાં ભાવિકા ક્યારેય ભાઈ-ભાભીને ના ભૂલી. નિયમિત ખબર લેતી રહી. હા, એણે છ વર્ષનો દીકરો અને ચાર વર્ષની દીકરીને ક્યારેય મામા-મામીના દર્શન ના કરાવ્યા!!

ભાવિકનો ધોરણ-૯થી ધોરણ-૧૨ની ખાનગી શાળા ખોલવાનો વિચાર આવ્યો. એણે ભાવિકાને વિચાર જણાવ્યો. મંજૂરીની દોડધામ અને શાળાના કન્સ્ટ્રક્શન તથા બેંક લોન મંજૂરીમાં ભાવિકાનો છેલ્લા ત્રણ વર્ષથી ભાઈ-ભાભી સાથેનો સંપર્ક કપાઈ ગયો હતો. શાળા ચાલુ થઈ ગઈ હતી અને એની સંચાલક અને પ્રિન્સિપાલ ભાવિકા હતી. વિષયના શિક્ષકોની ઢગલાબંધ અરજીઓ આવી હતી. તેથી ક્લાર્કનો હંગામી હવાલો સંભાળતા વ્યક્તિએ મેરીટમાં અગ્રેસર દસ દસ ઉમેદવારોની ઈન્ટરવ્યુ માટે પસંદગી કરેલ હતી.

ઈન્ટરવ્યુ શરૂ થયો. સૌ પ્રથમ દિવસે ગણિત વિજ્ઞાનના શિક્ષકની ભરતી હતી. વિષય નિષ્ણાત શિક્ષકો ઈન્ટરવ્યુમાં બેઠા હતા. પાંચમા નંબરમાં કરણનું નામ બોલાતા જ ભાવિકા ટટ્ટાર થઈ. હા, એ તેનો ભાઈ કરણ જ હતો. ભાવિકા હળવેથી રૂમ બહાર નીકળી ગઈ. કરણનો ઈન્ટરવ્યુ પૂરો થતા જ ભાવિકા ઝડપભેર આવીને કરણ પાસે આવીને બોલી, 'ભાઈ કરણ, તું અહીં? તારી નોકરીનું શું થયું?'

ભાવિકા સાથે નજર મળતા જ કરણ ઢીલો થઈ ગયો. તે ધીમેથી બોલ્યો, 'બહેન, એ પ્રાઈવેટ સ્કૂલ જ બંધ થઈ ગઈ. સંચાલકે સતત સરકારી નિયમોની અનદેખી કરી હતી એટલે સરકારે માન્યતા જ રદ્દ કરી દીધી. બે વર્ષ થઈ ગયા બહેન! તમારા ભાભી અને હું બંને અત્યારે નોકરી માટે આમતેમ ભટકીએ છીએ. ઘેર ટ્યુશન શરૂ કર્યું છે. પરંતુ અત્યારે ચારેબાજુ ટ્યુશન ક્લાસના રાફડા ફાટ્યા છે એટલે વિદ્યાર્થીઓ મળતા નથી. અમે બંને અને બેય બાળકો અત્યારે રસ્તા પર આવી ગયા છીએ. બહેન, નોકરીની શરૂઆતમાં હું તમારી આગળ જુઠ્ઠું બોલ્યો હતો. પચ્ચીસ હજાર પગાર હોવા છતાં દસ હજાર કહીને મેં તમને પંદર હજાર રૂપિયા આપવાની અનિચ્છા દર્શાવી હતી એનું પાપ હું અત્યારે ભોગવી રહ્યો છું. તમારી ભાભી પણ અત્યારે ઘણો પસ્તાવો કરી રહી છે. પણ શું મોઢું લઈને અમે તમારી આગળ આવીએ? બની શકે તો અમને માફ કરો બહેન! આવતીકાલે અહીં તમારી ભાભીનો પણ ઈન્ટરવ્યુ છે.'

'ખમ્મા મારા વીરા! સૌ સારા વાના થશે. આ સ્કૂલ મારી છે, ભાઈ! ચિંતા ના કરીશ. તમારી બંનેની પસંદગી થઈ જશે.

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૪ ઉપર)

વાર્તા

# વહાલભરી વાદળી



એમ. ડી. સોલંકી

*જેમના અંતરમાંથી અહર્નિશ અને અવિરતપણે ભાઈ પ્રત્યેના અસીમ પ્રેમની નિઃસ્વાર્થ, નિર્વ્યાજ અને નિર્મળ નેહની અખૂટ સરવાણીઓ નિરંતર વહ્યા જ કરે છે, એવી જગતભરની તમામ વહાલસોઈ બહેનોને સાદર સમર્પિત નવલિકા "વહાલભરી વાદળી."*

ખોબા જેવડા એ ગુંદાસર ગામમાં પવનની પાંખે ચડીને વાત વહેતી થઈ'તી. 'ખરું કે'વાય હોં! આટલું બધું ભારે મામેરું હોય?'

'મારી હમજણમાં આજ લગી આવું ભારે મામેરું મૂકવ્યું હોય એવું મેં હાંભળ્યું જ નો'તું.' સફેદ દાઢી પર હાથ ફેરવતા મહીજી મતાદાર કહેતા.

'અલ્યા ભઈ, આ સંસારમાં મામેરા જેવા પરસંગ તો સમાના લાડ કે'વાય! બોન-દીકરીયુંને તો જેટલું આપીએ એટલું ઓછું ગણાય! પણ સુરેશે તો ભારે કરી હોં! મામેરામાં આપવા જેવી કોઈ ચીજ-વરતની એણે જરાય ખામી જ ના રે'વા દીધી. આખાય પાટણ પરગણામાં એણે એક જાતનો જાણે કે ડંકો જ વગાડી દીધો.' વાતમાં ટાપસી પૂરતા વશરામકાકા કહેતા.

'આમ તો આપણા પરગણામાં મામેરા જેવા પરસંગે બેનના ઘેર સોનાના ચાર દાગીના લઈ જવાનું બંધારણ છે. આમ છતાંય કોઇને એકાદ-બે દાગીના વધારે લઇ જવા હોય તો પછી જેવી જેની સંપત! અને જેવો જેનો વેવાર! પણ સુરેશે તો દાગીનાની સાથે આખાય ઘરની ઘરવખરી આપીને ભાણેજના લગ્ન પ્રસંગને બરાબરનો દીપાવી દીધો.' માથા પરની ટોપી સમી-નમી કરતા મનુભાઈ માસ્તરે સામાજિક વાત કરી.

સુરેશની બેન રતનના દીકરાના લગ્ન પ્રસંગે મૂકેલા મામેરાની આવી વાતો માત્ર પુરુષ વર્ગમાં જ નહીં, પણ પાણી શેરડે અને ગામ તળાવના ધોબીઘાટે સ્ત્રીઓમાં પણ ચર્ચાનો વિષય બની ગઈ હતી.

'અલી બૂન, રતનને તો ઇના ભઇએ આખે આખી હોને જ મઢી દીધી હોં!' ઉતાવળી અંબા તગારામાં કપડાં આઘા-પાછા કરતા કહેતી.

'સુરેસભાઈએ ઇમના બૂન રતનને મામેરાના પરસંગે આપવામાં કશુંય બાકી જ ના રાખ્યું. રતનબૂનની હાહરીવાળા બધાંય મોઢામાં આંગળા નાંખી ગયેલા હાં.' ગામનાતે ભાભી થતી ઉજમે કહ્યું.

'ઉજમભાભી, મારા પીયરના ગામમાં જ રતનબૂનની હાહરી સ્ અ. એટલે મને તો એ બેય ભાઈ-બૂનની હેતની પાક્કી ખબર સે. બૂનને આપવામાં સુરેશભાઈએ કોઈ દી' પાસુ વાળીને જોયું જ નથી!' કપડાં ધોવાનું બંધ રાખીને અજવાળી કહેતી.

'ગઈકાલ રાતે જ મારા સસરા કહેતા હતા : 'સુરેશે તો એના ભાણેજને ભણાવવાનો બધોય ખરચ ઉપાડી લીધો હતો. એને પી.ટી.સી. કરાવીને માસ્તરની સરકારી નોકરીમાંય લગાડી દીધો. એમને રહેવા માટે પાકું મકાન પણ બનાવી આપ્યું. એટલું જ નંઈ, પરગણામાં તપાસ કરીને નોકરી કરતી કન્યા સાથે ભાણેજનું સગપણેય ગોઠવી દીધું.' બીજું તો કંઈ નઇ પણ આ મોંઘા મનખાવતારમાં બસ, આ સુરેશભાઈ જેવા માડીજાયા ભઈ મળી જાય તો ભયોભયો! પછી તો આ જિંદગીમાં કોઈ અબળખા અધૂરી જ ના રહે!' પરણ્યા પછી પહેલી જ વાર સાસરે આવેલી હેતલ ઘડામાંથી માટલામાં પાણી રેડીને મરક મરક હસતા બોલી.

ટૂંકમાં ગામ આખાયમાં સુરેશે એની બેન રતનના દીકરાના લગ્નપ્રસંગે મૂકેલા મામેરા બાબતની આવી વાતો થયા કરતી હતી.

રતનબેનના ઘરે મામેરુ મૂકી આવ્યાના સાતેક દિવસ પછી એક સાંજે વાળું કરીને નિરાંતે બેઠેલા સુરેશે એની પત્ની સરોજને પાસે બોલાવીને કહ્યું, 'સરોજ, ગામ આખાયમાં આપણે રતનબેનના ઘેર મૂકેલા મામેરાની ચર્ચાતી વાતો તેં પણ સાંભળી જ હશે. આવી વાતો સાંભળ્યા પછી કદાચ તારા મનમાં પણ એવું થતું હશે કે સમાજમાં આપણું સારું દેખાય, આપણી વાહ વાહ થાય એટલા માટે મેં રતનબેનના ઘેર પ્રમાણમાં થોડું વધારે મામેરું મૂક્યું હશે! પણ ના, એવું જરાય નથી. મેં તો માત્ર મારા જીવનમાં રહેલા રતનબેનના અસીમ ઉપકારને ઋણને સહેજ હળવું કરવાનો માત્ર પ્રયત્ન જ કર્યો છે....'

'એટલે?' ઉત્સુકતાથી સરોજ બોલી ગઈ. 'મને તમારી વાત બરાબર સમજાઈ નહીં.'

'સાંભળ સરોજ... મારા કરતાં મારા રતનબેન ઉંમરમાં ત્રણ વર્ષ મોટા હતા. તે સમયે અમારા ઘરની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ વિકટ હતી. મારા બા મણીમા અને બાપુ કોઈને ત્યાં દાડી-દપાડી તથા બીજાના ખેતરમાં લાગે-ભાગે ખેતી કરીને અમારા ઘરનું ગાડું માંડ માંડ ગબડાવતા હતા. મારા મણીમા ગામના કોઈ ખેડૂતના ખેતરમાં જુવાર-બાજરી લણવા, ઘઉં વાઢવા કે પછી ખેતીના કોઈ ઈતર કામે જતા ત્યારે હું નાનો હોવાથી મને સાથે લઈ જતા અને મને રાખવા - સાચવવા રતનબેનને પણ અમારી સાથે સીમ - ખેતરમાં આવવું પડતું. ખેતરમાં કોઈ સારા છાંયાવાળા ઝાડની મજબૂત ડાળીએ મણીમા એમના જૂના સાડલાની ખોઈ બાંધીને તેમાં મને સુવાડીને ખેડૂતના ખેતરમાં કામે વળગતા. હું ખોઈમાં શાંતિથી ઊંઘી રહું એટલા માટે રતનબેન વહાલપૂર્વક મને હિંચકો નાખતા અને એમને આવડે એવા હાલડાં ગાતા. મારી દેખભાળ રાખવા એ પોતે ઝાડની નીચે જ બેસી રહેતા. ખોઈમાં સૂતેલો હું અચાનક જાગીને રડવા માંડું તો મને છાનો રાખવા રતનબેન અછોવાના કરતા. આવી વાતો મને સમજણ આવ્યા પછી મેં મારા બા મણીમા પાસેથી સાંભળેલી...

...અમને બંને ભાઈ-બેનને ઉછેરીને મોટા કરવામાં મણીમા અને બાપુને ખૂબ જ કઠિનાઈઓનો સામનો કરવો પડેલો. ચોમાસાના દિવસોમાં એ બંને ડાંગર રોપવાની મજૂરીએ જતાં. અમારા ગામમાં ડાંગર રોપવાની મજૂરી સાવ ઓછી મળતી. એટલે એ બંને એકમેકના સહારે ગળા સમાણા પાણી ઉતરીને સામેના ગામના ખેતરમાં ડાંગર રોપવા જતા હતા. એ સમયે પંદર - વીસ દિવસ સુધી સતત ખાતરવાળા પાણીના સંપર્કમાં રહેવાના કારણે એ બંનેના હાથ-પગના આંગળા કોહવાઈ જતાં. જેની એમને પારાવાર પીડા થતી. એમની આવી પીડાદાયક સ્થિતિ નજરે જોનારના હૈયાને પણ દ્રવિત કરી મૂકતી! મારા બાપુ રાતે વાળુ કરતી વેળાએ મણીમાને કહેતા, 'રતનની બા, તારા હાથ પગના આંગળામાં વધારે પીડા થાય સ્ અ, એટલે તું કાલે ડાંગર રોપવા ના આઈશ. હું એકલો જઈશ.' પરંતુ બીજા દિવસની સવાર પડે એટલે મણીમા કાચુ-પાકું ખાવાનું બનાવીને બાપુની પહેલા ડાંગર રોપવા જવા તૈયાર થઈ જતા. બાપુ ખેતરે આવવાની ના પાડે તો એ કહેતા, 'કામની આવી સીઝનમાં એમ કાંય મારાથી ઘેર બેહી ના રે'વાય. બે દિવસ પીડા વેઠી લઈશ તો હટાણું કરવાનો વેં'ત થઈ જશે અને આપણો હાથ પણ ફરતો રે'શે. અન્ અ સુરાના બાપુ, તમે મારા હાથ-પગની પીડાની વાત કરો સો પણ મારા કરતાંય તમારી પીડા ઝાઝી શે, ઈ વાત તમે ચ્યમ ધ્યાનમાં લેતા નથ્ય?'

મણીમા અને બાપુ ખેતરમાં દાડી-દપાડી કે પછી બીજા કોઈ કામે જતાં ત્યારે રતનબેન મારી અને ઘરની સંભાળ રાખતા. અમારા બાળપણના એ દિવસોમાં પડખેના કસ્બામાંથી ઉસ્માન ચાચા ટોપલામાં કેળા લઈને અમારા ફળીયામાં વેચવા આવતા. અમે સૌ ટાબરીયા એમના મોટા ટોપલાની આજુબાજુ ગોળ કુંડાળું વાળીને ગોઠવાઈ જતા. પાકા અને પીળા ધરખમ કેળા જોઈને અમારા સૌના મન કેળા ખાવા લલચાઈ જતા. પરંતુ અમે કરીએ શું? એ સમયે અમારા ઘરમાં સમ ખાવાનાય પૈસા હોય જ નહીં હું મૂંગો થઈને રતનબેન સામે જોઈ રહેતો. મારો દયામણો ચહેરો જોઈને એ પણ મનોમન મૂંઝાઈ જતા. આખરે ઘરમાં ખાંખા-ખોળા કરીને એ વાટકામાં થોડી જુવાર બાજરી કે પછી વીણી લાવેલા ઘઉંનું ચળામણ લાવીને તેના બદલામાં એકાદ કેળું ઉસ્માન ચાચા પાસેથી લેતા. હું કેળું ખાવા અધીરો બની જતો ત્યારે બેન એ કેળાના બે ટુકડા કરી મોટો ટુકડો મને આપતા અને નાનો ટુકડો એ પોતે લેતા. ઘણીયવાર તો બે ટુકડા કર્યા પછી પણ રતનબેન એમના ભાગનો કેળાનો ટુકડો પણ આ નાના ભાઈને જ આપી દેતા. મને આખુંય કેળું ખાતો જોઈને મનોમન રાજી થઈ જતા. બેનના ભાઈ પ્રત્યેના અસીમ પ્રેમને યાદ કરું છું ત્યારે આજેય મારું હૃદય લાગણીઓથી ભરાઈ આવે છે.

રતનબેન મારા કરતાં મોટા હતા. ગામની નિશાળમાં ભણવા જવાની એમની ઉંમર થઈ જવા છતાંય એક મારી દેખભાળ રાખવા એમને નિશાળમાં ભણવા દાખલ કરેલા જ નહીં! પછી તો અમે બંને ભાઈ-બેન એક સાથે જ નિશાળમાં નામ લખાવીને દાખલ થયેલા. મણીમા અને બાપુ તો કોઈના ખેતરમાં અથવા બીજે ક્યાંક મજૂરી કરવા ગયેલા હોય. એટલે મારા રતનબેન જ મને નવરાવી-ખવરાવી તૈયાર કરીને નિશાળમાં લઈ જતા. મોટેભાગે અમારા બંનેના દફતરની થેલીઓ એમના જ ખભે હોય! અમે બંને એક જ ધોરણમાં સાથે ભણતા હતા. મારા કરતાંય રતનબેન ભણવામાં તેજસ્વી હોવાથી ઘેર આવ્યા પછી પણ લખવા - વાંચવામાં એ મને મદદ કરતા હતા.

અમારા ગામની નિશાળનું ભણતર પૂરું થયા પછી આગળના અભ્યાસ માટે મને એકલાને જ પડખેના શહેરમાં ચાલતા સરકારી છાત્રાલયમાં ભણવા મૂક્યો. આ વખતે મણીમાએ થોડા ઠપકાના સૂરમાં બાપુને કહેલું, 'સુરાના બાપુ, તમને એકલો તમારો સુરો જ વા'લો લાગ્યો? ઈને એકલાને આગળ ભણવા મેલ્યો તંઈ મારી રતનનેય ભણાવી હોત તો?'

મણીમાની આવી વાત સાંભળ્યા પછી બાપુ તો ઘડીભર સાવ મૂંગા મંતર જ થઈ ગયેલા. થોડીવાર પછી એમના મનમાં કંઈક કળ વળી હોય એમ એમણે ઉદાસ ચહેરે કહેલું, 'રતનની મા, તારી વાત હાવ હાચી સ્ અ. મારે રતનનેય આગળ

ભણાવવી હતી. સુરો અને રતન તો આપણી ડાબી-જમણી આંખ સે! ઈમ કાંય રતન મને થોડી અવાલી હોય? પ...ણ... હું શું કરું? બેયને આગળ ભણાવવાના ખરચની તરેવડ મારાથી થાય ઈમ જ નથી.' આટલું બોલતા બોલતા બાપુની આંખમાં ઝળઝળીયા આવી ગયેલા.

બે દિવસ પછી એક સવારે દૂધ વગરની ચા પીધા પછી બાપુએ થોડી હળવાશથી કહેલું, 'રતનની મા, તું તારા મનમાં રતન બાબતનું જરાય માઠું લગાડીશ નઈ. તું તારા હૈયામાં એક જાતની ધરપત રાખજે. મને આપડાં સુરાનો પાક્કો ભરોહો સે. મારો આતમરામ પણ મારી આ વાતમાં સાખ પૂરે સે. સુરો ભણી ગણીને મોટા સાયેબ બનશે પસી તો આપણી રતન કોઈનીય ઓશિયાળી રે'શે નંઈ. રતનને પડવા જ નંઈ દે. તું એવી કોઈ ચિંતા કરીશ નંઈ.

હું છાત્રાલયમાં રહીને ભણતો હતો એ સમયે મારે પૈસાની જરૂર પડે તો હું બાપુને પોસ્ટકાર્ડ લખીને પૈસા મોકલવાનું કહેતો. દસેક દિવસ પછી મની ઑર્ડરમાં પૈસા આવે ત્યારે મારા અચરજનો પાર રહેતો નહીં. મેં મંગાવ્યા હોય એના કરતાં થોડા વધારે પૈસા બાપુ મને મોકલતા. અમારા ઘરની આર્થિક પરિસ્થિતિની મને પૂરેપૂરી જાણકારી હતી જ અને એટલે હું પૈસા બાબતની ખૂબ જ કરકસર કરતો હતો. પૈસા મંગાવવાનો પોસ્ટકાર્ડ પણ હું ભારે હૈયે જ બાપુને લખતો. આવા સંજોગોમાં જ્યારે મારા મંગાવ્યા કરતાંય થોડા વધારે પૈસા આવતાં ત્યારે હું મનોમન વિચાર્યા જ કરતો. મારા મનમાં એક જાતનું અચરજ થયા કરતું – 'મેં મંગાવ્યા હતા એના કરતાંય થોડા વધારે પૈસા કેમ મોકલ્યા હશે?'

વેકેશનની રજાઓ દરમિયાન હું છાત્રાલયમાંથી ઘેર આવતો ત્યારે જ આ બાબતે બાપુને પૂછતો – 'હું મંગાવું છું એનાં કરતાંય થોડા વધારે પૈસા તમે કેમ મોકલો છો?' મારો સવાલ સાંભળીને ઘડીભર તો બાપુ પોતે જ થોડી ગૂંચવણમાં પડી જતા. થોડીવાર વિચાર્યા પછી કહેતા - 'જો સુરા, હું રહ્યો અભણ માણહ! મને તારા લખેલા કાગર-પતર વાંચતા તો આવડે જ નંઈ. તારો કાગર આવે એટલે એ વાંચીને તારી બુન રતન જ મને કે'તી - 'સુરાને આટલા પૈસાની જરૂર છે. ટપાલમાં ટાઈમસર મોકલજો.'

બાપુ પાસેથી આવો જવાબ સાંભળ્યા પછી મારા મનમાં થયેલા અચરજનો તાગ મને આપોઆપ મળી જતો. અને ત્યારે મારા ચહેરા પર રતનબેન પ્રત્યેના અસીમ અહોભાવની લીલીછમ લાગણીઓની ઓકળીયું લીંપાઈ જતી. પૈસાના અભાવે આ નાનાભાઈના ભણતરમાં કોઈ વિક્ષેપ ના પડે એટલા માટે જ મોટાબેન ખોટું બોલીને બાપુને થોડાં વધારે પૈસા મોકલાવવાનું કહેતા હતા.

મારા બાપુના અવસાન પછી એકલા પડી ગયેલા મણીમાનો સહારો પછી તો રતનબેન જ બની ગયેલા. એમની સાથે ખભે-ખભો મિલાવીને જાતમહેનત કરીને મારા ભણતરને સારી રીતે પૂરું કરાવેલું. બાપુની બિનહયાતીમાં આવી બધી વાતો મેં મણીમા પાસેથી સાંભળેલી. જે સાંભળ્યા પછી હું ગંભીર બનીને ઊંડા વિચારોમાં ડૂબી જતો. એટલું જ નહીં, આવી પરોપકારી અને સમજણી બહેન મને મળવા બદલ હું મનોમન કુદરતનો ભારોભાર આભાર માનતો. રતનબેનના લગ્ન થયાના બીજા જ વરસે અમારા મણીમા પણ સરગાપરની વાટે હાલી નીકળેલા. હું મા-બાપ વગરનો બની ગયેલો ત્યારે મારા બેન જ ઓથ બનીને મારી પડખે ઊભા રહેલા. તારી સાથેના મારા લગ્ન પણ બેન-બનેવીએ જ કરાવી આપેલા.

સરોજ, કોઈપણ ઈમારતની સુંદરતા એની ટોચના ચણતર કામમાં વપરાયેલી ઈંટોને નહીં પણ એ ઊંચી ઈમારતના પાયામાં પૂરાયેલા ઈંટોના નાના ટુકડાઓને આભારી હોય છે. એ નાના ટુકડાઓએજ ઈમારતના પાયામાં પૂરાઈને એને મજબૂતાઈ અને સુંદરતા બક્ષી છે. ભણતર પૂરું થયા પછી મને સચિવાલયમાં સારા પગારવાળી નોકરી મળી અને આજે આપણે જીવનમાં વ્યવસ્થિત ગોઠવાઈ શક્યા છીએ એમાં મારા મણીમા, બાપુ અને રતનબેનનો ફાળો સવિશેષ છે. અનેક અગવડો વેઠીને મારા મા-બાપે અમને ઉછેર્યા છે. ધૂપસળી સ્વયં સળગીને અન્યને સુવાસ આપે છે, તેમ આ સૌના અથાક પરીશ્રમના પ્રતાપે જ હું સારું ભણતર ભણી શક્યો છું. મારી જેમ રતનબેનને પણ આગળ ભણવાની તક મળી હોત તો એમને પણ મારી જેમ જ સારા પગારવાળી નોકરી મળી હોત! પણ અફસોસ! અમારા ઘરની આર્થિક મુશ્કેલીઓના કારણે બાપુ મને એકલાને જ ભણાવી શક્યા. મારા ભણતર સમયના એ દિવસો હંમેશાં મારી નજર સમક્ષ તરવર્યા જ કરે છે. આજેય મને બરાબર યાદ છે કે આ નાના ભાઈના ભણતરના ખર્ચને પહોંચી વળવા શરીરની ચામડીય બળી જાય એવા ભાદરવા મહિનાના ઓતરા - ચિતરાના આકરા તાપમાંય રતનબેને જુવાર-બાજરી વાઢી - લણી છે. અષાઢના અનરાધાર વરસતા વરસાદમાંય ધ્રુજતા હાથે પાણી ભરેલા ક્યારડામાં એમણે ડાંગર રોપી છે. એટલું જ નહીં, જેઠ - વૈશાખના અગન વરસાવતા આકરા ઉનાળાના બળબળતા બપોરે ગરમા-ગરમ વાતી લૂ ની જરાય પરવા કર્યા વગર એમણે કડિયાકામની મજૂરી અને દાડી-દપાડી કરીને ભાઈના ભણતરના ખર્ચને પૂરું કર્યું છે. અમારા ઘરની આર્થિક મુશ્કેલીઓને કારણે રતનબેન પોતે તો ભણી શક્યા નહીં પણ આ ભાઈના ભણતરમાં મદદરૂપ થઈને એમણે આપણા જીવનમાં અજવાળાનો ઉજાસ પાથરી દીધો છે. મને નોકરી મળ્યા પછી પણ એમણે ક્યારેય હક્ક કરીને મારી પાસે કશુંય માગ્યું જ નથી. બીજી રીતે કહું તો રતનબેન તેમના આ નાનાભાઈ પાસે માંગવાનું તો જાણે

કે શીખ્યા જ નથી.

ગંભીર બનીને વાત સાંભળી રહેલી સરોજને સુરેશે આગળ કહ્યું :

...સરોજ, આ ઊંચા અનંત આકાશમાં વિહરતી જળભરી વાદળી અવનિ પર અમિવર્ષા કરીને જગતમાત્રને જીવાડે છે. બસ, એવી જ રીતે આપણા સંસાર જીવનની આ વહાલભરી વાદળી - રતનબેન સતત આપણા પર હેતની હેલી વરસાવ્યા જ કરે છે. જેના કારણે આપણા જીવનમાં સુખ, સંતોષ અને શાંતિ છે. આવા પરોપકારી બેનનું ઋણ મારા પર અસીમ અને અમાપ છે. જે ઋણ આ જન્મે તો ચૂકવ્યું ચૂકવાય એમ જ નથી. મણીમા અને બાપુ હયાત નથી. એટલે મોટાબેન પ્રત્યેની આપણી ફરજ બેવડાઈ જાય છે અને એટલે જ તો વરસો પહેલા મણીમાની હાજરીમાં મારા બાપુએ મારામાં મૂકેલા અડીખમ વિશ્વાસને સાર્થક કરવા માટે હું સદૈવ તત્પર જ રહીશ.' ગળગળા સાદે, આંખમાં ઉભરાયેલા આંસુ સાથે સુરેશે વાત પૂરી કરી.

અત્યાર સુધી પતિ સુરેશની વાત એકચિત્તે સાંભળી રહેલી સરોજની આંખની પાંપણો પણ આ **'વહાલભરી વાદળી'** રતનબેનની વાત સાંભળીને ભીની થઈ ગઈ.

*૩૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, ધોળકા.*
*મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*

## બોધકથા : ચારિત્ર્ય

**(અનુસંધાન : પાના નં. – ૪૫ ઉપરથી ચાલુ)**

ચારિત્ર્ય ઉત્તમ હોય, સુંદર હોય એ જ વાસ્તવમાં તપસ્વી છે અને તેવા વ્યક્તિના ચારિત્ર્યની વધુ પ્રશંસા કરવી જોઈએ. આજે દુ:ખ સાથે કહેવું પડે છે કે લોકો ધન મેળવવાની લાલસામાં ચારિત્ર્યને ભૂલી રહ્યા છે અને એ સત્યનો સ્વીકાર કરી શકતા નથી કે ચારિત્ર્યના અભાવમાં ધન એક ભયાનક અભિશાપ બની જાય છે.

આવશ્યક્તાથી વધુ ધનની લાલસા પૂરી કરવામાં લોકો એટલા ગાંડા થાય છે કે તેને ઉચિત-અનુચિતનો ખ્યાલ રહેતો જ નથી અને આવા કૃત્યો કરવાના કારણે અંતે નરકગામી બની જાય છે. ચારિત્ર્યની મહત્તા પૈસાથી અનેકગણી વધુ છે. જેણે ધનના લોભમાં પોતાના ચારિત્ર્યને ગુમાવ્યું છે અથવા તો ચારિત્ર્યને ગુમાવીને ધન કમાવ્યું છે, તેમણે પાપ જ કમાવ્યું છે.

ચારિત્ર્યહીન સ્ત્રી-પુરુષને સંસારમાં ક્યાંય આદર સત્કાર મળતો નથી અને તેનાથી ઉલટું ચારિત્ર્યવાન વ્યક્તિ ભલે નિર્ધન હોય તેમ છતાં તેને દરેક જગ્યાએ સન્માનની દૃષ્ટિથી જોવામાં આવે છે.

*છક્કડિયા, ધાણીત્રા,*
*તા. ગોધરા, જિ. પંચમહાલ.*

## વાર્તા : ખમ્મા મારા વીરા

**(અનુસંધાન : પાના નં. – ૪૦ ઉપરથી ચાલુ)**

પરંતુ જિંદગીમાં ફરીથી હવે આવી ભૂલો નહીં કરે એનું મને વચન આપ ભાઈ!' – ભાવિકાની આંખમાં આંસુ આવી ગયા.

થોડીવાર રહીને આંસુ લૂછીને ભાવિકા બોલી, 'આમેય આ સ્કૂલ જરૂરિયાતમંદોને સારું અને સસ્તું શિક્ષણ મળી રહે એ માટે ખોલી છે. એમાં પરમાર્થનુંય ધ્યેય રહેલ છે, નહીં કે કમાણીનું...'

બીજા દિવસે ભાવિકાના પરિવારની હાજરીમાં કરણ અને શાલીની ભાવિકાના ખોળામાં માથું નાખીને રડતાં રડતાં પસ્તાવો વહાવી રહ્યા હતા. એમના બંને માસૂમ બાળકો કહી રહ્યા હતા, 'મમ્મી, કેમ રડે છે તું? પપ્પા, તમે પણ કેમ રડો છો? આપણે કોના ઘરે આવ્યા છીએ?' ભાવિકાના સાસુ બંને ભૂલકાઓને આશ્વાસન આપતા બોલી રહ્યા હતા, 'તમે તમારા વહાલા ફોઈના ઘરે છો, કોઈ ચિંતા ના કરો.'

ફોઈ કોને કહેવાય એ સમજવાનો અબુધ ભૂલકાઓ જરૂર પ્રયત્ન કરી રહ્યા હતા પરંતુ ભાવિકાના દીકરા દીકરી એના દાદાને પૂછી રહ્યા હતા કે, 'મામા-મામી તો બાળકોને ખૂબ વહાલા હોય. અમને મમ્મી અત્યાર સુધી મામા-મામીના ઘેર કેમ ના લઈ ગઈ?' એનો જવાબ દાદાએ શું આપવો એની ખબર જ નહોતી!

★

***<u>અંગત</u> : આજે નોકરીનું છેલ્લું ધ્વજવંદન કર્યું એ માટે કંઈક લખવાની ઈચ્છા થઈ આવી અને સાથે સાથે ૨૦૦૧ના ધરતીકંપની ઘટના યાદ આવી. ત્રણસોને ચાળીસ બાળકોની પ્રભાતફેરી લઈને અમે એ ગામની એવી જગ્યાએ ઉભા હતા કે જ્યાં બનાસકાંઠામાં એક જ ગામમાં સૌથી વધારે મોત છ જણના થયા હતા. પરંતુ એક પણ બાળકને અમે આમતેમ દોડવા નહોતું દીધું. હા, મેં ખુદ દીવાલના રોડા હડસેલીને એક જણને બચાવ્યું હતું. બસ, એ ભૂકંપને પણ વાર્તામાં આવરી લીધો.***

***મો. ૮૭૭૯૯ ૧૭૯૧૯***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

**પાલડી ભવનમાં રૂમ બુકિંગ અથવા સમાજની કોઈપણ પ્રવૃત્તિ (મેડિકલ સિવાય)ની માહિતી માટે ફક્ત નીચેના ટેલિફોન નંબર ઉપર જ સંપર્ક કરવો**

**(079) 4890 6002, (079) 4890 6003**
**(079) 4890 6004, (079) 4890 6005**

# બોધકથા : ચારિત્ર્ય



સુમિત્રાબેન નિરંકારી

એક તરસ્યો મુસાફર ગામની બહાર આવેલા કૂવા પાસે જાય છે કે જ્યાં એક યુવાન સ્ત્રી પાણી ભરી રહી હતી. મુસાફરે યુવાન સ્ત્રીને પાણી પીવડાવવા વિનંતી કરી. તો સ્ત્રીએ તેને ધરાઈને પાણી પીવડાવ્યું. પાણી પીધા પછી મુસાફર કહે છે કે આપ મને સર્વગુણ સંપન્ન નારી લાગો છો તો મને સ્ત્રીના ચારિત્ર્ય વિશે સમજાવવા કૃપા કરશો? આટલું સાંભળતા જ પેલી સ્ત્રી જોર જોરથી બૂમો પાડવા લાગી કે બચાવો... બચાવો...! સ્ત્રીનો અવાજ સાંભળીને ગામના લોકો ગામની બહાર આવેલા કૂવા તરફ દોડવા લાગ્યા. તે જ સમયે મુસાફર પેલી સ્ત્રીને કહે છે કે તમે આમ કેમ કરો છો? ત્યારે પેલી સ્ત્રી કહે છે કે હવે ગામલોકો આવશે અને તમોને ભરપેટ માર મારશે અને તમારી બુદ્ધિ ઠેકાણે આવી જશે. આવું સાંભળીને મુસાફર પેલી સ્ત્રીના પગમાં પડીને માફી માંગે છે અને કહે છે કે હું તો આપને સર્વગુણ સંપન્ન આદર્શ અને આબરૂદાર નારી સમજતો હતો.

પથિકે હાથ જોડીને માફી માંગી ત્યારે તે સ્ત્રીએ નજીકમાં પાણી ભરેલું માટલું લઈને તેમાં ભરેલું પાણી પોતાની ઉપર રેડીને આખું શરીર પલાળી નાખ્યું અને મુસાફર ઉપર પણ પાણીનો ભરેલો ઘડો નાખીને તેને પલાળી નાખ્યો. એટલામાં ગામના લોકો કૂવા પાસે આવીને પૂછે છે કે શું થયું છે બહેન? ત્યારે સ્ત્રી કહે છે કે કૂવામાંથી પાણી કાઢતા મારો પગ લપસી જતાં હું કૂવામાં પડી ગઈ હતી. આ સજ્જન પુરુષ સમયસર ના આવી પહોંચ્યા હોત તો આજે મારું મૃત્યુ નક્કી હતું. ગામલોકોએ મુસાફરના ઘણા જ વખાણ કર્યા. યુવાનોએ તેને પોતાના ખભા ઉપર બેસાડીને તેમનો ઘણો જ આદર સત્કાર કર્યો અને તેને ઈનામ પણ આપ્યું.

જ્યારે ગામલોકો જતા રહ્યા ત્યાર પછી સ્ત્રીએ મુસાફરને કહ્યું કે, હવે તમોને સમજાયું ને કે સ્ત્રીનું ચારિત્ર્ય શું હોય છે? જો આપણે સ્ત્રીને દુઃખ આપીશું, તેને પરેશાન કરીશું તો તે આપણું સુખ-ચેન છીનવી લેશે અને જો આપણે તેને ખુશ રાખીશું તો તે આપણને મોતના મુખમાંથી પણ ઉગારી લેશે તેમાં શંકા નથી.

બહારના રૂપ-રંગને નહીં પરંતુ અંદર જુઓ. સોનાનું પાત્ર સુંદર - મૂલ્યવાન અને સારું હોય છે પરંતુ શીતળતા આપવાનો ગુણ તેનામાં હોતો નથી. માટીનું પાત્ર સાધારણ હોય છે પરંતુ તેનામાં ઠંડક આપવાની ક્ષમતા હોય છે. ફક્ત બહારના રૂપ-રંગને ના જોતાં તેના સદ્‌ગુણોને જુઓ. સન્માન, પ્રતિષ્ઠા, યશ અને શ્રદ્ધા મેળવવાનો અધિકાર ચહેરાને નહીં પરંતુ ચારિત્ર્યને મળે છે. ચાણક્યે કહ્યું છે કે, જેમ ઉંચા મહેલના શિખર ઉપર બેસવાથી કાગડો ગરૂડ બની જતો નથી તેમ મનુષ્ય ઉંચા આસન ઉપર બેસવાથી નહીં પરંતુ પોતાના ગુણોથી ઉત્તમ બને છે. મનની પવિત્રતાથી સૌંદર્ય ખીલી ઉઠે છે કારણકે સૌંદર્ય રંગ-રૂપ, નાક-નક્સ, ચાલ-ઢાલ, રહેણીકરણ, વિચારસરણી બાહ્ય પ્રસ્તુતિ છે. તે વ્યક્તિના મન-વિચાર-ચિંતન અને કર્મનું દર્પણ છે. ઘણા લોકો બહારથી સુંદર દેખાય છે પરંતુ અંદર ઘણા જ કુરુપ હોય છે. તેમના વિચારો અને કર્મો નીચ હોય છે. જ્યારે અમુક લોકો બહારથી સુંદર નથી હોતા પરંતુ તેમની અંદર ભાવોની પવિત્રતા એટલી બધી હોય છે કે તેમનું વ્યક્તિત્વ ચુંબકીય બની જાય છે.

આપણું ચારિત્ર્ય જ આપણો સૌથી મોટો ગુણ હોય છે. વર્તમાન સમયમાં દરેક વ્યક્તિ એકબીજાને પ્રભાવિત કરવામાં લાગેલો છે. ફક્ત પોતાનો ચહેરો જ સુંદર બનાવવામાં લાગેલો છે. લોકો પોતાનો ચહેરો સુંદર બનાવવા સવાર-સવારમાં કલાકનો સમય બગાડે છે. મેક-અપ કરીને તૈયાર થાય છે. તેમના મનમાં એક જ ભાવના હોય છે કે લોકો તેમને કહે કે તમે કેટલા સુંદર લાગો છો? અને આમાં જ તે પોતાની સફળતા સમજે છે. પરંતુ આવું ચિંતન યોગ્ય નથી કારણકે થોડું ઘણું ધન અને કલાકનો સમય બગાડવાથી ચહેરો તો સુંદર બની જાય છે પરંતુ વાસ્તવિક સુંદરતા તો ચારિત્ર્યના લીધે જ હોય છે. તેને પ્રાપ્ત કરવામાં વર્ષો લાગી જાય છે. બાળપણથી લઈને જીવનભર ચારિત્ર્યની રક્ષા કરવી પડતી હોય છે, તપસ્યા કરવી પડતી હોય છે. દરેક ક્ષણે સાવધાન રહેવું પડતું હોય છે અને જીવનમાં અને ખાસ તો યુવાનીમાં જો નાની સરખી ભૂલ થઈ જાય તો ચારિત્ર્ય નષ્ટ-ભ્રષ્ટ થઈ જાય છે. જીવનમાં કલંક લાગી જતું હોય છે.

ચારિત્ર્ય નિર્માણ માટે લાંબો સમય લાગે છે અને લાંબી તપસ્યા કરવી પડતી હોય છે. એટલે વધુ પ્રશંસા તો સારા ચારિત્ર્યની જ કરવી જોઈએ. બીજાઓના સુંદર ચહેરાને જોઈને વધુ પ્રભાવિત ના થશો અને તેની પ્રશંસામાં ના ડૂબી જશો પરંતુ જેનું

(અનુસંધાન : જુઓ પાના નં. – ૪૪ ઉપર)

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ભુજના જૈન મહિલા અગ્રણીના અવસાન પ્રસંગે કુટુંબીજનો દ્વારા સત્કાર્યો માટે રૂા. ૧૧ લાખના દાનની જાહેરાત!

ભુજના ધર્મપ્રેમી જૈન મહિલા અગ્રણી સ્વ. લીલાવંતીબેન હરજીવન મોરબીયા (ઉં.વ. ૮૫)નું તાજેતરમાં અવસાન થયું હતું. સદ્‌ગત લીલાવંતીબેન ભુજ વાગડ બે ચોવીસી મહિલા મંડળના ફાઉન્ડર પ્રમુખ અને છ કોટી જૈન શ્યામ મહિલા મંડળના અગ્રણી હતા અને જૈન ધર્મ પ્રત્યે ખૂબ જ શ્રદ્ધા અને અનુરાગ ધરાવતા હતા. નાની ઉંમરથી જ નિયમિત ત્રેવિહારનું આચરણ, સાધુ-સાધ્વીજી માટે વૈયાવચ્ચનું કાર્ય, સાધર્મિક ભક્તિ અને પ્રેમભાવ, જીવમાત્ર પ્રત્યે અનુરાગ વગેરે ગુણો તેઓ ધરાવતા હતા. તાજેતરમાં તેમના ગુણાનુવાદ અને તેમની આત્માની સદ્‌ગતિ અર્થે ભુજ મધ્યે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જૈન સમાજના અગ્રણીઓ ઉપરાંત કચ્છ, અમદાવાદ અને મુંબઈથી જૈન - જૈનેતરોએ બહોળી સંખ્યામાં જોડાઈને ભાવાંજલી અર્પણ કરેલ હતી.

આજરોજ રવિવાર, તા. ૨૫-૬-૨૦૨૩ના રોજ અમદાવાદ મધ્યે સમસ્ત કચ્છી ઘટક સમાજોના સંગઠન 'કચ્છી સમાજ - અમદાવાદ'ના નેજા હેઠળ દિનેશ હોલ મધ્યે યોજાયેલ કાર્યક્રમમાં સદ્‌ગતના ગુણોને યાદ કરીને તેમની યાદમાં ઉભા થઈ, મૌન પાળીને સદ્‌ગત આત્માના આત્યશ્રેય અર્થે પ્રાર્થના કરવામાં આવી હતી એમ સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા અને મંત્રી હિમાંશુ ઠક્કરે જણાવ્યું હતું.

સદ્‌ગતના પરિવારમાં પાંચ પુત્રો પ્રવીણભાઈ, દિનેશભાઈ, મહેન્દ્રભાઈ, બિપીનભાઈ, દીપકભાઈ અને પુત્રી પુષ્પાબેન પારેખ હતા. તાજેતરમાં યોજાયેલ તેમની પ્રાર્થના સભામાં તેમના પરિવાર દ્વારા ધાર્મિક સત્કાર્યો માટે રૂા. ૧૧ લાખના દાનની જાહેરાત કરવામાં આવેલ હતી. જેમાંથી રૂા. ૨,૨૫,૦૦૦/- રાપર પાંજરાપોળને આપવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. **સદ્‌ગત લીલાવંતીબેન, ભુજ મર્કેન્ટાઇલ બેંકના ફાઉન્ડર ચેરમેન સી.એ. મહેન્દ્ર મોરબીયાના માતુશ્રી હતા.**

*મોટા માણસો સાથે સંબંધ જરૂર રાખો, પણ નાના માણસોને ક્યારેય ન ભૂલો, કેમ કે અંતિમ સમયમાં એ લોકો જ ચાલીને કાંધ આપે છે, મોટા માણસો તો કારમાં સીધા સ્મશાન ઘાટ પર પહોંચે છે.*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

અષાઢી બીજ - કચ્છી નૂતન વર્ષ નિમિત્તે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા રવિવાર, તા. ૨૫-૬-૨૦૨૩ના રોજ દિનેશ હોલ ખાતે એક સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવેલ હતું.

આ સમારંભમાં ગુજરાતી નાટક, કાર્યક્રમના સ્પોન્સરરનું સન્માન, વિવિધ કચ્છી ઘટક સમાજના પ્રમુખશ્રીઓનું સન્માન, હિંદુ ચળવળના સારથી શ્રી પ્રફુલ સેજપાલનું સન્માન તથા ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈના પ્રમુખ શ્રી ચંદ્રકાંત લાલન તથા તેમની સમગ્ર કલાકાર ટીમનું સન્માન કરવામાં આવેલ હતું.

સૌપ્રથમ કાર્યક્રમની શરૂઆત કરતા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે આજના ડ્રામા વિશે જણાવેલ કે શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈની સામાજિક સંસ્થાએ તેના ૭૫ વર્ષની ઉજવણીના ભાગ સ્વરૂપે આ સામાજિક ડ્રામાનું જાતે નિર્માણ કરી, તેના ડાયરેક્ટરશ્રીઓ પણ કચ્છી વ્યક્તિઓ અને સમગ્ર કલાકારો પણ કચ્છી છે એવા સામાજિક નાટકની આજે આપણે મજા માણીશું.

ત્યારબાદ આ ડ્રામા ''આવજે''ની પ્રસ્તુતિ કરવામાં આવેલ હતી.

ડ્રામાના શો અગાઉ, વચ્ચે ઈન્ટરવલમાં અને ડ્રામા પૂર્ણ થયા બાદ નીચે મુજબના મહાનુભાવોનું અભિવાદન કરવામાં આવેલ હતું.

★ આ કાર્યક્રમ માટે જેઓએ સ્પોન્સરશિપ આપેલ છે તે દરેક મહાનુભાવોનું.

★ વિવિધ કચ્છી ઘટક સમાજોના ઉપસ્થિત પ્રમુખશ્રીઓનું.

★ શ્રી ક.વી.ઓ. સેવા સમાજ - મુંબઈના પ્રમુખ શ્રી ચંદ્રકાંત લાલનનું.

★ હિંદુ ચળવળના પ્રણેતા શ્રી પ્રફુલ સોજપાલનું.

★ ગુજરાતી ડ્રામાની સંપૂર્ણ ટીમ એટલે કે સાંસ્કૃતિક સમિતિના કન્વીનર, ડ્રામાના બંને ડાયરેક્ટરશ્રીઓ, બધા જ ૧૫ કલાકારોનું.

કાર્યક્રમ પૂર્ણ થયે બધાએ સમૂહમાં ભોજન લઈ કચ્છી નૂતન વર્ષની ઉજવણી યાદગાર રહે એ રીતે પૂર્ણ કરેલ હતી અને સહુ વિખેરાયા હતા.

## ભાવનગર કચ્છ સમાજ દ્વારા 'અષાઢી બીજ' કચ્છી નવા વર્ષની ભવ્ય ઉજવણી

આ વર્ષે ભાવનગર કચ્છ સમાજના પરિવારજનોએ સમાજની સ્થાપના (૧૯૮૬) પછી ૩૭મી અષાઢી બીજની ઉજવણી તા. ૨૦-૬-૨૦૨૩ને મંગળવારે હર્ષોલ્લાસથી કરી. એન્કરવાલા સંકુલ, કચ્છી ભવન સમાજવાડી ખાતે શ્રી જગશી જેઠાભાઈ કચ્છ લાયજાવાળા સભાગૃહમાં ઉજવણી આનંદભેર કરવામાં આવી. સવારે ૯.૩૦ કલાકથી યંત્ર, ખડગ અને ધ્વજા પૂજન બાદ શ્રી તુલસીભાઈ પટેલ, કિરીટસિંહ ગોહિલ, વિશ્વરાજસિંહ ઝાલા દ્વારા નવી ધજા મંદિરના શિખર ઉપર ચડાવવામાં આવી હતી.

સામાન્ય સભા અને સ્નેહમિલન સાંજે ૫.૩૦ કલાકથી રાખવામાં આવેલ હતું. શરૂઆતમાં સમાજના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈએ દીપ પ્રાગટ્ય કર્યું હતું. મા આશાપુરાના જયઘોષ સાથે મંત્રી શ્રી ઈન્દ્ર ગઢવીએ સામાન્ય સભાની કાર્યવાહીની શરૂઆત કરી હતી. ભાવનગર ઉપરાંત સિહોર, સોનગઢ, પાલીતાણા વગેરે સ્થળોએથી સમાજના સભ્યો કાર્યક્રમમાં જોડાયા હતા.

વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો સમાજના ખજાનચી શ્રી જગદીપ વ્યાસે રજૂ કર્યા. ઉપપ્રમુખ શ્રી ડૉ. રવિભાઈ પટેલ, મંત્રી શ્રી હસમુખભાઈ અને અશોકભાઈ અંજારીયાએ પરિવારજનોને કચ્છી નવા વર્ષની શુભકામના પાઠવી હતી.

પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ શાહ દ્વારા પરિવારજનોને ઉદ્‌બોધન દ્વારા જણાવ્યું હતું કે, આપણો સમાજ હવે પીઢ બની ગયો છે. સમય ખૂબ ઝડપથી બદલાયો છે. સમયના પ્રવાહ સાથે આપણે તાલમેલ નિભાવવો રહ્યો. આપણા જીવનમાં શિસ્ત, સમયપાલન અને કોમ્યુનિકેશન (સંવાદ) પર ધ્યાન આપવું જોઈએ. કચ્છીઓ વિશ્વમાં ફેલાયેલા છે અને અઢળક પ્રગતિ કરી છે. તેની સામે આપણો વિકાસ શૂન્ય છે. એટલે આપણે સૌએ આ બાબતે જાગ્રત થઇ વિકાસ માટેના પરિબળો શોધી અને સામાજિક અને વ્યક્તિગત વિકાસ કરવાની તકો ઝડપી લેવી જોઈએ. પ્રવચનના અંતે પરિવારના બાળકોને અભિનંદન આપ્યા હતા અને સમસ્ત પરિવારજનોને આગામી નવા વર્ષની શુભ કામનાઓ પાઠવી હતી અને માતૃભૂમિ કચ્છ અને કર્મભૂમિ ભાવનગરના વિકાસ માટે કટીબધ્ધ રહેવા જણાવ્યું હતું.

કાળવીબીડ વિસ્તારના કોર્પોરેટર અને કચ્છના દીકરી સુશ્રી વર્ષાબા પરમારે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું અને નવા વર્ષની શુભકામના સૌ પરિવારજનોને પાઠવી હતી.

સમારંભના મુખ્ય અતિથિ શ્રી એન.વી. ઉપાધ્યાય, કમિશ્નર શ્રી ભાવનગર મહાનગરપાલિકા સહપરિવાર ઉપસ્થિત રહ્યા હતા અને તેઓશ્રીએ કચ્છ સમાજના પરિવારજનોને કચ્છી નવા વર્ષની શુભકામના પાઠવી હતી અને પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

તમામ અતિથિઓ અને સમાજના આગેવાનોના વરદ્ હસ્તે કચ્છ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. સમગ્ર ઈનામ વિતરણ વ્યવસ્થા પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ અને ભારતીબેન શાહના માર્ગદર્શનથી અનેક કાર્યકરોએ સંભાળેલ હતી.

ભાવનગર કચ્છ સમાજના આમંત્રણને માન આપી ભાવનગર ડિસ્ટ્રીક્ટ ચેમ્બરના શ્રી રવિન્દ્ર ઘેવારીયા, શ્રી દીપકભાઈ ધોળકિયા, પૂર્વમેયર રીનાબેન શાહ, તખ્તસિંહજી વિશ્રાંતિગૃહના શ્રી ધીરૂભાઈ સિધ્ધપુરા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા અનેક કાર્યકરોએ જહેમત લીધી હતી.

અંતમાં અષાઢી બીજનું ચંદ્ર દર્શન અને મા આશાપુરાની આરતી કરવામાં આવી હતી અને ત્યારબાદ મેઘલાડુનું જમણ લઈ સૌ છૂટા પડ્યા હતા.

## શ્રી સાંદીપની ગુરૂકુલ

### કચ્છના કેળવણી ક્ષેત્રના ત્રણ વ્યક્તિ વિશેષનું સાંદીપની એવોર્ડ આપી સન્માન થશે

**ગુરૂ પૂર્ણિમાના દિવસે જાણીતા લેખક અને કેળવણીકાર ડો. ઇશ્વર પરમારને લાઇફ ટાઇમ એચિવમેન્ટ એવોર્ડ તથા ડાયેટ - ભુજના પ્રાચાર્ય સંજય ઠાકર અને રાપરના શિક્ષક હરેશ ગેલોતને શ્રેષ્ઠ શિક્ષક ગૌરવ એવોર્ડ જાહેર**

સુપ્રસિદ્ધ ભાગવતાચાર્ય શ્રી રમેશભાઈ ઓઝા (પૂજ્ય ભાઈશ્રી) પ્રેરીત શ્રી સાંદીપનિ ગુરૂકુલ (શ્રી સાંદીપનિ વિદ્યાનિકેતન) - પોરબંદર દ્વારા ગુરૂ પૂર્ણિમા (તા. ૨ જુલાઈ)ના દિવસે કચ્છના કેળવણી ક્ષેત્રના ત્રણ વ્યક્તિ વિશેષનું તેમની ઉમદા કામગીરી માટે એવોર્ડ આપી સન્માનિત કરાશે. મૂળ રેહા (તા. ભુજ)ના દ્વારા સ્થિત બહુઆયામી સર્જક અને કેળવણીકાર ડૉ. ઈશ્વરભાઈ દામજીભાઈ પરમારને એમની શ્રેષ્ઠ સેવાઓ માટે લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરાશે. ડાયેટ - ભુજના પ્રાચાર્ય, કચ્છમિત્રના કટાર લેખક અને જાણીતા સંશોધક સંજય પ્રાણલાલભાઈ ઠાકર અને મૂળ વડિયા (તા. દિયોદર, જિ. બનાસકાંઠા)ના અને હાલ દૂધડેરી પં.પ્રા. શાળા, રાપરના

પ્રયોગશીલ યુવાન શિક્ષક હરેશ બદાભાઈ ગેલોતને શ્રેષ્ઠ શિક્ષક ગૌરવ ઍવોર્ડ આપી તેમના કાર્યની ભાવવંદના કરાશે.

ડૉ. ઈશ્વર પરમાર દ્વારકાની બી.એડ. કૉલેજમાં પ્રાધ્યાપક, બાળ સાહિત્યકાર - ચિંતક - સંપાદક અને ચરિત્રકાર તરીકે જાણીતા છે. તેમના અત્યાર સુધી ૬૮ પુસ્તકો પ્રગટ થઈ ચૂક્યા છે અને અનેક પુરસ્કાર મેળવ્યા છે. સંજય પી. ઠાકર મહારાણીશ્રી ગંગાબા સાહેબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભુજના પ્રાચાર્ય તરીકે કાર્યરત છે. એમણે કચ્છી ભાષા તાલીમ, કચ્છ દર્શન પ્રદર્શન, કચ્છનો કેળવણીનો ઇતિહાસ ગ્રંથ સહિત સંખ્યાબંધ પ્રકલ્પોમાં પ્રભાવક કામગીરી કરી છે. તેઓ કચ્છમિત્રના ૩૧ વર્ષથી કોલમિસ્ટ અને સંશોધક તરીકે જાણીતા છે. તેમને પણ અનેક પારિતોષિકો મળ્યા છે. હરેશ ગેલોટ રાપર ખાતે ઉચ્ચ પ્રા. વિભાગમાં વિજ્ઞાન શિક્ષક છે. તેઓ નવાચારી શિક્ષક તરીકે જાણીતા છે અને વિજ્ઞાન-ગણિત પ્રદર્શનમાં ઉત્કૃષ્ટ દેખાવ કરતા રહ્યા છે. તેઓ પ્રતિભાશાળી શિક્ષક તરીકે સન્માન મેળવી ચૂક્યા છે. અહીં નોંધનીય છે કે આ ઍવોર્ડ માટે કોઈ ફાઈલ મૂકી દરખાસ્ત કરવાની હોતી નથી પણ સંસ્થાના પરામર્શકો દ્વારા શિક્ષણ ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરનારને શોધીને તેમનું ભાવપૂજન કરાય છે.

## નર્મદ સાહિત્ય સભા દ્વારા ચંદ્રકોની જાહેરાત

નર્મદ સાહિત્ય સભા દ્વારા ગુજરાતી સાહિત્યમાં છેલ્લા વર્ષોમાં પ્રકાશિત થયેલાં વિવિધ વિષયોના ચંદ્રકોની જાહેરાત મંત્રીઓ યામિની વ્યાસ અને નરેશ કાપડિયાએ કરી હતી.

નર્મદ ચંદ્રક (વિવેચન - ૨૦૨૦થી ૨૦૨૨), સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી નાટક : વલણો અને વળાંકો - ડૉ. મહેશ ચંપકલાલ, નર્મદ ચંદ્રક (નિબંધ સંગ્રહ - ૨૦૨૦થી ૨૦૨૨), બનારસ ડાયરી - વિવેક દેસાઈ, રાવબહાદુર કમળાશંકર ત્રિવેદી ચંદ્રક (શિક્ષણ વ્યાકરણ - ૨૦૨૦થી ૨૦૨૨), કચ્છી બોલી વિજ્ઞાન - મહેન્દ્ર સાકરચંદ દોશી, મોહનલાલ પા. દવે ચંદ્રક (પ્રાચીન સાહિત્ય - સંસ્કૃત અનુવાદ - ૨૦૨૦થી ૨૦૨૨), મહાભારત મહાકારણ - ડૉ. અરવિંદ લાપસીવાળા, જ્યોતિન્દ્ર દવે ચંદ્રક (હાસ્યલેખ-નવલકથા-નાટક ૨૦૨૦થી ૨૦૨૨) : તો હસતા નહીં — બકુલેશ દેસાઈ, નાનુભાઈ નાયક ચંદ્રક (ગાંધીવિચાર - લોકશાહી - સમાજજીવન : ૨૦૨૦થી ૨૦૨૨), ભારતીય પ્રસાર માધ્યમો અને બિનસાંપ્રદાયિકતા : ડૉ. ધર્મે ભટ્ટ, ડૉ. ફ્રેની રતન, માર્શલ ચંદ્રક (બાળસાહિત્ય - બાળવિકાસ : ૨૦૨૦-૨૦૨૧), બાળનાટક સંપુટ : કલાપી ધોળકિયા; ભગવતીકુમાર શર્મા (દીર્ઘ સાહિત્ય-ગદ્ય-સેવા ૨૦૨૦થી ૨૦૨૨) લેખક શ્રી ધ્રુવ ભટ્ટ.

તેમને ચંદ્રક અર્પણ કરવાનો સમારોહ હવે પછી યોજાશે. સર્વે વિજેતાઓને અભિનંદન.

## કોરોનાના સારવાર ખર્ચના રૂા. ૪૦,૦૦,૦૦૦/- (રૂપિયા ચાલીસ લાખ) ચડત વ્યાજ તથા ખર્ચ સહિત ચૂકવી આપવા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમના મહત્ત્વના ચુકાદાઓ...

ભુજ : (૧) શ્રી જયેશ એમ. નિમાવાત, (૨) શ્રી વિક્રમસિંહ અમરસિંહ બારડ, (૩) શ્રીમતી અરુણાબેન જયેશ નિમાવત અને (૪) શ્રીમતી દક્ષાબેન વિક્રમસિંહ બારડે એડલવાઇઝ ટોકિયો લાઇફ ઇન્સ્યોરન્સ કંપની લિ.ને પોતાની તબીબી સુરક્ષા માટે પ્રીમિયમની રકમો ભરીને જુદા જુદા સમયગાળા માટે જુદી જુદી પોલીસીઓ ખરીદી હતી. જેમાં બીમારીના કિસ્સામાં રૂા. ૧૦,૦૦,૦૦૦/- વળતરના ચૂકવવા નક્કી કરવામાં આવ્યું હતું. કોવિડ-૧૯ મહામારી દરમિયાન ફરીયાદીઓને જુદી જુદી હોસ્પિટલોમાં જુદા જુદા સમય માટે જુદી જુદી સારવાર કરાવવાની જરૂરિયાત ઉપસ્થિત થયેલ હતી. પોલીસી ધારકોએ જુદા જુદા ટેસ્ટ રીપોર્ટ્સ, સારવાર પેપર્સ તથા ખર્ચના આધારો વગેરે રજૂ કરી દરેક પોલીસી ધારકને રૂા. ૧૦,૦૦,૦૦૦/- ચૂકવી આપવા જુદા જુદા ક્લેઈમ રજૂ કર્યા હતા. જે ક્લેઈમ્સ વીમા કંપનીએ નામંજૂર કરતાં પોલીસી ધારકોએ તેમના ઍડવોકેટ્સ શ્રી ઉર્મિશ એસ. સચદે તથા હિરેન એસ. સચડે મારફતે નોટીસો આપી હતી. તેમ છતાં વીમા કંપનીએ રકમો ન ચૂકવતાં ઉપર્યુક્ત ઍડવોકેટશ્રીઓ મારફતે ફોરમમાં જુદી જુદી ફરિયાદો રજૂ કરવામાં આવી હતી. ચારેય ફરીયાદીઓએ ફરિયાદમાં કરવામાં આવેલ રજૂઆતના સમર્થનમાં પુરાવા માટેના સોગંદનામા તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કર્યા હતા. ફરીયાદીઓ વતી શ્રી ઉર્મિશ એસ. સચદેએ ફોરમ સમક્ષ લેખિત તથા મૌખિક દલીલો કરી હતી. જે લક્ષમાં લઈ ફોરમના પ્રમુખ શ્રી એમ. એચ. પટેલ તથા સભ્ય સુશ્રી એલ.બી. પીલ્લાઈએ "કંપનીએ ફરીયાદીઓના ક્લેઇમ ખોટી રીતે નામંજુર કરેલ છે" તેમ ઠરાવીને દરેક ફરિયાદીને રૂા. ૧૦,૦૦,૦૦૦/- ૭% ટકાના સાદા વ્યાજ સાથે કાનૂની ખર્ચ સહિત ચૂકવી આપવા કંપની સામે ચુકાદાઓ આપેલ છે.

*હસુ એમ. ઠક્કર - ફ્રીલાન્સ જર્નાલિસ્ટ*

## સાવજસિંહજીને શ્રદ્ધાંજલિ

કચ્છ ઇતિહાસ પરિષદના પ્રમુખ શ્રી સાવજસિંહજી જાડેજાનું નિધન આઘાતજનક છે. કચ્છનો ઇતિહાસ એમના મુખે રમતો હતો. તેઓ કચ્છના ઇતિહાસના એનસાઈક્લોપીડિયા હતા.

કચ્છનાં ઇતિહાસ જગતનો એક તારો ખરી પડ્યો છે. કચ્છને એ ક્યારેય ન પૂરાય એવી ખોટ પડી છે.

કચ્છની શાળાઓમાં એમના દ્વારા લિખિત કચ્છનો ઇતિહાસ પાઠ્યપુસ્તક તરીકે શીખવવામાં આવે એ જ એમને સાચી શ્રદ્ધાંજલિ આપી ગણાશે.

*– જગદીશચંદ્ર છાયા*

## જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ - ભુજ દ્વારા વિશ્વ પર્યાવરણ દિન ઉજવાયો

પર્યાવરણની જાળવણીરૂપે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ - ભુજ દ્વારા માનવ જ્યોત સંસ્થા - ભુજ સંચાલિત શ્રી રામદેવ સેવાશ્રમ - પાલારા, કચ્છના પ્રાંગણમાં વૃક્ષો વાવી વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી હતી.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ - ભુજનાં સેક્રેટરી ડીએલએસએ અને ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ - ભુજ શ્રી આર.બી. સોલંકી, એડિશનલ સિવિલ જજ શ્રી નિખિલ અગ્રવાલ, એડિશનલ જજ શ્રી એમ.એસ. ગેલોડ, એડિશનલ જજ શ્રી બી.એન. ત્રિવેદીનાં વરદ્ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવેલ. સામાજિક કાર્યકર રીતુબેન વર્મા સહિત સંસ્થાનાં કાર્યકરોએ વૃક્ષારોપણ કરેલ.

સચિવ શ્રી સોલંકીએ પર્યાવરણની સાચવણી ઉપર ખાસ ભાર મૂક્યો હતો અને પ્લાસ્ટિકથી થતી ગંભીર અસરો નિવારવા સમજ પૂરી પાડી હતી. વ્યવસ્થામાં હેતભાઈ પરમાર તથા આશ્રમના સ્ટાફે સહકાર આપ્યો હતો.

## ભુજમાં પરંપરાગત જળપેડી ઉજવાઇ

કચ્છની કેટલીક આગવી પરંપરાઓ છે. જેમાંની એક છે દર ભીમ અગિયારસના જળ સ્રોતો, કુવા, તળાવ, અનેક જગ્યાઓની સફાઈ આ દિવસે કરવામાં આવે છે.

ભુજની જળસ્રોત સ્નેહ સંવર્ધન સમિતિ, એરીડ કોમ્યુનિકેશન ટેકનોલોજી, ભારતીય જૈન સંગઠન એમ ત્રણ સંસ્થાઓ દ્વારા ભુજના ટપકેશ્વરી રોડ પર આવેલ હમદરાઈ તળાવ ખાતે જળપેડીની ઉજવણી કરવામાં આવેલ.

ભારતીય જૈન સંગઠન દ્વારા ચાલુ વર્ષે હમીરસરની આવ સફાઈનું કાર્ય અંદાજિત ૪૨ લાખ રૂપિયાના ખર્ચે કરવામાં આવી રહ્યું છે. જેથી હમદરાઈ તળાવ પાસેની આવ અને એનું ઊંડાણ કરવાનું કામ એ સ્થળ પર ચાલતું હોઈ લોકોને એ સ્થળે આવની સાફ-સફાઈ બતાવવા ત્યાં આયોજન કરાયેલ. હમીરસર તળાવની આવની સફાઈ થવાથી આગામી વરસાદમાં સંભવત: હમીરસર ઝડપથી ભરાઈ જશે અને ઓગની જશે. જેથી ભુજવાસીઓ અને વિશ્વમાં વસતા કચ્છીઓને ખુશી થશે. ઘેર ઘેર લાપસી અને નગરપતિ મેઘલાડુ જમાડે છે.

કાર્યક્રમ ભારતીય જૈન સંગઠનના અધ્યક્ષ હિતેશભાઈ ખંડોરની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ. છેલ્લા ઘણા સમયથી આ કાર્ય એમની જાત દેખરેખ હેઠળ કરવામાં આવી રહ્યું છે. હવે પછીના વર્ષોમાં આ જળપેડીની ઉજવણી સમગ્ર કચ્છમાં થાય તેવો આશાવાદ એમણે વ્યક્ત કરેલ.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. સમારંભનું આયોજન અને સંચાલન જય અંજારીયાએ, જ્યારે આભારવિધિ ભૂપેન્દ્ર મહેતાએ કરી હતી. કાર્યક્રમના અંતે ગાયત્રી મંદિરના ગાયત્રી શ્લોકોચ્ચાર સાથે જળ આહૂતિ અપાઈ હતી.

## સાહિત્ય સફર આયોજિત ટેરવાંનો તહલકો-૭ (કવિ સંમેલન)

***કવિની કલમના કલરવથી શબ્દોનો શણગાર શોભતો.***
***સાહિત્ય સફરમાં સોહાયો આજે 'ટેરવાંનો તહલકો'***

શરૂઆતના સફળ ૬ કાર્યક્રમ બાદ સાહિત્ય સફર દ્વારા 'ટેરવાંનો તહલકો-૭' ઓનલાઇન કવિ સંમેલન 'ચાલ મળીએ કારણ વિના'નું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૦મી મે ૨૦૨૩એ રાતના ૯ વાગે ઝૂમ એપ પર આયોજક અને સંચાલક સંદીપ પટેલ 'કસક'ની સંગાથે ઘણા કવિ ભાઈ-બહેનો જોડાયા હતા.

'કવિતા એટલે કાનની કળા' આ વાક્યને ચરિતાર્થ કરવા માટે આ કાર્યક્રમમાં કવિતાના સર્જકશ્રીઓએ ઉપસ્થિત રહીને પોતાની આગવી શૈલીમાં કૃતિઓની સુંદર રજૂઆત કરીને બધાને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જોડાયેલા બધા જ કાવ્ય રસિક મિત્રોએ અંતરના ઉમળકાથી કોમેન્ટ દ્વારા કવિ મિત્રોની સરાહના કરી હતી અને એકમેકનો ઉત્સાહ વધાર્યો હતો. સંચાલક સંદીપ પટેલ 'કસક' આગવી શૈલીમાં આમંત્રણ આપતા હતા.

આ કાર્યક્રમમાં ઘણા જાણીતા સર્જકોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમના અંતે સંચાલક સંદીપ પટેલે અભિવાદન કર્યું હતું અને સહુનો આભાર વ્યક્ત કર્યો. ખૂબ જ ઉમંગ અને ઉત્સાહથી કાર્યક્રમ સફળ રહ્યો.

આ કાર્યક્રમની મીડિયા પાર્ટનર ગાંધીનગર મેટ્રો દૈનિક, બનાસ બચાવો સાપ્તાહિક, બનાસ ગૌરવ દૈનિક હતા.

કવિ સંમેલનની કચકડામાં કેદ થયેલી કેટલીક ક્ષણો થતાં રજૂ થયેલી કવિતાઓમાંથી કેટલાક શેર રૂપી મણકાઓ અહીં પ્રસ્તુત છે.

*રાત, શોનક, શમા તમારી છે!*
*મારું શું છે, સભા તમારી છે!*
*– રાજ લખતરવી*

*જીવનમાં જે કંઈ પણ મળશે એની ઈચ્છા સમજીને,*
*અંતે એના ચરણે ધરજે, બાકી સઘળું ઈશ્વર કરશે.*
*– દિનેશ ડોંગરે 'નાદાન'*

*શૂન્યને ઘૂંટતા રહ્યાને, એકડો થઈ ગયો,*
*ના પડી ખબરને સંબંધ મોટો થઈ ગયો.*
*– રજની પટેલ*

*ન જાણું જિંદગીની સાંજ ક્યારે ક્યાં થશે, માટે*
*સદાયે 'દીપ' તારી યાદનો હું સાથ રાખું છું.*
*– દિપાલી લીમકર 'દીપ'*

*વસવસો ના કર, નથી પાંખો તને*
*આંબવું છે આભ, તો એને ઝુકાવ.*
*– નિરંજન શાહ 'નીર'*

*નથી હોતાં જીવનનાં માર્ગો સરળ અને લીસા,*
*ઢળે સૂરજ ક્ષિતિજે ત્યારે ઉગે છે નિશા.*
*– નિશા નાયક 'પગલી'*

*કે શબ્દ અમારી ખુમારી છે,*
*ને આ કલમ અમારી બેધારી છે.*
*– કવિ જાન*

*રાધા જુએ રાહ, કાના જરાક તો નજીક આવ,*
*પૂછવો પ્રેમનો છે સવાલ, વિરહની વેદના અપાર.*
*– પૂજા ગઢવી 'મંથના'*

*સાચ છોડી, જુઠનો આભાસ લઈને ચાલવું,*
*જળ અને મૃગજળની વચ્ચે એટલો બસ ફરક છે.*
*– મીના વ્યાસ*

*સહેજ પણ પરવા નથી, છો લાખ ઝંઝાવાત આવે,*
*નાવની પતવાર મારા હાથમાં છે ને રહેશે.*
*– સંદીપ પટેલ 'કસક'*

આ કાર્યક્રમમાં દિલીપ આચાર્ય સહિત સાહિત્ય રસિકો જોડાયા હતા.

## કવિ લેખક મંડળ – ભુજ

કવિ - લેખક મંડળની બેઠક મળી હતી. જેમાં સાહિત્ય સેવા સહિતની વિવિધ પ્રવૃત્તિ કાર્ય અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તેમજ અગાઉ થયેલ પ્રવૃત્તિ અને આયોજિત સ્પર્ધા વગેરે વિશે માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે સાહિત્ય ગોષ્ઠી, ગ્રુપના મનીષાબેન વીરા 'મન', દિવ્યા દેઢિયા 'દિવ્ય', વિનોદ વાઘાણી, મણિલાલ રૂઘાણી વગેરેની રચનાનું પઠન કરવામાં આવ્યું હતું.

## કચ્છી સાહિત્યકાર સંસ્થા

કચ્છી નવા વર્ષના મુંબઈથી પધારેલ મનીષાબેન વીરા 'મન' અને દિવ્યાબેન દેઢિયા 'દિવ્ય'ને કચ્છી સાહિત્યકાર અને સંસ્થા તરફથી આવકારવામાં આવેલ. જેમાં પદ્મશ્રી નારાયણ જોશી, લાલજી મેવાડા, દિલીપ આચાર્ય, રમેશ ભટ્ટ સહિત ઉપસ્થિત રહેલ હતા.

## અંતિમ સંસ્કાર

હતી મોટી નોટો ક્યમ નોટા જેમ કિંમત વગરની થઈ;
આમ અમને રડતા મૂકી અચાનક વિદાય તેં શાને લઈ!
હતુ બહુ જ ગુમાન તને મોટાઈનું કરી નાખી પાલો ભાજી;
દર્શનનાં તરસ્યા હતા હવે તુજપર દૃષ્ટિ કરવા ન કોઈ રાજી.
હતી મોટી મોટી તિજોરીમાં તું સંકોચાઈને સલવાણી;
નહીં પૂછનાર રહ્યું કોઈ તને તેં ખાધું છે કે પીધું પાણી.
જાદુ તારો જબરો હતો મૃત્યુની સોડ તેં સાને તાણી;
લાગે છે કે હવે તારી સાથે ખૂટી ગયા અન્નજળ પાણી.
પટારામાં મોજ કરી પટારામાં જ તું બહુ પૂજાણી;
પામરને તું ગણતી નહીં દેખી બની જતી અજાણી.
હાકો બહુ બોલાવતી હતી અને બની ફરતી હતી રાણી;
તો પછી પ્રભુના ઉતરેલ હારની જ્યમ કેમ તું કરમાણી?
સાંકળ મોકળમાં પણ ભોરીંગની જ્યમ તું ભરાણી;
તો શાને આજ ઘરખૂણેથી ઉડી હવામાં વેરાણી.
ઉંમર શું હજું તું નાનું બાળ હતી સાત વર્ષની જાણી;
તારી વિદાય સહુને લાગી રહી છે બહુ વસમી ભાણી.
ગાલ તારા ગુલાબી આખી ગુલાબમાં તું રંગાણી;
નજર તને લાગી કોઈની કેમ બ્લીચમાં તું પીસાણી.
રંજ તારા બાળમૃત્યુથી આવ્યા અમ નયનોમાં પાણી;
ગુન્હો હતો શું અમારો કે આમ ઓચિંતાની તું રીસાણી.
તુજ દર્શનથી ઘેલો થઈ રહેતો હતો ભાવ ઉમંગનો જાણી;
શું એટલે જ પીયુને તડપતો મેલી જતી રહી તું રાણી?
તારાથી એ મોભી પૂછાતા પાંચમા જ્યમ લાખો ફુલાણી;
આજ એ જ મોભીઓની સરાજાહેરમાં લાજ લૂંટાણી.
ઘડી છે અંતિમ તારી બેંકે અશ્રુથી તારું કરશું અર્પણ;
કહે તન્ના બેંકના કેશિયરને તને કરી આપશું અર્પણ.

***ધીરજલાલ ડી. તન્ના - કેશોદ***
***મો. ૯૭૩૭૭૧૨૯૯૯***

# આંજો કાગર

અશોકભાઈ મહેતાના આગ્રહથી તા. ૧૮ જૂન, ૨૦૨૩ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રાંગણમાં યોજાયેલ સંમેલન સભામાં મેં હાજરી આપી હતી. સંમેલનનું પ્રયોજન અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં બનેલા ૩૫ જેટલા કચ્છી ઘટક સમાજોના પ્રમુખ અને મંત્રીઓ એકત્રિત કરી એમની પ્રવૃત્તિઓની માહિતીથી સૌને પરીચિત કરાવવાનો હતો અને સાથે સાથે સૌ ઘટકો ભેગા મળી શું કરી શકે, એના માટે સૂચનો પર વિચાર વિમર્શ કરી આગળ કેવી રીતે ધપવું એ પણ એજન્ડાનો ભાગ હતો.

સૌ ઘટકોના મંત્રી કે પ્રમુખે પોતાના ઘટકની પ્રવૃત્તિઓની વાત કરી અને સૂચનો પણ આપ્યા. એક નિરીક્ષકની ભૂમિકામાં એ વાતો ધ્યાનથી સાંભળ્યા પછી મારા ત્રણેક મંતવ્યો અથવા વિચારો હું આપની સમક્ષ મૂકું છું.

૧. કડવા કે લેઉઆ પેટા જ્ઞાતિઓના પાટીદાર સમાજો અમદાવાદ, ગાંધીનગર અને ઓઢવ અને એનાથી પણ આગળ સુધી ફેલાયેલા છે. મીટિંગમાં આવેલ એ સમાજોના અગ્રણીઓની વાતો પછી સહેજે લગભગ દસેક પાટીદાર સમાજો અમદાવાદ આસપાસ હશે એવું મને લાગ્યું. કદાચ વસ્તીની દૃષ્ટિએ કચ્છી જૈન સમાજ કરતાં પાટીદારો આગળના નંબરે હશે. એના પરથી વિચારવા જેવી એક વાત મને લાગી એ આપની સમક્ષ મૂકું છું. કચ્છી જૈન સમાજની જેમ એક બૃહદ્ કચ્છી પાટીદાર સમાજની રચના કરવાનું અગ્રણીઓ વિચારી શકે. સંગઠિત થઇ તેઓ પણ સમસ્ત પાટીદારોના વિકાસ માટે ઘણું કરી શકે. જે એકાદ નાના ઘટક માટે શક્ય નથી. કચ્છી જૈન સમાજના અનેકવિધ કામોનું ઉદાહરણ સૌની સમક્ષ છે. બીજા પણ નાના નાના એક જ જ્ઞાતિના ઘટકો, જે ભૌગોલિક કે અન્ય કારણોએ અમદાવાદ આસપાસ સ્થાપિત થયા છે તેઓ પણ એકત્રિત થવા પ્રયત્ન કરે તો આપણે સૌ કરવાના કામોનો વ્યાપ વધારી શકીએ. આ એક સુજાવ પર વિચાર અને સંવાદની જરૂર છે.

૨. સંમેલનમાં આવેલા ઘટકોના મંત્રી કે પ્રમુખપદે ફક્ત પુરુષો જ હતા. મને જરૂર અચરજ થયું કે કોઈ પણ ઘટક સમાજમાં શું એક પણ સ્ત્રી એવી નથી જે પોતાના સમાજની કારોબારીમાં કોઈ હોદ્દો ન લઈ શકે? આપણે સૌ સ્ત્રી સશક્તિકરણની વાતો કરતા હોઈએ છીએ તો આપણા સમાજમાં એવી ઘણી બહેનો જરૂરથી હશે, જેમનામાં સંચાલન કરવાની, જવાબદારીઓ નિભાવવાની ભાવના અને શક્તિઓ છે. તો એવી મહિલાઓને આગળ લાવી એમનામાં વિશ્વાસ મૂકી ઘણું કામ કરી શકાય. આ દિશામાં વિચારવાની તાત્કાલિક જરૂર છે.

૩. યુવા પેઢી માટે સ્કીલ ડેવલપમેન્ટ (કૌશલ્ય વિકાસ)ની ઘણી વાતો થઈ અને નક્કર સૂચનો પણ રજૂ કરાયા. આજના યુવાનો અને યુવતીઓને આર્થિક ઉપાર્જનના અનેક વિકલ્પો અને તાલીમ અંગે માહિતગાર કરવા ઉપર મંતવ્યો રજૂ કરાયા અને એની ઉપર ભાર પણ મૂકવામાં આવ્યો. પરંતુ સાથે સાથે યુવા પેઢીને મૂલ્યો આધારિત તાલીમની પણ ખૂબ જ જરૂર છે જેથી તેઓ નૈતિકતાથી, પ્રામાણિકતાથી જે કાર્ય હાથ પર લે અને કરે એની ચર્ચા, મારી દૃષ્ટિએ, તાલીમનો અગત્યનો ભાગ બને એ જરૂરી છે.

*લીલા વિસરીયા - અમદાવાદ*

★

'મંગલ મંદિર'ના જૂન માસના અંકમાં પ્રકાશિત મારા નાના લેખ 'સામાજિક સમસ્યા' અંગે આદરણીય તંત્રી મંડળની નોંધનો સન્માન સાથે સ્વીકાર કરું છું. કચ્છ અને વાગડની સર્વ જૈન જ્ઞાતિઓના સાધર્મિક બંધુઓ ધાર્મિક રીતે એક તાંતણે બંધાયેલા છીએ. પ્રસંગોપાત સૌ એક સાથે બેસી ભોજન કરીએ છીએ. છતાં પણ કોઈ અગમ્ય કારણસર સંતાનોના વિવાહ માટે એકબીજાથી નોખા રહ્યા છીએ એ પણ હકીકત છે.

કચ્છમાં માંડવી તાલુકો અને અબડાસા તાલુકો એકબીજાને અડીને છે. કચ્છની ભૌગોલિક તથા રાજકીય વ્યવસ્થાની દૃષ્ટિએ જુદા જુદા તાલુકાઓ બનાવવામાં આવ્યા. માંડવી તાલુકામાં મુખ્યત્વે વીસા ઓસવાળ જ્ઞાતિની વસતી છે જ્યારે અબડાસા તાલુકામાં મુખ્યત્વે દશા ઓસવાળ જ્ઞાતિની વસતી છે. દસા અને વીસા જ્ઞાતિઓમાં ધાર્મિક અને સામાજિક રીતરીવાજોમાં સામ્ય હોવા છતાં આપસમાં વિવાહ સંબંધ માટે એક અંતર જાળવવામાં આવ્યું છે!

મેં, મારા લેખમાં પ્રથમ આ બે જ્ઞાતિ બંધુઓને, આ અંતર નાબૂદ કરવા નમ્ર સૂચન કર્યું છે! આ તો શરૂઆત છે. જો થોડી પણ આ વિષયમાં જાગૃતિ આવે તો પછી, ફક્ત કચ્છી જૈન જ્ઞાતિઓ જ નહીં પણ સમગ્ર ભારતના જૈનો એકત્ર આવે અને એકમેકથી સાધર્મિક ભાવના સાથે દસા-વીસા, દેરાવાસી, સ્થાનકવાસી, નાની ચોવીસી, મોટી ચોવીસી, કચ્છ, વાગડ વગેરે સર્વ ભેદભાવ વિના, એક થઈ જાય એના જેવું રૂડું બીજું શું હોઈ શકે!!

આપણા સમગ્ર જૈન સમાજના અગ્રણીઓ, વિચારકો તથા ધર્માચાર્યો આ વિષયમાં ચિંતન કરી યોગ્ય કરશે એવી અભિલાષા!

આપ તંત્રીઓના દિશાસૂચન બદલ ખૂબ ખૂબ આભાર માનું છું. ભૂલચૂક માફ!!

***વસંત કચ્છ કેસરી - મુલુંડ, મુંબઈ***

★

*પ્રતિ,*
*માનદ્ મંત્રીશ્રી,*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

આપનો તા. ૧૩-૬-૨૦૨૩ના રોજનો પત્ર આજે મળ્યો છે. સાથે રૂા. ૨૫૦/-નો ચેક પુરસ્કારરૂપે મળ્યો છે. જેનો ખૂબ આભારવશ સ્વીકાર કરું છું.

પુરસ્કારનો અસ્વીકાર એ નિર્ણાયક સમિતિઓના માનનીય સભ્યો તેમજ સંસ્થાનું અપમાન ગણાય એમ હું માનું છું. આ પારિતોષિક બદલ આપ સૌનો હું ઋણી છું.

શ્રી હરેશભાઈ ધોળકિયા જેવા મૂર્ધન્ય લેખકની સામે તો હું ખૂબ નાનો છું પણ એમના લેખમાં છુપાયેલ મર્મને સમજી શક્યો એ મારું સૌભાગ્ય!

આપ સૌ સભ્યોની કદરદાની બદલ ફરીથી આભાર.

***વસંત કચ્છ કેસરી - મુલુંડ, મુંબઈ***

★

વાત છે આપણા ફિઝીયોથેરાપી સેન્ટરના ડૉ. નિગમભાઈ મહેતા અને તેમની સમગ્ર ટીમની. ડૉ. નિગમ મહેતા પાસે ૧ વર્ષ ૨ મહિના પહેલા એક દર્દી આવેલા. તેમનું નામ હેતલભાઈ ઝવેરી. તેમની ઉંમર ૫૦ વર્ષ. તેમને હાઇ ડાયાબિટીસના કારણે કિડની ટ્રાન્સપ્લાન્ટનું ઑપરેશન કરાવવું પડેલું અને સાથે સાથે ૨ વર્ષ પહેલા ડાબા પગમાં ગેગરીંગ થઈ જવાના કારણે ઝાયડસ હોસ્પિટલમાં ઘુંટણથી નીચેનો પગ કપાવી નાંખવો પડેલો.

હોસ્પિટલની સારવાર પતી ગયા બાદ આગળની સારવારના ક્રમ (કસરતનો) અંતર્ગત આપણા ફિઝીયોથેરાપી વિભાગના ભાગે જવાબદારી આવી પડી.

બિલકુલ પથારીવશ અને ૨ કે ૩ વ્યક્તિની મદદ વગર એક ડગલું પણ ન માંડી શકતા દર્દી હેતલભાઈ ઝવેરી આજે ૧ વર્ષ ૨ મહિનાની સઘન સારવાર બાદ કોઈ પણ વ્યક્તિની મદદ વગર માત્ર એક ઍલ્બો સ્ટીકની મદદથી ચાલવાનું શરૂ કરી દીધેલ છે અને ઓફિસ પણ જાય છે. આજે તેઓની તકલીફમાં ૮૦%નો સુધારો છે અને આજે પણ એમની ફિઝીયોથેરાપી આપણે ત્યાં ચાલુ છે.

ડૉ. નિગમ મહેતા અને તેમની ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

***રોહિત શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

★

અમારા પરિવારના એક કુટુંબમાં પુત્ર જન્મ ખુશાલી નિમિત્તે જવાનું થયું. ત્યાં અન્ય ૫ કુટુંબીજનોના પરિવારો અનાયાસે જ ભેગા થઈ ગયેલા. ત્યાં વાતવાતમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ સંચાલિત નવનીત મેડિકલ સેન્ટર - બોપલની વાત નીકળેલ હતી.

બધા જ એકઠા થયેલ પરિવારોએ ઓછેવત્તે અંશે બોપલ મેડિકલ સેન્ટરની સેવાઓનો લાભ લીધેલ હતો. બધા જ સભ્યો બોપલ મેડિકલ સેન્ટરના ડૉક્ટરોથી, ત્યાંની સેવાઓથી, કર્મચારીઓના શિસ્તબદ્ધ અને આદરપૂર્ણ વ્યવહારથી અને ત્યાંની વ્યવસ્થા અને સેવાઓથી અતિ સંતુષ્ટ હતા.

આટલા સસ્તા દરે આરોગ્ય ઉપચાર ઉપલબ્ધ કરાવવા બદલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને આકાશ ભરીને અભિનંદન.

***રોહિત શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

★

હું દેવચંદભાઈ છગનલાલ ઠક્કર (મુ. વારાણી, બનાસકાંઠા) આપને ત્યાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બોપલ ખાતેના મેડિકલ સેન્ટરમાં આવેલ હતો. સવારથી બધા જ રીપોર્ટ – TMT, ECG, Echo તેમજ અન્ય રીપોર્ટ્સ કરાવેલ હતા. ખૂબ જ સ્વચ્છ, સુઘડ અને સારી રીતે સગવડ મળી છે. અમો ખૂબ જ સંતુષ્ટ છીએ. સારી સેવા અને સમાજને ઉપયોગી થાય તેમ છે. અમને સારી રીતે ટ્રીટમેન્ટ મળી અને ખૂબ જ સારું લાગ્યું. આપનો ખૂબ ખૂબ આભાર.

***દેવચંદભાઈ ઠક્કર - વારાણી, બનાસકાંઠા***
***મો. ૯૪૨૫૭ ૦૭૮૬૨***

★

## લાઈબ્રેરી

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સમૃધ્ધ લાઈબ્રેરીનો લાભ લેવા સમાજના તમામ સભ્યોને વિનંતી.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વાચકોને જણાવવાનું કે આપની પસંદગીના પુસ્તકો ઉપલબ્ધ થઈ શકે તે માટે આપની પસંદગીના પુસ્તકોના નામ જણાવવા વિનંતી.*

## NanoNine® શબ્દ રમત-૧૯૬

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ | | ■ | ૭ | ■ |
| ૮ | | | ■ | ૯ | | | | ■ | ૧૦ | | ૧૧ |
| | ■ | ૧૨ | ૧૩ | | ■ | ૧૪ | ■ | ૧૫ | | | |
| ૧૬ | | ■ | | ■ | ૧૭ | | ૧૮ | | ■ | ■ | ■ |
| ■ | ૧૯ | ૨૦ | | | ■ | ■ | ૨૧ | | | | ■ |
| ૨૨ | | | ■ | ■ | ૨૩ | ૨૪ | ૨૫ | ■ | ■ | ■ | ૨૬ |
| | ■ | | ■ | ૨૭ | | | | | ■ | ૨૮ | |
| | ■ | ૨૯ | | ■ | ૩૦ | | ■ | ૩૧ | ૩૨ | | |
| ૩૩ | ૩૪ | | ■ | ૩૫ | | | ■ | ૩૬ | | | ■ |
| ૩૭ | | ■ | ૩૮ | | ■ | ■ | ૩૯ | | ■ | ■ | ૪૦ |
| ■ | ■ | ૪૧ | ૪૨ | | ■ | ૪૩ | | | ■ | ૪૪ | |
| ૪૫ | | ૪૬ | | ■ | ૪૭ | | | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૭-૨૦૨૩ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. જીવતાં કરાતું કારજ (૪)
૪. ખુશબો, મહેક, સુગંધ (૪)
૮. ચોખાની ધાણીના દાણા, નાસ્તામાં સેવ ______ (૩)
૯. રાજાની મુખ્ય રાણી (૪)
૧૦. નાનાપણું, નાનપ (૩)
૧૨. જડસું, બેવકુફ (૩)
૧૫. ડગમગતું, ડગડગ ______ તો પગ રાખતું સ્થિર (૪)
૧૬. તીજ, પખવાડિયાની ત્રીજી તિથિ (૨)
૧૭. નડિયાદનું એક પ્રસિદ્ધ મંદિર (૪)
૧૮. સીતાના પતિ (૨)
૧૯. પજવણી, સતાવવું તે (૪)
૨૧. મોટું તળાવ (૪)
૨૨. બખોલ, જમીન કે પર્વતમાં ઊંડો પહોળો ખાડો (૩)
૨૩. મૂળ, પુરાણું, અગાઉનું, ______ નકલી (૩)
૨૭. મહાન અલ્લા, મહાન પ્રભુ (૪)
૨૮. ચાલતું, અસ્થિર, ચલાયમાન (૨)
૩૦. કર્મ, કૃત્ય, ધંધો (૨)
૩૧. તબલા વગાડનાર, તબલા વાદક (૪)
૩૩. ડરપોક, બાયલું (૩)
૩૫. પસંદગી (૩)
૩૬. પગ મૂકતા ખૂંપી જવાય તેવી જગ્યા, સૂઝ, સમજ (૩)
૩૭. બાળકનું ખાવાનું, મારું (૨)
૩૮. ગુજરાતી ભાષામાં ______ના છપ્પા ખૂબ જ પ્રખ્યાત છે (૨)
૩૯. ચંદ્રનો સોળમો ભાગ, હુન્નર, કસબ, કળા(૨)
૪૧. મગર, દસમી રાશિ (૩)
૪૨. હાથ, વેરો (૨)
૪૩. ડોલ (૩)
૪૪. ગરીબ, સાલસ (૨)
૪૫. સો પાંખડીવાળું (૪)
૪૬. ફૂલની પાંખડી, સૈન્ય (૨)
૪૭. દુનિયા, ______ આરા : બોલતી પ્રથમ ફિલ્મ (૩)

### ઊભી ચાવીઓ

૧. જમના નદીનું મૂળ (૪)
૨. શોક, દુઃખ (૨)
૩. ફાટ, ચીરો, તરડ (૩)
૪. નદીની પહોળાઈ (૨)
૫. સમારકામ, રીપેરીંગ (૪)
૬. રાજાની પત્ની (૨)
૭. માશૂક, પ્રિયતમા (૩)
૯. ઘડીનો ૬૦મો ભાગ, ક્ષણ (૨)
૧૦. ફેણવાળો સાપ (૨)
૧૧. એક કઠોળ, ______ લાવે પગ (૨)
૧૩. સુવાસ, મહેક, પમરાટ (૩)
૧૪. અભિપ્રાય, વોટ (૨)
૧૫. એક સુગંધીદાર વનસ્પતિ (૩)
૧૮. કૃષ્ણે ગોપીઓ સાથે કરેલી રાસની ક્રીડા, રાસક્રીડા (૪)
૧૯. સાચું, સારું, સત્ત્વ (૨)
૨૦. ઉધ્ધાર કરનાર (૫)
૨૨. કોતરીને કરેલું નકશીકામ (૫)
૨૩. અભિનેતા, કલાકાર (૪)
૨૪. સતાવવું તે, પજવણી (૪)
૨૫. ક્રીડા, અદ્‌ભુત ખેલ, કૃષ્ણની ______ (૨)
૨૬. ઈલાયચી (૩)
૨૮. ચલણી નાણું, કરન્સી, ધારો, રિવાજ (૩)
૨૯. પરાજય, સ્ત્રીની ડોકનું ઘરેણું (૨)
૩૦. મોટરગાડી (ઈં) (૨)
૩૧. ટકાઉ નહીં તેવું, નાજુક (૪)
૩૨. બળ, જોર, શક્તિ (૨)
૩૪. મૃત્યુનો દેવ (૨)
૩૫. કોઠાર, ગોદામ (૩)
૩૮. અક્કલ, બુધ્ધિ, મત (૩)
૩૯. લેખણ, કરારની શરત, ઝાડની રોપવાની ડાળી (૩)
૪૦. દાખલાની સંખ્યા, ચીજ, મોટી સંખ્યામાં નાણું (૩)
૪૧. ગર્વ,હાથીના ગંડસ્થળમાંથી ઝરતો રસ (૨)
૪૩. વાળ, કેશ (૨)

***કમાવા જઈએ ત્યારે ૧ કરતા ૨ મોટો ગણાય અને સ્પર્ધામાં હોઈએ ત્યારે ૨ કરતાં ૧ મોટો! પરિસ્થિતિ પ્રમાણે નિર્ણય લેવા જોઈએ.***

## NanoNine® શબ્દ રમત-૧૯૫નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | સ | | ના | ગ | | મો | ર | લી | | | ગુ |
| ર | બ | ડી | | જ | | સ | જ | | ગિ | ર | જા |
| સ | ર | | | | દા | મ | | | રિ | | રો |
| | સ | બ | મ | રી | ન | | પ | મ | રા | ટ | |
| મ | | | લ | ડ | ત | | લા | | જ | ન | ક |
| ગ | | પ્ર | કા | ર | | ન | ય | ન | | ટ | પ |
| | લા | | ટ | | વા | મ | ન | | રો | ન | |
| ર | જ | ની | | ચ | ર | ણ | | શ | ક | | બ |
| વિ | | ર | તી | | તા | | આ | બ | | મ | ના |
| વા | સી | | ત | રુ | | મ | | રી | સ | | ર |
| ર | | વ | ર | | વિ | ન | ય | | જા | સુ | સ |
| | ક | ર્ણ | | પ | વ | ન | | ડ | ગ | ર | |

*મે-૨૦૨૩ના અંકમાં છપાયેલ નેનો શબ્દ-રમત ૧૯૪ના*
*બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. ફાલ્ગુની ડી. શાહ – આદિપુર
૨. હસમુખ દેઢિયા – અડાલજ
૩. પ્રભા શેઠિયા – વલસાડ
૪. ગુણવંતી ખંડોર – ભુજ
૫. સરલા શાહ – અમદાવાદ
૬. દિશા પટેલ – અમદાવાદ
૭. મિત્તલ પટેલ – અમદાવાદ
૮. જ્યોતિ શાહ – અમદાવાદ
૯. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૧૦. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૧૧. દમયંતી દંડ – અમદાવાદ
૧૨. મિતેશ દેઢિયા – અમદાવાદ
૧૩. હાર્દિક વોરા – અમદાવાદ
૧૪. અલ્કા વોરા – અમદાવાદ
૧૫. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૧૬. યેશા મહેતા – અમદાવાદ
૧૭. પ્રવીણ દંડ – અમદાવાદ
૧૮. કલ્પના પાલાણી – અમદાવાદ
૧૯. કંચનબેન સંઘવી – અમદાવાદ
૨૦. કામિની શેઠ – અમદાવાદ
૨૧. ચંદ્રા શાહ – અમદાવાદ
૨૨. સ્મિતા શાહ – અમદાવાદ
૨૩. હીના દોશી – અમદાવાદ
૨૪. શીત મહેતા – અમદાવાદ
૨૫. સનત મહેતા – અમદાવાદ
૨૬. શાંતિલાલ શાહ – અમદાવાદ
૨૭. ગુણવંતી મહેતા – ગાંધીધામ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારમાંથી લક્કી ડ્રૉ કરતાં એક વિજેતાનું નામ નીચે પ્રમાણે છે. તેમણે પોતાનું ઈનામ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

દિશા પટેલ – અમદાવાદ

## હેરીટેજ

કચ્છ મુલકજી કલા સંસ્કૃતિ વર્લ્ડ હેરીટેજ માન
હડપ્પાકાલીન હેરીટેજ કે મિલ્યો યુનેસ્કો સ્થાન
ધોરાવીરા ધરોહર ને કુરન ખીરસરા શાન
સંબંધ સીધો ઋગ્વેદ સેં એડો આય અનુમાન.
પચ્છમ ભારત પહેચાન
પંજ હજાર વરે પૂરાણું

પંજ હજાર વરે પૂરાણું, ધોરાવીરા ભનધો ધામ
રસ્તો વિકાસ રણમિંજા મ્યુઝીયમ તામજામ
કીરો ડુંગર કામણગારો, અશ્મિ મિલેં તમામ
સહીધ ગઢ કે સંભાર્યો કુરન કંકાલ જામ
પાંડવ આયા ગેડી ગામ
રાપર, ખડીર રોડ તેં...

રાપર ખડીર રોડને પોય ડિસો ભચાઉ જિલ્લો
સૂર્યમંદિર સોહામણું ને કંથકોટજો કિલ્લો
વિરાસત ડિસો વારસેજી લખપતજો સિલસિલો
ગુરુદ્વારેજી ગરીમા ને મહમદ ઘોસ વસીલો.
સિયોત ગુફાજો ચીલો
પાવન મિંધર પુંઅરેશ્વર...

પાવન મિંધર પુંઅરેશ્વર ને પંચતીર્થીજા પ્રમાણ
તેરા ગામને તરાઈયું હેરીટેજ ઓડખાણ
વિરાસત વિજય વિસાલજી મડઇ બંદરમેં માણ
હમીરસર પ્યો હિલોડે ભુજ કચ્છજો પ્રાણ
મિડે ધરોહરેંજી ઉમાણ
'પ્રભુ' એયડો એપ્રિલજો વારસો...

***પ્રભુલાલ સિધ્ધપુરા - ગાંધીધામ, કચ્છ***
***મો. ૯૮૭૯૭ ૦૦૩૬૯***

## ગઝલ

જિંદગીની નાવ પ્રભુ તુજ ચરણમાં હું ધરું!
પાર પહોંચે એ કિનારે એ જ અરજી હું કરું!

છૂટતા ના રાગ દ્વેષો મોહ માંહી રાચવું,
ભાર લાગે તુજ રટણ સંસાર ફેરા હું ફરું!

ના ગમે તવ નામ લેવું મૌન ક્યાં રે'વાય છે
પ્રાર્થના છોડી વિભુ પર નિંદ પ્યાલી હું ભરું

અંધશ્રદ્ધાના વમળ ઘેરી વળ્યા છે ચોતરફ
પીડ મોજાઓ શમાવો સાત સાગર હું તરું

ખેપ માનવ ભવ તણી એળે જરી પણ જાય ના
યાચના જિનવર સુણોને 'દિવ્ય' ખોળો પાથરું.

***દિવ્યા દેઢિયા 'દિવ્ય' - વડાલા, મુંબઈ***

## NanoNine® Sudoku

**મે-૨૦૨૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૫૨ના બધા સાચા ઉકેલ મોકલનારનાં નામ**

૧. હેમલતા દેઢિયા – અડાલજ
૨. અંકિતા મારૂ – મુંબઈ
૩. પ્રભા શેઠિયા – વલસાડ
૪. પ્રવીણ ખંડોર – ભુજ
૫. જ્યોતિ શાહ – અમદાવાદ
૬. પ્રભાતસિંહ ચૌહાણ – અમદાવાદ
૭. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૮. નયના કારાણી – અમદાવાદ
૯. મિતેશ દેઢિયા – અમદાવાદ
૧૦. અલ્કા વોરા – અમદાવાદ
૧૧. હાર્દિક વોરા – અમદાવાદ
૧૨. શાંતિલાલ શાહ – અમદાવાદ
૧૩. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૧૪. યેશા મહેતા – અમદાવાદ
૧૫. કલ્પના પાલાણી – અમદાવાદ
૧૬. જીગર મહેતા – અમદાવાદ
૧૭. કામિની શેઠ – અમદાવાદ
૧૮. ચંદ્રા શાહ – અમદાવાદ
૧૯. સ્મિતા શાહ – અમદાવાદ
૨૦. સનત મહેતા – અમદાવાદ
૨૧. રીશ્વા મહેતા – ગાંધીધામ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર એક વિજેતાનું નામ નીચે જણાવેલ છે. તેમણે પોતાનું ઈનામ પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**શાંતિલાલ રતનશી શાહ – અમદાવાદ**

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૫૪અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૭-૨૦૨૩ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૫૪

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | 7 | | 9 | | |
| 2 | | | 9 | | | | | 4 |
| 8 | | 5 | | 1 | | | 6 | 7 |
| | 5 | | | | 2 | 3 | 7 | 6 |
| | 6 | | 1 | | 9 | | 5 | |
| 3 | 4 | 2 | 6 | | | | 8 | |
| 5 | 8 | | | 2 | | 7 | | 1 |
| 1 | | | | | 4 | | | 5 |
| | | 7 | | 8 | | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | | | 2 | 3 | 9 | 1 | | |
| | | 7 | | | | 5 | | |
| 6 | 1 | | | 5 | 8 | | 2 | |
| 8 | 5 | | 3 | | | | | 1 |
| | | 3 | | 8 | | 9 | | |
| 7 | | | | | 6 | | 3 | 4 |
| | 2 | | 9 | 1 | | | 8 | 6 |
| | | 5 | | | | 3 | | |
| | | 6 | 8 | 4 | 3 | | | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 8 | 9 | | | 1 | 7 | |
| | 9 | 1 | | | | | | 4 |
| | 4 | | 1 | 8 | 7 | 6 | | |
| 2 | | | | | 1 | | 3 | 9 |
| | 8 | | 4 | | 2 | | 6 | |
| 9 | 6 | | 7 | | | | | 8 |
| | | 6 | 2 | 7 | 9 | | 4 | |
| 5 | | | | | | 7 | 2 | |
| | 7 | 2 | | | 3 | 9 | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 9 | 6 | 1 | | | | 7 | |
| | 1 | | | 9 | | 3 | | |
| 4 | | | 8 | | | | 5 | |
| | | 2 | 9 | 8 | | 4 | | 5 |
| 6 | 4 | | | 5 | | | 1 | 3 |
| 5 | | 1 | | 6 | 3 | 9 | | |
| | 5 | | | | 9 | | | 1 |
| | | 7 | | 1 | | | 4 | |
| | 6 | | | | 7 | 5 | 9 | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૫૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 3 | 6 | 8 | 5 | 7 | 1 | 9 | 2 |
| 8 | 2 | 9 | 6 | 4 | 1 | 7 | 5 | 3 |
| 7 | 5 | 1 | 3 | 9 | 2 | 6 | 8 | 4 |
| 5 | 9 | 4 | 2 | 3 | 6 | 8 | 1 | 7 |
| 6 | 1 | 2 | 9 | 7 | 8 | 4 | 3 | 5 |
| 3 | 8 | 7 | 4 | 1 | 5 | 2 | 6 | 9 |
| 9 | 6 | 8 | 5 | 2 | 4 | 3 | 7 | 1 |
| 2 | 7 | 3 | 1 | 8 | 9 | 5 | 4 | 6 |
| 1 | 4 | 5 | 7 | 6 | 3 | 9 | 2 | 8 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 9 | 6 | 3 | 2 | 8 | 1 | 7 | 5 |
| 2 | 7 | 1 | 4 | 6 | 5 | 9 | 3 | 8 |
| 5 | 8 | 3 | 1 | 7 | 9 | 4 | 6 | 2 |
| 9 | 2 | 8 | 6 | 4 | 7 | 3 | 5 | 1 |
| 7 | 6 | 5 | 8 | 3 | 1 | 2 | 9 | 4 |
| 3 | 1 | 4 | 5 | 9 | 2 | 6 | 8 | 7 |
| 1 | 3 | 7 | 2 | 8 | 6 | 5 | 4 | 9 |
| 8 | 4 | 2 | 9 | 5 | 3 | 7 | 1 | 6 |
| 6 | 5 | 9 | 7 | 1 | 4 | 8 | 2 | 3 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 1 | 4 | 2 | 7 | 5 | 9 | 3 | 8 |
| 2 | 7 | 3 | 9 | 6 | 8 | 5 | 1 | 4 |
| 8 | 9 | 5 | 4 | 1 | 3 | 2 | 6 | 7 |
| 9 | 5 | 1 | 8 | 4 | 2 | 3 | 7 | 6 |
| 7 | 6 | 8 | 1 | 3 | 9 | 4 | 5 | 2 |
| 3 | 4 | 2 | 6 | 5 | 7 | 1 | 8 | 9 |
| 5 | 8 | 9 | 3 | 2 | 6 | 7 | 4 | 1 |
| 1 | 3 | 6 | 7 | 9 | 4 | 8 | 2 | 5 |
| 4 | 2 | 7 | 5 | 8 | 1 | 6 | 9 | 3 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 2 | 8 | 9 | 6 | 4 | 1 | 7 | 3 |
| 7 | 9 | 1 | 3 | 2 | 6 | 8 | 5 | 4 |
| 3 | 4 | 5 | 1 | 8 | 7 | 6 | 9 | 2 |
| 2 | 5 | 7 | 8 | 6 | 1 | 4 | 3 | 9 |
| 1 | 8 | 3 | 4 | 9 | 2 | 5 | 6 | 7 |
| 9 | 6 | 4 | 7 | 3 | 5 | 2 | 1 | 8 |
| 8 | 1 | 6 | 2 | 7 | 9 | 3 | 4 | 5 |
| 5 | 3 | 9 | 6 | 4 | 8 | 7 | 2 | 1 |
| 4 | 7 | 2 | 5 | 1 | 3 | 9 | 8 | 6 |

Nano 9 kitchenware in new avatar
NanoNine® INNOVATIVE KITCHENWARE
Bana De Life Aasaan!
Mfg By: Shree Balaji Metal Industries, Vasai.
: (+91) 88792 99950 | E: care@nanonine.in | W: www.nanonine.in
AHMEDABAD: Authorised Distributors: Devam Enterprises : M. 96385 21024, 97245 00513
MUMBAI: Authorised Distributors: Vasant Marketing: (+91) 98206 72501 / KK Associates: (+91) 93234 04736

# દેશ-વિદેશ....



ચૌલા કુરૂવા

## દેશના સમાચાર

### કાળઝાળ ગરમીમાં વીરમગામ જૈન સમાજની ૪ દીકરીએ પાલીતાણાની ૯૯ યાત્રા પૂર્ણ કરી

વીરમગામ જૈન સમાજની તપસ્વી ચાર દીકરીઓએ પાલીતાણા શેત્રુંજય ગિરિરાજની ૯૯ યાત્રા નિર્વિઘ્ને પૂરી કરી છે. ચારે તપસ્વી દીકરીઓનું વીરમગામ જૈન સંઘ દ્વારા ભવ્ય સ્વાગત કરાયું હતું. જૈન ધર્મમાં વિવિધ તપસ્યાઓનું વિશેષ મહત્ત્વ રહ્યું છે. તેવી જ રીતે પાલીતાણા શેત્રુંજય ગિરિરાજની ૯૯ યાત્રાનું પણ વિશિષ્ટ મહત્ત્વ છે. આ યાત્રા પૂરી કરનાર તપસ્વીની બહુ મોટી સિધ્ધિ ગણાય છે.

વીરમગામ જૈન સમાજની દીકરીઓ વિધિ શાહ, અર્પિતા શાહ, રીયા શાહ અને વિરતી બેલાણીએ શેત્રુંજય ગિરિરાજની યાત્રા ૪૪ દિવસની અંદર ૯૯ યાત્રા પૂર્ણ કરતાં પરિવાર અને વીરમગામ જૈન સંઘનું નામ સુવર્ણ અક્ષરે લખાઈ ગયું છે. પ.પૂ. આચાર્ય દિવ્ય કીર્તિસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણા અને શુભ નિશ્રા યોજાઈ હતી.

આ યાત્રામાં જૈન સમાજના ૪૪ બાળકો અને યુવાન ભાઈ-બહેનો જોડાયા હતા. ૪૫ ડિગ્રી ગરમીમાં પાલીતાણા શેત્રુંજય ગિરિરાજના દરરોજ ૧૩૦૦૦ પગથિયા ચડીને ઉતરવાના અને યાત્રા દરમિયાન પાણી પણ પીવાનું નહીં. યાત્રા પૂરી કર્યા બાદ તળેટીમાં પાણી પીવાનું અને એક જ વાર જમવાનું હોય છે. પાલીતાણાની આ અતિ કઠિન ૯૯ યાત્રા પૂરી કરી ચારે જૈન દીકરીઓનું વીરમગામ જૈન સંઘ દ્વારા વાજતે ગાજતે સામૈયા સાથે બગીમાં બિરાજમાન કરી ભવ્ય શોભાયાત્રા સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું.

*(તા. ૨૫-૦૫-૨૦૨૩)*

*ગજબનું મેણું માર્યું, પ્રભુએ આજે મંદિરમાં મને!*
*કહ્યું કે, 'હંમેશાં માંગવા માટે જ આવે છે,*
*ક્યારેક મળવા તો આવ મને,*
*માંગવાની જરૂરત જ નહીં પડવા દઉં.'*

### ૨ વર્ષમાં નિયમ મુજબ ૧૫ હજાર વૃક્ષ વાવવા પડે પણ રોપાયું એકેય નહીં

**જી.ડી.સી.આર.ના નિયમ મુજબ પ્રત્યેક બિલ્ડરે બી.યુ. લેતા પહેલાં દર ૧૦૦ ચોરસ મીટરે ૧ વૃક્ષ વાવવું ફરજિયાત છે**

છેલ્લા ૨ વર્ષમાં ૧૫ લાખ સ્ક્વેર મીટરની બિલ્ડિંગ યુઝ પરમિશન શહેરભરના બિલ્ડરોએ મ્યુનિ. પાસેથી લીધી હતી પરંતુ આ જગ્યાઓમાં નિયમ પ્રમાણે વૃક્ષારોપણ થયું જ નથી. અહીં વૃક્ષારોપણ થયું છે કે કેમ તે જોવાની જવાબદારી પણ મ્યુનિ. એસ્ટેટ વિભાગની છે. પરંતુ એસ્ટેટ વિભાગ પણ આ જોવા કરતાં વૃક્ષ ના રોપ્યા હોય તો તે પેટે બિલ્ડર દ્વારા અપાતી રૂા. ૨૫૦૦ પ્રતિ વૃક્ષ લેખેની ડિપોઝીટ જપ્ત કરી સંતોષ માની લે છે.

વર્ષ ૨૦૧૨માં થયેલા ટ્રી સેન્સસ પ્રમાણે અમદાવાદનું ગ્રીન કવર ૪.૬૬ ટકા હતું તે સમયે અમદાવાદ શહેરનો વિસ્તાર ૪૬૪ સ્ક્વેર મીટરમાં પથરાયેલો હતો. હાલમાં આ વિસ્તાર વધીને અંદાજે ૪૮૫ સ્ક્વેર મીટર જેટલો થઈ ગયો છે. મ્યુનિ.નો દાવો છે કે, હાલમાં શહેરનું ગ્રીન કવર ૧૨ ટકા છે અને ૨૫ લાખ જેટલા વૃક્ષો છે. જો કે ટ્રી સેન્સસ કરવાની જવાબદારી રાજ્ય સરકારની હોય છે પરંતુ વન વિભાગ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી ટ્રી સેન્સસ કરાયું નથી.

છેલ્લા ૧૦ વર્ષમાં વિવિધ પ્રોજેક્ટના લીધે ૧૭ હજારથી વધુ વૃક્ષ કપાયા છે.

આ વર્ષે ચોમાસામાં મિશન મિલિયન ટ્રી હેઠળ ઇતિહાસમાં સૌથી વધુ વૃક્ષો વાવવાનો દાવો છે. ૧૫ લાખ મોટા વૃક્ષો અને ૧૦ લાખ નાના છોડ રોપાશે.

૮૦૦ વર્ષ જૂનું વડનું ઝાડ અમદાવાદના હાથીજણમાં છે. હાલ ૧૦૦ વર્ષથી વધુની વયના ૩ હજાર વૃક્ષ અને ૧ થી ૧૦ વર્ષની ઉંમરના ૧૫ લાખ વૃક્ષ છે. *(તા. ૦૩-૦૬-૨૦૨૩)*

*ભગવાન માત્ર ત્યાં નથી હોતા કે જ્યાં આપણે પ્રાર્થના કરીએ છીએ.*
*ભગવાન ત્યાં પણ હોય છે જ્યાં આપણે ગુના કરીએ છીએ.*

## ટ્રસ્ટીઓ બદલાતા નિર્ણયમાં પણ બદલાવ

અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠમાં ૧૫૦ કર્મચારીઓનો કોન્ટ્રાક્ટ રિન્યુ ન કરીને છૂટા કરાયા. ૩૦ જૂને કોન્ટ્રાક્ટ પૂરો થતાં નવી ભરતી કરાશે.

*(તા. ૦૩-૦૬-૨૦૨૩)*

## પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર નથી. છેલ્લા ૧ વર્ષથી ભાવ સ્થિર...

આજે એટલે કે ૮ જૂને પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. હાલમાં દિલ્હીમાં પેટ્રોલ ૯૬.૭૨ રૂપિયા પ્રતિ લીટર જ્યારે ડીઝલ ૮૯.૬૨ રૂપિયા પ્રતિ લીટર વેચાઈ રહ્યું છે. જ્યારે મુંબઈમાં પેટ્રોલ ૧૦૬.૩૧ રૂપિયા અને ડીઝલ ૯૪.૨૭ રૂપિયા પ્રતિ લીટરના ભાવે વેચાઈ રહ્યું છે.

*(તા. ૦૮-૦૬-૨૦૨૩)*

## બ્લુમબર્ગ બિલિયોનેર ઇન્ડેક્સ રીપોર્ટ : અદાણી ફરી એશિયાના બીજા સૌથી અમીર. અંબાણી ટોચ પર યથાવત.

અદાણી જુથના ચેરમેન ગૌતમ અદાણી ફરીથી એશિયાની બીજી સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે. ગૌતમ અદાણીએ ચીનના અબજપતિ ઝોંગ શાનશાનને પાછળ છોડી દીધા છે. દુનિયાના સૌથી ધનિક લોકોની યાદીમાં તેમનું નામ ટોપ-૨૦માં, ૧૮મા ક્રમે આવી ગયું છે, જ્યારે શાનશાન ૧૯મા નંબરે પહોંચી ગયા.

*(તા. ૦૭-૦૬-૨૦૨૩)*

## રાકેશ ઝુનઝુનવાલા વિશ્વના બીજા સૌથી સફળ રોકાણકાર હતા

**અવસાનના ૧૦ મહિના પછી ખુલાસો. વાર્ષિક ૬૫% વળતર સાથે ૫ હજારથી ૫૦ હજાર કરોડની કમાણી કરી હતી**

દેશના દિગ્ગજ સ્ટોક રોકાણકાર રાકેશ ઝુનઝુનવાલાને તેમના મૃત્યુના ૧૦ મહિના પછી વિશ્વના બીજા સૌથી સફળ રોકાણકાર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. એક અહેવાલ મુજબ ૩૭ વર્ષની કારકિર્દીમાં, તેમણે સરેરાશ વાર્ષિક ૬૫% વળતર સાથે તેમની સંપત્તિ લગભગ ૫૦ હજાર કરોડ સુધી પહોંચાડી હતી.

*(તા. ૦૭-૦૬-૨૦૨૩)*

## ૧૫ જૂનના વાવાઝોડું અને ગુજરાતની આપત્તિ

અરબ સાગરમાં સર્જાયેલા ચક્રવાત 'બિપરજોય'ને લઈને ગુજરાતના દરિયાકાંઠાના તમામ જિલ્લામાં વહીવટીતંત્ર એલર્ટ બન્યું છે. રાજ્યના તમામ બંદરો પર મંગળવાર અને બુધવારથી જ ભયસૂચક સિગ્નલ લગાવી દેવામાં આવ્યા છે. વાવાઝોડું દક્ષિણ પશ્ચિમ પોરબંદરથી ૬૪૦ કિ.મી. દૂર છે. હવે ધીમે ધીમે નજીક આવી રહ્યું છે. વાવાઝોડું ગુજરાતને ઘસરકો કરશે પણ જખૌ પર જોખમ હજુ પણ છે. આગામી ત્રણ દિવસ ૧૦૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. દરિયાકાંઠે વિમાન મારફત હવાઈ નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. ભાવનગર, અમરેલી, જામનગર, માંગરોળ, પોરબંદર, ઉના, વલસાડ, નવસારી અને દ્વારકાના દરિયામાં જોરદાર કરંટ જોવા મળ્યો હતો. ત્યારે દેશનાં પશ્ચિમી રાજ્યો માટે ચિંતાનું કારણ બનેલા બિપરજોય વાવાઝોડાએ પોતાની દિશામાં આંશિક બદલાવ કરી દેતાં ફરી કચ્છ અને ગુજરાત માટે ચિંતાનું પ્રમાણ વધ્યું છે. સૂત્રોએ જણાવ્યું હતું કે હવે 'બિપરજોય' પાકિસ્તાનથી જખૌની દિશા તરફ ફંટાયું છે.

અમદાવાદ હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે વાવાઝોડાને કારણે ૧૦, ૧૧ અને ૧૨ જૂને પવન ૮૦થી ૧૦૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ફૂંકાઈ શકે છે તેમજ પવન ૧૨૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપ પણ પકડી શકે છે. આ દરમિયાન ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં હળવો વરસાદ અને વાવાઝોડાની શક્યતા છે.

'બિપરજોય' વાવાઝોડાની શક્યતાને પગલે દરિયાઈ કાંઠા વિસ્તારનાં ગામોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે.

*(તા. ૦૯-૦૬-૨૦૨૩)*

## ગોલ્ડન ટેમ્પલથી પણ ચઢિયાતું દાદાના ધામનું રસોડું...

સાળંગપુર શ્રી કષ્ટભંજન હનુમાનજી ધામ, જ્યાં દેશ વિદેશથી ભક્તો દાદાના દર્શન માટે આવે છે, અહિંયા આવતા હરિભક્તો માટે પ્રસાદની વ્યવસ્થા મંદિર વિભાગ દ્વારા કરવામાં આવે છે.

સુપ્રસિદ્ધ સાળંગપુર શ્રી કષ્ટભંજન હનુમાનજી મંદિરમાં ૫૫ કરોડના ખર્ચે ગુજરાતનું સૌથી મોટું રસોડું બન્યું છે. પંજાબના ગોલ્ડન ટેમ્પલ બાદ આ સૌથી મોટું રસોડું છે.

ભોજનાલયમાં એક સાથે પાંચ હજાર જેટલા લોકો પ્રસાદનો લાભ લઈ શકશે. મહેલને પણ પાછળ રાખી દે તેવું હાઈટેક ભોજનાલય બનાવવા રોજના ૩૦૦ જેટલા મજૂરોએ દિવસ રાત કામ કર્યું છે. સાડા ત્રણ લાખ સ્ક્વેર ફૂટમાં આ ભોજનાલયનું બાંધકામ થયું છે. રસોઈ બનાવવાના જે સાધનો છે તેમાં એકસાથે

૧૦ હજાર માણસોની દાળ, શાક અને ખીચડી બની શકે એવી બધી જ વ્યવસ્થાઓ છે.

હાલ ખૂબ જ મોટી સંખ્યામાં હરિભક્તો દર્શન અને પ્રસાદ માટે આવતા હોય છે. જેને લઇ ભોજનાલયમાં લોકોને લાઈનમાં ઊભા રહેવું પડે છે ત્યારે ભક્તોને લાઈનમાં ઊભું રહેવું ના પડે અને એક સાથે હજારો લોકો પ્રસાદ લઇ શકે તેવા હેતુ સાથે મંદિર વિભાગ દ્વારા ૭ વીઘામાં રૂા. ૫૫ કરોડના ખર્ચે ગુજરાતનું સૌથી મોટું હાઈટેક ભોજનાલય બનાવાયું છે.

રસોડા વિભાગના પેસેજમાં મોટા મોટા કોઠાર રૂમો છે. જેમાં તેલ, દાળ, ઘી જેવી સામગ્રી રાખવામાં આવે છે. તેમજ ૫૦૦૦ મણ ચોખા રહી શકે એવડો તો કોલ્ડ સ્ટોરેજ છે. જ્યારે ત્રીજા માળે બે ડાઈનિંગ હોલ છે. જેમાં એક સાથે ૪૦૦૦ લોકો જમી શકે એવી વ્યવસ્થા છે. આ ઉપરાંત વિશેષ ભક્તો માટે ત્રણ ડાઈનિંગ હોલ છે. જેમાં એકમાં ૫૦૦, બીજામાં ૧૫૦ અને ત્રીજામાં ૫૦ જેટલા લોકો બેસી શકે એવી વ્યવસ્થા છે.

અગ્નિ કે ઈલેક્ટ્રીસિટી વગર રસોઈ બનાવવામાં આવશે. ભોજનાલયના બિલ્ડિંગનું બાંધકામ અંદાજે ૨ લાખ ૩૦ હજાર સ્ક્વેર ફૂટનું છે. ભોજનાલય કુલ ૨૫૦ કોલમ પર ઊભું હશે. ભોજનાલયનું એલિવેશન ઈન્ડો-રોમન સ્ટાઈલથી ડિઝાઈન કરવામાં આવ્યું છે. મંદિર પરિસરમાંથી સીધા જ ભોજનાલયમાં જઈ શકાશે. ભોજનાલયમાં શ્રદ્ધાળુઓની વધુ ભીડ ના થાય એટલે ૭૫ ફૂટ પહોળા પગથિયા બનાવવામાં આવશે. પગથિયાઓની વચ્ચે વૃદ્ધો અને દિવ્યાંગો માટે બે એસ્કેલેટરની પણ વ્યવસ્થા હશે. અહીં ખાસ પ્રકારની કેવિટી વોલ બનાવાઈ છે. જેથી ઉનાળામાં પણ ભોજનાલયનું અંદરનું તાપમાન ઠંડું રાખશે. એટલે કે બહારથી દીવાલો ગરમ થઈ હશે, તો પણ અંદરનું તાપમાન નીચું રહેશે.

ભોજનાલયના લોઅર ગ્રાઉન્ડ ફ્લોરમાં મોટું પાર્કિંગ છે. અપર ગ્રાઉન્ડ ફ્લોરમાં કુલ ૮૫ રૂમ બનાવાયા છે.

*(તા. ૧૦-૦૬-૨૦૨૩)*

## જુલાઈમાં યુ-૨૦ સમિટ.
## ૫૫ દેશના મેયર શહેરના મહેમાન બનશે.

**એમ્સ્ટરડેમ, લોસ એન્જેલસ, મોસ્કો, રીયાધ સહિતના ૧૪ શહેરનાં મેયરે સંમતિ આપી દીધી છે.**

જુલાઈમાં ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યુ-૨૦ મેયર સમિટ યોજાવાની છે. મેયર સમિટની સંપૂર્ણ વ્યવસ્થા કરવાની જવાબદારી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની છે. મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ તરફથી અમદાવાદ મ્યુનિ.ને વિદેશના ૧૦૫ શહેરનો સંપર્ક કરવાની સૂચના મળી છે. ૭ અને ૮ જુલાઈ દરમિયાન યોજાનારી સમિટમાં વિવિધ શહેરના કુલ ૧૦૫ મેયર ભાગ લેશે.

ભારતના પ્રસ્તાવને ધ્યાનમાં રાખી યુનાઈટેડ નેશને આ વર્ષને ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ જાહેર કર્યું છે.

*(તા. ૧૨-૦૬-૨૦૨૩)*

## જુલાઈથી અમરનાથ યાત્રા શરૂ
## ચીપ્સ અને સમોસા પર પ્રતિબંધ

૧લી જુલાઈથી અમરનાથ યાત્રા શરૂ થઈ રહી છે. શ્રી અમરનાથ શ્રીજી શ્રાઈન બોર્ડે ઊંચાઈ પર થતી સ્વાસ્થ્ય સમસ્યાઓનો અભ્યાસ કરીને ફાસ્ટ ફૂડ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે. લંગરોમાં ભક્તોને માત્ર એવું જ ભોજન પીરસવામાં આવશે, જે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક રહેશે.

આ અમરનાથ યાત્રા ૧ જુલાઈથી ૩૧મી ઓગસ્ટ ૨૦૨૩ સુધી એટલે કે ૬૨ દિવસ સુધી ચાલશે.

શ્રી અમરનાથજી શ્રાઈન બોર્ડ મેનેજમેન્ટે યાત્રિકો માટે કડક સૂચનાઓ આપતાં આરોગ્ય ઍડવાઈઝરી બહાર પાડી છે. જેમાં મુસાફરોને હેલ્થની સમસ્યાઓ વિના મુસાફરી પૂર્ણ કરવા માટે અમુક ખાદ્ય પદાર્થોથી દૂર રહેવા માટે કહેવામાં આવ્યું છે.

ઓઈલી અને નશાકારક વસ્તુઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

ઊંચાઈવાળા વિસ્તારમાં મુસાફરી દરમિયાન ફેફસાં, હૃદય અને માથાને લગતી સમસ્યાઓ વધુ થતી હોય છે. સૌથી સામાન્ય સિન્ડ્રોમ તીવ્ર પર્વત માંદગી છે. જે સામાન્ય રીતે ચઢવાના થોડા કલાકોમાં શરૂ થાય છે. માથાનો દુઃખાવો, ભૂખ ન લાગવી, ઊલટી, નિદ્રા, થાક અને ચક્કર આવે છે. ઘણા લોકો હાર્ટ એટેકના કારણે મૃત્યુ પામે છે.

દર વર્ષે મોટી સંખ્યામાં લોકોને મુસાફરી દરમિયાન સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

*(તા. ૧૨-૦૬-૨૦૨૩)*

## કેન્દ્ર સરકારનો ૮ મહિનામાં છઠ્ઠો રોજગાર મેળો

**પી.એમ.એ ૭૦ હજારથી વધુ લોકોને જોઇનિંગ લેટર આપ્યા અત્યાર સુધીમાં ૪.૩૩ લાખને નોકરી મળી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે છઠ્ઠા રોજગાર મેળામાં ૭૧,૧૨૬ યુવાનોને નિમણુંક પત્રોનું વિતરણ કર્યું હતું. ૨૦થી વધુ રાજ્યોમાં લગભગ ૪૩ સ્થળોએ આ કાર્યક્રમનું આયોજન કરવામાં

આવ્યું હતું. વડાપ્રધાન આ કાર્યક્રમમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા જોડાયા હતા.

*(તા. ૧૩-૦૬-૨૦૨૩)*

## શક્તિકાંત દાસ 'ગવર્નર ઑફ ધ યર' એવોર્ડથી સન્માનિત

શક્તિકાંત દાસ બીજા આર.બી.આઈ. ગવર્નર છે, જેમને 'ગવર્નર ઑફ ધ યર' ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. અગાઉ ૨૦૧૫માં રઘુરામ રાજનને 'ગવર્નર ઑફ ધ યર' ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

*(તા. ૧૪-૦૬-૨૦૨૩)*

## બિપરજોયનો કહેર

આખરે કચ્છના જખૌ પર વાવાઝોડું કાલે સાંજે ૬ વાગે અથડાયું છે. લેન્ડ ફોલની પ્રક્રિયા મધરાત સુધી ચાલી હતી. વાવાઝોડાએ શરૂઆતથી જ આપદાઓ ઊભી કરી હતી.

હાલ આખા રાજ્યમાં વરસાદ ચાલી રહ્યો છે. કચ્છ અને આસપાસના વિસ્તારો ભારે વરસાદ અને આપદાનો સામનો કરી રહ્યા છે. આ વિસ્તારો અંધારપટનો પણ સામનો કરી રહ્યા છે. ઠેરઠેર વૃક્ષો પડી ગયા છે. વીજળીના થાંભલાઓ પણ પડી ગયા છે. ૪૯,૦૦૦થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. કચ્છ અને સૌરાષ્ટ્રના અનેક વિસ્તારો આમાં સામેલ છે.

*(તા. ૧૬-૦૬-૨૦૨૩)*

## દેશનું દેવું...

દેશના ૧૪ વડાપ્રધાનોએ મળીને ૬૭ વર્ષમાં કુલ ૫૫ લાખ કરોડ રૂપિયાનું દેવું કર્યું. જ્યારે છેલ્લા ૯ વર્ષમાં પી.એમ. નરેન્દ્ર મોદીએ ભારતનું દેવું ત્રણ ગણું વધાર્યું છે. તેમણે માત્ર ૯ વર્ષમાં ૧૦૦ લાખ કરોડ રૂપિયાથી વધુનું દેવું લીધું. ૨૦૧૪માં સરકાર પર કુલ દેવું ૫૫ લાખ કરોડ રૂપિયા હતું જે હવે વધીને ૧૫૫ લાખ કરોડ રૂપિયા થઈ ગયું છે.

*(તા. ૧૭-૦૬-૨૦૨૩)*

## ભગવાનની નગરચર્યાનો આકાશી નજારો

**અમદાવાદ હિલોળે ચડ્યું... દર્શન માટે પડાપડી...**

આજે અષાઢી બીજ છે ત્યારે અમદાવાદમાં ભગવાન જગન્નાથની ૧૪૬મી રથયાત્રા નીકળી છે. રથયાત્રામાં તાલધ્વજ રથ પર ભાઈ બલરામ, તેમની પાછળ દેવદલન રથ પર બહેન સુભદ્રા અને નંદીઘોષ રથ પર જગતના નાથ બિરાજમાન છે. વહેલી સવારથી જ ભાવિકો દર્શન કરવા માટે મંદિર પહોંચ્યા હતા. ત્યારે હવે રથયાત્રા જેમ જેમ આગળ વધી રહી છે તેમ તેમ મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી રહ્યા છે. જેનો નજારો ડ્રોન કેમેરામાં કેદ થયો છે. ડ્રોન કેમેરામાં ભાવિકોનું હૈયે હૈયું દબાયું એવો નજારો જોવા મળી રહ્યો છે. ભગવાનના દર્શન માટે ભક્તો પડાપડી કરી રહ્યા છે.

આ સાથે જ સવારે ૬.૪૫ વાગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જગન્નાથ મંદિર આવી પહોંચ્યા હતા અને સવારે ૭ વાગે મુખ્યમંત્રીએ પહિંદ વિધિ કરી, રથ ખેંચી રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું.

૭૨ વર્ષ બાદ ભગવાન નવા રથમાં બિરાજ્યા. સરસપુરની ૧૫થી વધુ પોળ ૧૦૦ વર્ષથી રથયાત્રામાં સવા લાખ ભાવિકોને જમાડે છે.

રથયાત્રા પરત નિજમંદિર પહોંચી ચૂકી છે.

*(તા. ૨૦-૦૬-૨૦૨૩)*

# વિદેશના સમાચાર

## ભારતીય બાળકી ૨૦ મહિનાથી જર્મનીની કસ્ટડીમાં છે

**જર્મનીમાં ચાઇલ્ડ કેર યુનિટમાં ફસાઈ ગયેલી ગુજરાતની બેબી અરિહા શાહનો મામલો ફરી ચર્ચામાં છે. અરિહાની માતા ધારાએ વડાપ્રધાન મોદી પાસે મદદ માંગી છે**

ધારાએ કહ્યું, 'વડાપ્રધાન, મારી દીકરીને ભારત પરત બોલાવવામાં મને મદદ કરો. જર્મની ચાઇલ્ડ કેર યુનિટે અમારી બાળકીને છીનવી લીધી છે. તે ૨૦ મહિનાથી ચાઈલ્ડ કેર યુનિટમાં છે. કોર્ટના નિર્ણય છતાં તેને મુક્ત કરવામાં આવી રહી નથી.

૨૦૨૧માં અરિહા લગભગ ૭ મહિનાની હતી. તે દરમિયાન ડાયપરમાં લોહી જોયા બાદ માતા-પિતા અરિહાને હોસ્પિટલ લઈ ગયા હતા. અહીં તેના પર જર્મની ચાઈલ્ડ કેર યુનિટ દ્વારા જાતીય શોષણનો આરોપ લગાવવામાં આવ્યો હતો. આ પછી બાળકીને માતા-પિતાથી દૂર ફોસ્ટર કેકમાં મોકલી આપવામાં આવી હતી.

અરિહાને ભારત પરત લાવવા માટે ૫ મહિના પહેલા ભારતમાં પ્રદર્શન પણ થયા હતા. ગુજરાત સરકારે બાળકીને પરત લાવવાની માંગણી કરી હતી.

આ ચુકાદા બાદ ગુજરાત સરકારે જર્મનીને નોટીસ મોકલીને જણાવ્યું હતું કે, બાળકી ભારતીય નાગરિક છે. આ કારણોસર

બાળકીને ભારત સરકારની દેખરેખ હેઠળ રાખવી જોઈએ. કોર્ટના નિર્ણયની રાહ જોવામાં ઘણો સમય વીતી ગયો અને હવે એક અઠવાડિયા પછી જર્મન ચાઈલ્ડ વેલફેરે બાળકીને નવા સેન્ટરમાં શિફ્ટ કરી છે.

*(તા. ૦૨-૦૬-૨૦૨૩)*

## અમેરિકાના રાષ્ટ્રપતિ સ્ટેજ પર ગબડી પડ્યા

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન ગુરુવારે કોલોરાડોમાં ઍરફોર્સ એકેડેમિ ઈવેન્ટમાં સ્ટેજ પર પડી ગયા હતા. અહીં તેઓ પદવીદાન સમારોહમાં હાજરી આપવા માટે આવ્યા હતા. ભાષણ આપ્યા પછી તેમણે કેડેટ સાથે હાથ મિલાવ્યો અને તેઓ તેમની સીટ તરફ ચાલવા લાગ્યા. આ દરમિયાન બાઈડન સ્ટેજ પર પડી ગયા હતા.

એરફોર્સ અધિકારીઓએ તેમને ઊભા કર્યા હતા. તેમને ઊભા થવામાં થોડી મુશ્કેલી પડી રહી હતી. જોકે ઊભા થયા પછી તેમને મદદની જરૂર નહોતી. વ્હાઈટ હાઉસના કોમ્યુનિકેશન ડાયરેક્ટર બેન લાબોલ્ટે ટ્વિટ કર્યું હતું કે રાષ્ટ્રપતિ ઠીક છે અને તેમને કોઈ ઈજા થઈ નથી.

બાઈડન અમેરિકામાં રાષ્ટ્રપતિ પદ સંભાળનાર સૌથી વૃદ્ધ નેતા છે. ૮૦ વર્ષીય ડેમોક્રેટ નેતાએ ૨૦ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધા હતા.

બાઈડન અગાઉ પણ પાંચ વખત ઠોકર ખાઈ ચૂક્યા છે.

*(તા. ૦૨-૦૬-૨૦૨૩)*

## ફિલીપાઇન્સમાં છૂટાછેડાના કાયદાની માંગ ફરી ઉઠી

**વેટિકન પછી એકમાત્ર એવો દેશ જ્યાં ખ્રિસ્તીઓમાં છૂટાછેડા ગેરકાનૂની...**

ફિલીપાઈન્સના કેથોલિક ખ્રિસ્તી સમુદાય દેશમાં છૂટાછેડાને કાયદેસર બનાવવાની માંગ કરી રહ્યા છે. કેટલાક સાંસદો આ માટે નવું બીલ લાવવાની તૈયારી કરી રહ્યા છે.

વેટિકન સિટી પછી ફિલીપાઈન્સ વિશ્વનો એકમાત્ર એવો દેશ છે જ્યાં કેથોલિક ખ્રિસ્તીઓને છૂટાછેડા લેવાની મંજૂરી નથી. કહેવા માટે આના કેટલાક નિયમો છે. પરંતુ હકીકત એ છે કે તેમની હાજરી કે ગેરહાજરી એક જ છે. તેનું કારણ એ છે કે સૌપ્રથમ તો સમાજમાં તેનો જોરદાર વિરોધ થાય છે. જો પ્રક્રિયા શરૂ થાય તો પણ ઘણા વર્ષો લાગે છે અને તે એટલું મોંઘું છે કે સામાન્ય માણસને તે પોષાય તેમ નથી.

ફિલીપાઈન્સમાં અત્યાર સુધીમાં બે વખત છુટાછેડાના કાયદાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. બંને વખત તેના સમર્થકો નિષ્ફળ ગયા.

૨૦૧૮માં જ્યારે છુટાછેડાનો કાયદો બનાવવાના પ્રયાસો શરૂ થયા ત્યારે કેથોલિક ખ્રિસ્તીઓના જુથોએ તેનો ખુલ્લેઆમ વિરોધ કર્યો.

*(તા. ૦૨-૦૬-૨૦૨૩)*

## સ્પેલિંગ-બી ચેમ્પિયન

**સ્પેલ-બી સ્પર્ધામાં ભારતીય મૂળનો વિદ્યાર્થી પ્રથમ રૂા. ૪.૧૧ કરોડનું ઇનામ એનાયત કરાયું**

ફ્લોરીડામાં રહેતા ભારતીય મૂળના ધોરણ-૮માં ભણતા ૧૪ વર્ષીય દેવ શાહ સાચો સ્પેલિંગ બોલવાની સ્ક્રીપ્સ ૯૫મી નેશનલ સ્પેલિંગ બી ચેમ્પિયનશીપ ૨૦૨૩માં વિજેતા બન્યા છે. તેણે 'psammophile' નો સાચો સ્પેલિંગ અને અર્થ જણાવીને રૂા. ૪.૧૧ કરોડ એટલે કે ૫૦,૦૦૦ ડોલરનો પુરસ્કાર મેળવ્યો છે. ૩ દિવસ ચાલેલા આ ફાઈનલ રાઉન્ડમાં આ વર્ષે ૯૪ કિશોરી, ૧૩૪ કિશોર અને અન્ય ૨ એ ભાગ લીધો હતો.

નોંધનીય છે કે 'psammophile' એ એક રેતાળ પ્રદેશમાં જોવા મળતા હોય છે. રેતીને ગ્રીક ભાષામાં 'Psammo' કહે છે અને તેના પરથી આ શબ્દ આવ્યો હોવાનું પણ દેવે કહ્યું હતું.

વિશ્વભરમાં સ્પેલિંગ-બી સ્પર્ધાઓમાં ૧.૧૦ કરોડ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ત્યાર પછી ૧૧ વિદ્યાર્થીએ ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું.

*(તા. ૦૩-૦૬-૨૦૨૩)*

## કેનેડામાંથી ૭૦૦ ભારતીય વિદ્યાર્થીઓને કાઢી મૂકવાની તૈયારી

**વિદ્યાર્થીઓ પાસે નકલી દસ્તાવેજો મળ્યા. જયશંકરે કહ્યું : વિદ્યાર્થીઓ નિર્દોષ છે. દોષિતો સામે કાર્યવાહી થાય.**

કેનેડાની બોર્ડર સર્વિસ એજન્સી CBSA એ ૭૦૦ ભારતીય વિદ્યાર્થી માટે ડિપોર્ટેશન એટલે કે દેશમાંથી કાઢી મૂકવાનો પત્ર જાહેર કર્યો છે. CBSA અનુસાર, આ વિદ્યાર્થીઓએ ખોટા એડમિશન લેટર્સ બનાવ્યા હતા. જેના દ્વારા તેમણે વિવિધ યુનિવર્સિટીઓમાં એડમિશન લીધા હતા.

*(તા. ૦૭-૦૬-૨૦૨૩)*

## કેનેડાના જંગલોમાં લાગેલી આગના ધૂમાડા અમેરિકા સુધી પહોંચ્યા

**૩ હજાર કિ.મી. દૂર ધૂમાડા પહોંચતા આશ્ચર્ય. સવા લાખ લોકોએ ઘર છોડ્યું. યુ.એસ.માં એર એલર્ટ.**

કેનેડાના જંગલોમાં અત્યાર સુધીની સૌથી ભીષણ આગ લાગી છે. તેની અસર અહીંના લગભગ તમામ ૧૦ પ્રાંતો અને શહેરોમાં જોવા મળી રહી છે. કેનેડાના જંગલોમાં લાગેલી આગના ધૂમાડાએ ઉત્તર અમેરિકાના મોટા ભાગોને ઘેરી લીધો છે. જેના કારણે મિનેસોટાથી મેસેચ્યુસેટ્સ સુધી ધુમાડો ફેલાઈ ગયો છે.

*(તા. ૦૬-૦૬-૨૦૨૩)*

## જૈન મુનિએ કહ્યું : ભારત પાકિસ્તાનના સંબંધો અહિંસાથી જ સુધરશે...

આઝાદી બાદ પહેલીવાર કોઈ જૈન મુનિ પાકિસ્તાનના પ્રવાસે પહોંચ્યા છે. હાલ પાકિસ્તાનમાં કોઈ જૈન નથી, તેમ છતાં સેંકડો લોકો જૈન મુનિનું સ્વાગત કરી રહ્યા છે.

આચાર્ય ધર્મધૂરંધર સૂરી મહારાજ ૧૮ સભ્યોના ગ્રુપ સાથે પાકિસ્તાન પહોંચ્યા છે. મુનિએ કહ્યું કે અહિંસાથી જ જીત થાય છે. *(તા. ૩૦-૦૫-૨૦૨૩)*

## એર્દોગન બીજી વખત તુર્કીના રાષ્ટ્રપતિ બનશે

**૨૦ વર્ષથી સત્તામાં. મોંઘવારી, ભૂકંપમાં ૫૦ હજારના મોત જેવા મુદ્દાઓ પછી પણ ચૂંટણી જીતી**

*(તા. ૨૮-૦૫-૨૦૨૩)*

## અમેરિકા નાદાર થવાનું જોખમ ટળ્યું

**લોન મર્યાદામાં ૨ વર્ષનો વધારો થશે. સ્પીકરે કહ્યું : સરકારની મનમરજી બંધ થશે. નવો ટેક્સ નહીં લગાવાય.**

અમેરિકા નાદાર થવાનું જોખમ હાલ પૂરતું ટળી ગયું છે. શનિવારે રાષ્ટ્રપતિ જો બાઈડેન અને રીપબ્લિકન પાર્ટીના સ્પીકર કેવિન મેક્કાર્થી વચ્ચે ૨ વર્ષ માટે દેવાની મર્યાદા વધારવા માટે સમજૂતી થઈ છે. આ દરમિયાન સરકારી ખર્ચમાં ઘટાડો થશે.

*(તા. ૨૮-૦૫-૨૦૨૩)*

## વાહ ગુજરાતી વાહ...!

અમેરિકામાં એક ગુજરાતીએ રસ્તાની બાજુમાં એક દુકાન ખોલી હતી.

અચાનક એક દિવસ તેની સામે એક અમેરિકાવાળાએ મોટી દુકાન ખોલી.... અને દુકાનદારે બોર્ડ લટકાવ્યું : 'ઘી ૩૦૦ રૂપિયે કિલો.'

ગુજરાતીએ પણ બોર્ડ લટકાવ્યું : 'ઘી ૨૮૦ રૂપિયે કિલો.'

અમેરિકાવાળાએ બીજા દિવસે ફરીથી બોર્ડ લટકાવ્યું : 'ઘી ૨૪૦ રૂપિયે કિલો.'

ફરીથી ગુજરાતીએ પણ બોર્ડ લટકાવ્યું : 'ઘી ૨૨૦ રૂપિયે કિલો.'

આ રોજની લડાઈ જોઈ એક સજ્જન વ્યક્તિએ ગુજરાતીને સમજાવ્યું કે તે એક મોટો સ્ટોર છે. તે નુકસાન પણ સહન કરી લેશે. તું તેની સાથે લાંબો સમય હરીફાઈ નહીં કરી શકે. માટે તેની સરખામણી ન કર...

ગુજરાતીએ એ સજ્જન સામે પગથી માથા સુધી જોઈને કહ્યું, 'પણ હું ઘી રાખતો જ નથી. આ તો ક્યાં સુધી ભાવ ઉતરે છે તે જોવું છું. મારી ઘરવાળીને ઘી લેવું છે.'

આ વાત અમેરિકાવાળાને ખબર પડી. હજુ કોમામાં છે...!

વાહ ગુજરાતી વાહ...!!

*સંબંધ અને ભરોસો બંને દોસ્ત છે,*
*સંબંધ રાખો કે ના રાખો પરંતુ ભરોસો જરૂરથી રાખશો,*
*કેમ કે જ્યાં ભરોસો હોય છે*
*ત્યાં સંબંધ આપોઆપ બની જાય છે.*

આપણે બધા જ કાં તો ભૂતકાળની મધુરી યાદોમાં અને કાં તો ભવિષ્યના ગુલાબી સપનાઓમાં જ જીવવાનું પસંદ કરીએ છીએ. એવું નથી કે ભૂતકાળમાં આપણને તકલીફ કે મુશ્કેલી નહોતા... હતા જ, પણ નની આ ચાલબાજી છે, જે આપણને માત્ર ગમતા જ ચિત્રો બતાવ્યાં કરે છે.

વર્તમાન સમય સાથે જીવવું કે ચાલવું મનને ફાવતું નથી. જો મનને વર્તમાન સમય સાથે જોડાયેલું રાખી શકીએ, તો ઘણાબધા પ્રશ્નો આપમેળે જ શમી જાય એમ છે.

ભૂતકાળમાં થયેલા કડવા અનુભવોને સતત સ્મૃતિમાં રાખવાથી ભૂતકાળ જો સુધરતો નથી, પણ મહામૂલો વર્તમાન બગડે છે.

*વર્તમાન સુધર્યો, તો ભવ સુધર્યો.*

*– ડૉ. ત્રિકમદાસજી બાપુ*

# જ્ઞાન – વિજ્ઞાન

● સંકલન : રસીક ખીમજી મહેતા ●

## ફેફસામાં લોહી કેવી રીતે શુધ્ધ થાય?

લોહી માનવ શરીરમાં ફરીને વિવિધ અંગોમાં શક્તિ પહોંચાડે છે અને સાથે સાથે કેટલીક અશુદ્ધિઓનું શોષણ કરે છે. શરીરમાં ફરીને અશુદ્ધ થયેલું લોહી ફેફસામાં આવે છે. માણસની છાતીમાં ફેફસા નામના કોથળી જેવા બે અવયવો છે. તે નાક સાથે શ્વાસનળીથી જોડાયેલા છે. ફેફસાનું મુખ્ય કામ લોહીને શુધ્ધ કરવાનું છે. તે કેવી રીતે આ કામ કરે છે તે જાણવા જેવું છે. આપણે નાક દ્વારા શ્વાસમાં લઈએ છીએ તે હવા ફેફસામાં જાય છે. શ્વાસનળી ફેફસામાં અનેક શાખાઓમાં વહેંચાઈ ગયેલી હોય છે. છેવટે ખૂબ જ સૂક્ષ્મ નળી બને છે. ફેફસામાં અશુધ્ધ લોહી લઈને આવતી નળીઓ પણ વહેંચાઈને સૂક્ષ્મ બને છે. આમ રક્તવાહિની અને હવાની નળીઓ જાળુ બનાવે છે. રક્તવાહિનીના છેડે ગોળાકાર કોષો આવેલા છે. દ્રાક્ષના ઝુમખા જેવા આ કોષો હવાની નળીમાંથી ઓક્સિજન લઈને લોહીમાં ભેળવે છે. સાથે સાથે લોહીમાંનો કાર્બન ડાયોક્સાઈડ હવાની નળીમાં ધકેલે છે. ફેફસામાં આવા કરોડો કોષો હોય છે જે નરી આંખે દેખાય પણ નહીં. ફેફસા સતત કામ કરીને શરીરના લોહીને શુધ્ધ રાખે છે.

## નક્ષત્ર અને રાશિ શું છે?

જ્યોતિષશાસ્ત્રના નક્ષત્ર અને રાશિ શબ્દો જાણીતા છે. રાશિ ઉપરથી ભવિષ્ય કથન તમે વાંચતા હશો. પ્રાચીનકાળમાં ઋષિમુનિઓએ સૂર્ય, ચંદ્ર અને તારાઓની ગતિ અને સ્થાનનો અભ્યાસ કરીને પંચાંગની રચના કરેલી. પંચાંગમાં કયા દિવસે સૂર્ય, ચંદ્ર અને તારાઓ ક્યાં હોય છે તેની ચોક્કસ માહિતી હોય છે. પૃથ્વી અને ચંદ્રની પ્રદક્ષિણા અને ધરી ભ્રમણનો સમય નિશ્ચિત હોય છે. એટલે સમગ્ર સૂર્યમાળાની ગતિવિધિ ચોક્કસ અને નિયમિત હોય છે. આકાશમાં ચંદ્ર તારાઓની વચ્ચે સરકતો હોય છે. ચંદ્રની ભ્રમણ કક્ષાના ૨૭ ભાગ પાડી ખગોળશાસ્ત્રીઓએ તેને નામ આપ્યા છે. આ નામ જાણીતા છે. દરેક ભાગમાં તારા હોય છે. તારાના ઝુમખાના આકાર ઉપરથી તેને નામ અપાય છે. ચંદ્ર જે ઝુમખામાં હોય છે તે નક્ષત્રમાં છે તેમ કહેવાય છે. નક્ષત્રોના નામ ઉપરથી કારતક, માગશર, પોષ વગેરે મહિનાઓના નામ પડ્યા છે. વિક્રમ સંવત ચંદ્રની ગતિવિધિના આધારે ગણાય છે. તેને ચાંદ્રવર્ષ કહે છે.

ચંદ્રની ભ્રમણકક્ષાની જેમ સૂર્ય ફરતે પ્રદક્ષિણા પથના વર્તુળના ૧૨ ભાગ પાડી તેને રાશિ નામ અપાયું. રાશિ એટલે કે ઢગલો કે સમૂહ. રાશિમાં તારાનો સમૂહ હોય છે. તેની ગોઠવણીમાં બળદ, સિંહ, ત્રાજવા, માછલી જેવા આકારોની કલ્પના કરીને બાર રાશિના નામ અપાયા છે. બધું ચક્રાકાર છે પરંતુ અશ્વિની પહેલું નક્ષત્ર અને મેષને પહેલી રાશિ ગણવામાં આવે છે.

## સૌથી લાંબા પાનવાળું વૃક્ષ : રાફિઆ પામ

વનસ્પતિમાં સૌથી લાંબા પાન ધરાવતા તાડ જેવા વૃક્ષો પશ્ચિમ આફ્રિકાના નાઈજિરીયા, કેમેરૂન, કોંગો અને એંગોલામાં જોવા મળે છે. રાફિઆ પામ તરીકે ઓળખાતા આ વૃક્ષના પાન ફૂટ્યા હોય તેવું દેખાય છે. ૨૫ મીટર લાંબા પાનની ધરી પર બંને તરફ ૧૮૦ જેટલા પાતળા પાનની કતાર હોય છે. તે લગભગ છ થી સાત સેન્ટીમીટર લાંબા હોય છે. પાનની ઉપરનો ભાગ લીલો અને નીચેનો ભાગ ભૂખરો હોય છે.

રાફિઆ પામ પુષ્પ થાય ત્યારે થડની ઊંચાઈ વધે છે અને પાનની વચ્ચે ફૂલ બેસે છે. ત્યારબાદ ૯ સેન્ટીમીટર લાંબા લંબગોળ ફળ બેસે છે. ફળ ઉપર ચોરસ પેટર્ન હોય છે.

રાફિઆ પામના ઉપયોગ ટોપલા, ટોપલી જેવી ચીજો બનાવવામાં થાય છે. સ્થાનિક લોકો આ પાનનો ઉપયોગ ઝુંપડા બનાવવા પણ કરે છે.

## ભારતના વિશાળ વડલા

★ ભરૂચ નજીક નર્મદા કિનારે આવેલો કબીરવડ તેની વિશાળતા માટે વિશ્વ પ્રસિદ્ધ છે. ૩.૫ એકરમાં ફેલાયેલા આ વડલાના વૃક્ષને ૩૦૦૦ જેટલી વડવાઈઓ છે. તેની નીચે ઊભા હોઈએ ત્યારે વડલાના ગાઢ જંગલમાં ઊભા હોઈએ તેવું લાગે. આ વડલા હેઠળ ૭૦૦૦ સૈનિકોએ આશરો લીધો હોવાનું ઈતિહાસમાં નોંધાયેલું છે. કબીર વડ ૫૫૦ વર્ષ જૂનો છે.

★ કોલકાતાના બોટનિકલ ગાર્ડનનો વડલો પણ જાણીતો છે. ૨૦૦ વર્ષ જૂનો આ ૬ ૪૫૫ ચોરસમીટર ઘેરાવામાં ફેલાયેલો છે.

★ આંધ્રપ્રદેશ અનંતપુરમમાં આવેલા વિશાળ વડલાને મોટા વડ તરીકે ગીનેસ બુકમાં સ્થાન મળ્યું છે. ૫.૨ એકરના ઘેરાવામાં ફેલાયેલા આ વડલાને ૧૧૦૦ વડવાઈઓ છે.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા)**

## શ્રી કચ્છી જૈન ભવન

*૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*

*ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૨ થી ૬૦૦૫*

*તા. ૦૧-૦૭-૨૦૨૩*

## પરિપત્ર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની **૩૬મી વાર્ષિક સામાન્ય સભા, રવિવાર તા. ૩૦-૦૭-૨૦૨૩ ના રોજ સવારે ૯.૦૦ કલાકે** "શ્રી કચ્છી જૈન ભવન", પાલડી ખાતે સંસ્થાના કાર્યાલયમાં મળશે. આ સભામાં સંસ્થાના ***ફક્ત નોંધાયેલા*** સભ્યોને પધારવાનું હાર્દિક આમંત્રણ છે.

## સામાન્ય સભાની કાર્યસૂચિ

૧. ***સવારે ૯.૦૦ વાગ્યાથી જો જરૂરિયાત જણાશે તો નીચે મુજબ ચૂંટણી કરવામાં આવશે.***
બંધારણની કલમ-૫(૨) મુજબ નિવૃત્ત થતા ૩ (ત્રણ) દાતા ટ્રસ્ટીઓની તથા નિવૃત્ત થતા ૨ (બે) માનદ્ ટ્રસ્ટીઓની તથા નિવૃત્ત થતા ૧ (એક) સ્વજન ટ્રસ્ટીની ખાલી પડેલી જગ્યા ઉપર ચૂંટણી / વરણી કરવામાં આવશે. તથા બંધારણની કલમ-૫(૩) મુજબ કારોબારી સમિતિના નિવૃત્ત થતા ૬ (છ) સભ્યોની ખાલી પડેલી જગ્યા માટે ચૂંટણી/વરણી કરવામાં આવશે.

૨. ગત તા. ૨૫-૦૯-૨૦૨૨ના રોજ મળેલ સામાન્ય સભાની કાર્યવાહીની નોંધનું વાંચન અને બહાલી આપવા બાબત.

૩. ગત વર્ષ દરમિયાન થયેલ કાર્યવાહીનો અહેવાલ અને તેને બહાલી આપવા બાબત.

૪. વર્ષ ૨૦૨૨-૨૦૨૩ના ઓડિટ થયેલ હિસાબો મંજુર કરવા બાબત.

૫. વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે ઓડિટરશ્રીની નિમણૂક કરવા બાબત.

૬. પ્રમુખશ્રીની સંમતિથી રજૂ થનાર અન્ય બાબતો અંગે યોગ્ય નિર્ણય લેવા બાબત.

**રજનીકાંત ધરમશી પારેખ**
**માનદ્ મંત્રી**

**તા.ક. :**

*(૧) કોરમના અભાવે મુલતવી રહેલ સભા અડધા કલાક બાદ ફરી તે જ સ્થળે મળશે અને ત્યારે નિયમાનુસાર કોરમનો બાધ રહેશે નહીં.*

*(૨) વર્ષ ૨૦૨૨-૨૦૨૩ના ઓડિટ થયેલ હિસાબો અંગે જેમણે જે કંઈ પૂછવાનું હોય તેમણે પોતાનાં સૂચનો, પત્ર દ્વારા તા. ૨૦-૦૭-૨૦૨૩ સુધીમાં પાલડી ઓફિસે સાંજના ૧૭.૦૦ કલાક સુધી મોકલી આપવા. વર્ષ ૨૦૨૨-૨૦૨૩ના હિસાબો લખેલ ચોપડા જેમણે નિરીક્ષણ કરવાના હોય તેઓ તા. ૨૦-૦૭-૨૦૨૩ સુધી, ઓફિસ સમય દરમિયાન (રવિવાર તથા જાહેર રજાના દિવસ સિવાય) પાલડી ભવન પરની ઓફિસે, એકાઉન્ટન્ટ પાસેથી મેળવીને નિરીક્ષણ કરી શકશે તથા ખુલાસો મેળવી શકશે.*

*(૩) **તા. ૩૦-૦૧-૨૦૨૩ બાદ નોંધાયેલ સભ્યો સભામાં હાજરી આપી શકશે, પરંતુ બંધારણ અનુસાર ઉમેદવારી કે મતદાન કરી શકશે નહીં.***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

*તા. ૦૧-૦૭-૨૦૨૩*

## ચૂંટણી પંચની રચના

સામાન્ય સભાએ નક્કી કરેલ ચૂંટણીના નિયમ-૧ મુજબ વર્ષ ૨૦૨૩-૨૪ માટે ટ્રસ્ટ મંડળના નિવૃત્ત થતા ૬ તેમજ કારોબારી સમિતિના નિવૃત્ત થતા ૬ સભ્યોની ખાલી થતી જગ્યા ઉપર વર્ષ ૨૦૨૩-૨૪ માટે ચૂંટણીનું કાર્ય નિયમ મુજબ ચલાવવા માટે નીચેના ત્રણ સભ્યોની ચૂંટણી પંચ તરીકે નિમણૂક કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| **શ્રી કે. ડી. શાહ** | **શ્રી જ્યોતેન્દ્ર રવિલાલ સંઘવી** | **શ્રી મનીષ આણંદજી વીરા** |
| મો. ૯૪૨૭૩ ૯૦૦૦૭ | મો. ૯૯૭૮૪ ૪૫૪૨૦ | મો. ૯૪૨૬૮ ૬૧૧૩૬ |

*ટ્રસ્ટ મંડળ વતી,*

**પ્રતાપ નારાણજી દંડ**

*મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિ માટે ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની જાહેરાત

સંસ્થાના બંધારણ અનુસાર આ વર્ષે નિવૃત્ત થતા વિવિધ કેટેગરીના ૬ ટ્રસ્ટીઓ તેમજ ૬ કારોબારી સભ્યોની વર્ષ ૨૦૨૩-૨૦૨૬ માટે ચૂંટણી કરવાની નીચે પ્રમાણે અમો જાહેરાત કરીએ છીએ.

- **વિભાગ-૧ દાતા ટ્રસ્ટીઓ (૩ જગ્યા)**

બંધારણની કલમ-૫(૨) મુજબ આ વિભાગમાં મુરબ્બી સભ્યો, પેટ્રન સભ્યો અને ટ્રસ્ટના પ્રતિનિધિ સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટીઓ નિવૃત્ત થાય છે :

૧. શ્રી રાજુભાઈ હરખચંદ ગાલા
૨. શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા
૩. શ્રી આશિષ ધીરૂભાઈ શાહ

- **વિભાગ-૨ સામાન્ય ટ્રસ્ટીઓ (માનદ્ ગ્રુપ) - (૨ જગ્યા)**

બંધારણની કલમ-૫(૨) મુજબ આ વિભાગમાં માનદ્ સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટીઓ નિવૃત્ત થાય છે :

૧. શ્રી રજનીકાંત ધરમશી પારેખ
૨. શ્રી ચંદ્રેશ વીરેન્દ્ર લોડાયા

- **વિભાગ-૩ સામાન્ય ટ્રસ્ટીઓ (સ્વજન ગ્રુપ) (૧ જગ્યા)**

બંધારણની કલમ-૫(૨) મુજબ આ વિભાગમાં સ્વજન તેમજ જૂના બંધારણ મુજબના આજીવન સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટી નિવૃત્ત થાય છે.

૧. શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર

- **કારોબારી સભ્યો :**

બંધારણની કલમ-૫(૩) મુજબ કારોબારી સમિતિમાં સમાજના નોંધાયેલા સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના કારોબારી સભ્યો નિવૃત્ત થાય છે.

| | |
|---|---|
| (૧) શ્રી ચૈતન્ય બચુભાઈ રાંભિયા | (૨) શ્રીમતી સુલુબેન જલદીપ શાહ |
| (૩) શ્રી પીયુષ હીરજી સાવલા | (૪) શ્રી કમલેશ મનુભાઈ શાહ |
| (૫) શ્રી ચેતન દામજી ધરોડ | (૬) શ્રી નિરંજન પુનશી મૈશેરી |

આ મુજબ ૬ ટ્રસ્ટીઓ અને ૬ કારોબારીના સભ્યોની ચૂંટણી કરવાની છે અને તે માટે ઉમેદવારી પત્રકો મંગાવવામાં આવે છે.

- **નોંધ :**

૧. નિવૃત્ત થતા સભ્યો ફરીથી ઉમેદવારી કરી શકશે.
૨. ટ્રસ્ટી તરીકે સામાન્ય સભ્યો તેમજ ૩૫ વર્ષથી નીચેની ઉંમરના સભ્યો ઉમેદવારી કરી શકશે નહીં.
૩. સભ્યોએ અધિકૃત ફોર્મમાં માંગવામાં આવેલ પૂરી વિગત સાથે ઉમેદવારી પત્ર ભરીને આપવાનું રહેશે. અધૂરી વિગતવાળું પત્રક રદ થવાને પાત્ર ગણાશે.
૪. જે તે કેટેગરીના સભ્યો, ટ્રસ્ટીપદ માટે તે જ કેટેગરીમાં ઉમેદવારી કરી શકશે.

- **ચૂંટણી પ્રક્રિયાનો કાર્યક્રમ**

૧. ઉમેદવારી પત્રો સમાજની પાલડી ઓફિસેથી તા. ૧૦-૦૭-૨૦૨૩ સોમવારથી તા. ૧૫-૦૭-૨૦૨૩ શનિવાર દરમિયાન સવારના ૧૦થી સાંજના ૫ વાગ્યા સુધી મળશે.
૨. પૂરેપૂરાં ભરેલાં ઉમેદવારી પત્રકો બંધ કવરમાં તા. ૧૬-૦૭-૨૦૨૩, રવિવારના સાંજના ૫ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.
૩. ઉમેદવારી પત્રકોની ચકાસણી કરી ઉમેદવારોનાં નામ તા. ૧૭-૦૭-૨૦૨૩, સોમવારના સવારે ઓફિસના નોટિસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવશે.
૪. તા. ૨૨-૦૭-૨૦૨૩, શનિવારના સાંજના ૫ વાગ્યા સુધી ઉમેદવારો પોતાનાં ઉમેદવારી પત્રકો પાછાં ખેંચી શકશે.
૫. ઉમેદવારોની છેલ્લી પરિસ્થિતિની વિગતો તા. ૨૪-૦૭-૨૦૨૩, સોમવારે સમાજની ઓફિસે નોટિસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવશે.
૬. જરૂર પડ્યે ચૂંટણી તા. ૩૦-૦૭-૨૦૨૩, રવિવારની સામાન્ય સભામાં સવારના ૯.૦૦ વાગ્યાથી કરવામાં આવશે અથવા બિનહરીફ ચૂંટાયેલ ઉમેદવારનાં નામો જાહેર કરવામાં આવશે.
૭. સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. (સમય : ચૂંટણી અંગેના એજન્ડાના સમયે હાજર રહેલા સભ્યો મતદાન કરી લે ત્યાં સુધી / ચૂંટણી પંચ મતદાન પૂરું થયેલ જાહેર કરે ત્યાં સુધીનો રહેશે.)
૮. કોઈપણ ઉમેદવાર સ્વેચ્છાએ ચૂંટણી પંચ સમક્ષ જાતે હાજર થઈને અથવા પત્ર દ્વારા છેલ્લા દિવસે પણ ઉમેદવારી પાછી ખેંચી શકશે. એ કારણે જો કોઈ અન્ય ઉમેદવાર બિનહરીફ થાય તો ચૂંટણીની જરૂરત નહીં રહે.

- **નોંધ :**

૧. તા. ૩૦-૦૧-૨૦૨૩ સુધી નોંધાયેલા સમાજના સભ્યો જ ઉમેદવારી કરી શકશે તેમજ મત આપી શકશે.
૨. ચૂંટણી અંગેની કોઈ કાર્યવાહી અંગે મતભેદ - વાદવિવાદ થાય તો તે અંગે ચૂંટણી પંચનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.

| **શ્રી કે. ડી. શાહ** | **શ્રી જ્યોતેન્દ્ર રવિલાલ સંઘવી** | **શ્રી મનીષ આણંદજી વીરા** |
|---|---|---|
| **સભ્ય – ચૂંટણી પંચ** | **સભ્ય – ચૂંટણી પંચ** | **સભ્ય – ચૂંટણી પંચ** |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ૭૭મો સ્વાતંત્ર્ય દિન – ધ્વજ વંદન કાર્યક્રમ

### જાહેર આમંત્રણ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ૭૭મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવા જઈ રહ્યો છે. તે નિમિત્તે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના પટાંગણમાં તા. ૧૫-૦૮-૨૦૨૩ને મંગળવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ધ્વજવંદન કરવામાં આવનાર છે.

***આથી સમાજના દરેક સભ્ય પરિવારને ઉપરોક્ત કાર્યક્રમમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.***

| **રજનીકાંત પારેખ** | **પ્રતાપ નારાણજી દંડ** |
|---|---|
| **માનદ્ મંત્રી** | **મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ** |

# આપણા ડૉક્ટર્સને પહેચાનો

(મણકો : ૨)

## ડૉ. દેવલ શાહ,

M.S., D.N.B. (Ophe), F.I.C.O., F.R.E.C.



અશોક મહેતા

"આપણા ડૉક્ટર્સને પહેચાનો"ની કોલમના મણકા-૨ માં આજે આપણે વાત કરીશું ડૉ. દેવલ શાહની કે જેઓ છેક શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેન મેડિકલ સેન્ટરની સ્થાપના પછીના થોડા વર્ષના સમયમાં જ એટલે કે વર્ષ ૨૦૦૩થી જ આપણી સાથે જોડાયેલા છે. માત્ર અને માત્ર સેવાની ભાવનાથી તેઓ આપણી સાથે છેલ્લા ૨૦ વર્ષથી કાર્યરત રહેવા પામેલ છે.



ડૉ. દેવલ શાહ

તેમના અભ્યાસ અને ડિગ્રીની વાત કરીએ તો તેની નીચે મુજબની લાંબી એવી હારમાળા છે કે જેના ઉપરથી જ આપણને તેમની નિપુણતાનો ખ્યાલ આવી જશે.

તેઓશ્રીએ વર્ષ ૧૯૯૪માં M.B.B.S.ની ડિગ્રી એન.એચ.એલ. મ્યુનિ. મેડિકલ કોલેજમાં ૪ વર્ષનો અભ્યાસ પૂર્ણ કરીને પ્રાપ્ત કરી.

વર્ષ ૧૯૯૯માં M.S. (ઓપ્થેલ્મોલોજી)ની ડિગ્રી એમ.જી. રીજીયોનલ ઇન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કરીને પ્રાપ્ત કરી.

વર્ષ ૨૦૦૦માં F.I.C.O. (ફેલો ઑફ ઇન્ટરનેશનલ કાઉન્સિલ ઑફ ઓપ્થેલ્મોલોજી)ની પદવી પ્રાપ્ત કરી.

વર્ષ ૨૦૦૨માં F.R.E.C. (ફેલો ઑફ રઘુદીપ આઈ ક્લિનિક)ની પદવી મેળવી.

સાથે સાથે તેઓશ્રીએ L.L.B. પાર્ટ-૧ અને પાર્ટ-૨ નો અભ્યાસ પણ કરેલ છે.

આટલી બધી ડિગ્રીઓ પ્રાપ્ત કર્યા પછી તેઓશ્રીએ પ્રેક્ટીસ કરવાની શરૂઆત કરી.

વર્ષ ૨૦૦૦થી વર્ષ ૨૦૦૨ સુધી તેઓશ્રી ઓગણજ ખાતેની લાયન્સ કર્ણાવતી હોસ્પિટલના ઓપ્થેલ્મો ડિપાર્ટમેન્ટના ચીફ કન્સલ્ટન્ટ તરીકે રહ્યા.

વર્ષ ૨૦૦૩થી તેઓશ્રીએ નહેરુનગર, અમદાવાદ ખાતેની એક ઓફિસેથી પોતાની કન્સલ્ટીંગ સેવા શરૂ કરી અને વર્ષ ૨૦૦૭થી જોધપુર ચાર રસ્તા પાસેના એક કોમ્પ્લેક્સમાં પોતાની ડે-કેર હોસ્પિટલ જેવી સુવિધા શરૂ કરી કે જ્યાં મોતીયા જેવા ઑપરેશન કરી શકાતા. આ સેવા આજ દિન સુધી ચાલુ રહેલ છે અને ત્યાં આજે પણ દરરોજના ૩૦ની આજુબાજુના દર્દીઓના ઇલાજ કરવાના ચાલુ રહેવા પામેલ છે.

તેઓશ્રીએ વર્ષ ૨૦૦૩થી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના નવનીત મેડિકલ સેન્ટરમાં સેવા આપવાનું શરૂ કરેલ હતું કે જે અવિરતપણે આજ દિન સુધી ચાલુ રહેલ છે અને ભવિષ્યમાં પણ વર્ષો સુધી અહીંથી સેવા યજ્ઞ ચાલુ રાખવાનો તેઓશ્રી ઇરાદો ધરાવે છે. તેઓશ્રી અહીં મોતિયાના ઑપરેશન્સ પણ કરે છે. દરરોજના ૨૦ની આજુબાજુની સંખ્યાના દર્દીઓ તેમની સેવાનો લાભ લે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પાલડી ખાતેના નવનીત મેડિકલ સેન્ટરમાં જે ડૉક્ટરો શરૂઆતના વર્ષોથી સેવા આપી રહ્યા છે તેવા ડૉક્ટરોના ગ્રુપના તેઓશ્રી એક ડૉક્ટર છે અને તેમનો આ સંસ્થા સાથેનો લગાવ જૂનો અને જાણીતો છે. જ્યાં લગી આંખ વિભાગની ટ્રીટમેન્ટનો સવાલ છે ત્યાં લગી સમાજનું પાલડી ખાતેનું આ મેડિકલ સેન્ટર તેમના પર નિર્ભર છે.

ખૂબ જ ઉચ્ચ પ્રતિષ્ઠા ધરાવતા ડૉ. દેવલ ભરતભાઈ શાહનો જન્મ તા. ૧૮-૧૧-૧૯૭૨ના રોજ અમદાવાદ ખાતે થયેલ હતો. તેમનો પરિવાર વર્ષોથી અમદાવાદના પાલડી વિસ્તારની શારદા સોસાયટીનો રહીશ છે અને તેઓશ્રી આજે પણ તેમના સંયુક્ત પરિવારનું નિવાસ સ્થાન ત્યાં જ ધરાવે છે. તેઓશ્રી જ્ઞાતિએ ડાકોરના દશા દિશાવાળ વૈષ્ણવ સમાજના પરિવારના છે. તેઓશ્રીએ પ્રાઈમરીથી હાયર એજ્યુકેશન સુધીનો અભ્યાસ પાલડી ખાતેની શારદા મંદિર હાઈસ્કૂલ ખાતેથી કરેલ હતો. તેઓશ્રી અભ્યાસમાં તેજ હોવાથી ૧૦મા ધોરણમાં સમગ્ર અમદાવાદ સેન્ટરમાં ૧૦મા ક્રમાંકે ઉત્તીર્ણ થયેલ હતા. હાયર એજ્યુકેશન એટલે કે ૧૨મા ધોરણમાં તેઓશ્રીને ઓવરઓલ ૮૯% અને સાયન્સના વિષયોમાં ૯૯% માર્કસ મળેલ હતા. શાળાના અને ત્યારબાદના અભ્યાસમાં પણ તેઓશ્રીએ આ પ્રતિભા જાળવી રાખેલ હતી.

તેઓશ્રીના લગ્ન વર્ષ ૨૦૦૧માં M.B.A. (Finance)ની ડિગ્રી ધરાવતા અપૂર્વી સાથે થયેલ હતા. બહેનશ્રી અપૂર્વીબેનનો જન્મ, ઉછેર અને અભ્યાસ મુંબઈ ખાતે થયેલ હતો પરંતુ લગ્ન પછી તેઓ અમદાવાદ રહેવા આવી ગયેલ અને હાલે Signat માં સોફ્ટવેર ક્વોલિટી એસ્યોરન્સ એન્જિનિયર તરીકે કાર્યરત રહેવા પામેલ છે. તદુપરાંત તેઓશ્રી દિવાન બલ્લુભાઈ સ્કૂલની પાલડી, કાંકરીયા અને રાજનગર – એમ ત્રણે બ્રાંચમાં મેનેજમેન્ટ સાઈડે ઑનરરી સેવા આપે છે.

ડૉ. દેવલ શાહને લગ્ન પછી એક પુત્ર - હર્ષ પ્રાપ્ત થયેલ છે કે જેની ઉંમર હાલ ૧૯ વર્ષની છે. તે V.I.T. ચેન્નાઇ ખાતેની કોમ્પ્યુટર સાયન્સ વિથ એ.આઈ. એન્ડ રોબોટીક્સ (Computer Science with A.I. & Robotics)ના ૪ વર્ષના અભ્યાસક્રમમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરી રહેલ છે.

ડૉ. દેવલ શાહના મોટા ભાઈ હેમલ શાહ આર્કિટેક્ટ છે અને વર્ષોથી અમદાવાદમાં રહી "હેમંત શાહ એન્ડ એસોસિએટ્સ"ના નામથી આર્કિટેક્ટની ફર્મ ચલાવી રહેલ છે.

માતુશ્રી સાથેનો બંને ભાઈનો સંયુક્ત પરિવાર હર્યોભર્યો, સુખી અને સંતુષ્ટપણે પોતાનું જીવન વ્યતીત કરી રહેલ છે.

આપણે ઈચ્છીએ કે ડૉ. દેવલ શાહ લોકોની આંખના પ્રશ્ને (Opthelmology) વર્ષો સુધી કાર્યરત રહી સેવા કરતા રહે અને તેમનો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સાથેનો નાતો કાયમી બની રહે. ■

# અતીતના ઓવારેથી.... : મણકો-૩

**• અશોક મહેતા •**

★ *'અતીતના ઓવારેથી...' કોલમના મણકા-૩ માં આપણે અન્ય વધુ કાર્યવાહીનું નિરીક્ષણ કરીશું.*

★ *મણકા-૧ માં "આપણે અમદાવાદમાં" શિર્ષકના નેજા હેઠળ 'પૂર્વ ઈતિહાસ'નું વિહંગાવલોકન કર્યું તથા તા. ૧૪-૪-૧૯૬૩ના રોજ કઈ રીતે "શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ"ની સ્થાપના થઈ તેની વિગતો જાણી.*

★ *મણકા-૨ માં આપણે શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ - અમદાવાદની વર્ષ ૧૯૬૩-૬૪થી વર્ષ ૧૯૬૮-૬૯ સુધીની કારોબારી સમિતિના સભ્યોની વિગત, મંડળના સામાન્ય સભ્યોની નામાવલીની વિગત તથા તે સમયે મંડળને મળતી ભેટ રકમની વિગતો જાણી.*

★ *હવે આજે આપણે મણકા-૩ માં "શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ - અમદાવાદ" તેની તા. ૧૧-૧૦-૧૯૭૦ની સામાન્ય સભામાં કઈ રીતે "શ્રી કચ્છી જૈન સમાજ"માં ફેરવાયું તેની વિગતોથી માહિતગાર થઈશું.*

## શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ - અમદાવાદ

### તા. ૧૧-૧૦-૧૯૭૦ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ

સામાન્ય સભા પરિપત્ર નં. ૧/૭૦ પ્રમાણે મંડળની સામાન્ય સભા રવિવાર, તા. ૧૧-૧૦-૧૯૭૦ના સવારના ૯.૩૦ વાગે મળેલી. કાર્યસાધક સંખ્યાના અભાવે મુલત્વી રહેલી આ સભા ફરી તેજ સ્થળે મળી હતી અને ત્યારે તેમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા (મંડળના મતાધિકારવાળા કુલ સભ્યોની સંખ્યા : અઠ્ઠાવન. એટલે કાર્યસાધક સંખ્યા : વીસ).

***હાજર રહેલા સભ્યો :***

૧. નાનજી પ્રેમજી ગાલા.
૨. હીરજી પાસુ દેઢિયા
૩. અમૃતલાલ લાલજી નંદુ
૪. આણંદજી વેલજી વીરા
૫. કાંતિલાલ કુંવરજી સાવલા
૬. ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા
૭. ટોકરશી કેશવજી મારૂ
૮. ઠાકરશી વેલજી સતીઆ
૯. દિનેશ દામજી શાહ
૧૦. દેવજી રતનશી છેડા
૧૧. નાનજી કેશવજી શાહ
૧૨. પોપટલાલ નેણશી ધરોડ

૧૩. પ્રેમજી ખેતશી દેઢિયા
૧૪. બાબુભાઈ નરશી રાંભિયા
૧૫. મગનલાલ ભવાનજી દેઢિયા
૧૬. મણિલાલ નાનજી ગાલા
૧૭. લક્ષ્મીચંદ રવજી હરિયા
૧૮. લક્ષ્મીચંદ લાલજી સાવલા
૧૯. વિશનજી દેવજી દેઢિયા
૨૦. શાંતિલાલ રામજી ગાલા
૨૧. હરખચંદ પ્રેમજી શાહ
૨૨. લખનશી રતનશી દેઢિયા
૨૩. વેલજી કરમશી ગાલા

પ્રમુખ શ્રી હીરજી પાસુ દેઢિયાએ સભાની કાર્યવાહી ચલાવી હતી.

*આ સભામાં નીચે મુજબના નિર્ણયો લેવાયા હતા.*

૧. તા. ૨૮-૧૨-૧૯૬૯ના રોજ મળેલી સામાન્ય સભાની કાર્યવાહીની નોંધને આ સભા બહાલ રાખે છે.

રજૂ કરનાર : શ્રી પોપટલાલ ધરોડ

ટેકો આપનાર : શ્રી દેવજી રતનશી છેડા

સર્વાનુમતે પસાર.

૨. કારોબારી સભ્ય તરીકે શ્રી શાંતિલાલ શામજી વીરાની કારોબારી સમિતિમાં ખાલી પડેલ જગ્યા માટે કારોબારી સમિતિએ નિયુક્ત કરેલ શ્રી ડુંગરશી વેલજી રાંભિયાને આ સભા બાકીના સમય માટે ચાલુ રાખે છે.

રજૂ કરનાર : શ્રી મગનલાલ દેઢિયા

ટેકો આપનાર : શ્રી બાબુભાઈ રાંભિયા

સર્વાનુમતે પસાર.

૩. ***કારોબારી સમિતિએ રજૂ કરેલા બંધારણના સુધારાઓ આ સભા સ્વિકારે છે અને મંડળનું હાલનું નામ બદલીને "શ્રી કચ્છી જૈન સમાજ" રાખવાનું નક્કી કરે છે.***

***રજૂ કરનાર : શ્રી ટોકરશી મારૂ***

***ટેકો આપનાર : શ્રી નાનજી મારૂ***

***સર્વાનુમતે પસાર.***

(સંસ્થાનું નવું બંધારણ છપાવીને હવે પછી દરેક સભ્યને મોકલી આપવામાં આવશે. – મંત્રી)

આજે પસાર થયેલા બંધારણીય સુધારાઓ અનુસરીને આ સભામાં નીચેના નિર્ણયો લેવાયા હતા.

૪. ***નવા બંધારણનો અમલ કરવાનું આ સભા આજથી ઠરાવે છે. જેથી આ સંસ્થા હવે "શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ"ને બદલે "શ્રી કચ્છી જૈન સમાજ"ને નામે ઓળખાશે.***

***રજૂ કરનાર : શ્રી ઠાકરશી રાંભિયા***

***ટેકો આપનાર : શ્રી દિનેશ શાહ***

***સર્વાનુમતે પસાર.***

૫. સુધારેલ બંધારણ પ્રમાણે નવી કારોબારી સમિતિ ચૂંટાય ત્યાં સુધી હાલની કારોબારી સમિતિ ચાલુ રહેશે.

રજૂ કરનાર : ડૉ. ચંદ્રકાંત દેઢિયા.

ટેકો આપનાર : શ્રી અમૃતલાલ નંદુ.

સર્વાનુમતે પસાર.

૬. આજથી તા. ૩૧ ડિસેમ્બર ૧૯૭૦ સુધી જે નવા સભ્યો નોંધાય તેમને તેજ સભ્ય ફી માં વર્ષ ૧૯૭૧માં પણ ચાલુ રાખવા આ સભા ઠરાવે છે.

રજૂ કરનાર : શ્રી મગનલાલ દેઢિયા

ટેકો આપનાર : શ્રી ઠાકરશી રાંભિયા

સર્વાનુમતે પસાર.

૭. ***આ સભા ઠરાવ દ્વારા બરોડા બેંકની ગીરધરનગર શાખાના મુખ્ય અધિકારીશ્રીને આ સંસ્થાનું ખાતું હાલ જે "શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મિત્ર મંડળ"ના નામે ચાલે છે તે બંધ કરી "શ્રી કચ્છી જૈન સમાજ"ના નામે નવું ખાતું ખોલાવવા યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરે છે.***

***રજૂ કરનાર : શ્રી મગનલાલ દેઢિયા***

***ટેકો આપનાર : ડૉ. ચંદ્રકાંત દેઢિયા***

***સર્વાનુમતે પસાર.***

૮. આ સભા આ સંસ્થાને પબ્લિક ટ્રસ્ટના ધારા હેઠળ રજિસ્ટર્ડ કરાવવાનું આ ઠરાવ દ્વારા નક્કી કરે છે. તે માટે પબ્લિક ટ્રસ્ટના મુખ્ય કમિશનરશ્રી સાથે યોગ્ય કાર્યવાહી કરવા મંત્રીશ્રી તથા ખજાનચીશ્રીને સત્તા આપે છે.

રજૂ કરનાર : શ્રી ટોકરશી મારૂ

ટેકો આપનાર : શ્રી ઠાકરશી રાંભિયા

સર્વાનુમતે પસાર.

૯. આ ઠરાવ દ્વારા આ સભા સંસ્થાના સુધારાયેલા બંધારણની કલમો, પેટા કલમોને યોગ્ય અનુક્રમાંક આપવાની મંત્રીશ્રીને સત્તા આપે છે.

રજૂ કરનાર : શ્રી ટોકરશી મારૂ

ટેકો આપનાર : શ્રી મણિલાલ ગાલા

સર્વાનુમતે પસાર.

આ પછી અન્ય કાર્યવાહી ન રહેતા મંત્રીશ્રીનો આભાર માની આ સભા બરખાસ્ત કરી હતી.

| | |
|---|---|
| **હીરજી પાસુ દેઢિયા** | **પોપટલાલ નેણશી ધરોડ** |
| **પ્રમુખ** | **મંત્રી** |

## ઉડતી નજરે....

*માસ મે-૨૦૨૩ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ*

| ક્રમ | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|
| ૧. | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ .... ૬૮૮<br>● સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .... ૧૩૫<br>● બોડી ચેક-અપ .... ૩૯૮<br>● સોનોગ્રાફી .... ૧,૨૫૦<br>● ટી.એમ.ટી. .... ૬૪<br>● ઑપરેશન .... ૧<br>● અન્ય .... ૭,૩૫૭ | ૯,૮૯૩ |
| ૨. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* ● પુરુષો .... ૪૬૯<br>● સ્ત્રીઓ .... ૨૧૦<br>● બાળકો .... ૪૨<br>● કેન્ટીન .... ૩૦૦૦ | ૩,૭૨૧ |
| ૩. | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* ● પુરુષો .... ૧૨૧<br>● સ્ત્રીઓ .... ૫૨<br>● બાળકો .... ૨૦ | ૧૯૩ |
| ૪. | **ડૉ. ચંદ્રકાંત દેઢિયા ડાયાલિસિસ સેન્ટર, ગીતા મંદિર, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .... | ૮૯ |
| ૫. | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* ● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - પેસેન્જર .... ૨,૫૫૬<br>● મ્યુઝીયમ .... ૨,૨૦૦<br>● કેન્ટીન .... ૪,૩૩૫<br>● જલારામ અન્નક્ષેત્ર .... ૪૨૦<br>● ડિસ્પેન્સરી .... ૫૬ | ૯,૫૬૭ |
| ૫. | **શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર, શાહીબાગ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .... | ૪૭૩ |
| ૭. | **નવનીત મેડિકલ સેન્ટર અને કંચનબેન નવીનચંદ્ર નાનજી શાહ ઓ.પી.ડી. સેન્ટર,<br>દીપ ફાઉન્ડેશન મેડિકલ ચેક-અપ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ....<br>*જેમાંથી –* ● તબીબી ચેક- અપ .... ૧૯૨<br>● સોનોગ્રાફી .... ૨૧૬<br>● અન્ય .... ૫,૫૦૪ | ૫,૯૧૨ |
| ૮. | **નવનીત ડાયાલિસિસ સેન્ટર, બોપલ, અમદાવાદ**<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .... | ૧૩૦ |
| | *માસ મે - ૨૦૨૩ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ....* | ૨૯,૯૭૮ |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : દૈનિક ડાયરી

● સંકલન : રજનીકાંત પારેખ ●

### શનિવાર, તા. ૨૦-૫-૨૦૨૩

● શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે રીનોવેશન કામ માટે એક મીટિંગ યોજવામાં આવેલ હતી. આ મીટિંગમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી હિરેન કે. શાહ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી રાજેન્દ્ર દોશી, ડૉ. કેતન શાહ, શ્રી અનિલ સથવારા તથા શ્રી કૃષ્ણકાંત મોદી ઉપસ્થિત રહેલ હતા. વિશ્રામ ગૃહના પ્રથમ માળ પરના રૂમોની દીવાલ પર બારીની ઊંચાઈ સુધી ટાઈલ્સ લગાવવા અને બાકીની દીવાલ પર કલરકામ કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

### શુક્રવાર, તા. ૨૬-૫-૨૦૨૩

● આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર જીવરાજ મહેતા હોસ્પિટલમાંથી તેમના એડમિનિસ્ટ્રેટીવ ઓફિસર ડૉ. હાર્દિક શાહ અને પર્સનલ રીલેશન ઓફિસર શ્રી ઋષભ શાહ પધારેલ હતા અને તેઓએ તેમની હોસ્પિટલમાં સિનિયર સિટીઝન માટે લોન્ચ કરવામાં આવેલ અલગ અલગ સ્કીમો વિશે શ્રી રજનીકાંત પારેખ સાથે ચર્ચા કરેલ હતી.

### રવિવાર, તા. ૨૮-૫-૨૦૨૩

● સમાજની કારોબારી સમિતિ તથા વિવિધ સમિતિઓના કન્વીનરશ્રીઓની એક સંયુક્ત મીટિંગ આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી. વિવિધ સમિતિઓના કાર્યોની ચર્ચા કરવામાં આવેલ હતી. વિવિધ સમિતિઓએ રજૂ કરેલ ખર્ચને ચર્ચા વિચારણા બાદ મંજૂર કરવામાં આવેલ હતા. સમાજના સભ્યોના પરિવારના સર્વે કરવા બાબત તથા વિવિધ સમિતિઓના કન્વીનરશ્રીને મોકલવામાં આવેલ નીતિ નિયમો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી અને જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

### બુધવાર, તા. ૩૧-૫-૨૦૨૩

● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને ડાયાલાઈઝર સપ્લાય કરતી કંપની પોલી મેડિક્યોરમાંથી તેમના ટેકનિશિયન અને માર્કેટીંગ મેનેજર શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરના ડાયાલિસિસ સેન્ટર ખાતે આવેલ હતા કે જ્યાં તેઓએ શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી લક્ષ્મીચંદ વીરા સાથે મીટિંગ કરેલ હતી. ડાયાલિસિસ કરાવનાર પેશન્ટને કઈ રીતે સારી રીતે સેવા આપી શકાય તે બાબતે તેઓએ ચર્ચા કરેલ હતી. તેના અનુસંધાને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને પોલી મેડિક્યોર કંપનીના સંયુક્ત ઉપક્રમે પાલડી ખાતેના ભવન પર એક વર્કશોપ યોજી, ત્યાં પચાસેક જેટલા ટેકનિશિયનોને બોલાવી, આ બાબતે તેઓને માહિતીઓથી પૂરેપૂરા વાકેફ કરાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

### ગુરૂવાર, તા. ૧-૬-૨૦૨૩

● આજ રોજ ચાંગોદર ખાતે આવેલ સમીપ કંપોઝીટ પ્રા. લિ. ખાતે પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર દ્વારા એક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં દાંતના વિભાગમાં ૧૩૩ દર્દીઓએ, ઓર્થોપેડિક વિભાગમાં ૧૨૪ દર્દીઓએ, આંખ વિભાગમાં ૧૩૮ દર્દીઓએ અને મેડિસીન વિભાગમાં ૧૩૮ દર્દીઓએ લાભ લીધેલ હતો.

● બોપલ મેડિકલ સેન્ટરના મે-૨૦૨૩ના રીપોર્ટ અનુસાર મે મહિનામાં અહીં ૬૦૪૨ દર્દીઓએ વિવિધ ડિપાર્ટમેન્ટમાં સારવાર લીધેલ હતી.

● બોપલ ખાતેના નવનીત ડાયાલિસિસ સેન્ટરમાં મે-૨૦૨૩ દરમિયાન ૧૩૦ જેટલા દર્દીઓએ ડાયાલિસિસ કરાવેલ હતું.

● બોપલ ખાતે નવનીત ફાઉન્ડેશનના સહકારથી આજથી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર શરૂ કરી દેવામાં આવેલ છે કે જેમાં પ્રથમ બેચ સ્વરૂપે આસિસ્ટન્ટ નર્સિંગનો કોર્સ શરૂ કરવામાં આવેલ છે. બેચમાં ૩૦ તાલીમાર્થીઓને લેવામાં આવેલ છે.

### શનિવાર, તા. ૩-૬-૨૦૨૩

● સરદારધામમાં યોજવામાં આવેલ ચેરીટેબલ ટ્રસ્ટના કાયદાની જાણકારી તથા ઈન્કમટેક્સના કાયદાની જાણકારીના વર્કશોપમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટીઓ તથા અન્ય કાર્યકરો શ્રી હિરેન કે. શાહ, શ્રી વિમેશ શાહ, શ્રી દેવેશ દંડ તથા શ્રી કિશોરભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા.

### સોમવાર, તા. ૫-૬-૨૦૨૩

● તાજેતરમાં નિમાયેલ હ્યુમન રીસોર્સીસ (એચ.આર.) બહેન શ્રી ખુશ્બુ શાહ સાથે ભવન પરના સ્ટાફની મીટિંગ યોજવામાં આવેલ હતી અને આ મીટિંગમાં સ્ટાફે જનરલ પબ્લિક તથા પોતાના ઉપરી અધિકારીશ્રીઓ સાથે કઈ રીતે વર્તણુંક કરવી

તે અંગેની વિગતો સમજાવવામાં આવેલ હતી. તદુપરાંત સ્ટાફે નિયત સમયે ચોક્કસપણે હાજર થઇ જવું જોઈએ તે વિગતો પર ભાર મૂકવામાં આવેલ હતો.

**મંગળવાર, તા. ૬-૬-૨૦૨૩**

- જનકલ્યાણ મેડિકલ સોસાયટી - માંડવીના શ્રી કિરણભાઈ તેમના કાર્યકર ગ્રુપ સાથે શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા ત્યારે તેમની સાથે શ્રી હિરેન શાહ, અશોક મહેતા વગેરેએ એક મીટિંગ કરેલ હતી કે જેમાં તેઓ દ્વારા કરવામાં આવતા મેડિકલ ક્ષેત્ર તથા અન્ય સામાજિક કાર્યોની વિગતોથી આપણને વાકેફ કરેલ હતા.
- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે પાલડી મેડિકલ સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી અશ્વિન સાવલા, શ્રી અશોક મહેતા, શ્રી દેવેશ દંડ, શ્રીમતી હાસ્યલતાબેન મહેતા, શ્રી પીન્ટુભાઈ પટેલ અને શ્રીમતી દક્ષાબેન રામાવત ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં અનેક જરૂરી નિર્ણયો લેવાયેલ હતા. મેડિકલ સેન્ટરમાં કાર્યરત ડૉક્ટરોના સૂચન અનુસાર શક્ય હોય તો આ સેન્ટરની આજુબાજુના વિસ્તારમાં એક નાની હોસ્પિટલ તૈયાર મળે તો તે અથવા જાતે ઊભી કરવી તેવું સૂચન આવતા આ બાબત કાર્યરત ડૉક્ટસો સાથે ચર્ચા કરી, નિર્ણય લેવાનું નક્કી કરવામાં આવેલ હતું.
- મોતીયાના ઑપરેશન માટે રૂા. ૨૪,૦૦૦/-ની કિંમતવાળું નવું પેકેજ ઉમેરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ હતું.
- પેથોલોજી લેબોરેટરીમાં હાલે આઉટસોર્સ કરાવવામાં આવતા ઇલેક્ટ્રોલાઈટ્સ તથા પીટી, એપીટીટી ટેસ્ટ માટે કો-રેગ્યુલેટરના બે નવા મશીન ખરીદવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ હતું.
- આયુર્વેદ વિભાગમાં શિરોધારા માટે નવું ટેબલ ખરીદવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું.

**ગુરૂવાર, તા. ૮-૬-૨૦૨૩**

- આજ રોજ ચાંગોદર ખાતે ફોટોનીકો કંપનીમાં એક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું કે જેમાં દાંત વિભાગમાં ૬૪, મેડિસીન વિભાગમાં ૭૬, ઓર્થોપેડિક વિભાગમાં ૨૫, આંખ વિભાગમાં ૭૬ અને ઇ.સી.જી. વિભાગમાં ૯ દર્દીઓએ લાભ લીધેલ હતો. આ કેમ્પ દરમિયાન ફોટોનીકો કંપનીના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી જગદીશભાઈ ઉપસ્થિત રહેલ હતા.
- સમાજના તા. ૧૮-૬-૨૦૨૩ના રોજના વિવિધ કચ્છી ઘટક સમાજોના કાર્યક્રમ માટે સમાજના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિ સિવાયના લગભગ ૧૧૦ આમંત્રિતોનું લીસ્ટ બનાવવામાં આવેલ હતું.
- આજથી બોડી ચેક-અપના દર્દીઓના બી.પી. માપવા માટે ડૉ. હર્ષિલ પટેલના સ્થાને BHMS ડૉ. કલ્પેશ ઠાકોરની નિમણુંક કરવામાં આવી.

**શનિવાર, તા. ૧૦-૬-૨૦૨૩**

- શ્રી ક.જૈ.સે.સ.ના ષષ્ઠીપૂર્તિ વર્ષના તા. ૧૮-૬-૨૦૨૩ના રોજ યોજવામાં આવેલ દ્વિતીય કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અમદાવાદ સ્થિત ૩૫ વિવિધ કચ્છી ઘટક સમાજોની લગભગ ૧૨૦ વ્યક્તિઓને વોટ્સઍપ દ્વારા આમંત્રણ આપવામાં આવેલ હતા.
- આજ રોજ પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર ખાતે શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી હિરેન શાહે રૂબરૂ મુલાકાત લીધેલ હતી અને ભવિષ્યના મેડિકલ કેમ્પ સમાજના સેન્ટર પર જ ગોઠવવાના આયોજનો વિચારેલ હતા.

**સોમવાર, તા. ૧૨-૬-૨૦૨૩**

- આજ રોજ શ્રી કચ્છી જૈન ભવન પર વયસ્ક સમિતિ તરફથી એક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો કે જેમાં ૧૭૦ વયસ્કોએ ભાગ લીધેલ હતો. ગણતર અને કરુણાલય સંસ્થાની સેવાકીય માહિતી, લોક સાહિત્ય વિશેની વિગતો, વિવિધ ગીતોની કરાઓકે પર રમઝટ, વડીલોના જૂન મહિનામાં આવતા બર્થડેની કેક કાપીને ઉજવણી બાદ રસ-પૂરીના ભાવતા ભોજનની મજા માણી સહુ છૂટા પડ્યા હતા.
- આજ રોજ બહેનશ્રી લીલાબેન વિસારીયા સાથે શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી અશોક મહેતાએ વિગતવાર ચર્ચા કરેલ હતી અને આવતા દિવસોમાં સમાજ પરિવારના દરેક સભ્યના ઘરનું સર્વે કામ તથા વસતીપત્રકના ફોર્મ ભરાવવાનું કામ શરૂ થઈ શકશે.
- આજ રોજ સાંજના ૪.૩૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી શાંતિલાલભાઈ સાવલા, શ્રી હિરેન કે. શાહ તથા શ્રી હસમુખ ગઢેચા મળેલ હતા અને તેઓએ (૧) સમાજના ષષ્ઠીપૂર્તિ વર્ષના બીજા કાર્યક્રમના અનુસંધાને ૩૫ કચ્છી ઘટક સમાજોના પ્રમુખશ્રી - મંત્રીશ્રી સાથેની તા. ૧૮-૬-૨૦૨૩ના રોજની મીટિંગના અનુસંધાને ચર્ચા-વિચારણા કરેલ હતી. (૨) સમાજના હવે પછી સ્થપાનારા મેડિકલ સેન્ટર વિશે ચર્ચા કરેલ હતી તથા (૩) ભવિષ્યના હોસ્પિટલ પ્રોજેક્ટ અંગે ચર્ચા વિચારણા કરેલ હતી.
- બોપલ મેડિકલ સેન્ટર ખાતે અવારનવાર પાવર જતો રહેતો હોવાથી તે અંગે જરૂરી પગલા લેવા ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી.

**બુધવાર, તા. ૧૪-૬-૨૦૨૩**

- આજ રોજ પ્રમુખશ્રી પ્રતાપભાઈ દંડ, ઉપપ્રમુખ શ્રી શાંતિભાઈ સાવલા, માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ, ખજાનચી શ્રી કે.ડી. શાહ અને સહ ખજાનચી શ્રી વિમેશ શાહે સાથે મળીને વર્ષ ૨૦૨૨-૨૩ની તૈયાર થઈ ગયેલ બેલેન્સ શીટ પર ચર્ચા વિચારણા કરેલ હતી અને તેને ટ્રસ્ટ મંડળમાં મંજૂર કરાવવા રવિવાર, તા. ૨૫-૬-૨૦૨૩ના રોજ ટ્રસ્ટ મંડળની મીટિંગ બોલાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.
- શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના તા. ૧૮-૬-૨૦૨૩ના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નક્કી કર્યા મુજબના બધા જ લગભગ ૧૨૦ મહાનુભાવોને ફોનથી સંપર્ક સાધવામાં આવેલ હતો કે જેમાં ૯૦ મહાનુભાવોએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનું સ્વીકારેલ હતું.

**શુક્રવાર, તા. ૧૬-૬-૨૦૨૩**

- શ્રી કચ્છી જૈન ભવન પર આજ રોજ ષષ્ઠીપૂર્તિ સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી હિરેન કે. શાહ અને શ્રીમતી ફાલ્ગુની હિરેન શાહ ઉપસ્થિત રહેલ હતા. હવે પછી તરતમાં યોજવામાં આવનાર તા. ૧૮-૬-૨૦૨૩ના કાર્યક્રમની વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી અને તેનો વિગતવાર પ્રોગ્રામ તૈયાર કરી લેવામાં આવેલ હતો.
- આજ રોજ બોપલ ખાતેના નવનીત મેડિકલ સેન્ટરને "પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના" (PMJAY)ની અનુમતિ મળી ગયેલ હોવાથી હવે પછી આવતા દિવસોમાં આ સેન્ટરને **'મા યોજના'**માં સમાવેશ કરી લેવામાં આવશે તેવું પ્રતિપાદિત થઈ શકેલ છે. ■

## યુવા વિકાસ સમિતિ

### કચ્છી મેળો

યુવા વિકાસ સમિતિ દ્વારા તા. ૨૭-૦૮-૨૦૨૩ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે એક "કચ્છી મેળો – ૨૦૨૩"નું આયોજન કરવામાં આવેલ છે. આપણા કચ્છી જૈન સેવા સમાજના કોઈપણ સભ્યને આ મેળામાં સ્ટોલ (ટેબલ) બુક કરાવવાની ઇચ્છા હોય તેમજ વધુ માહિતી મેળવવી હોય તો નીચે જણાવ્યા મુજબના મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરવા નમ્ર વિનંતી છે.

*કૃપાલી રાંભિયા : મો. ૯૦૮૧૮ ૧૭૮૧૫*

*ધનરાજ દેઢિયા : મો. ૮૯૮૦૦ ૪૮૮૩૪*

*કન્વીનર - યુવા વિકાસ સમિતિ*

## સુંદરતાની વ્યાખ્યા

કેવો સુંદર કેશકલાપ
કેવી મુખાકૃતિ શોભતી'તી,
આખો દિવસ દર્પણ સમક્ષ ઊભી રહી વિચારતી
અનેક સવાલોના જવાબો મનોમન ગોતતી
ના મળે ઉત્તર તો ગુસ્સે થઈ ચીલ્લાવતી
અનેક ગડમથલમાં એ સ્ત્રી જીવતી.

અશ્રુઓથી ઓશિકા ભીંજાવતી,
વગર કારણે ચીડચીડી બની જતી,
કેશ વિનાના ચહેરાને સંતાડતી
કોઈની સાથે આંખ ના મિલાવતી
અનેક ગડમથલમાં એ સ્ત્રી જીવતી.

શરીરની વેદના સાથે મનના ઘાવ છુપાડતી,
કહેવાતા સમાજની વ્યાખ્યા મુજબ...
સુંદરતાની નિશાની,
માતૃત્વની નિશાની,
સ્ત્રીત્વની નિશાની
ખોઈને ખુદને સમજાવવાના નિષ્ફળ પ્રયત્નો એ કરતી
અનેક ગડમથલમાં એ સ્ત્રી જીવતી.

કેન્સર એવું વળગ્યું જાણે વળગ્યું ભૂત
લાગે કે હરદમ પીછો કરતો રહેતો યમદૂત
કેન્સર એટલે કેન્સલ એવું એ વિચારતી,
નકારાત્મક વિચારોના બાહુપાશમાં જકડાતી, અકળાતી, નાસીપાસ થતી...
અનેક ગડમથલમાં એ સ્ત્રી જીવતી.

સ્ત્રી તારા સવાલોનો જવાબ - સુંદરતા તો મનની હોય તનની નહીં
માતૃત્વ તો સ્ત્રીની નસેનસમાં ગળથુથીથી જ વ્યાપેલો હોય,
સ્ત્રીત્વ તો સ્ત્રીના મનની અંદર જ ધરબાયેલો હોય
એકાદ અંગના કપાઈ જવાથી કદી ના થાય ખતમ...
તારું સ્ત્રીત્વ કે માતૃત્વ...
જીવવાનો નજરીયો બદલાવ,
છેવટે તારા માટે તું જ છે બીજા કોઈ નહીં...

કેશકલાપ વિનાના મુંડનમાં પણ તું ખૂબ શોભતી...
છાતી વિનાના તનમાં પણ તારું સ્ત્રીત્વ અમર રહેતું...
ગર્ભાશય વિના પણ તારું માતૃત્વ છલકાતું,
તારામાં તારી મમતા અકબંધ રહેતી

એ સ્ત્રી હવે 'નેહ' ખુમારીથી જીવતી...
એ સ્ત્રી હવે 'નેહ' ખુમારીથી જીવતી...

*– નેહા શાહ 'નેહ'*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## અમદાવાદ સ્થિતિ વિવિધ કચ્છી ઘટક સમાજોનું સંમેલન ● રવિવાર, તા. ૧૮-૬-૨૦૨૩



કાર્યક્રમની શરૂઆત કરાવતા શ્રી કચ્છી જૈન સેવા સમાજના ઉપપ્રમુખશ્રી હિરેન કે. શાહ




આવકાર પ્રવચન આપતા શ્રી કચ્છી જૈન સેવા સમાજના પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ



ઉપસ્થિત મેદનીને સંમેલનની વિગતો સમજાવતા શ્રી કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટી શ્રી હસમુખ ગઢેચા



શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ અને શ્રી કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટી શ્રી અશોકભાઈ મહેતા



શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મંત્રી અને શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજનના ઉપપ્રમુખ શ્રી હિમાંશુભાઈ ઠક્કર



સરદાર ધામના મહામંત્રી C.A. બી. કે. પટેલ



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતા મંદિરના સહમંત્રી અને કારોબારી સભ્ય C.A. હરસુખભાઈ પટેલ



ગુજરાત હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ શ્રી કાંતિભાઈ પૂજ



શ્રી કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટી અને ફ્યુઝન હોસ્પિટલના ડાયરેક્ટર ડૉ. હિમાંશુ શાહ



શ્રી કચ્છી લેઉવા પટેલ સમાજના ઉપપ્રમુખ અને પટેલ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના માલીક
શ્રી મેઘજીભાઈ ખેતાણી પ્રવચન આપતા...



શ્રી કચ્છી સમાજ - અમદાવાદ અને કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતા મંદિરના
કારોબારી સભ્ય શ્રી પરબતભાઇ પટેલ પ્રવચન આપતા...



શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળના પ્રમુખ અને
શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી અતુલભાઈ સોની



શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટી અને ઉપપ્રમુખ
શ્રી ભરત ઓઝા




શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ગોતાના મંત્રી શ્રી રાજુભાઈ માકાણી
અને તેમની બાજુમાં પ્રમુખ શ્રી વિનોદભાઈ હળપાણી



શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ - ગાંધીનગરના
પ્રમુખ શ્રી ચંદુભાઈ ઘોઘારી પ્રવચન આપતા.
બાજુમાં મંત્રી શ્રી ભવાનભાઈ સાંખલા.



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ઓઢવના પ્રમુખ
શ્રી કનુભાઈ વાલજીભાઈ પટેલ



શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળના મંત્રી
શ્રી જયેશભાઈ ઘડિયાળી



કચ્છ ગૂર્જર ક્ષત્રિય સમાજના અગ્રણી અને ડી.એન. પોલીટેકનિકના માલીક શ્રી દીપકભાઈ ચૌહાણ પ્રવચન આપતા... તથા તેમની બાજુમાં કચ્છ ગૂર્જર ક્ષત્રિય સમાજના પ્રમુખ શ્રી દયારામભાઈ રાઠોડ



શ્રી કચ્છ કડવા પાટીદાર શહેર સમાજ - ગાંધીનગરના પૂર્વ પ્રમુખ શ્રી હીરાભાઈ કરમશી ધોળુ (જમણે) અને વર્તમાન મંત્રી શ્રી ચેતન લક્ષ્મણભાઈ પોકાર (ડાબી તરફ)



શ્રી કચ્છ વડનગરા નાગર સમાજના પ્રમુખ શ્રી મલયભાઈ ચૌહાણ અને તેમની બાજુમાં પૂર્વ પ્રમુખ શ્રી ભવ્યેશભાઈ માંકડ



શ્રી અમદાવાદ કચ્છી લુહાર જ્ઞાતિ મંડળના પૂર્વમંત્રી શ્રી હસમુખભાઈ ઉમરાણીયા પ્રવચન આપતા... તેમની ડાબી બાજુ પ્રમુખ શ્રી પરેશભાઈ પીત્રોડા અને જમણી બાજુ ઉપપ્રમુખ શ્રી હરેશભાઈ વાઘેલા



શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - નરોડાના મહામંત્રી શ્રી રમણિકભાઈ પટેલ પ્રવચન આપતા... તથા તેમની બાજુમાં પ્રમુખ શ્રી લખમશીભાઈ તેજાણી




એક વધુ સમાજના હોદ્દેદારો....



શ્રી કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટી શ્રી અશ્વિનભાઈ સાવલા



શ્રી કચ્છી જૈન સેવા સમાજના ઉપપ્રમુખ શ્રી શાંતિલાલભાઈ સાવલા



શ્રી કચ્છી ઘટક સમાજના સંમેલનમાં ઉપસ્થિત આગેવાનો



શ્રી કચ્છી ઘટક સમાજના સંમેલનમાં ઉપસ્થિત આગેવાનો



આભારવિધિ કરતા
શ્રી કચ્છી જૈન સેવા સમાજના મંત્રી શ્રી રજનીકાંત પારેખ

# વયસ્ક સમિતિ દ્વારા આયોજિત એક રંગારંગ કાર્યક્રમની તસવીરી ઝલક

## સોમવાર, તા. ૧૨-૬-૨૦૨૩




વયસ્ક સમિતિના કાર્યક્રમમાં ગીતોની જમાવટ કરતા હિરેન કે. શાહ




વયસ્ક સમિતિના કાર્યક્રમમાં સંગીતના સૂર રેલાવતા શ્રી પ્રદીપ મહેતા



શ્રી સુખદેવભાઈનું બહુમાન કરતા શ્રીમતી લીલાબેન વિસરીયા




સોનલબેનની કામગીરીનો આછો પરિચય આપતા શ્રી રજનીકાંત પારેખ



શ્રીમતી સોનલબેનનું બહુમાન કરતાં શ્રીમતી વિમળાબેન શાહ




જન્મ દિવસની કેક કાપતાં શ્રી અશોકભાઈ મહેતા



જન્મ દિવસની કેક કાપતાં શ્રીમતી વિમળાબેન શાહ



જન્મ દિવસની કેક કાપતાં શ્રી દામજીભાઈ નીસર




જન્મ દિવસની કેક કાપતાં શ્રીમતી ભદ્રાબા વાઘેલા



શ્રી મહેન્દ્રભાઈ દોશીનું શાલ ઓઢાડીને બહુમાન. (તસવીરમાં ડાબેથી) શ્રી રજનીકાંત પારેખ, શ્રી ગિરીશભાઈ દેઢિયા, શ્રી મહેન્દ્રભાઈ દોશી અને તેમના પરિવારના સભ્યોશ્રી



શ્રી જિતેન્દ્ર શાહનું બહુમાન કરતાં. (તસવીરમાં ડાબેથી) શ્રી લક્ષ્મીચંદ વીરા, જિતેન્દ્રભાઈ, હેતાંશ હરિયા, રજનીકાંત પારેખ તથા કૃતિકાબેન હરિયા



જન્મ દિવસની કેક કાપતાં શ્રીમતી પ્રતિમાબેન શાહ




જન્મ દિવસની કેક કાપતાં શ્રીમતી હીરાવંતીબેન ફુરૂવા




જન્મ દિવસની કેક કાપતાં શ્રીમતી સુશીલાબેન મૈશેરી

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર દ્વારા તા. ૦૧-૦૬-૨૦૨૩ના રોજ સમીપ કોમ્પોઝીટ પ્રા.લિ. ખાતે યોજાયેલ મેડિકલ કેમ્પની એક ઝલક



(તસવીરમાં ડાબેથી) કે.ડી. શાહ, ગિરીશ પોલડિયા, સંદીપ શાહ, તેમના પુત્ર અને રજનીકાંત પારેખ




(તસવીરમાં ડાબેથી) ગિરીશ પોલડિયા, ડૉ. ચાંદની મોદી, ડૉ. અનિકેત શાહ, કે.ડી. શાહ, સંદીપ શાહ, રજનીકાંત પારેખ, ડૉ. અજયસિંહ વાઘેલા




તા. ૧-૬-૨૦૨૩ના રોજ
કોમ્પોઝીટ પ્રા.લિ. ખાતે યોજાયેલ
મેડિકલ કેમ્પમાં
ટ્રસ્ટીઓ, ડૉક્ટરો અને દર્દીઓ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર તા. ૦૮-૦૬-૨૦૨૩ના રોજ ફોટોકીના કેમિકલ્સ પ્રા. લિ. ખાતે અને તા. ૧૫-૦૬-૨૦૨૩ના રોજ મહર્ષિ લેબલ્સ પ્રા.લિ. ખાતે યોજાયેલ મેડિકલ કેમ્પની એક ઝલક



ડૉ. અજયસિંહ વાઘેલા કેમ્પના દર્દી સાથે



ફોટોકીના કેમિકલ્સ પ્રા.લિ.ના માલીક શ્રી જગદીશભાઈ અને ડૉ. અજયસિંહ વાઘેલા (તા. ૮-૬-૨૦૨૩)



(તસવીરમાં ડાબેથી) ડૉ. ચાંદની મોદી, ડૉ. અંકિતા બંસલ, ડૉ. અજયસિંહ વાઘેલા, કંપનીના એચ.આર. સૂર્યકાંતભાઈ, ડૉ. અનિકેત શાહ અને ગિરીશ પોલડિયા (તા. ૮-૬-૨૦૨૩)



તા. ૧૫-૬-૨૦૨૩ના રોજ યોજાયેલ મેડિકલ કેમ્પમાં ડૉ. અજયસિંહ વાઘેલા અને રાજુભાઈ ગાંધી (મહર્ષિ લેબલ્સ પ્રા.લિ.)



તા. ૧૫-૦૬-૨૦૨૩ના રોજ યોજાયેલ મેડિકલ કેમ્પમાં ભાગ લેનાર ડૉક્ટર્સ અને સ્ટાફ મેમ્બર્સ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત*
## પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર દ્વારા મેડિકલ કેમ્પનું આયોજન

**(૧)** તા. ૧-૬-૨૦૨૩ના રોજ સમીપ કોમ્પોઝીટ પ્રા.લિ. ખાતે એક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં નીચે પ્રમાણે દર્દીઓએ ભાગ લીધો હતો.

| | | |
|---|---|---|
| દાંત વિભાગ | : | ૧૩૩ દર્દીઓ |
| ઓર્થોપેડિક વિભાગ | : | ૧૨૪ દર્દીઓ |
| આંખ વિભાગ | : | ૧૩૮ દર્દીઓ |
| જનરલ ફિઝીશિયન | : | ૧૩૮ દર્દીઓ |

આ ઉપરાંત જરૂરત પ્રમાણે ૧૪ દર્દીઓને ઈ.સી.જી.ની સેવા આપવામાં આવી હતી.

આ કેમ્પમાં માનદ્ મંત્રી શ્રી રજનીકાંત પારેખ, ખજાનચી શ્રી કે. ડી. શાહ હાજર રહેલ હતા. આ કેમ્પને સફળ બનાવવા માટે એડમિનિસ્ટ્રેટર શ્રી ગિરીશ પોલડિયા, મેડિકલ ઓફિસર ડૉ. અજયસિંહ વાઘેલાએ ખૂબ જ જહેમત લીધેલ હતી. આ કેમ્પમાં કંપનીના માલીક શ્રી સંદીપ શાહ, શ્રી મિતેશ શાહ CMO, શ્રી સુહદ શાહ - ડાયરેક્ટર તથા શ્રી પુલીન શાહ - ડાયરેક્ટર પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ કેમ્પમાં ડૉ. અજયસિંહ વાઘેલા, ડૉ. અનિકેત શાહ, ડૉ. ચાંદની મોદી અને ડૉ. અંકિતા બંસલ અને તેમના ચાર સાથી ડૉક્ટરોએ પોતાની સેવા આપેલ હતી.

**(૨)** તા. ૮-૬-૨૦૨૩ના રોજ ફોટોકીના કંપની ખાતે એક મેડિકલ કેમ્પ યોજવામાં આવેલ હતો. આ કેમ્પમાં નીચે પ્રમાણે દર્દીઓએ ભાગ લીધો હતો.

| | | |
|---|---|---|
| દાંત વિભાગ | : | ૬૪ દર્દીઓ |
| ઓર્થોપેડિક વિભાગ | : | ૬૨ દર્દીઓ |
| આંખ વિભાગ | : | ૭૬ દર્દીઓ |
| જનરલ ફિઝીશિયન | : | ૭૬ દર્દીઓ |

આ ઉપરાંત જરૂરત પ્રમાણે ૯ દર્દીઓને ઈ.સી.જી.ની સેવા આપવામાં આવી હતી.

આ કેમ્પને સફળ બનાવવા માટે એડમિનિસ્ટ્રેટર શ્રી ગિરીશ પોલડિયા અને મેડિકલ ઓફિસર ડૉ. અજયસિંહ વાઘેલાએ ખૂબ જ જહેમત લીધેલ હતી. આ કેમ્પમાં ફોટોનીકા કંપનીના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી જગદીશભાઈ, એચ.આર. મેનેજર શ્રી સૂર્યકાંત ઐયર પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ કેમ્પમાં ડૉ. અજયસિંહ વાઘેલા, ડૉ. અનિકેત શાહ, ડૉ. ચાંદની મોદી અને ડૉ. અંકિતા બંસલ અને તેમના ચાર સાથી ડૉક્ટરોએ પોતાની સેવા આપેલ હતી.

**(3)** તા. ૧૫-૬-૨૦૨૩ના રોજ મહર્ષિ લેબલ્સ પ્રા.લિ. કંપનીમાં એક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં નીચે પ્રમાણે દર્દીઓએ ભાગ લીધો હતો.

| | | |
|---|---|---|
| દાંત વિભાગ | : | ૯૧ દર્દીઓ |
| ઓર્થોપેડિક વિભાગ | : | ૧૧ દર્દીઓ |
| આંખ વિભાગ | : | ૯૧ દર્દીઓ |
| જનરલ ફિઝીશિયન | : | ૯૧ દર્દીઓ |

આ ઉપરાંત જરૂરત પ્રમાણે ૧૩ દર્દીઓને ઈ.સી.જી.ની સેવા આપવામાં આવી હતી.

આ કેમ્પને સફળ બનાવવા માટે એડમિનિસ્ટ્રેટર શ્રી ગિરીશ પોલડિયા, મેડિકલ ઓફિસર ડૉ. અજયસિંહ વાઘેલાએ ખૂબ જ જહેમત લીધેલ હતી. આ કેમ્પમાં મહર્ષિ લેબલ્સ કંપનીના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી રાજેન્દ્રભાઈ ગાંધી ઉપસ્થિત રહ્યા હતા અને તેમના તરફથી ચાંગોદર ખાતે આવેલ મેડિકલ સેન્ટરના રીલીફ ફંડમાં ડોનેશનનો રૂા. ૩૦,૦૦૦/-નો ચેક શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને આપવામાં આવેલ હતો કે જે બદલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેઓનો ખૂબ ખૂબ આભાર માને છે.

વધુમાં શ્રી રાજેન્દ્રભાઈ ગાંધીએ મહર્ષિ લેબલ્સ કંપનીના બીજા યુનિટમાં મેડિકલ ચેક-અપનો કેમ્પ ગોઠવવા માટે સંસ્થાને વિનંતી કરી હતી.

મહર્ષિ લેબલ્સ કંપનીમાં મેડિકલ કેમ્પનું આયોજન થતાં, કંપનીના વર્કરોને ખૂબ જ સંતોષ થયો.

આ કેમ્પમાં ડૉ. અજયસિંહ વાઘેલા, ડૉ. અનિકેત શાહ, ડૉ. ચાંદની મોદી, ડૉ. પ્રકૃતિ ખેતાન, ડૉ. હિતેન્દ્ર શાહની કૉલેજ ઓફ ડેન્ટલ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટરની ટીમના અંકિતા બંસલ અને તેમના સાથી ડૉક્ટરોએ પોતાની સેવા આપેલ હતી.

***રજનીકાંત પારેખ - માનદ્ મંત્રી***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*(મેડિકલ કેમ્પની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. ૭૯-૮૦)*

## લાઈબ્રેરી સમિતિ

વાચકોની અભિરૂચિ પ્રમાણે આ સમિતિ નવા પુસ્તકો વસાવવા જઈ રહી છે. તો સર્વે વાચકોએ સમાજમાં નવા વસાવવા લાયક પુસ્તકોની યાદી કન્વીનરશ્રી, લાઈબ્રેરી સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને મોકલી આપવી. આપના સજેશનો પરિપૂર્ણ કરવા પ્રયત્નો કરવામાં આવશે.

***નરેન્દ્ર કોઠારી, કન્વીનર - લાઈબ્રેરી સમિતિ***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા *આયોજિત*
# કચ્છી ઘટક સમાજના હોદ્દેદારોનું સંમેલન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા રવિવાર, તા. ૧૮-૬-૨૦૨૩ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કચ્છી ઘટક સમાજના હોદ્દેદારો અને અન્ય કચ્છી મહાનુભાવોનું એક સંમેલન યોજાઈ ગયું. આ સંમેલનમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હોદ્દેદારો, ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યો ઉપરાંત નીચેના કચ્છી ઘટકોના મહાનુભાવો હાજર રહ્યા હતા.

| ક્રમ | કચ્છી ઘટક સમાજનું નામ | ઉપસ્થિત વ્યક્તિ | હોદ્દો |
|---|---|---|---|
| ૧. | શ્રી કચ્છી લેઉઆ પટેલ સમાજ - અમદાવાદ | શ્રી શિવજીભાઈ માવજીભાઈ શિયાણી<br>શ્રી મેઘજીભાઈ કુંવરજીભાઈ ખેતાણી | પ્રમુખ<br>ઉપપ્રમુખ |
| ૨. | શ્રી કચ્છ કડવા પટેલ સમાજ - ગીતામંદિર | શ્રી હરસુખભાઈ વિશ્રામભાઈ પટેલ | કારોબારી સભ્ય |
| ૩. | શ્રી કચ્છ કડવા પટેલ સમાજ - નરોડા | શ્રી લખમશીભાઈ તેજાણી<br>શ્રી રમણિકલાલ એસ. પટેલ - નરોડા | પ્રમુખ<br>મંત્રી |
| ૪. | શ્રી કચ્છ કડવા પટેલ સમાજ - ઓઢવ | શ્રી કનુભાઈ વાલજીભાઈ પટેલ | પ્રમુખ |
| ૫. | શ્રી કચ્છ કડવા પટેલ સમાજ - ગોતા | શ્રી વિનોદભાઈ હંસરાજભાઈ હળપાણી<br>શ્રી રાજુભાઈ અમૃતભાઈ માકાણી | પ્રમુખ<br>મંત્રી |
| ૬. | શ્રી કચ્છ કડવા પટેલ શહેર સમાજ - ગાંધીનગર | શ્રી ચેતન એલ. પટેલ<br>શ્રી હીરાલાલ કે. ધોળુ | મંત્રી<br>પૂર્વ પ્રમુખ |
| ૭. | શ્રી કચ્છ કડવા પટેલ સનાતન સમાજ - ગાંધીનગર | શ્રી ચંદુભાઈ રામજીભાઈ ઘોઘારી<br>શ્રી ભવાનભાઈ રામજીભાઈ સાંખલા | પ્રમુખ<br>મંત્રી |
| ૮. | શ્રી કચ્છી લોહાણા સમાજ - અમદાવાદ | શ્રી કીર્તિભાઈ બારૂ<br>શ્રી જગદીશભાઈ રવજીભાઈ ઠક્કર<br>શ્રી યોગેશભાઈ બી. મજીઠિયા | પ્રમુખ<br>ટ્રસ્ટી<br>પ્રવાસન મંત્રી |
| ૯. | શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ | શ્રી મુકેશભાઈ પી. હાલાણી<br>શ્રી રોહિતભાઈ એચ. મીરાણી<br>શ્રી હિમાંશુભાઈ ઠક્કર | પ્રમુખ<br>મંત્રી<br>ઉપપ્રમુખ/ટ્રસ્ટી |
| ૧૦. | શ્રી કચ્છી વડનગરા નાગર સજાજ | શ્રી મલયભાઈ વૈષ્ણવ<br>શ્રી ભવ્યેશ માંકડ | પ્રમુખ<br>પૂર્વ પ્રમુખ |
| ૧૧. | શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ | શ્રી અતુલભાઈ સોની<br>શ્રી જયેશભાઈ ઘડિયાળી | પ્રમુખ<br>મંત્રી |
| ૧૨. | શ્રી કચ્છ ગૂર્જર ક્ષત્રિય સમાજ | શ્રી દયારામભાઈ ભવાનભાઈ રાઠોડ<br>શ્રી દીપકભાઈ ચૌહાણ<br>શ્રી સંજયભાઈ રાઠોડ | પ્રમુખ<br>કમિટી સભ્ય<br>કમિટી સભ્ય |

| | | | |
|---|---|---|---|
| ૧૩. | શ્રી કચ્છી લુહાર જ્ઞાતિ મંડળ | શ્રી પરેશભાઈ રતિલાલ પીત્રોડા<br>શ્રી અતુલભાઈ ગોપાલભાઈ વાઘેલા<br><br>શ્રી હરેશકુમાર મેઘજીભાઈ વાઘેલા<br>શ્રી હસમુખભાઈ હીરાલાલ ઉમરાણીયા | પ્રમુખ<br>ઉપપ્રમુખ<br>નવયુવક મંડળ<br>ઉપપ્રમુખ<br>પૂર્વ મંત્રી |
| ૧૪. | શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - સાણંદ | શ્રી ધનજીભાઈ કરશનભાઈ પટેલ | મંત્રી |

***નોંધ :*** તદુપરાંત શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તથા અન્ય અનેક મહાનુભાવો આ સમારંભમાં ઉપસ્થિત રહેલ હતા.

કાર્યક્રમની શુભ શરૂઆત સમાજના ઉપપ્રમુખ શ્રી હિરેન કે. શાહે મહેમાનોનું સ્વાગત કરીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ કે જે બૃહદ્ સમાજ માટે ઉપયોગી છે અને એવી સેવાઓ કે જે નાતજાતના ભેદભાવ વગર માનવમાત્ર માટે કરવામાં આવે છે. તેમાં મુખ્ય છે : (૧) મેડિકલ, (૨) શિક્ષણ અને (૩) સ્કીલ ડેવલપમેન્ટ.

તેમણે કહ્યું હતું કે, આપણા ઘટક સમાજો અમારી આ પ્રવૃત્તિઓમાં સાથે જોડાય તો આપણે વિશાળ ફલક ઉપર આ પ્રવૃત્તિ કરી શકીએ અને વધુ લોકોની સેવા કરી શકીએ.

સમાજના અન્ય ટ્રસ્ટી શ્રી હસમુખભાઈ ગઢેચાએ જણાવેલ કે, શ્રી કચ્છી જૈન સેવા સમાજ અત્યારે O.P.D. બેઈઝ તથા પરીક્ષણની સેવાઓ આપે છે તેના બદલે તેઓ હવે સમાજના મધ્યમ વર્ગ માટે એક હોસ્પિટલની સેવા શરૂ કરવાનો ઈરાદો ધરાવે છે અને તે માટે તે દિશામાં પ્રયત્નો શરૂ કરી દીધા છે. આ ભગીરથ કાર્યમાં કચ્છી સમાજના વિવિધ ઘટકોને જોડાવાનું તેમણે આહવાન આપ્યું હતું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજના પૂર્વ પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, આપણા સમાજની ત્રણ પાયાની જરૂરિયાત છે : (૧) મેડિકલ, (૨) શિક્ષણ અને (૩) સ્કીલ ડેવલપમેન્ટ. આ જરૂરિયાત સમાજના જરૂરિયાતમંદ વ્યક્તિ સુધી પહોંચાડીએ તો વ્યક્તિ સાથે સમાજ અને રાષ્ટ્રનો પણ વિકાસ થઈ શકે.

તેમના વક્તવ્ય બાદ વિવિધ સમાજના હોદ્દેદારોએ અને અન્ય મહાનુભાવોએ પોતાના અભિપ્રાયો આપ્યા હતા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ગીતા મંદિરના સહમંત્રી અને વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી હરસુખભાઈ પટેલે જણાવ્યું હતું કે, આપણા મોટાભાગના સમાજ પાસે પોતાની વાડીઓ તો હોય છે. જો આ જગ્યાનો ઉપયોગ મેડિકલ, શિક્ષણ અથવા સ્કીલ ડેવલપમેન્ટ માટે કરવામાં આવે તો સમાજના જરૂરિયાતમંદ લોકોને લાભાન્વિત કરી શકાય.

શ્રી કચ્છ વાગડ સમાજના પૂર્વપ્રમુખ અને શિક્ષણના વ્યવસાય સાથે વરસોથી સંકળાયેલા એવા શ્રી હિમાંશુભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે, આજનો યુવાવર્ગ પોતાની સંસ્કૃતિ ભૂલીને ગેરમાર્ગે દોરાયેલો છે. જો સેવાના કોઈપણ માધ્યમથી આપણે આ યુવાવર્ગને સાંકળી શકીએ અને તેમને આપણી સંસ્કૃતિ, આપણા વારસાનો બોધ કરાવીને સાચા માર્ગે લાવી શકીએ તો તેનાથી ઉત્તમ કોઈ કાર્ય નથી.

જ્યાં હજારથી વધુ વિદ્યાર્થીઓને રહેવા માટેની હોસ્ટેલની સુવિધા પૂરી પાડવામાં આવે છે તે સરદાર ધામના સેક્રેટરી અને વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એવા શ્રી બી.કે. પટેલે જણાવ્યું કે, સમાજ કલ્યાણના કાર્યોની શીખ દરેક સમુદાય જૈન ધર્મ પાસેથી લેતો આવ્યો છે. આજના પાટીદાર સમાજના લોકોને ભેગા કરી સરદાર ધામ બનાવવાનો વિચાર પણ 'જીતો' નામની જૈન સંસ્થામાંથી ઉદ્ભવ્યો હતો. તેમણે જણાવ્યું કે, સમાજના દરેક વ્યક્તિના વ્યક્તિગત વિકાસ માટે મેડિકલ, શિક્ષણ અને સમાજના દરેક યુવાને પગભર કરવા માટેની તાલીમ, એ પાયાના કાર્યો છે. તેનાથી ઉત્તમ કોઈ કાર્ય હોઈ શકે નહીં અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ અન્ય દરેક ઘટકને ફરી એકવાર તક આપે છે કે આવા સેવાના ભગીરથ કાર્યમાં સહભાગી થાય અને તેમણે જણાવ્યું કે, આજના યુવાધનને ગેરમાર્ગે જતા રોકવાની જવાબદારી જે તે સમાજની છે અને તેના માટે જરૂરી છે કે સમાજના યુવાઓ માટે અવારનવાર વર્કશોપ યોજવામાં આવે અને તેમને આપણી સંસ્કૃતિથી અવગત રાખવાના દરેક પ્રયાસ કરવા જોઈએ. તેમણે જણાવ્યું કે, ગીતામાં પણ શ્રીકૃષ્ણએ કીધું છે કે મનુષ્યના વ્યક્તિગત વિકાસમાં તેના માતા-પિતા સિવાય સમાજ અને પ્રકૃતિનો પણ ફાળો રહેલો છે.

માટે સમાજનું પણ ઉત્તરદાયિત્વ છે કે યુવાઓના વ્યક્તિગત વિકાસ માટેના કાર્યક્રમો કરે.

શ્રી કચ્છી જૈન સમાજના સભ્ય અને હાઈકોર્ટના જજ એવા શ્રી કાંતિભાઈ પૂજે જણાવ્યું કે, મેડિકલ, શિક્ષણ અને તાલીમ – એ ત્રણ ખૂબ જ અગત્યના પાયા છે. સાથે સાથે જેમ સ્વામિનારાયણ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકરો કુદરતી આફત કે કોઈપણ હોનારત વખતે પોતાની ટીમ સાથે જાતભાતના ભેદભાવ વગરની પ્રવૃત્તિઓ દ્વારા સમાજ કલ્યાણના કાર્યો કરે છે, તે રીતે જ ઘટક સમાજે પણ પોતાની એક ટીમ બનાવવી જોઈએ અને જ્યારે જ્યારે રાષ્ટ્રને જરૂર પડે ત્યારે એ ટીમ નાતજાતના ભેદભાવ વગર ભારતના કોઈપણ ખૂણે સેવા કરવા તત્પર રહે.

સમાજના જ સભ્ય અને વ્યવસાયે ડૉક્ટર એવા શ્રી હિમાંશુભાઈ શાહે જણાવ્યું કે, વિવિધ કચ્છી ઘટક સમાજના સભ્યોને સમાજના ઉત્કર્ષ માટે વિચાર વિમર્શ કરતા જોઈ મન બહુ પ્રફુલ્લિત થાય છે. તેમણે વધુમાં જણાવ્યું કે, જેમ દીવાલ ચણતી વખતે દરેક ઈંટ મહત્ત્વની છે તેવી જ રીતે સમાજના દરેક સભ્યનો સમાજ ઉત્કર્ષમાં ફાળો ખૂબ જ જરૂરી છે. માટે સંગઠન એ જ શક્તિ છે.

પટેલ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના માલીક શ્રી મેઘજીભાઈ પટેલે જણાવ્યું કે, કચ્છ શૂરવીરોની ધરતી છે. કચ્છની વ્યક્તિ બ્રાહ્મણ હોય, જૈન હોય કે લોહાણા હોય કે અન્ય કોઈપણ જ્ઞાતિનો હોય પરંતુ સ્વભાવે તે સુરા હોય છે અને ગમે તેટલી વિકટ પરિસ્થિતિમાં પણ રસ્તો કાઢી જાણે છે. હંમેશાં બીજાને મદદ કરવા તત્પર હોય છે. જો દરેક ઘટક સમાજ ભેગા મળીને કાર્ય કરે તો તેમાં જરૂરથી સફળતા મળશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - ઓઢવના પ્રમુખ તરીકે સેવા બજાવતા શ્રી કનુભાઈ વાલજીભાઈ પટેલે જણાવ્યું કે, સમાજના નીચલા વર્ગને મેડિકલ સહાય માટે સરકાર તરફથી મા કાર્ડ આપવામાં આવે છે. આજનો ઉપલો વર્ગ પોતાની રીતે કોઈપણ પ્રાઈવેટ હોસ્પિટલમાં મેડિકલ સહાય મેળવી શકે છે. મધ્યમ વર્ગીય સમાજના લોકોને સરકાર તરફથી કોઈ પણ ફાયદો મળતો નથી અને સારવાર વખતે ખૂબ મોંઘી હોસ્પિટલોમાં જવું પડે છે. આ કાર્યમાં કચ્છ કડવા પાટીદાર સમાજ પણ બની શકશે તે ભોગ આપવા તૈયાર છે. ત્યારબાદ શિક્ષણ અને તાલીમ વર્કશોપ માટે તેમણે ઓઢવની કચ્છ કડવા પાટીદાર સમાજની વાડી ઉપયોગમાં લેવાની તૈયારી બતાવેલ હતી.

કચ્છ ભુજના રહેવાસી શ્રી ભરતભાઈ ઓઝાએ સુઝાવ આપ્યો કે, શ્રી કચ્છી જૈન સેવા સમાજે જે સેવાકીય કાર્યોનો નિર્દેશ કર્યો છે તે ખૂબ જ ઉપયોગી છે પરંતુ આજની મીટિંગ ફક્ત ચર્ચામાં પૂરી ન થાય તેનું ધ્યાન રખાય અને ૩૫ ઘટક સમાજ દ્વારા એક એક્શન કમિટી બનાવવામાં આવે અને મીટિંગમાં નક્કી થયેલ દિશાસૂચન પ્રમામે આગળની કાર્યવાહી કરવામાં આવે.

અન્ય ઘટક સમાજો દ્વારા પણ પોતપોતાની ઓળખ આપવામાં આવી. દરેક ઘટક સમાજે એક સૂરમાં જણાવ્યું કે, મેડિકલ, શિક્ષણ, તાલીમ અને યુવાઓને લગતા કાર્યક્રમો દરેક ઘટક સમાજે સહિયારા રૂપે કરવા જોઈએ. જે તે સમાજની અમદાવાદમાં વાડી છે તેનો પણ ઉપયોગ આ કાર્યોને લગતા વર્કશોપ યોજવા માટે કરવો જોઈએ.

ગાંધીનગરથી આવેલ આગેવાન કાર્યકરોને સંબોધતા શ્રી હિરેનભાઈ શાહે જણાવ્યું કે, ત્રણેક વર્ષ પહેલાં ગાંધીનગરમાં ડાયાલિસિસ સેન્ટર શરૂ કરવા માટે પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. એ સમયે ગાંધીનગરમાં એકમાત્ર સરકારી હોસ્પિટલ જ હતી, જ્યાં ડાયાલિસિસ કરવામાં આવતું હતું અને તેની પણ સેવાઓ સારી નહીં હોવાથી ગાંધીનગરના લોકોને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ડાયાલિસિસ કરાવવા આવવું પડતું હતું. આ સાથે તેમણે ગાંધીનગર મહાજનના પદાધિકારીઓને વિનંતી કરી કે, તેઓ હાલની પરિસ્થિતિનો તાગ મેળવે અને જણાવે કે ગાંધીનગરમાં મેડિકલ સેન્ટર કે ડાયાલિસિસ સેન્ટરની જરૂરિયાત છે કે નહીં અને તે અંગે સર્વે કરે.

શ્રી દીપકભાઈ, કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના અગ્રણી છે અને તેઓ અમદાવાદમાં 'ડી. એન. પોલીટેકનિક'ના નામથી સ્કીલ ડેવલપમેન્ટની સંસ્થા ચલાવે છે. આ સંસ્થાએ છેલ્લા ૪૫ વર્ષમાં ૬૦,૦૦૦થી વધુ યુવાઓને અલગ અલગ ક્ષેત્રોમાં તાલીમ આપીને પગભર કર્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે, તેમની સંસ્થા અમદાવાદમાં આઠ જુદા જુદા વિસ્તારમાં ટ્રેનિંગ સેન્ટર ધરાવે છે. તે સિવાય અંજાર, ગાંધીનગર, વાપી જેવી જગ્યાએ પણ તેમના તાલીમ કેન્દ્રો આવેલા છે. તેમની સંસ્થા દેશના ૧૯ રાજ્યોમાં સરકાર તરફથી ચાલતા સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં સ્કીલ એસેસમેન્ટના કાર્યો કરે છે. તેમણે સંસ્થા તરફથી દરેક ઘટક સમાજને બાંહેધરી આપી કે જો કચ્છી ઘટક સમાજના યુવા તેમની સંસ્થામાં તાલીમ મેળવવા આવશે તો તેને ૫૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. જે ઘટક સમાજ દ્વારા પોતાના લેટરહેડ પર લખી આપવામાં આવે કે જે તે યુવા તાલીમની ફી ભરવા અસમક્ષ છે તો તેને મફતમાં તાલીમ આપવામાં આવશે. તેમજ સાથે સાથે સો ટકા નોકરી અપાવવાની પણ ગેરંટી આપવામાં આવે છે.

શ્રી દીપકભાઈ દ્વારા પ્રાયોજિત કરવામાં આવેલી સવલતને આવકારતા ભાઈ શ્રી અશોક મહેતાએ કહ્યું કે, આપણે એક્શન

કમિટી બનાવવાની દિશામાં આયોજન કરવું જોઈએ અને આ એક્શન કમિટી ઉપસ્થિત દરેકે આપેલ સુઝાવ અને સવલતના પ્રસ્તાવ પર ધ્યાન રાખી સત્વરે જરૂરી પગલા લઈ સેવા યજ્ઞ શરૂ કરે.

શ્રી હિમાંશુભાઈ ઠક્કરે વધુમાં જણાવ્યું કે, સમાજમાં કાર્યરત પરિવારના દીકરા દીકરીઓ તો સમાજ તરફ વળેલા જ છે પરંતુ એવા ઘણા પરિવાર છે, જે સમાજથી વિમુખ થયેલા છે અને આવા પરિવારના દીકરા દીકરીઓને સમાજમાં લાવવાની જરૂર છે.

આમ, કચ્છી ઘટક સંગઠિત થઇને કેવી રીતે અને કયા કાયા કાર્યો કરી શકે તે માટે મળેલ સભાને ખૂબ જ સારો પ્રતિસાદ સાંપડ્યો. સભાને અંતે શ્રી હિરેનભાઈ શાહે ચર્ચાનો સાર જણાવતા કહ્યું કે, આ ચર્ચાને અંતે આપણે નીચે મુજબના નિષ્કર્ષ પર આવ્યા છીએ : "સૌ પ્રથમ દરેક ઘટક સમાજ માને છે કે, મેડિકલ, શિક્ષણ અને તાલીમ ક્ષેત્રે સેવાકીય પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવાની જરૂરત છે. બીજી જરૂરિયાત આજના યુવાનોને આપણા સમાજ અને સંસ્કૃતિથી માહિતગાર કરવાનો અને તેમનું કેરેક્ટર બિલ્ડ કરવાનું કે જેથી આજનો યુવા આપણી સંસ્કૃતિ અને વારસો જાળવી શકે. ત્રીજી રજૂઆત કેટલાક ઘટક સમાજે કરી કે, બહારગામથી આવતા વિદ્યાર્થીઓ કે નોકરી ધંધા માટે આવતા યુવાઓ માટે હોસ્ટેલની વ્યવસ્થા. આ ત્રણથી ચાર દિશામાં કેવી રીતે આગળ વધવું એ એક્શન કમિટી દ્વારા નક્કી કરવામાં આવશે."

અને છેલ્લે સમય હતો એક્શન કમિટીની રચના કરવાનો.

ચર્ચાના અંતે નક્કી કરવામાં આવ્યું કે, ઘટક સમાજને સંગઠિત કરવાનો વિચાર આપનાર અને સમાજના વરીષ્ઠ થીન્ક ટેંક એવા શ્રી અશોકભાઈ મહેતાને જ એક્શન કમિટીના કન્વીનર નિમવામાં આવ્યા.

શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી દીપકભાઈ ચૌહાણ, શ્રી કનુભાઈ વાલજીભાઈ પટેલ - ઓઢવ, શ્રી હરસુખભાઈ પટેલ (સી.એ.) - ગીતા મંદિર, શ્રી બી.કે. પટેલ (સી.એ.) - સરદારધામના સેક્રેટરી, શ્રી રમણિકભાઈ પટેલ - નરોડા, શ્રી અતુલભાઈ સોની તથા શ્રી પરબતભાઈ પટેલ.

આમ કુલ ૯ સભ્યો સાથે એક્શન કમિટી ટીમની રચના કરવામાં આવી.

અંતમાં શ્રી રજનીકાંતભાઈ પારેખ દ્વારા આમંત્રિતોની આભારવિધિ કરી સર્વેને સાથે ભોજન લેવા વિનંતી કરવામાં આવી.

રાષ્ટ્રગીત ગવાયા બાદ સર્વે આમંત્રિતો સાથે ભોજન લઇ, એક નેમ સાથે છૂટા પડ્યા.

**રજનીકાંત પારેખ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. ૭૩-૭૬)*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વિદ્યાર્થી પુરસ્કાર યોજના

દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ પુરસ્કાર સમિતિ ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પુરસ્કાર આપવાનું આયોજન કરી રહેલ છે. આ આયોજનના અનુસંધાને બે પ્રકારના ફોર્મ આ સાથે પ્રસારિત કરવામાં આવી રહેલ છે.

૧. બાળ વર્ગથી ધોરણ-૯ સુધી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓનું ફોર્મ *(આ ફોર્મ પાના નં.-૧૦૫ ઉપર છાપવામાં આવેલ છે.)*

૨. ધોરણ ૧૦ અને તેનાથી ઉપરના વર્ગમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓનું ફોર્મ. *(આ ફોર્મ પાના નં.-૧૦૭ ઉપર છાપવામાં આવેલ છે.)*

આ વિગતો મંગલ મંદિરના જૂન-૨૦૨૩ના અંકમાં પ્રસારિત કરવામાં આવી રહેલ છે. વિદ્યાર્થીઓએ મોડામાં મોડા તા. ૧૦-૮-૨૦૨૩ સુધીમાં ફોર્મ ભરીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પાલડી ખાતેની ઓફિસે પહોંચતા કરવાના રહેશે.

ફોર્મમાં આપેલ ગૂગલ ફોર્મની લીંક મેળવી આપશ્રી એ લીંકથી પણ આપનું ભરેલું ફોર્મ મોકલાવી શકો છો અથવા ફોર્મમાં જણાવેલ વોટ્સ અપ નંબર દ્વારા પણ આપ ફોર્મનો તથા માર્કશીટનો ફોટો પાડીને આપનું ફોર્મ મોકલાવી શકો છો.

આપશ્રીના ત્વરીત સહકારની અપેક્ષા.

***કન્વીનર - પુરસ્કાર સમિતિ***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# વયસ્ક સમિતિ

સમિતિ દ્વારા એક રંગારંગ કાર્યક્રમ તા. ૧૨-૬-૨૦૨૩ને સોમવારના રોજ યોજાઈ ગયો. સૌ પ્રથમ કન્વીનર શ્રી દિલીપભાઈ દંડે સૌ વડીલોને આવકાર્યા હતા.

આ કાર્યક્રમની શુભ શરૂઆત ગીતો સાથે થઈ હતી. શ્રી હિરેન કે. શાહે, શ્રી પ્રદીપ મહેતાએ તથા શ્રી ધીરૂભાઈએ પોતાના સુમધુર અવાજથી શ્રોતાઓને ડોલાવ્યા હતા.

શ્રી વિનોદ રાઘવાણીએ દોહાની રમઝટ સાથે લોક સાહિત્યની વાતો કરી હતી.

શ્રી રજનીકાંત પારેખે જણાવ્યું હતું કે, આપણને ચાંદ અને સૂરજની પ્રતીતિ રોજ થાય છે, પરંતુ અંધારી રાતે અને ઘણીવાર પાછલા પહોરે સિતારાઓ આપણા દિલમાં છવાઈ જાય છે. પહેલાના જમાનામાં આ તારાઓની મદદથી મુસાફરો પોતાની યાત્રાની દિશા નક્કી કરતા. આવા ટમટમતા તારલાઓ જ સાચા રાહબર હોય છે. તેઓને સૂરજ - ચાંદ જેટલી પ્રસિદ્ધિ નથી મળતી તે રીતે વિવિધ સમાજોમાં ડાઉન-ટુ-અર્થ કોઈપણ જાતની પ્રસિધ્ધિ વગર કાર્યકરો પોતાની સેવા સમાજને અર્પિત કરતા હોય છે. આવા ચમકતા બે તારલાઓની જાણકારી આપતાં તેમણે જણાવ્યું હતું કે, કચ્છના અને પાટડીના રણમાં જે લોકો મીઠું પકવે છે તે અગરિયાના બાળકો માટે શિક્ષણનું કામ "ગણતર" નામની સંસ્થા કરે છે અને આ સંસ્થામાં ઋષિ તરીકેનું જીવન જીવતાં શ્રી સુખદેવભાઈએ પોતાનું જીવન આ અગરિયાના બાળકોના શિક્ષણ માટે સમર્પિત કરી દીધેલ છે.

શ્રી સુખદેવભાઈએ અગરિયા વિશે અને તેમના બાળકોના અભ્યાસ અંગે વિગતવાર માહિતી આપેલ હતી. તેમની આ સેવાની વાત સાંભળી સૌ ચકાચૌંધ થઈ ગયા હતા.

આવા જ બીજા સિતારા એટલે શ્યામ ઓન્કોલોજી ટ્રસ્ટ દ્વારા ચલાવાતું "કરુણાલય"ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રીમતી સોનલ શાહ.

નવનીત ઠાકરશી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચાલતી હોસ્પિટલમાં તેઓએ "કરુણાલય"નું ક્ષેત્ર ઊભું કરેલ છે.

તેમણે કેન્સરના દર્દીઓ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, અમે લોકો થર્ડ અને ફોર્થ સ્ટેજના કેન્સરના દર્દીઓને કે જેમને સાજા થવાની બિલકુલ શક્યતા ન હોય તેવા દર્દીઓને અમે લોકો દાખલ કરીએ છીએ. તેમની સાથે એક સગા-વહાલાને પણ સાથે રહેવાની સગવડ પૂરી પાડીએ છીએ. આ દર્દીઓને ડોક્ટરો તપાસી અને તેની પીડા કેમ ઓછામાં ઓછી થાય, તેમની બાકીની જિંદગી શાંતિથી કેવી રીતે પસાર થાય તે માટે એવા પ્રકારની ટ્રીટમેન્ટ આપીએ છીએ. આ ઉપરાંત કાઉન્સેલિંગ પણ કરીએ છીએ અને તેઓ મૃત્યુ પામે ત્યારે તેમનું મૃત શરીર તેમના સગા-વહાલાઓને સોંપીએ છીએ.

આવા દર્દીઓને રહેવાનું, દવા, ટ્રીટમેન્ટ, કપડા-લત્તા, કાઉન્સેલિંગ, ભોજન વગેરે તમામ જરૂરિયાત નિઃશુલ્ક આપીએ છીએ. તેમની સાથે રહેનાર સગાનો પણ અમે ચાર્જ નથી લેતા.

તેમની આ સેવાની વાત સાંભળી સૌ અચંબિત થઈ ગયા.

બંને મહાનુભાવો શ્રી સુખદેવભાઈ અને શ્રીમતી સોનલબેનનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તેમના મેડિકલ ઓફિસર ડૉ. કમલેશ ગજ્જર, કાઉન્સેલર શ્રીમતી મીનાબેન શાહ તથા વિષ્ણુ શાહનું બહુમાન કરવામાં આવેલ હતું. શ્રી વિનોદ રાઘવાણીનું બહુમાન શ્રી નરેન્દ્ર કોઠારીએ કરેલ હતું.

ત્યારબાદ વિવિધ વડીલોના જન્મ દિવસ નિમિત્તે કેક કાપવામાં આવી હતી.

આજરોજ જે વડીલોનો જન્મ દિવસ હતો તેમના તરફથી નીચે પ્રમાણેનું અનુદાન પ્રાપ્ત થયેલ હતું.

| | |
|---|---|
| *રૂા. ૫,૧૦૦/-* | *શ્રીમતી ભદ્રાબા વાઘેલા* |
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રીમતી વિમળાબેન શાહ* |
| *રૂા. ૫,૦૦૦/-* | *શ્રી દામજીભાઈ નીસર* |
| *રૂા. ૨,૫૧૧/-* | *શ્રી અશોકભાઈ મહેતા* |
| *રૂા. ૨,૫૦૦/-* | *શ્રીમતી પ્રતિમા શાહ* |
| *રૂા. ૨,૫૦૦/-* | *શ્રી મહેન્દ્ર દોશી* |
| *રૂા. ૨,૫૦૦/-* | *શ્રીમતી સુશીલા મૈશેરી* |
| *રૂા. ૧,૧૦૦/-* | *શ્રીમતી હીરાવંતીબેન કુરૂવા* |

શ્રી જીતુભાઈ ચુનીલાલ શાહ તરફથી તેમના દોહિત્ર શ્રી હેતાંશ પ્રતીક હરિયાએ માત્ર નવ વર્ષની ઉંમરે ગૂગલ પાયથન ક્રેશ કોર્સ ૮૮.૭૫% સાથે પાસ કરેલ છે. આ પરીક્ષા પાસ કરવા બદલ તેમને ગૂગલ કંપની તરફથી સર્ટીફિકેટ એનાયત કરવામાં આવેલ છે. તેના માનમાં વયસ્ક સમિતિને તેમના તરફથી રૂા. ૫,૧૦૦/-નું અનુદાન આપવામાં આવેલ હતું. આ માટે તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

હેતાંશે લોકડાઉનના સમયનો સદ્દુપયોગ કરીને આ કોર્સ શીખી, પરીક્ષા આપી અવ્વલ નંબર મેળવ્યો તેના વિશે વાત કરી હતી અને ભવિષ્યમાં આ ક્ષેત્રમાં આગળ વધવા માટે તેના પ્રયાસ અંગે વાતચીત કરી હતી.

આપણા સમાજના શ્રી મહેન્દ્ર દોશીને તેમના પુસ્તક "કચ્છી બોલી માટે" નર્મદ સાહિત્ય સભા - સુરત તરફથી સુવર્ણ ચંદ્રક એનાયત કરવામાં આવેલ હતો. આ માટે તેમનું બહુમાન કરવામાં આવેલ હતું.

અંતમાં સૌ રસ-પૂરીનું ભાવતું ભોજન લઈને છૂટા પડ્યા હતા.

*દિલીપ દંડ, કન્વીનર - વયસ્ક સમિતિ*

*(કાર્યક્રમની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં. ૭૭-૮૯)*

# મહિલા ઉત્કર્ષ સમિતિ

**નવમા વિશ્વ યોગ દિવસની ઉજવણી**
**સંગીતમય યોગ સાથે**
**અને અમે સૌ શીખ્યા...**
**ટી.વી. જોતાં જોતાં પણ કરી શકાય તેવી સૂક્ષ્મ ક્રિયાઓ**
**Yog For Mobility &**
**નાના મોટા આસનો ફિલ્મી ગીતોના સંગીતના તાલે**
**Yog Dance**
**અમે સૌએ ખૂબ ખૂબ આનંદ લૂંટ્યો**
**On શુક્રવાર, તા. ૨૩-૬-૨૩ @ કચ્છી જૈન ભવન - પાલડી**

*શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત;*
*ચોમાસે વાગડ ભલો, પણ મુંજો કચ્છડો બારેમાસ.*

કચ્છી નવા વર્ષની વધાઈ આપતા કાર્યક્રમની શરૂઆત થઈ હતી. ઉપસ્થિત યોગ નિષ્ણાત, મહેમાનો અને યોગ શીખવા ઉત્સુક એવા સમાજના સૌ સભ્ય બહેનોને મીઠો આવકાર અપાયો હતો. નવમા વિશ્વ યોગ દિવસના આપણે સૌ યોગના સહારે નવજીવન પ્રાપ્ત કરીએ - નવી ઉર્જા સાથે, નવી શક્તિ સાથે, એવી શુભ ભાવના સાથે કાર્યક્રમ શરૂ થયો હતો.

આજના કાર્યક્રમ માટે બે યોગ નિષ્ણાતોને આમંત્રાયા હતા : શ્રીમતી પાયલ પટેલ અને શ્રીમતી મીનલ ચોક્સી.

- **શ્રીમતી પાયલબેન પટેલનો પરિચય :**

Yog Life Coach & Naturopath.

લકુલીશ યુનિવર્સિટીમાં (1) Certified 200 Hours Course (T.T.C.), (2) Certified Yog Life Coach, (3) Certified Prenatal Yog Trainer, (4) Yog Nindra Facilitator Course – જેવા અનેક કોર્સ કર્યા છે. એમનું Passion છે : Yog – Diet – Biology.

શ્રીમતી પાયલબેનનો વિષય હતો : Yog for mobility અથવા સૂક્ષ્મ ક્રિયાઓ એટલે શરીરના બધા જ સાંધાઓની હળવી કસરતો.

એક શિક્ષક શીખવાડે એવી રીતે દરેક સાંધાની કસરતો યાદ રહી જાય તેવી શૈલીમાં શિખવાડી હતી. એમનો પ્રેમભર્યો આગ્રહ હતો કે દરેક કસરત સ્મિત સાથે, પોતાના શરીરની ક્ષમતા પ્રમાણે પણ નિયમિત કરવી. આ કસરતો ટી.વી. જોતાં જોતાં પણ કરી શકાય, ઊભા રહીને પણ કરી શકાય, ખુરશી પર બેસીને પણ કરી શકાય. ટુંકમાં, આસાનીથી આપણી દિનચર્યામાં અપનાવી શકાય તેવી સૂક્ષ્મ ક્રિયાઓ એમણે શિખવાડી હતી.

બીજા યોગ Expert હતા : **મીનલબેન ચોક્સી.**

- **શ્રીમતી મીનલબેન ચોક્સીનો પરિચય :**

Founder of Aura Yog Studio.

Yog Alliance USA Certified Course – 200 Hours Training. Ayush Ministry certified Yog Teacher. Certified teachers training from Shivanand Ashram. Certified teachers training from વશિષ્ઠ આશ્રમ. Certified teachers training from રાજયોગ ઇન્સ્ટિટ્યૂટ – જેવા ઘણા દેશ વિદેશના કોર્સીસ કરીને યોગ વિશેનું જ્ઞાન મેળવ્યું.

***એમની કુશળતાના વિષયો છે :*** Kids Yog, Senior Citizen Yog અને Yog Choreogrpahy.

***એટલે જ એમને કાર્યક્રમમાં વિષય અપાયો હતો :*** Yog Dance.

સૌ બહેનોને જોડીમાં ઊભા રાખીને Partner Yog with music શીખવ્યા હતા. સહેલાઈથી થઈ શકે તેવા સ્ટેપ્સ શીખવ્યા અને પ્રેક્ટીસ પણ કરાવી. એકબીજાને સહારે બહેનો આસાન કરતા થયા હતા. જૂના ફિલ્મી ગીતોના તાલે સાડીવાળા કે ડ્રેસવાળા સૌ બહેનો ઉત્સાહ અને આનંદથી ઝુમી ઉઠ્યા હતા.

ત્યારબાદ સભ્ય બહેનોમાંથી બારેક જેટલા બહેનોએ મંત્ર સાથે સૂર્ય નમસ્કાર કર્યા હતા. શારીરિક રીતે હળવા થયા હતા. અંતમાં Meditation કરાવ્યું હતું. જેથી મન શાંત થઈ ગયું અને બહેનો માનસિક રીતે પણ હળવા થઈ ગયા હતા.

નિષ્ણાતનું બહુમાન સમિતિ વતી મોમેન્ટોથી કરાયું હતું. શ્રીમતી પાયલબેનનું બહુમાન શ્રીમતી નીતાબેન શાહ (WEZ પ્રોજેક્ટના કન્વીનર અને GCCIના Past Chair Person) ના હસ્તે કરવામાં આવ્યું હતું.

શ્રીમતી મીનલબેન ચોક્સીનું બહુમાન મીનાક્ષીબેન માંકડ (કચ્છી મહિલા સમાજના મંત્રી અને સ્ત્રી નિકેતનના પ્રમુખ)ના હસ્તે કરવામાં આવ્યું હતું.

"Hair donation for Cancer patients" અભિયાન (રોટરી ક્લબ ઓફ અમદાવાદ-વાસણા અને KJSS ના સંયુક્ત ઉપક્રમે) અંતર્ગત જેમણે વાળદાન કર્યું હતું તેમનું બહુમાન યોગ નિષ્ણાતના હસ્તે કરાયું હતું.

***Hair Donors બે બહેનો : મહેક અને નિષ્કા વિનોદ દંડ.***

સમિતિની પ્રણાલી મુજબ કાર્યક્રમ દરમિયાન આર્થિક રીતે પોતાની પહેચાન ચાહતી બહેનોએ પોતાની પ્રોડક્ટ્સ પ્રદર્શિત કરી હતી. અને સૌને સારો પ્રતિસાદ મળ્યો હતો.

સમિતિની બીજી પ્રણાલી - કાર્યક્રમ માટેનો નાસ્તો સમાજની જ બહેનો પાસેથી ખરીદવો - બનાવડાવવો. આ વખતે

દિમ્પી લોડાયાએ સંપૂર્ણ જૈન પદ્ધતિથી દહીંવડા બનાવ્યા હતા, જેનો સ્વાદ બહેનોએ ખૂબ માણ્યો હતો.

હાજર રહેલા મહેમાનો, સભ્ય બહેનો અને આમંત્રિત યોગ નિષ્ણાત – જેઓ પોતે વ્યસ્ત હોવા છતાં યોગની જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્યથી પધારેલ – એ સૌનો આભાર મનાયો હતો.

વાહ! સંગીતના તાલે પણ યોગાસન શીખી શકાય અને ટી.વી. સીરીયલ જોતાં પણ સાંધાના કસરતો કરીને ફ્લેક્સીબલ રહી શકાય. આ તો ખરેખર કરવા જેવું! એવા ઉદ્ગારો સાથે સૌ છૂટા પડ્યા.

***સમિતિની પ્રવૃત્તિઓની જાણકારી મેળવવા***
***વોટ્સએપ ગ્રુપ પર જોડાવો @ 80009 72969***

***– કન્વીનર, મહિલા ઉત્કર્ષ સમિતિ***




*સૂક્ષ્મ યોગ ક્રિયા શીખવતા*
*યોગ નિષ્ણાત શ્રીમતી પાયલબેન પટેલ*




*યોગ ડાન્સ શીખવતા યોગ નિષ્ણાત*
*શ્રીમતી મીનલબેન ચોકસી*




*યોગ નિષ્ણાત શ્રીમતી પાયલબેન પટેલનું બહુમાન કરતા*
*શ્રીમતી નીતાબેન શાહ*



*યોગ નિષ્ણાત મીનલબેન ચોકસીનું બહુમાન કરતા*
*શ્રીમતી મીનાક્ષીબેન માંકડ*



*યોગ ડાન્સ શીખતા હાજર રહેલા સૌ બહેનો.*



*યોગ નિષ્ણાતો અને સમિતિના સભ્યો*

## ગૃહ ઉદ્યોગ સમિતિ

તા. ૧૯-૬-૨૦૨૩ના રાત્રે ૯ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ઉપર ગૃહ ઉદ્યોગ સમિતિની એક મીટિંગ રાખવામાં આવેલ હતી. જેમાં સંદીપ મહેતા, જયંતીભાઈ નીસર, રોહિતભાઈ સંઘવી, નીતિનભાઈ શાહ, અમીબેન શાહ, કુમારપાળ મસાલિયા, ભાવનાબેન દેઢિયા, નંદીતાબેન શાહ વગેરે હાજર રહ્યા હતા.

મીટિંગમાં નીચેના મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી અને તેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

૧. ગૃહ ઉદ્યોગમાં આવતા દરેક કાર્ય "રતનવીર ગૃહ ઉદ્યોગ"ના નામથી ચાલુ કરવા.

૨. ગૃહ ઉદ્યોગમાં ફરસાણ કે બીજી ખાવાની ચીજવસ્તુઓ બનાવીને વેચવા માટે કે બહારથી લઈ વેચવા માટે ફુડ લાઈસન્સ લેવું જરૂરી છે. જે બાબતે સમજી વિચારીને પરમિશન લઈને, તે લેવા માટેની વિધિ કરવી.

૩. શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ખાવાપીવાની વસ્તુઓ અને અન્ય વસ્તુઓના વેચાણ કરવા માટે ત્યાં આવતા જતા લોકોને ખ્યાલ આવે તે માટે એક ડિસ્પ્લે કબાટની વ્યવસ્થા કરવી.

૪. પાલડી ભવન ઉપર ડિસ્પ્લે કરવામાં આવનાર વસ્તુની જાળવણી અને વેચાણ કરવા માટે પગારદાર વ્યક્તિની નિમણુંક કરવી.

૫. શ્રી કચ્છી જૈન સેવા સમાજના અન્ય ભવન / મેડિકલ સેન્ટર / નવનીત આવાસ ઉપર જ્યાં પરમિશન મળે ત્યાં ગૃહ ઉદ્યોગની વસ્તુઓનું વેચાણ થઈ શકે તેવી વ્યવસ્થા કરવી.

૬. સમાજના સભ્યો, કે જેઓ ગૃહ ઉદ્યોગનું કાર્ય કરે છે તેઓને પ્રોત્સાહન મળે તે માટે એક ગૃહ ઉદ્યોગ મેળાનું આયોજન કરવું.

૭. ખાખરા, ફરસાણ વગેરે બનાવવા માટે તે અંગેની માહિતી એકઠી કરી તે માટેનો પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરવો.

૮. સાથે સાથે ઓર્ગેનિક વસ્તુઓનું વેચાણ ચાલુ કરવું.

૯. નવનીત આવાસ ઉપર રાખેલ કોમ્પ્યુટર ઉપર લોકોને કોમ્પ્યુટરનું બેઝીક નોલેજ મળે તેવી વ્યવસ્થા કરવી.

ઉપરોક્ત ચર્ચા કર્યા બાદ બીજી કોઈ બાબત ન રહેતા મીટિંગ પૂરી કરેલ હતી.


*કન્વીનર - ગૃહ ઉદ્યોગ સમિતિ*

## 'મંગલ મંદિર' લવાજમ : નમ્ર અપીલ

'મંગલ મંદિર' માસિકનું લવાજમ ભરનાર દરેક સભ્યને વિનંતી કરવામાં આવે છે કે તેઓ જ્યારે તેમના લવાજમ ગૂગલ-પે દ્વારા અથવા બેંક ટ્રાન્સફર દ્વારા કે અન્ય કોઈ રીતે મોકલી આપે ત્યારે તેઓએ પોતાનું પૂરું નામ, સરનામું તથા મોબાઈલ નંબર જણાવવા અત્યંત આવશ્યક છે. તેના વગર અમારે અંકો મોકલવાની જે કાર્યવાહી કરવી પડે તે શક્ય બનતી નથી.

કોઈ હિમાંશુ શાહે અમારા પર ગૂગલ-પે દ્વારા રૂા. ૧૫૦૦/- ૧૫ વર્ષના લવાજમ તરીકે મોકલી આપેલ છે. પરંતુ તેમના સરનામા કે મોબાઈલ નંબરની વિગત ન હોવાથી અમે તેમને 'મંગલ મંદિર' મોકલી શકતા નથી અથવા મોબાઈલ ફોનથી સંપર્ક સાધી શકતા નથી.

તેઓએ ગૂગલ-પે થી મોકલેલ રકમની વિગત આ સાથેના ફોટા પ્રમાણે છે.




અમારા માટે આ ખૂબ જ અધૂરી વિગત છે.

આથી દરેક માનવંતા સભ્યોને અપીલ કરવામાં આવે છે કે તેઓ કોઈ પણ પદ્ધતિથી પેમેન્ટ મોકલી શકે છે પરંતુ સાથે સાથે તેમના નામ, સરનામા અને મોબાઈલ નંબરની વિગત અમને અવશ્યપણે મોકલે.

*– મુખ્યતંત્રી, મંગલ મંદિર*

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **નેમિષ વિજય ચુનીલાલ મહેતા**
  આઈ-૧૦૦૩, સાવી સ્વરાજ, પ્રગતિ ફેઝ-૨,
  જગતપુર રોડ, ગોતા, અમદાવાદ-૩૮૨ ૪૭૦.
  મો. ૮૪૬૦૦ ૬૦૫૬૪
- **ભૂપેશ ડાહ્યાભાઈ ભાઈચંદ મહેતા**
  ૩૦૩, પ્રભુ ભવન-૨, ત્રીજો માળ,
  સિધ્ધિ વિનાયક મંદિર પાસે, આઈ.ઓ.સી. પેટ્રોલ પંપ પાસે,
  નારાયણ નગર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૯૨૪૪ ૭૨૧૦૪
- **શૈલેષ ઉગરચંદ પોપટલાલ ગઢેચા**
  "કલ્પવૃક્ષ", બિલિયોનેર સ્ટ્રીટ, ગોરીલા ગાર્ડનની પાછળ,
  નાયરા પેટ્રોલ પંપની પાછળ, સિંધુ ભવન રોડ,
  અમદાવાદ-૩૮૦ ૦૫૪. મો. ૯૮૨૫૦ ૪૧૨૭૪
- **વિજય ભવાનજી ધનજી દેઢિયા**
  બી-૫૦૨, મહાલક્ષ્મી કોમ્પ્લેક્સ,
  મહાબલી સ્કૂલની બાજુમાં, મહાલક્ષ્મી પાંચ રસ્તા,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. ૮૧૨૮૮ ૮૪૬૦૦
- **જયેશ રમણિકલાલ ઝવેરીલાલ મહેતા**
  એ-૨, ૪૨, ગોયલ ઈન્ટરસિટી એપાર્ટમેન્ટ,
  ટી.વી. ટાવરની સામે, થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૧.
  મો. ૯૩૭૬૧ ૫૧૩૮૧

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### નવનીત સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર - બોપલ

રૂા.૧૮,૦૦,૦૦૦/- નવનીત ફાઉન્ડેશન - મુંબઈ
રૂા. ૨૫,૦૦૦/- નવનીત ફાઉન્ડેશન - મુંબઈ
રૂા. ૨૫,૦૦૦/- નવનીત ફાઉન્ડેશન - મુંબઈ
રૂા. ૨૫,૦૦૦/- નવનીત ફાઉન્ડેશન - મુંબઈ

### બિપીનચંદ્ર કાનજી જૈન કૌશલ્ય કેન્દ્ર - ગીતા મંદિર

રૂા. ૧,૦૦,૦૦૦/- ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા - અમદાવાદ
રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રીમતી ચંદ્રિકાબેન ચંદ્રકાંત દેઢિયા - અમદાવાદ
રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રી મયુર ચંદ્રકાંત દેઢિયા - મુંબઈ
રૂા. ૧,૦૦,૦૦૦/- શ્રીમતી અનિલા મયુર દેઢિયા - મુંબઈ

### નવનીત મેડિકલ સેન્ટર - બોપલ (ડેન્ટલ વિભાગ)

રૂા. ૩,૦૦,૦૦૦/- શ્રીમતી કમલાબેન શાંતિલાલ શાહ - અમદાવાદ

### પરમકૃપા મેડિકલ સેન્ટર - ચાંગોદર (મેડિકલ સહાય યોજના)

રૂા. ૨,૭૫,૦૦૦/- શ્રી તેજસ હેમંતરાય દેસાઈ - ચાંગોદર
રૂા. ૩૦,૦૦૦/- શ્રી રાજેન્દ્ર ગાંધી (મહર્ષિ લેબલ્સ પ્રા.લિ.) ચાંગોદર, અમદાવાદ

### વયસ્ક સમિતિ

રૂા. ૫,૧૦૦/- શ્રી જિતેન્દ્ર ચુનીલાલ શાહ - અમદાવાદ
રૂા. ૫,૧૦૦/- શ્રીમતી ભદ્રાબા વાઘેલા - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રીમતી વિમળાબેન શાંતિલાલ શાહ - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રી દામજી પ્રેમજી નીસર - અમદાવાદ
રૂા. ૨,૫૧૧/- શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રી મહેન્દ્રભાઈ દોશી - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રીમતી પ્રતિમાબેન ગિરીશ શાહ - અમદાવાદ
રૂા. ૨,૫૦૦/- શ્રીમતી સુશીલાબેન નિરંજન મૈશેરી - અ'વાદ
રૂા. ૧,૧૦૦/- શ્રીમતી હીરાવંતીબેન હરીશ કુરૂવા - ગાંધીનગર
રૂા. ૧,૦૦૦/- શ્રી રજનીકાંત ધરમશી પારેખ - અમદાવાદ

### કેળવણી સહાય ફંડ

રૂા. ૩૩,૦૦૦/- શ્રી આશિષ દિનેશ મહેતા - અમદાવાદ

### જનરલ ડોનેશન

રૂા. ૨૫,૦૦૦/- શ્રી વિપુલ મંગળદાસ સોની - અમદાવાદ
રૂા. ૫,૧૦૦/- શ્રીમતી સંગીતા નરેશ મહેતા - અમદાવાદ

### મેડિકલ સહાય યોજના

રૂા. ૩૩,૦૦૦/- શ્રી આશિષ દિનેશ મહેતા - અમદાવાદ
રૂા. ૫,૫૦૦/- શ્રી જ્યોતેન્દ્ર રવિલાલ સંઘવી - અમદાવાદ
રૂા. ૧,૦૦૧/- શ્રી ધનસુખલાલ નાનાલાલ પટવા - અમદાવાદ

### સાધર્મિક સહાય યોજના

રૂા. ૫,૫૦૦/- શ્રીમતી કૈલાસબેન જ્યોતેન્દ્ર સંઘવી - અમદાવાદ
રૂા. ૫૦૦/- શ્રી શેખર નરેન્દ્ર શાહ - રતલામ (મધ્ય પ્રદેશ)

### વૈયાવચ્ચ ફંડ

રૂા. ૩૪,૦૦૦/- શ્રી આશિષ દિનેશ મહેતા - અમદાવાદ
રૂા. ૫,૫૦૦/- શ્રીમતી કૈલાસબેન જ્યોતેન્દ્ર સંઘવી - અમદાવાદ
રૂા. ૫,૧૦૦/- શ્રીમતી સંગીતા નરેશ મહેતા - અમદાવાદ
રૂા. ૧,૦૦૧/- શ્રી ધનસુખલાલ નાનાલાલ પટવા - અમદાવાદ

### જલારામ અન્નક્ષેત્ર ફંડ

રૂા. ૫,૫૦૦/- શ્રી જ્યોતેન્દ્ર રવિલાલ સંઘવી - અમદાવાદ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## તા. ૨૧-૦૫-૨૦૨૩થી તા. ૨૦-૦૬-૨૦૨૩ સુધી 'મંગલ મંદિર'નું લવાજમ ભરનારાઓના નામની યાદી

| ક્રમ | નામ | સ્થળ | લવાજમ ભર્યા તારીખ |
|---|---|---|---|
| | **૧ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | વિજય અમરીષભાઈ વોરા | જામનગર | ૨૪-૦૫-૨૩ |
| ૨. | રતિલાલ અમુલખ મહેતા | અમદાવાદ | ૨૬-૦૫-૨૩ |
| ૩. | અમૃતલાલ કે. ભરાડિયા | રાજકોટ | ૩૧-૦૫-૨૩ |
| ૪. | કુલીનકાંત ખેતશી ધરમશી | અમદાવાદ | ૦૬-૦૬-૨૩ |
| ૫. | હિતેન પંકજ મણિલાલ ખોના | અમદાવાદ | ૦૮-૦૬-૨૩ |
| ૬. | તેજસ હસમુખ બી. શાહ | અમદાવાદ | ૨૦-૦૬-૨૩ |
| ૭. | પ્રવીણ કુંવરજી છેડા | અમદાવાદ | ૨૦-૦૬-૨૩ |
| | **૨ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | ભુપેશ ડાહ્યાલાલ મહેતા | અમદાવાદ | ૦૫-૦૬-૨૩ |
| ૨. | અરવિંદ ખોડીલાલ કુબડિયા | અમદાવાદ | ૨૬-૦૫-૨૩ |
| ૩. | ડૉ. પ્રમોદ લક્ષ્મીચંદ શાહ | અમદાવાદ | ૧૨-૦૬-૨૩ |
| ૪. | અજય જયસુખલાલ મહેતા | અમદાવાદ | ૧૪-૦૬-૨૩ |
| ૫. | ચૌલાબેન ઉમરશી કુરૂવા | અમદાવાદ | ૨૦-૦૬-૨૩ |
| | **૩ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | જિતેન્દ્ર ચુનીલાલ એચ. શાહ | અમદાવાદ | ૧૩-૦૬-૨૩ |
| ૨. | રમણિકલાલ કુંવરજી ગોસર | અમદાવાદ | ૧૩-૦૬-૨૩ |
| | **૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | તેજસ હંસરાજ લોડાયા | અમદાવાદ | ૨૨-૦૫-૨૩ |
| ૨. | કાંતિલાલ વિશનજી લાપસીયા | અમદાવાદ | ૨૫-૦૫-૨૩ |
| ૩. | વીરેનભાઈ ધીરજલાલ શાહ | ભુજ | ૨૮-૦૫-૨૩ |
| ૪. | કિરણ ભોગીલાલ મહેતા | અમદાવાદ | ૩૧-૦૫-૨૩ |
| ૫. | લક્ષ્મીચંદ શામજી વીરા | અમદાવાદ | ૦૨-૦૬-૨૩ |
| ૬. | પદમશી ચત્રભોજ ડાઘા | અમદાવાદ | ૦૨-૦૬-૨૩ |
| ૭. | ગિરીશ દામજી શાહ | મુંબઈ | ૦૫-૦૬-૨૩ |
| ૮. | તલકશી ઉમરશી શાહ | અમદાવાદ | ૦૫-૦૬-૨૩ |
| ૯. | નકુલ માણેકજી દંડ | અમદાવાદ | ૧૬-૦૬-૨૩ |
| | **૧૫ વર્ષનું લવાજમ ભરનારા સભ્યોની યાદી** | | |
| ૧. | રેખાબેન દેવજી ગાલા | મુંબઈ | ૨૩-૦૫-૨૩ |
| ૨. | રતનશી ભીમજી સાવલા સર્વોદય ટ્રસ્ટ | કચ્છ | ૨૪-૦૫-૨૩ |
| ૩. | મનોજ દેવજીભાઈ ગાલા | અમદાવાદ | ૨૫-૦૫-૨૩ |
| ૪. | પ્રભુલાલ રાજપાર દોશી | અમદાવાદ | ૨૬-૦૫-૨૩ |
| ૫. | બિપીન રમણિકલાલ ગાલા | અમદાવાદ | ૨૬-૦૫-૨૩ |
| ૬. | વસંતલાલ માણેકલાલ મહેતા | અમદાવાદ | ૩૦-૦૫-૨૩ |
| ૭. | સુરેશ જયંતીલાલ પૂજ | અમદાવાદ | ૩૧-૦૫-૨૩ |
| ૮. | અનિલ રામજી વેરશી હરિયા | અમદાવાદ | ૦૧-૦૬-૨૩ |
| ૯. | ચિંતન રોહિત કુલીનકાંત લોડાયા | અમદાવાદ | ૦૨-૦૬-૨૩ |
| ૧૦. | હરખચંદ પ્રેમજી શાહ | અમદાવાદ | ૦૬-૦૬-૨૩ |
| ૧૧. | શૈલેષ ઉગરચંદ ગઢેચા | અમદાવાદ | ૦૭-૦૬-૨૩ |
| ૧૨. | ધનરાજ રામજી દેઢિયા | અમદાવાદ | ૦૮-૦૬-૨૩ |
| ૧૩. | હિમાંશુ કાંતિલાલ શાહ | ગાંધીધામ | ૦૮-૦૬-૨૩ |
| ૧૪. | જીગર સુધીર ચીમનલાલ શાહ | અમદાવાદ | ૧૬-૦૬-૨૩ |
| ૧૫. | ગૌરવ ગુલાબ સાવલા | અમદાવાદ | ૧૬-૦૬-૨૩ |
| ૧૬. | કાજોલ અંકિત શાહ | અમદાવાદ | ૧૮-૦૬-૨૩ |
| ૧૭. | સંદીપ ખીમજી નાનજી ગાલા | અમદાવાદ | ૨૦-૦૬-૨૩ |

## અવસાન નોંધ

- **સોમવાર, તા. ૧૨-૬-૨૦૨૩**
  શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ઉપપ્રમુખ અને BMCB બેંકના સ્થાપક ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ મોરબીયાના માતુશ્રી **લીલાવંતીબેન હરજીવન મોરબીયા** (ઉં.વ. ૮૫) (અમદાવાદ - રાપર/ભુજ)નું દુઃખદ અવસાન થયેલ છે.

સદ્ગતશ્રીના આત્માને પ્રભુ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

# 'મંગલ મંદિર'ના લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી

નીચે મુજબની વિગત અનુસાર જે તે સભ્યોના શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'ના લવાજમ પૂરા થાય છે. આ સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પોતાના લવાજમની રકમ મંગલ મંદિરના લવાજમની મુદત પૂરી થતા અગાઉ મોકલી આપે કે જેથી તેઓને મુખપત્ર મોકલવાનું ચાલુ રાખી શકાય.

| ક્રમ | નામ | સ્થળ | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| **● જૂન-૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થઈ ગયેલ છે તેવા સભ્યોની નામાવલી** | | | |
| ૧. | જયા નાગડા હિતુન નાગડા | થાણા (વેસ્ટ) | ૯૨૨૪૧ ૨૫૨૬૭ |
| ૨. | ગુલાબભાઈ એ. શાહ | અંકલેશ્વર | |
| **● જુલાઈ-૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી** | | | |
| ૧. | ભૂપેન્દ્ર એસ. વ્યાસ | રાજકોટ | ૬૩૫૨૨ ૪૩૬૧૯ |
| ૨. | સુનીલ ચંદુલાલ શાહ | વડોદરા | ૯૮૨૫૦ ૬૬૪૨૪ |
| ૩. | નમન નવીનચંદ્ર મહેતા | કચ્છ | |
| **● ઓગસ્ટ-૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી** | | | |
| ૧. | નવીન કલ્યાણજી ધનજી ગઢેચા | અમદાવાદ | ૯૬૩૮૪ ૯૧૧૦૯ |
| ૨. | નવીન પારેખ | મુંબઈ | |
| ૩. | ચેતન ભવાનજી છેડા | મુંબઈ | |
| **● સપ્ટેમ્બર અને ઓક્ટોબર - ૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી** | | | |
| ૧. | અમિત એમ. દોશી | અમદાવાદ | |
| ૨. | પારસ નરેન્દ્રભાઈ દોશી | અમદાવાદ | |
| ૩. | વિક્રમકુમાર ચીમનલાલ બ્રોકર | અમદાવાદ | |
| ૪. | પંકજકુમાર વેલજી ગાલા | અમદાવાદ | |
| ૫. | અનિલ એલ. નાગડા | મુંબઈ | |
| **● નવેમ્બર-૨૦૨૩ દરમિયાન લવાજમ પૂરા થતા હોય તેવા સભ્યોની નામાવલી** | | | |
| ૧. | મણિલાલ ડી. રૂઘાણી | પોરબંદર | ૮૧૪૦૨ ૭૧૯૯૪, ૯૯૨૪૩ ૭૧૯૯૪ |
| ૨. | ચિરાગ નવીનચંદ્ર ગાલા | અમદાવાદ | ૯૯૦૯૭ ૫૫૭૭૬, ૭૫૬૭૧ ૦૮૯૬૯ |
| ૩. | હિંમતલાલ જે. વિઠલાણી | મુંબઈ | ૯૮૨૦૨ ૫૧૦૦૯, ૭૯૭૭૫ ૫૦૩૮૯ |

*વિશેષમાં જણાવવાનું કે 'મંગલ મંદિર'ના લવાજમના દરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.*

- ★ ૧ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦/-
- ★ ૨ વર્ષનું લવાજમ : રૂા. ૩૦૦/-
- ★ ૩ વર્ષનું લવાજમ : રૂા. ૪૦૦/-
- ★ ૫ વર્ષનું લવાજમ : રૂા. ૬૦૦/-
- ★ ૧૫ વર્ષનું લવાજમ : રૂા. ૧૫૦૦/-

*શક્ય હોય ત્યાં સુધી ૧૫ વર્ષનું લવાજમ ભરીને મોકલી આપવા વિનંતી કે જેથી દર વર્ષે આ બાબતે પત્ર વ્યવહાર કરવાની જરૂરત ના રહે.*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબ છે :*

| | |
|---|---|
| ★ *ખાતાનું નામ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ* | ★ *એકાઉન્ટ નંબર : **70072010016032*** |
| ★ *બેંક : કેનેરા બેંક, પાલડી બ્રાંચ, અમદાવાદ.* | ★ ***IFSC CODE : CNRB0017007*** |

અન્ય લોકો પણ ઉપર પ્રમાણેની લવાજમની રકમ મોકલી શકે છે કે જેથી તેઓને પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર 'મંગલ મંદિર' નિયમિતપણે મોકલી શકાય.

*સહકારની અપેક્ષા સહ...*

***રજનીકાંત પારેખ – માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

CUT FROM HERE

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વર્ષ ૨૦૨૩માં બાળવર્ગથી ધોરણ-૯ સુધીના પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતી પત્રક

**(નોંધ : ફોર્મ ભરતાં પહેલાં પાછળની સૂચનાઓ અવશ્ય વાંચી જવી)**

વસતીપત્રક ક્રમાંક

તા. :

વાલીનું પૂરું નામ અને અટક ______________________

(વાલીનું નામ) (દાદાનું નામ) (અટક)

પત્રવ્યવહારનું પૂરું સરનામું ______________________

______________________ પીન ________

ફોન : ____________ મોબાઈલ : ____________ ઈ-મેઈલ : ____________

કચ્છમાં ગામ ____________ તાલુકો ____________ ★ ગૂગલ ફોર્મ **WhatsApp Link No. : 63526 17022**

તા. – – ૨૦૨૩ **ગૂગલ ફોર્મ ભરવાનો જ આગ્રહ રાખવો.** વાલીની સહી ____________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ – પિતા – અટક | વય | ઉત્તીર્ણ કરેલું ધોરણ | કયા ધોરણમાં આવ્યા | મેળવેલ માર્ક | કુલ માર્ક | કુલ ટકા | પરીક્ષા પાસ કરી હોય તે શાળાનું નામ અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

★ પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર સ્વામિવાત્સલ્યના દિવસે જ મેળવી લેવા. પછીથી ક્ષમા.

★ ઉપરોક્ત ફોર્મમાં દરેક વિગત સારી અને સંપૂર્ણ રીતે લખીને મોકલવી.

*(નામ વધુ હોય તો બીજું પાનું જોડવું)*

**ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૧૦-૮-૨૦૨૩**

# સૂચનાઓ

(૧) આ પુરસ્કાર યોજના આ સમાજ હેઠળ આવરાયેલા અમદાવાદ - ગાંધીનગર અને તેની આજુબાજુના વિસ્તારોમાં વસવાટ કરનાર કચ્છી જૈન પરિવારોના અભ્યાસ કરતા બાળકો માટે છે.

(૨) ફોર્મમાં માગ્યા પ્રમાણેની પૂરી વિગતો સ્પષ્ટ વંચાય તે રીતે ગુજરાતી ભાષામાં સારા અક્ષરે ભરવી. નામો ટૂંકાક્ષરી ન લખતાં પૂરેપૂરાં લખવાં. ભરેલું ફોર્મ **તા. ૧૦-૮-૨૦૨૩** સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલવું. **પુરસ્કાર સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.**

(૩) ધોરણ ૫ થી ધોરણ ૯ માં પાસ થનાર દરેક વિદ્યાર્થીઓએ પોતાની માર્કશીટની અધિકૃત નકલ મોકલવાની ફરજિયાત રહેશે.

(૪) ફોર્મ તા. ૧૦-૮-૨૦૨૩ સુધી જ સ્વીકારવામાં આવશે. પછી ક્ષમા કરશોજી.

(૫) વિદ્યાર્થીની સંપૂર્ણ શૈક્ષણિક માહિતી ગૂગલ ફોર્મ તથા WhatsApp દ્વારા પણ મોકલી શકાશે.

- WhatsApp માટે મોબાઈલ નંબર : 6352617022 પર વોટ્સએપ કરવું.
- ગૂગલ ફોર્મ માટે મોબાઈલ નંબર : 6352617022 પરથી લીંક મળશે.

(૬) **વધુ માહિતી માટે સંપર્ક :**

- ★ *મનીષ વીરા : મો. ૯૪૨૬૮ ૬૧૧૩૬*
- ★ *અમીબેન શાહ : મો. ૯૯૭૯૯ ૬૧૯૨૯*
- ★ *રોહિતભાઈ સંઘવી : મો. ૯૮૨૪૦ ૦૬૬૪૮*
- ★ *ધનરાજભાઈ દેઢિયા : મો. ૮૯૮૦૦ ૪૮૮૩૪*
- ★ *અલ્પાબેન ગાલા : મો. ૭૫૬૭૧ ૦૮૯૬૯*

(૭) આખરી નિર્ણય પુરસ્કાર સમિતિનો જ રહેશે.

***પંકજ મેઘજી ગોગરી,*** *કન્વીનર - પુરસ્કાર સમિતિ*

CUT FROM HERE

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વર્ષ ૨૦૨૩માં ધોરણ-૧૦ અને તેનાથી ઉપરના વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતી પત્રક

**(નોંધ : ફોર્મ ભરતાં પહેલાં પાછળની સૂચનાઓ અવશ્ય વાંચી જવી)**

વસતીપત્રક ક્રમાંક

તા. :

વાલીનું પૂરું નામ અને અટક ____________________

(વાલીનું નામ) (દાદાનું નામ) (અટક)

પત્રવ્યવહારનું પૂરું સરનામું ____________________

____________________ પીન __________

ફોન : __________ મોબાઈલ : __________ ઈ-મેઈલ : __________

કચ્છમાં ગામ __________ તાલુકો __________ ★ ગૂગલ ફોર્મ **WhatsApp Link No. : 63526 17022**

તા. – – ૨૦૨૩ **ગૂગલ ફોર્મ ભરવાનો જ આગ્રહ રાખવો.** વાલીની સહી __________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ – પિતા – અટક | વય | ઉત્તીર્ણ કરેલું ધોરણ | કયા ધોરણમાં આવ્યા | મેળવેલ માર્ક | કુલ માર્ક | કુલ ટકા | પરીક્ષા પાસ કરી હોય તે શાળા/કોલેજનું નામ અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

★ પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર સરસ્વતી સન્માનના દિવસે જ મેળવી લેવા. પછીથી ક્ષમા. ★ ઉપરોક્ત ફોર્મમાં દરેક વિગત સારી અને સંપૂર્ણ રીતે લખીને - જરૂરી માર્કશીટની ફોટો નકલ સાથે મોકલાવશો. અન્યથા તે ફોર્મ રદબાત્તલ થશે.

*(નામ વધુ હોય તો બીજું પાનું જોડવું)*

**ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : ૧૦-૮-૨૦૨૩**

# સૂચનાઓ

(૧) આ પુરસ્કાર યોજના આ સમાજ હેઠળ આવરાયેલા અમદાવાદ - ગાંધીનગર અને તેની આજુબાજુના વિસ્તારોમાં વસવાટ કરનાર કચ્છી જૈન પરિવારોના અભ્યાસ કરતા બાળકો માટે છે.

(૨) ફોર્મમાં માગ્યા પ્રમાણેની પૂરી વિગતો સ્પષ્ટ વંચાય તે રીતે ગુજરાતી ભાષામાં સારા અક્ષરે ભરવી. નામો ટૂંકાક્ષરી ન લખતાં પૂરેપૂરાં લખવાં. ભરેલું ફોર્મ **તા. ૧૦-૦૮-૨૦૨૩** સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલવું. **પુરસ્કાર સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.**

(૩) ધોરણ-૧૦થી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણ પત્રકની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે. **જે વિદ્યાર્થીઓના ગુણપત્રક પછીથી આવવાના હોય તેમણે તેની નોંધ ફોર્મમાં જરૂરથી લખવી.**

(૪) ફોર્મ તા. ૧૦-૦૮-૨૦૨૩ સુધી જ સ્વીકારવામાં આવશે. પછીથી ક્ષમા કરશોજી.

(૫) નીચેની વિગતો અનુસાર ચાલુ વર્ષે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ પુરસ્કારને પાત્ર છે.

(i) ધો. ૧૦થી પૂર્વસ્નાતક **(Under graduate)** સુધીના તેમજ સર્ટિફિકેટ, ડિપ્લોમા કે તેમના સમકક્ષ વર્ગની પરીક્ષામાં **૬૦.૦ ટકા ગુણ** કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીના GUJCET નું પરિણામ જરૂરથી બીડવું.

(ii) સ્નાતક **(Graduate)** (કોલેજના ત્રીજા વર્ષમાં) વર્ગની પરીક્ષામાં **૫૦.૦ ટકા** કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર દરેક વિદ્યાર્થી પુરસ્કારને પાત્ર છે.

(iii) અનુસ્નાતક **(Post Graduate)** વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર **દરેક વિદ્યાર્થી** પુરસ્કાર પાત્ર છે.

(૬) વિદ્યાર્થીની સંપૂર્ણ શૈક્ષણિક માહિતી ગૂગલ ફોર્મ તથા WhatsApp દ્વારા પણ મોકલી શકાશે.

■ WhatsApp માટે મોબાઈલ નંબર : 6352617022 પર વોટ્સએપ કરવું.

■ ગૂગલ ફોર્મ માટે મોબાઈલ નંબર : 6352617022 પરથી લીંક મળશે.

(૭) **વધુ માહિતી માટે સંપર્ક :**

★ *મનીષ વીરા : મો. ૯૪૨૬૮ ૬૧૧૩૬*

★ *અમીબેન શાહ : મો. ૯૯૭૯૯ ૬૧૯૨૯*

★ *રોહિતભાઈ સંઘવી : મો. ૯૮૨૪૦ ૦૬૬૪૮*

★ *ધનરાજભાઈ દેઢિયા : મો. ૮૯૮૦૦ ૪૮૮૩૪*

★ *અલ્પાબેન ગાલા : મો. ૭૫૬૭૧ ૦૮૯૬૯*

(૮) આખરી નિર્ણય પુરસ્કાર સમિતિનો જ રહેશે.

***પંકજ મેઘજી ગોગરી,* કન્વીનર - પુરસ્કાર સમિતિ**

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

આ પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ-380001,
ફોન : 079-22149660,
09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ
સિટીસેન્ટર પાસે, સીમા હૉલ સામે,
પ્રહ્લાદનગર, અમદાવાદ-380 015
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com
વેબસાઇટ : www.gspbooksmall.com

# આપના અંગત પુસ્તકાલય માટે આ પુસ્તકો અચૂક વસાવશો




**'માનુષ'**
**લે. હકુ શાહ,**
**આલેખન : પીયૂષ દઈયા,**
**અનુવાદ મોહન દાંડીકર,**
**કિં રૂ. 350**

ચિત્રકાર, લોકકલાવિદ હકુ શાહે (1934-2019) તેમની આ આત્મકથામાં કલા તરફના પોતાના અભિગમ અને સર્જનપ્રક્રિયાની વાત કરી છે. તેમની ખુદની કલાયાત્રા અને એ દરમિયાન મળેલાં વિલક્ષણ પાત્રો અને અનુભવો પુસ્તકનો સહુથી રસપ્રદ હિસ્સો છે. લેખકે કરેલો માટીનો મહિમા ભાવવિભોર બનાવનારો છે. હકુભાઈના દર્શનના કેન્દ્રમાં માનુષ - માણસ છે. આરંભે જ તેઓ લખે છે : 'માનુષની વાત મને એટલી બધી નજીકની લાગે છે જેટલી પ્રકૃતિ, માટી અને ભૂ-માની વાત લાગે છે.'




**રંગભૂમિનાં રંગભીનાં સંભારણાં**
**સંક. બેલા ઠાકર, કિં. 250**

ગુજરાતી રંગભૂમિના પ્રારંભકાળથી શરૂ કરીને અત્યારના અનેક કલાકારોના સંઘર્ષ અને સફળતાના સંભારણાંની સુગંધ પ્રસારતું પુસ્તક. રંગભૂમિના જાણીતા અને પીઢ કલાકારોની હૃદયસ્પર્શી સંઘર્ષકથાઓ વાંચતી વખતે એ વખતનો ઇતિહાસ વાચકની નજર સામે ખડો થઈ જાય છે. કેટકેટલી મર્યાદાઓ વચ્ચે કલાકારો નાટકનું જતન કરતા હતા એ જાણવા માટે આ પુસ્તક અચૂક વસાવવું અને વાંચવું જોઈએ.

| | | |
|---|---|---|
| 1. | મારી અલગારી સહેલગાહ (દેશ-વિદેશનાં પ્રવાસસ્થળોની માહિતી, ફોરમ ગોર) | 180 |
| 2. | આપણે અને સમાજ (જીવનપ્રેરક લેખો, સ્વામી સચ્ચિદાનંદ) | 150 |
| 3. | ઘરથી ઘર સુધી (ઘર વિષયક સચિત્ર લેખો, હિતેન આનંદપરા) | 151 |
| 4. | હાસ્યોપચાર (હાસ્યલેખો, વિનોદ ભટ્ટ) | 150 |
| 5. | ભજ આનંદમ (હાસ્યલેખો, રતિલાલ બોરીસાગર) | 170 |
| 6. | વિશ્વાસનું એવરેસ્ટ (અકસ્માતમાં બંને પગ ગુમાવ્યા પછી એવરેસ્ટ આરોહણ કરનાર યુવતીની આત્મકથા, અરુણિમા સિંહા) | 170 |
| 7. | ભવનો વૈભવ (જીવનપ્રેરક લેખો, રોહિત શાહ) | 160 |
| 8. | મુજકો યારો માફ કરના (ક્રાંતિકારી લેખો, રોહિત શાહ) | 100 |
| 9. | અપંગનાં ઓજસ (દિવ્યાંગ વ્યક્તિઓની સિદ્ધિઓ, કુમારપાળ દેસાઈ) | 180 |
| 10. | મહાતીર્થ મા (માતૃમહિમાના લેખો, મુનિ ભુવનહર્ષવિજય) | 180 |
| 11. | મન જંજીર, મન ઝાંઝર (પ્રેરક લેખો, ભદ્રાયુ વચ્છરાજાની) | 130 |
| 12. | કેન્સરથી ગભરાશો નહીં (આરોગ્ય વિષયક, ડૉ. ચિરાગ એ. શાહ) | 120 |
| 13. | ફાઈન્ડ યોર ફિટનેસ (આરોગ્ય વિષયક, ડૉ. મુકુંદ મહેતા) | 300 |
| 14. | યુગવંદના (રાષ્ટ્રપ્રેમનાં કાવ્યો, ઝવેરચંદ મેઘાણી) | 180 |
| 15. | કુટુંબધર્મ (પારિવારિક પ્રેરક લેખો, ફાધરવાલેસ) | 120 |
| 16. | ધરમ કાંટો (આધ્યાત્મિક ક્રાંતિકારી લેખો, દિનેશ પાંચાલ) | 150 |
| 17. | પુરુષ એક સેન્ડવીચ (પારિવારિક લેખો, રીકીન શાહ) | 150 |
| 18. | નોલેજ ગાર્ડન (જનરલ નોલેજ, હેમેન ભટ્ટ) | 150 |




# COLLEGE OF DENTAL SCIENCES & RESEARCH CENTRE

**Recognized by Dental Council of India**
**Affiliated to Gujarat University**

Centre For Excellence in Teaching, Learning & Research

**Opp. Pleasuure Club, Near Bopal, Manipur,**
**Ta. Sanand, Ahmedabad, Gujarat.**

**Tel : +91 6355092242, +91 8758774700**
**Email : dental.lib@gmail.com**

૯૪૨૬૦ ૧૪૨૩૫
૯૪૨૯૫ ૦૦૬૦૦

**શાંતિનાથ ડેકોરેટર્સ**
(મહાવીર ગ્રુપ - ધામાવાળા)
લગ્ન તેમજ શુભ પ્રસંગે કલાત્મક ડેકોરેશનનું કામ કરનાર
બી-૭, એન.ડી. શ્રોફ માર્કેટ, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૭.

*With Best Compliments From*

**Sathwara Construction**
C/174, Ambica Krupa, Ranip, Ahmedabad-382 480.
M. : 98985 76892
E-mail : sathwaraconstruction@gmail.com

**INDOTEX PAINTS**
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh








મિત્રતા અને સંબંધ એવા લોકો સાથે રાખો
જેના માટે તમે શું છો કરતા તમે કેમ છો?
એ મહત્ત્વનું હોય....



'દુઃખ'ના દરવાજા પર 'સુખ'નું બોર્ડ,
એનું નામ 'સંસાર.'



સંબંધો ત્યારે નબળા પડે
જ્યારે એક-મેકને "પામવા" નીકળેલા
બે જણ એકબીજાને "માપવા" લાગે



મહેમાનગતિ દરેક જીવોની કરવાની
પરંતુ હેરાનગતિ કોઈનીયે નહીં કરવાની...

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month


# વિશ્વસનીયતા અનુભવો




વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિ. સાથે સંચાલનની મજબૂત પ્રક્રિયાઓ, મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધાર, વૈજ્ઞાનિક પદ્ધતિ, અત્યાધુનિક નિયોજન સાધનો અને તાલીમબદ્ધ તથા કટિબદ્ધ વ્યાવસાયિકો સાથે અખંડ લોજિસ્ટિક્સ સેવાઓ અનુભવો.

- **વી– ટ્રાન્સ– ભારતભરમાં સરફેસ ટ્રાન્સપોર્ટ– પીટીએલ, એફટીએલ, ઓડીસી.**
- **વી– એક્સપ્રેસ– મલ્ટીમોડલ અને ઈ–કોમ એક્સપ્રેસ લોજિસ્ટિક્સ, જે 1 લાખથી વધુ સ્થળે સેવા આપે છે.**
- **વી– લોજિસ– સમર્પિત અને શેર્ડ ફેસિલિટીઝ સાથે પરિપૂર્ણ વેરહાઉસ સમાધાન.**

**મુખ્ય વાસ્તવિકતાઓ**

- **1,00,000** સંતુષ્ટ ગ્રાહકો
- **850** + શાખા
- વિવિધ ઉદ્યોગમાં **2.4** મિલિયન ટન
- **1.2** મિલિયન ચો.ફૂટ વેર–હાઉસિંગ જગ્યા
- **1500** + જીપીએસ અભિમુખ ફ્લીટ
- ISO **9001 : 2015** એક્રેડિટેશન
- **3300** + જોશીલા વ્યાવસાયિકો

વી–ટ્રાન્સ (ઈન્ડિયા) લિમિટેડ,
06, કોર્પોરેટ પાર્ક, વી એન પુરવ માર્ગ, ચેમ્બુર, મુંબઈ– 400 071.

9892644665 marketing@vtransgroup.com www.vtransgroup.com

V-TRANS® Driving Excellence

Other Divisions: V-Xpress | V-Logis


*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧ થી ૬૦૦૬

**To,**